View metadata, citation and similar papers at core.ac.uk
brought to you by CORE
provided by Etheses - A Saurashtra University Library Service

# Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Sheth, Hansaben B., 2005, *"ભારતમાં ઉદ્યોગ સાહસિક્તાના વિકાસનો વિશ્લેષણાત્મક અભ્યાસ: (ગુજરાતના ખાસ સંદર્ભમાં)"*, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/642

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

સૌરાષ્ટ્ર યુનિવર્સીટીની વિનયન વિદ્યાશાખાના અર્થશાસ્ત્ર વિષયમાં
પીએચ.ડી. પદવી માટે રજૂ કરવામાં આવેલ

મહાનિબંધ (Ph.D. Thesis)

# AN ANALYTICAL STUDY OF GROWTH OF ENTREPRENEURSHIP IN INDIA.

## (WITH SPECIAL REFERENCE TO GUJARAT)

ભારતમાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસનો વિશ્લેષણાત્મક અભ્યાસઃ
(ગુજરાતના ખાસ સંદર્ભમાં)

સંશોધક
**પ્રા. હંસાબેન શેઠ**
અધ્યક્ષ અર્થશાસ્ત્ર વિભાગ
શ્રી ભવન્સ એ.કે.દોશી મહિલા કોલેજ
જામનગર

માર્ગદર્શક
**પ્રો. ડો. કે.કે. ખખ્ખર**
પ્રાધ્યાપક અને પૂર્વ અધ્યક્ષ, અર્થશાસ્ત્ર વિભાગ
સૌરાષ્ટ્ર યુનિવર્સીટી
રાજકોટ.

**વર્ષ ૨૦૦૫**

# :: ઋણ સ્વીકાર ::

સંશોધન અભ્યાસ માટે મને અંતરનું બળ પુરૂ પાડનાર પરમકૃપાળુ પરમાત્માને હું પ્રથમ વંદન કરુ છું.

આ અભ્યાસ માટે મને પ્રત્યેક તબક્કે પ્રેરણા અને માર્ગદર્શન આપવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અર્થશાસ્ત્રભવનના પૂર્વ પ્રાધ્યાપક ડો. કે.કે. ખખ્ખરસાહેબની હું ઋણી છું.

મારા આ સંશોધન કાર્ય માટે કોલેજના સંચાલક મંડળે અને ખાસ કરીને નિવૃત આચાર્ય વડીલશ્રી છાપીયા સાહેબે મને જે વાતાવરણ અને સહકાર આપેલ છે તે માટે હું તેમની આભારી છું.

મારા આ સંશોધનકાર્યમાં વખતોવખત ઉપયોગી થનાર કોલેજના સહકાર્યકર મિત્રો અને ડી.કે.વી. કોલેજના પ્રાધ્યાપક પરેશ બાણગોરીયાનો હું હાર્દિક આભાર માનું છું. સામાજિક વિજ્ઞાનોમાં સંશોધન ખુદ એક સામાજિક નીપજ છે. પ્રસ્તુત શોધ નિબંધ અનેક વિદ્યાર્થી લેખકો, તજજ્ઞો તથા મારા સમવ્યવસાયિક સહૃદ મિત્રોના વૈચારિક સહકારની નીપજ છે. સંજોગવશાત્ તે સર્વેનો નામોલ્લેખ થઈ શકયો નથી તેની નોંધ લઉ છું અને આ તકે તેમનો ઋણ સ્વીકાર કરુ છું.

શૈક્ષણિક સંસ્થાની જવાબદારી વહન કરવા ઉપરાંત સંશોધન અભ્યાસના કારણે કયારેક ગૃહસ્થ ધર્મમાં ચુક થઈ છે તે છતાં જેમનો મને નિરંતર સહકાર મળ્યો છે તેવા મારા પતિ શ્રી ભૂપેન્દ્રભાઈ શેઠને આ તકે યાદ કરુ છું.

# –:: સંશોધકનું નિવેદન ::–

આથી હું પ્રમાણિત કરું છું કે વિનયન વિદ્યાશાખમાં અર્થશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી.ની પદવી મેળવવા માટે મેં ‘‘ભારતમાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસનો વિશ્લેષણાત્મક અભ્યાસઃ (ગુજરાતના ખાસ સંદર્ભમાં) **AN ANALYTICAL STUDY OF GROWTH OF ENTREPRENEURSHIP IN INDIA. (WITH SPECIAL REFERENCE TO GUJARAT)** શિર્ષક હેઠળ મહાનિબંધ તૈયાર કરેલ છે. આ સંશોધન કાર્ય પ્રાથમિક તથા દ્વિતીય માહિતી આધારિત મારો મૌલિક પ્રયાસ છે. આથી હું ખાતરી આપુ છું કે પ્રસ્તુત સંશોધન અભ્યાસ કે તેના જેવું કોઈ સંશોધન કાર્ય આ યુનિવર્સિટીમાં કે અન્ય કોઈ યુનિવર્સિટીમાં આ પ્રકારની કે અન્ય કોઈ પદવી માટે આ અગાઉ રજુ કરેલ નથી.

તા.

**પ્રા. હંસાબેન શેઠ**

# –:: માર્ગદર્શકનું નિવેદન ::–

આથી હું પ્રમાણિત કરું છું કે જામનગરની એ.કે. દોશી મહિલા કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના **પ્રાધ્યાપક હંસાબહેન શેઠ** મારા માર્ગદર્શન હેઠળ ‘‘ભારતમાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસનો વિશ્લેષણાત્મક અભ્યાસઃ (ગુજરાતના ખાસ સંદર્ભમાં) **AN ANALYTICAL STUDY OF GROWTH OF ENTREPRENEURSHIP IN INDIA. (WITH SPECIAL REFERENCE TO GUJARAT)** શિર્ષક અંતર્ગત અર્થશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી. ની પદવી માટે મહાનિબંધ રજુ કરેલ છે. આથી હું ખાતરી આપુ છું કે મારી જાણ મુજબ પ્રસ્તુત સંશોધન અભ્યાસ કે તેના જેવું કોઈ સંશોધન કાર્ય આ યુનિવર્સિટીમાં કે અન્ય કોઈ યુનિવર્સિટીમાં આ પ્રકારની કે અન્ય કોઈ પદવી માટે તેઓએ આ અગાઉ રજુ કરેલ નથી.

તા.

**પ્રા. ડો. કે.કે. ખખ્ખર**

# અનુક્રમણીકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ ક્રમ |
|---|---|---|
| | **પ્રકરણ – ૧ : વિષય પ્રવેશ** | |
| ૧.૧ | પ્રસ્તાવના | ૦૩ |
| ૧.૨ | ઉદ્યોગ સાહસિકતાનો અર્થ અને વ્યાખ્યા | ૦૫ |
| ૧.૩ | વિવિધ વ્યાખ્યાઓ | ૦૫ |
| ૧.૪ | નવ પ્રશિષ્ટ વિચારધારાના અર્થશાસ્ત્રીઓએ આપેલ વ્યાખ્યાઓ | ૦૭ |
| ૧.૫ | ઉદ્યોગ સાહસિકતાની લાક્ષણિકતાઓ | ૧૨ |
| | ૧.૫.૧ ઉદ્યોગ સાહસિકતા એ પ્રક્રિયા છે. | |
| | ૧.૫.૨ ઉદ્યોગ સાહસિકતા એક હેતુલક્ષી પ્રવૃતિ છે. | |
| | ૧.૫.૩ ઉદ્યોગ સાહસિકતાનો ઉદેશ આર્થિક કલ્યાણનો પણ છે. | |
| | ૧.૫.૪ ઉદ્યોગ સાહસિકતા એક જોખમકારક પ્રવૃતિ છે. | |
| | ૧.૫.૫ ઉદ્યોગ સાહસિકતા ધંધાકીય વ્યવસ્થાના અનેક સ્વરૂપે થઈ શકે છે. | |
| | ૧.૫.૬ ઉદ્યોગ સાહસિકતા અને નવીનીકરણ ગાઢ રીતે સંકળાયેલાં છે. | |
| | ૧.૫.૭ ઉદ્યોગ સાહસિકતાના ગુણો વિકસાવી શકાય છે. | |
| | ૧.૫.૮ ઉદ્યોગ સાહસિકતાના વિકાસમાં કેટલીક પૂરક સેવાઓ આવશ્યક છે | |
| ૧.૬ | ઉદ્યોગ સાહસિકના લક્ષણો | ૧૫ |
| | ૧.૬.૧ નેતૃત્વ : (િભ્બ્મ્ચ્(ઝ્યઉ) | |
| | ૧.૬.૨ જોખમ ઉઠાવવાની વૃતિ | |
| | ૧.૬.૩ નિર્ણયીકરણ | |
| ૧.૭ | ઉદ્યોગ સાહસિકતા અંગેના સિદ્ધાંતો | ૨૦ |
| | ૧.૭.૧ માર્ક કેશનનો આર્થિક સિધ્ધાંત | |
| | ૧.૭.૨ લેબેન્સ્ટાઈનનો ક્ષ–કાર્યક્ષમતાનો સિધ્ધાંત | |
| | ૧.૭.૩ વેબરનો તર્કબધ્ધ વર્તનનો સિધ્ધાંત | |
| | ૧.૭.૪ જોસેફ શુમ્પીટરનો સર્જનાત્મકતાનો સિધ્ધાંત | |
| | ૧.૭.૫ રોબર્ટ લેવાઈનનો સામાજિક દરજજાનો સિધ્ધાંત | |
| | ૧.૭.૬ થોમસ કોચરનનો સમાજના સરેરાશ વ્યકિતત્વનો ખ્યાલ | |

| | | |
|---|---|---|
| | ૧.૭.૭ ફ્રેન્ક યંગનો સમાજના જૂથો અને પેટા જૂથોનો ખ્યાલ | |
| | ૧.૭.૮ જહોન કન્કેલનો દંડ અને પુસ્કારનો સિધ્ધાંત | |
| ૧.૮ | ઉદ્યોગ–સાહસિકની વર્તણૂકના મનો–વૈજ્ઞાનિક સિધ્ધાંતો | ૨૩ |
| | ૧.૮.૧ એફ.ડબલ્યુ ટૌસિગનો મૂળવૃતિઓનો ખ્યાલ | |
| | ૧.૮.૨ ડેવિડ મેક્લેલેન્ડનો સિધ્ધિ–પ્રેરણાનો સિધ્ધાંત | |
| | ૧.૮.૩ ઉદય પરીક ના વિસ્તરણ પ્રેરણા અને આધાર પ્રેરણાના ખ્યાલો | |
| ૧.૯ | ઉદ્યોગ–સાહસ સંસ્થાપનને અસર કરતાં બાહ્ય પરિબળો | ૨૯ |
| | ૧.૯.૧ આર્થિક પરિબળો | |
| | ૧.૯.૨ સામાજીક પરિબળો | |
| | ૧.૯.૩ ટેકનીકલ પરીબળો | |
| | ૧.૯.૪ સ્પર્ધાના પરિબળો | |
| | ૧.૯.૫ નવા સાહસ સંસ્થાપન અંગેની કાનૂની જરૂરિયાતો | |
| | ૧.૯.૬ નાણાં સાધનોની જરૂર અને તેના સ્ત્રોતો | |
| ૧.૧૦ | પ્રકરણ સાર | ૩૪ |
| | **પ્રકરણ – ૨ : સંશોધન માળખુ** | |
| ૨.૧ | સમસ્યા કથન | ૩૭ |
| ૨.૨ | અભ્યાસના હેતુઓ | ૩૮ |
| ૨.૩ | ઉત્કલ્પનાઓ | ૩૮ |
| ૨.૪ | સંશોધન પધ્ધતિ | ૩૮ |
| ૨.૫ | પ્રકરણ આયોજન | ૩૯ |
| ૨.૬ | અભ્યાસની મર્યાદાઓ | ૪૦ |
| ૨.૭ | પૂર્વ સંશોધન સમીક્ષા | ૪૦ |
| ૨.૮ | પ્રકરણ સાર | ૫૪ |
| | **પ્રકરણ – ૩ : ભારતમાં ઉધોગ સાહસિકતાનો ઉદ્‌ભવ અને વિકાસ** | |
| ૩.૧ | પ્રારંભિક | ૬૦ |
| ૩.૨ | ઉદ્યોગ સાહસિકતાનો વિકાસ વૈશ્વિક વિહંગાવલોકન | ૬૦ |
| | ૩.૨.૧ વ્યાપારવાદ | |

| | | |
|---|---|---|
| | ૩.૨.૨ નૂતન ઘાર્મિક સામાજિક મૂલ્યો | |
| | ૩.૨.૩ શિક્ષણ ક્ષેત્રે પરિવર્તન | |
| | ૩.૨.૪ મુકત વ્યાપાર નીતિ અને સ્પર્ધા યુકત બજારો | |
| ૩.૩ | વિવિધ દેશોમાં ઉદ્યોગ સાહસિકતા ઉડતી નજરે | ૬૩ |
| | ૩.૩.૧ બ્રિટનમાં ઉદ્યોગ સાહસિકતા | |
| | ૩.૩.૨ અમેરિકામાં ઉદ્યોગ સાહસિકતા | |
| | ૩.૩.૩ રશિયામાં ઉદ્યોગ સાહસિકતા | |
| | ૩.૩.૪ જાપાનમાં ઉદ્યોગ સાહસિકતા | |
| | ૩.૩.૫ ચીનમાં ઉદ્યોગ સાહસિકતા | |
| | ૩.૩.૬ હંગેરીમાં ઉદ્યોગ સાહસિકતા | |
| | ૩.૩.૭ નેપાળમાં ઉદ્યોગ સાહસિકતા | |
| | ૩.૩.૮ થાઈલેન્ડમાં ઉદ્યોગ સાહસિકતા | |
| | ૩.૩.૯ નાઈઝીરીયામાં ઉદ્યોગ સાહસિકતા | |
| ૩.૪ | ભારતમાં ઉદ્યોગ સાહસિકતા | ૬૮ |
| | ૩.૪.૧ ઐતિહાસિક અવલોકન | |
| | ૩.૪.૨ બ્રિટીશકાળના ભારતમાં ઉદ્યોગ સાહસિકતા | |
| | ૩.૪.૩ ૧૮૨૫ના પછીનો તબકકો | |
| | ૩.૪.૪ કોમો અને જ્ઞાતિઓની અસરો | |
| | ૩.૪.૫ સાહસિક કુટુંબનો ઉદભવ | |
| | ૩.૪.૬ વ્યાપાર અને વ્યાવસાયિક ભૂમિકા | |
| ૩.૫ | ભારતમાં ઉદ્યોગ સાહસિકતાના આધુનિક લક્ષણો | ૭૨ |
| | ૩.૫.૧ ભારતીય ઉદ્યોગના કેટલાક મહારથીઓ | |
| | ૩.૫.૨ ભારતીય ઉદ્યોગસાહસિકોની કેટલીક વિશેષતાઓ | |
| ૩.૬ | ભારતમાં ઉદ્યોગ સાહસિકતાના સંભવિત ક્ષેત્ર | ૮૦ |
| | ૩.૬.૧ બાયોટેકનોલોજી | |
| | ૩.૬.૨ ઈન્ફરમેશન ટેકનોલોજી સંલગ્ન સેવાઓ | |
| | ૩.૬.૩ ઈવેન્ટ મેનેજમેન્ટ | |
| | ૩.૬.૪ ખાદ્ય પદાર્થ અને બાગાયતિ ક્ષેત્ર | |
| | ૩.૬.૫ મીનરલ વોટર | |

| | | |
|---|---|---|
| | ૩.૬.૬ છૂટક બજાર | |
| | ૩.૬.૭ કુરીયર સેવા | |
| | ૩.૬.૮ વિજ સેવા | |
| | ૩.૬.૯ હર્બલ | |
| | ૩.૬.૧૦ એનિમેશન | |
| ૩.૭ | ભારતીય ઉદ્યોગ સાહસિકોની કેટલીક વિશેષતા | ૮૫ |
| ૩.૮ | ભારતમાં વેન્ચર કેપીટલ સંબંધી સરકારની નીતિ અને સંસ્થાકીય પ્રબંધ | ૮૬ |
| | ૩.૮.૧ ભારતમાં વેન્ચર કેપીટલ સંબંધી સરકારની નીતિ | |
| | ૩.૮.૨ ભારતમાં વેન્ચર કેપીટલ ફાયનાન્સ અંગેનું સંસ્થાકીય માળખું | |
| ૩.૯ | ઉદ્યોગ સાહસિકતાનો મંદ વિકાસ – એક અવલોકન | ૯૧ |
| ૩.૧૦ | પ્રકરણ સાર | ૯૨ |
| | | |
| | **પ્રકરણ – ૪ : ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રે ગુજરાતની ભૂમિકા** | |
| ૪.૧ | પ્રારંભિક | ૯૬ |
| ૪.૨ | ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતાનો ઉદ્‌ભવ અને વિકાસ | ૯૭ |
| | ૪.૨.૧. બ મધ્યકાલીન ગુજરાત અને વ્યાપાર વિકાસ | |
| | ૪.૨.૧–ખ બ્રિટનનો વ્યાપારવાદ અને ભારતમાં ઉદ્યોગ સાહસિકતા | |
| ૪.૩ | ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતા (સ્થાપનાકાળ પછીનો તબકકો) | ૧૧૦ |
| | ૪.૩.૧ ઈન્ડસ્ટ્રીયલ એકટેન્શન બ્યુરો (ઈન્ડેક્ષ્ટ – બી) ૧૯૮૯ ડિરેકટરીનું વિશ્લેષણ | |
| | ૪.૩.૨ સાહસિકતા અને સામાજિક જૂથો | |
| | ૪.૩.૩ પછાત વર્ગોમાં ઉદ્યોગ સાહસિકતા | |
| | ૪.૩.૪ ઉદ્યોગ સાહસિકતા અને ભૌગોલિક વિભાગીકરણ | |
| ૪.૪ | ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમની ભૂમિકા | ૧૨૬ |
| ૪.૫ | ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતા તજજ્ઞોની ટિપ્પણી | ૧૩૦ |
| ૪.૬ | પ્રકરણ સાર | ૧૩૮ |
| | | |
| | **પ્રકરણ – ૫ : મહિલા ઉદ્યોગ સાહસિકતા** | |
| ૫.૧ | પ્રાસ્તાવિક | ૧૪૧ |

| | | |
|---|---|---|
| ૫.૨ | ભારતમાં મહિલા ઉદ્યોગ સાહસિકતા | ૧૪૧ |
| ૫.૩ | અવૈધિક શિક્ષણ અને મહિલાઓ માટે ઉદ્યોગ સાહસિકતા | ૧૪૨ |
| ૫.૪ | કાર્ય | ૧૪૩ |
| ૫.૫ | મહિલા ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહક પરીબળો | ૧૪૪ |
| ૫.૬ | તાજેતરના વલણો | ૧૪૭ |
| ૫.૭ | મહિલા ગૃહ ઉદ્યોગ લિજ્જત પાપડ – પરિચય | ૧૪૯ |
| | ૫.૭.૧ પ્રસ્તાવના | |
| | ૫.૭.૨ સંગઠનનું તત્વજ્ઞાન | |
| ૫.૮ | મહિલા ઉદ્યોગ સાહસિકતા – કેટલાક અભ્યાસો | ૧૫૨ |
| ૫.૯ | મહિલા ઉદ્યોગ સાહસિકતા તાલીમ – એક દ્રષ્ટિપાત | ૧૫૪ |
| ૫.૧૦ | ભારતમાં સ્ત્રી વ્યવસાય સાહસિકો | ૧૫૬ |
| ૫.૧૧ | સરકારની ભૂમિકા | ૧૫૭ |
| ૫.૧૨ | નવોદિત મહિલા ધંધાકીય સાહસિકો | ૧૫૮ |
| ૫.૧૩ | પ્રકરણ સાર | ૧૬૦ |
| | **પ્રકરણ – ૬ : ઉદ્યોગ સાહસિકતા – સર્વેક્ષણ અને પૃથ્થકરણ** | |
| ૬.૧ | સર્વેક્ષણની ભૂમિકા | ૧૬૩ |
| ૬.૨ | સાહસિકોનો પરિચય | ૧૬૩ |
| ૬.૩ | પ્રાથમિક સર્વેક્ષણ અને પૃથ્થકરણ | ૧૬૮ |
| ૬.૪ | પ્રકરણ સાર | ૧૮૫ |
| | **પ્રકરણ – ૭ : મહત્વના તારણો અને સૂચિતાથો** | |
| ૭.૧ | તારણો | ૧૮૭ |
| ૭.૨ | મહત્વના સૂચનો | ૧૯૨ |
| ૭.૩ | પ્રકરણ સાર | ૧૯૬ |
| | **સંદર્ભ સૂચિ** | |

# :: સારણી સૂચિ ::


| ક્રમ | વિગત | પૃષ્ઠ ક્રમ |
|---|---|---|
| ૧ | સર્વેક્ષણકૃત એકમોનું સ્થાપનાકાળના સંદર્ભમાં વર્ગીકરણ | ૧૬૮ |
| ૨ | સાહસિકોનું શૈક્ષણિક સ્તરના સંદર્ભમાં વર્ગીકરણ | ૧૬૯ |
| ૩ | ઉદ્યોગ સાહસિકતાની તાલીમ સંદર્ભમાં સાહસિકોનું વર્ગીકરણ | ૧૭૦ |
| ૪ | સર્વેક્ષણકૃત ઉદ્યોગ સાહસિકોનું વયજુથ પ્રમાણે વર્ગીકરણ | ૧૭૨ |
| ૫ | સર્વેક્ષણકૃત ઉદ્યોગસાહસિકોનું જ્ઞાતિ જુથ પ્રમાણે વર્ગીકરણ | ૧૭૩ |
| ૬ | સર્વેક્ષણકૃત સાહસોનું પ્રાથમિક મુડીકરણના સંદર્ભમાં વર્ગીકરણ | ૧૭૪ |
| ૭ | સર્વેક્ષણકૃત એકમોનું કામદારોની સંખ્યાના સંદર્ભમાં વર્ગીકરણ | ૧૭૬ |
| ૮ | શ્રમિકોની ગુણવતાના સંદર્ભમાં વર્ગીકરણ | ૧૭૭ |
| ૯ | ઉદ્યોગ સાહસિકોનું આજીવિકાના મુળ સ્ત્રોતના સંદર્ભમાં વર્ગીકરણ | ૧૭૮ |
| ૧૦ | સર્વેક્ષણકૃત સાહસોનું સંચાલન પધ્ધતિના સંદર્ભમાં વર્ગીકરણ | ૧૭૯ |
| ૧૧ | એકમોની પેદાશના બજારીકરણની રીતના સંદર્ભમાં એકમોનું વર્ગીકરણ | ૧૮૦ |
| ૧૨ | નવીનીકરણ અંગે ઉદ્યોગસાહસિકોની સમજ મુજબનું વર્ગીકરણ | ૧૮૧ |
| ૧૩ | સ્પર્ધાત્મકતાની સમજ સંદર્ભમાં વર્ગીકરણ | ૧૮૨ |
| ૧૪ | સર્વેક્ષણકૃત એકમોનું મુડી સ્ત્રોત સંદર્ભમાં વર્ગીકરણ | ૧૮૩ |

# પ્રકરણ – ૧
# વિષય પ્રવેશ

**૧.૧ પ્રસ્તાવના**

**૧.૨ ઉદ્યોગ સાહસિકતાનો અર્થ અને વ્યાખ્યા**

**૧.૩ વિવિધ વ્યાખ્યાઓ**

**૧.૪ નવ પ્રશિષ્ટ વિચારધારાના અર્થશાસ્ત્રીઓએ આપેલ વ્યાખ્યાઓ**

**૧.૫ ઉદ્યોગ સાહસિકતાની લાક્ષણિકતાઓ**

૧.૫.૧ ઉદ્યોગ સાહસિકતા એ પ્રક્રિયા છે.

૧.૫.૨ ઉદ્યોગ સાહસિકતા એક હેતુલક્ષી પ્રવૃતિ છે.

૧.૫.૩ ઉદ્યોગ સાહસિકતાનો ઉદેશ આર્થિક કલ્યાણનો પણ છે.

૧.૫.૪ ઉદ્યોગ સાહસિકતા એક જોખમકારક પ્રવૃતિ છે.

૧.૫.૫ ઉદ્યોગ સાહસિકતા ધંધાકીય વ્યવસ્થાના અનેક સ્વરૂપે થઈ શકે છે.

૧.૫.૬ ઉદ્યોગ સાહસિકતા અને નવીનીકરણ ગાઢ રીતે સંકળાયેલાં છે.

૧.૫.૭ ઉદ્યોગ સાહસિકતાના ગુણો વિકસાવી શકાય છે.

૧.૫.૮ ઉદ્યોગ સાહસિકતાના વિકાસમાં કેટલીક પૂરક સેવાઓ આવશ્યક છે.

**૧.૬ ઉદ્યોગ સાહસિકના લક્ષણો**

૧.૬.૧ નેતૃત્વ : (Leadership)

૧.૬.૨ જોખમ ઉઠાવવાની વૃતિ

૧.૬.૩ નિર્ણયીકરણ

**૧.૭ ઉદ્યોગ સાહસિકતા અંગેના સિદ્ધાંતો**

૧.૭.૧ માર્ક કેશનનો આર્થિક સિધ્ધાંત

૧.૭.૨ લેબેન્સ્ટાઈનનો ક્ષ–કાર્યક્ષમતાનો સિધ્ધાંત

૧.૭.૩ વેબરનો તર્કબધ્ધ વર્તનનો સિધ્ધાંત

૧.૭.૪ જોસેફ શુમ્પીટરનો સર્જનાત્મકતાનો સિધ્ધાંત

૧.૭.૫ રોબર્ટ લેવાઈનનો સામાજિક દરજજાનો સિધ્ધાંત

૧.૭.૬ થોમસ કોચરનનો સમાજના સરેરાશ વ્યકિતત્વનો ખ્યાલ

૧.૭.૭ ફ્રેન્ક યંગનો સમાજના જૂથો અને પેટા જૂથોનો ખ્યાલ

૧.૭.૮ જહોન કન્કેલનો દંડ અને પુસ્કારનો સિધ્ધાંત

**૧.૮ ઉદ્યોગ–સાહસિકની વર્તણૂકના મનો–વૈજ્ઞાનિક સિધ્ધાંતો**

૧.૮.૧ એફ.ડબલ્યુ ટૌસિગનો મૂળવૃતિઓનો ખ્યાલ

૧.૮.૨ ડેવિડ મેક્લેલેન્ડનો સિધ્ધિ–પ્રેરણાનો સિધ્ધાંત

૧.૮.૩ ઉદય પરીક ના વિસ્તરણ પ્રેરણા અને આધાર પ્રેરણાના ખ્યાલો

**૧.૯ ઉદ્યોગ–સાહસ સંસ્થાપનને અસર કરતાં બાહ્ય પરિબળો**

૧.૯.૧ આર્થિક પરિબળો

૧.૯.૨ સામાજીક પરિબળો

૧.૯.૩ ટેકનીકલ પરીબળો

૧.૯.૪ સ્પર્ધાના પરિબળો

૧.૯.૫ નવા સાહસ સંસ્થાપન અંગેની કાનૂની જરૂરિયાતો

૧.૯.૬ નાણાં સાધનોની જરૂર અને તેના સ્ત્રોતો

**૧.૧૦ પ્રકરણ સાર**

## ૧.૧ વિષય પ્રવેશ

કોઈપણ વિકસિત, વિકસતા કે અલ્પવિકસિત રાષ્ટ્રનો મૂળભૂત ઉદેશ આર્થિક વિકાસ દ્વારા આર્થિક કલ્યાણમાં વધારો કરી સમૃધ્ધિના શિખરે પહોંચવાનો હોય છે. આર્થિક વિકાસ એ હેતુ પૂર્વકની પ્રવૃતિઓનું પરિણામ છે. આર્થિક વિકાસ દ્વારા સમૃધ્ધિના શિખરો સર કરવા માટે બે ક્ષેત્રોનો વિકાસ જરૂરી બને છે. ખેતી અને ઉદ્યોગ માંથી કોઈપણ એક ક્ષેત્રનો વિકાસ અપૂરતો હોય તો તંદુરસ્ત આર્થિક વિકાસ શકય બનતો નથી. તંદુરસ્ત અને સમતુલિત આર્થિક વિકાસ માટે ખેતી અને ઉદ્યોગ બંને ક્ષેત્રોનો સમતુલિત વિકાસ માત્ર જરૂરી જ નહી અનિવાર્ય છે. આ માટે ખેતી ક્ષેત્રે નવીનીકરણ અને ઉદ્યોગ ક્ષેત્રે ઔદ્યોગીકરણની પ્રક્રિયાને અમલી બનાવી પડે છે. તેને આર્થિક વિકાસની વ્યૂહરચનાનું એક મહત્વનું અંગ ગણવામાં આવે છે.

વિશ્વના મોટા ભાગના અર્થશાસ્ત્રીઓ એ બાબત સાથે સહમત છે કે માનવી આર્થિક વિકાસની પ્રક્રિયાની જે વિવિધ પ્રકારની ભૂમિકા ભજવી રહયો છે તે જોતાં એ હકીકત સ્પષ્ટ છે કે આર્થિક પ્રવૃતિના કેન્દ્રમાં માનવી જ રહેલો છે. માનવી આર્થિક ક્ષેત્રે જે વિવિધ પ્રકારની ભૂમિકા ભજવી રહયો છે તેમાં માનવીય અને ભૌતિક સંસાધનોના સંગઠ્ક તરીકેની ભૂમિકા સૌથી વધુ મહત્વની છે. માનવીની આ ભૂમિકા–કામગીરીનો ઔદ્યોગિક વિકાસ સાથે સીધો સંબંધ છે. આર્થિક વિકાસના એક ભાગ તરીકે થઈ રહેલો ઔદ્યોગિક વિકાસ એ ઉચ્ચ કક્ષાની ગતિમાન પ્રક્રિયા છે. અને તેમાં સતત પરિવર્તનો આવ્યાં કરે છે જે ઉદ્યોગ ધંધામાં જોખમો પેદા કરવાનું કાર્ય કરે છે. આ જોખમોમાંથી ઉદ્ભવતા પડકારોને ઝીલાવાની તૈયારી સાથે જે સાહસિક વૃતિવાળા લોકો ઉદ્યોગ ધંધાનું નેતૃત્વ લઈ પહેલ કરે છે. તે ઔદ્યોગિક વિકાસના પગલે પગલે આર્થિક વિકાસના દ્વાર ખોલી નાખે છે. આથી જ આર્થિક વિકાસમાં ઉદ્યોગ સાહસિક અને ઉદ્યોગ સાહસિકતાનું મહત્વ દિન પ્રતિદિન વધતું રહયું છે. આ સંદર્ભમાં આપણે ઉદ્યોગ સાહસિકતાના ઉદ્ભવ અને વિકાસને ભારત તેમજ ગુજરાતના સંદર્ભમાં તપાસીશું.

## ૧.૧ પ્રસ્તાવના

આજે આપણે સૌ જે ઉન્નત ઔદ્યોગિક જગતની વચ્ચે જીવી રહયા છીએ અને જીવનને સુઘડ, સરળ અને વૈભવ યુકત બનાવવા માટે જે અનેક વિધ વસ્તુઓનો ઉપયોગ કરી રહયા છીએ તેમાં જો કોઈએ મહત્વનો ભાગ ભજવ્યો હોય અને હજી પણ ભજવી રહયા હોય તો છે એ નામી અનામી મહાનુભાવો કે જે સદીઓથી પોતાની દીર્ઘ દષ્ટિનો ઉપયોગ કરીને, જોખમો ઉઠાવીને, નેતૃત્વ પુરૂં પાડીને, પોતાની સાહસિક શકિત દ્વારા વસ્તુઓનું સર્જન કરીને વિશ્વને કંઈને કંઈ આપતા રહ્યા છે. આવી વ્યકિતઓને અર્થશાસ્ત્રીય પરિભાષામાં "ઉદ્યોગ સાહસિક" તરીકે ઓળખવામાં આવે છે. મહાન ફિલસુફ ખલીલ ઝીબ્રાન જણાવે છે કે "તમે ઉદ્યમ કરો કે જેથી તમે જગત અને જગત સર્જકની ગતિની સાથે રહી શકો". ઉદ્યમી વ્યકિત દ્વારા કરવામાં આવતો ઉદ્યમ એ જીવનની સર્વોત્કૃષ્ટ – કામગીરી છે. વિશ્વના વિકાસ માટે જરૂરી સર્જનશીલ દષ્ટિકોણ તેમાં રહેલો છે.

રાષ્ટ્રના ઉત્પાદનના સાધનોને ઉત્પાદકીય કાર્યમાં લગાવીને નવીન ટેકનીક તેમજ સાહસિક નિર્ણયો દ્વારા માનવ જરૂરિયાતોને સંતોષનારી નવી વસ્તુઓનું સર્જન કરવાનું ઉદ્યોગ સાહસિક પર આધારિત હોય છે. ઉદ્યોગ સાહસિક એ એવી વિશિષ્ટ વ્યકિત છે કે જે જડ અને મૃત અર્થવ્યવસ્થામાં નવી ઉર્જાનું સ્થાપન કરી તેને ચૈતન્ય પૂર્ણ અને ગતિશીલ બનાવે છે– જીવંત બનાવે છે. ઉદ્યોગ સાહસિક દ્વારા કરવામાં આવતી પ્રવૃતિ એ માત્ર આત્મનિર્ભરતા માટેનો સુદઢ પ્રયાસ નથી પરંતુ માનવીય આકાંક્ષાઓ અને અભિપ્સાઓની સંતૃપ્તિનો એક માર્ગ છે. તે રાષ્ટ્રના સમગ્ર વિકાસનો એક માત્ર નિયોજીત કાર્યક્રમ નથી પરંતુ માનવીય પરિણામો, ક્ષમતાઓ અને ક્રિયાશીલતાની અભિવ્યકિત પણ છે. આથી જ આર્થિક વિશ્વમાં ઉદ્યોગ સાહસિકનું એક મહત્વનું આગવું અને વિશિષ્ટ ગૌરવયુકત સ્થાન છે. ઉદ્યોગ સાહસિક એ માત્ર કોઈ એક વ્યકિત નથી એક ચેતનાનો ઝરો છે– ધોધ છે. જે તેનામાં રહેલા કેટલાંક વિશિષ્ટ ગુણોને કારણે વિશ્વના માનવીને ઉન્નત અને ઉતમ જીવન તરફ દોરી જતી સવલતો પુરી પાડે છે. ઉદ્યોગ સાહસિકના કારણે માનવી આજે વધુ સુખ સુવિધા પુરી પાડતી વસ્તુઓનો વપરાશ કરતો થયો છે. આમ, ઉદ્યોગ સાહસિક માનવીને વધુમાં વધુ સુખી થવા માટેના માર્ગોને ખુલ્લા કરવાની શકિત ધરાવતું એક પ્રબળ સાધન છે.

આર્થિક વિકાસ અને ઔદ્યોગિક વિકાસ વચ્ચે ગાઢ સંબંધ છે. વિકસિત રાષ્ટ્રોનો આર્થિક ઈતિહાસ તપાસતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે તેમના ઉચ્ચ અને ઝડપી આર્થિક વિકાસમાં તે રાષ્ટ્રોના ઔદ્યોગીકરણે મુખ્ય ભૂમિકા ભજવી છે. ભારત જેવા વિકસિતા દેશો પણ ઝડપી આર્થિક વિકાસ માટે ઉદ્યોગના વિકાસને ખુબ જ મહત્વ આપે છે. ઔદ્યોગિક વિકાસનો જનક ઉદ્યોગ સાહસિક છે. તે ઔદ્યોગિક એકમની સ્થાપના અને વિકાસની ધૂરા સંભાળે છે. ઉદ્યોગ સાહસિક એ ઔદ્યોગિકરણનો અગ્ર દૂત છે. કોઈપણ રાષ્ટ્રમાં ઉદ્યોગ સાહસિકોનો પાયો જેટલો વિસ્તૃત અને ઉંડો તેટલો તેનો ઔદ્યોગિક વિકાસ વધુ તેવું સમીકરણ સ્વીકારવામાં આવે છે. ઉદ્યોગ સાહસિકતાના વિકાસનો અભ્યાસ આ દષ્ટિએ મહત્વનો બનતો જાય છે. ઉદ્યોગ સાહસિકતાના વધતાં જતાં મહત્વને ધ્યાનમાં લઈને તેની સાથે સંકળાયેલા મહત્વના મુદાઓ જેમ કે ઉદ્યોગ સાહસિકનો અર્થ, વ્યાખ્યા, ઉદ્યોગ સાહસિકના લક્ષણો, તેને અસર કરતાં પરિબળો, ઉદ્યોગ સાહસિક સાથે સંકળાયેલા વિવિધ ખ્યાલો, સાહસિક અને સાહસિકતા વચ્ચેનો તફાવત વગેરે મુદાઓની છણાવટ કરવી જરૂરી બને છે.

### ઉદ્યોગ સાહસિકતાનો વિકાસ

કોઈ પણ રાષ્ટ્રના ઔદ્યોગિક વિકાસનો આધાર તે રાષ્ટ્રમાં ઔદ્યોગિક સાહસિકતાનો વિકાસ કેટલા પ્રમાણમાં થયેલ છે તેના પર રહેલો છે. શુમ્પીટરના મત મુજબ વર્તમાનમાં સાહસિક મહદ અંશે આર્થિક વિકાસમાં ચાવીરૂપ પરિબળ તરીકે જાણીતો છે. તે અર્થતંત્રમાં સતત નાવીન્ય પુરે છે અને તેના દ્વારા નવી નવી ચીજ વસ્તુઓનું ઉત્પાદન હાથ ધરવામાં આવે છે. આવા સાહસિકો જોખમો ઉઠાવવા માટે હંમેશા તત્પર રહેતાં હોય છે. વિકસિત ઔદ્યોગિક રાષ્ટ્રોએ સિધ્ધ કરેલાં ઝડપી વિકાસ માટે સાહસિકોની ભૂમિકા મહદ અંશે

રચનાત્મક પ્રવૃતિ ગણી શકાય. વિકસિત રાષ્ટ્રોમાં અલ્પવિકસિત રાષ્ટ્રોની તુલનાએ આવા સફળ સાહસિકોની સંખ્યા બહુ જ મોટા પ્રમાણમાં જોવા મળે છે. વિકસતા રાષ્ટ્રોના ધીમા આર્થિક વિકાસ માટે સાહસિકોનું અલ્પ પ્રમાણ જવાબદાર છે. ઔદ્યોગિક વિકાસની શરૂઆતમાં સાહસિકોનું કાર્ય વિશેષ મહત્વનું બની રહે છે.

## ૧.૨ ઉદ્યોગ સાહસિકતાનો અર્થ અને વ્યાખ્યા

ઉદ્યોગ સાહસિકતાને સમજાવવા માટે ઘણાં અર્થશાસ્ત્રીઓએ પ્રયાસ કર્યો છે. ઉદ્યોગ સાહસિકતા શબ્દનો પ્રથમ ઉપયોગ ફ્રેન્ચ અર્થ શાસ્ત્રી જે.બી.સે દ્વારા ઈ.સ. ૧૮૦૦ ના અરસામાં કરવામાં આવ્યો હતો. ઉદ્યોગ સાહસિકતાએ નવા નફાકારક ધંધાની સ્થાપના અને તેનો વિકાસ કરવાની ક્ષમતાઓ અને ક્રિયાશીલતાની અભિવ્યકિત પણ છે. આથી જ આર્થિક વિશ્વમાં ઉદ્યોગ સાહસિકનું એક મહત્વનું આગવું અને વિશિષ્ટ ગૌરવયુકત સ્થાન છે.

## ૧.૩ વિવિધ વ્યાખ્યાઓ

### ❖ બર્ના જેમ્સ

જેમ્સ બર્નાના મતે જયારે સાહસિકની પ્રવૃતિ નવીઔદ્યોગિક પેઢીની સ્થાપનામાં પરિણમે ત્યારે તેને ઔદ્યોગિક સાહસિકતાના વિકાસ તરીકે ઓળખાવી શકાય (બર્ના જેમ્સ, ૧૯૬૦)

### ❖ ડેવીડ મેકલેલેન્ડ

ડેવીડ મેકલેલેન્ડના મત મુજબ ગણત્રી પૂર્વકના હળવા જોખમો ઉઠાવનાર ઉપક્રમ શીલ, અગાઉથી આયોજન કરનાર, પરિવર્તન સ્વીકારવા માટે ઉત્સુક અને હંમેશા નવા અને ઉંચા હેતુઓ નકકી કરનાર વ્યકિતને ઉદ્યોગ સાહસિક ગણી શકાય આવા ગુણોનો સરવાળો એટલે ઉદ્યોગ સાહસિકતા. (ડેવીડ મેકલેલેન્ડ, ૧૯૬૯/૧૮)

### ❖ રોબર્ટ લેવાઈન

રોબર્ટ લેવાઈનના મતે સામાન્ય રીતે વ્યકિત પોતાના વ્યવસાયમાં કશુંક નવું કાર્ય કરી બતાવે તે તેને સમાજમાં ઉંચો દરજજો મળે છે. આથી તે પોતાના વ્યવસાયમાં નમુનારૂપ વ્યકિત તરીકે પ્રતિષ્ઠીત થવા પ્રયત્નશીલ બને છે. તેનો આવો પ્રયત્ન સમસ્તરીય ગતિશીલતા (Horizontal mobility) નું ઉદાહરણ છે જેને પરિણામે ઉદ્યોગ સાહસિકતાનો વિકાસ થાય છે. આ અર્થમાં સાહસિક કુંટુંબના પરંપરાગત ઔદ્યોગિક એકમનો વિકાસ કરવાની પ્રવૃતિને પણ ઉદ્યોગ સાહસિકતાના વિકાસ તરીકે ઓળખાવી શકાય (રોબર્ટ લેવાઈન ૧૯૬૬).

આર્થિક વિકાસનાં સ્વરૂપ અનુસાર ઉદ્યોગ સાહસિકતાની વ્યાખ્યા બદલાતી રહે છે. જુદા જુદા સમયે

ઉદ્યોગ સાહસિકની કામગીરીને દષ્ટિ સમક્ષ રાખીને જુદાં જુદાં દષ્ટિકોણથી અનેક વ્યાખ્યાઓ આપવામાં આવી છે. આ વ્યાખ્યાઓને વૈજ્ઞાનિક પધ્ધતિમાં અભ્યાસ કરવા માટે તેણે અર્થવ્યવસ્થાના ક્રમશઃ વિકાસ પ્રમાણે તપાસીશું. આ રીતે તેના પ્રશિષ્ટ વિચારકોએ આપેલી વ્યાખ્યાઓ, નવપ્રશિષ્ટ વિચારકોએ આપેલી વ્યાખ્યાઓ, આધુનિક વિચારકોએ આપેલી વ્યાખ્યાઓના ત્રણ વિભાગ પાડી શકાય

**પ્રશિષ્ઠ વિચારધારાના અર્થશાસ્ત્રીઓએ આપેલી વ્યાખ્યાઓ :–**

પ્રશિષ્ઠ વિચારધારાના અર્થશાસ્ત્રીઓએ ઉદ્યોગ સાહસિકતાની જે વ્યાખ્યા આપી છે તે અર્થ શાસ્ત્રીઓમાં રીચાર્ડ કેન્ટીલોન, એફ.બી. હાને ફ્રેંક નાઈટ, જે.બી. સે વગેરે ઉલ્લેખનીય છે તેઓએ ઉદ્યોગ સાહસિકતાને જોખમની સાથે સાંકળી છે. પ્રશિષ્ઠ અર્થશાસ્ત્રીઓનો સમય પરંપરાગત અર્થવ્યવસ્થાનો છે. આ અર્થવ્યવસ્થાએ આધુનિક ઔદ્યોગિક વિકાસ પહેલાંની પ્રાથમિક અર્થવ્યવસ્થા છે.

**❖ રીચાર્ડ કેન્ટીલોન : Richard Cantillion :–**

રીચાર્ડ કેન્ટીલોનના મતે ઉદ્યોગ સાહસિક તે ધંધાર્થી છે કે જે ઉત્પાદનનાં સાધનોને ચોકકસ કિંમતે ખરીદી તેના સંયોજન દ્વારા વસ્તુનું ઉત્પાદન કરે છે અને તેને અમુક કિંમતે વેંચે છે કે જે નિશ્ચિત હોય છે (Lokachman Robert, 1967 p.63).

રીચાર્ડ કેન્ટીલોન આ વ્યાખ્યામાં અનિશ્ચિતતાના તત્વને ઘ્યાનમાં રાખીને કહે છે કે ઉદ્યોગ સાહસિકે અનિશ્ચિતતાનો સામનો કરવાનો રહે છે. આ વ્યાખ્યા પ્રમાણે અનિશ્ચિતતા વહન કરનાર ઉદ્યોગ સાહસિક છે અને તેનો આ પ્રકારનો ગુણ ઉદ્યોગ સાહસિકતા છે.

**❖એફ.વી.હાને (F.V. Hane)**

એફ.વી.હાનેના મત પ્રમાણે "ઉત્પાદનમાં રહેલાં જોખમોને ઉઠાવનાર વ્યકિત ઉદ્યોગ સાહસિક કહેવાય."

એફ.વી .હાને પોતાની વ્યાખ્યામાં જોખમના તત્વને ઘ્યાનમાં રાખીને જણાવે છે કે ઉદ્યોગ સાહસિકે ઉદ્યોગ ધંધામાં જોખમોનો સામનો કરવાનો રહે છે અને આવું જોખમ ઉઠાવનાર વ્યકિત એ ઉદ્યોગ સાહસિક ગણાય અને તેનો આ ગુણ ઉદ્યોગ સાહસિકતા તરીકે ઓળખાવી શકાય.

**❖ ફ્રેંક નાઈટ :– (Frank Knight)**

ફ્રેંક નાઈટ ના મત પ્રમાણે ઉદ્યોગ સાહસિકએ વિશિષ્ઠ સમુહ અથવા વ્યકિત વિશેષ હોય છે જે જોખમને સહન કરે છે અને અનિશ્ચિતતાનો સામનો કરે છે.

ફ્રેંક નાઈટ પોતાની વ્યાખ્યામાં ઉદ્યોગ ધંધામાં રહેલી અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખીને જણાવે છે કે ઉદ્યોગ સાહસિકે બધાં જ જોખમો નહી માત્ર બિન વીમાપાત્ર જોખમો અને અનિશ્ચિતતાનો સામનો કરવાનો હોય છે અને તેનો સામનો કરવા માટે તેને નફારૂપી વળતર પ્રાપ્ત થાય છે. આવા ઉદ્યોગ ધંધામાં રહેલી અનિશ્ચિતતા કે જોખમોનું જે વહન કરે છે તે ઉદ્યોગ સાહસિક છે અને તેનો આ ગુણ ઉદ્યોગ સાહસિકતા છે.

### ❖ જે.બી. સે (S.B. Say) :–

જે.બી. સે ના મત પ્રમાણે ઉદ્યોગ સાહસિક તે વ્યકિત છે કે જે આર્થિક સંસાધનોને ઉત્પાદકતા તેમજ વળતરના નિમ્નતમ ક્ષેત્રોમાંથી ઉચ્ચક્ષેત્રો તરફ હસ્તાંતરીત કરે છે.

જે.બી.સે. ની આ વ્યાખ્યામાં ઉત્પાદનના સાધનોને નીમ્નકક્ષાના ક્ષેત્રોમાંથી ઉચ્ચ કક્ષાના ક્ષેત્રોમાં લઈ જવાની બાબતને ધ્યાનમાં રાખીને ઉદ્યોગ સાહસિક તરીકે એ વ્યકિતને ગણાવાય છે કે જે પોતાની આગવી સુઝથી ઉત્પાદનનના સાધનો કે જેની નીચી ઉત્પાદકતા અને નીચાં વળતરના ક્ષેત્રોમાં રોકાયેલા છે. તેમાંથી કાઢીને વધું ઉંચી ઉત્પાદકતા અને વધું વળતરવાળા ક્ષેત્રમાં ફેરવે છે અર્થાત સે ના મત પ્રમાણે ઉત્પાદનના સાધનોને નબળાં અને ઓછા વળતરદાયી ક્ષેત્રમાંથી વધુ સારા અને વધુ વળતરદાયી ક્ષેત્રમાં લઈ જવાની ક્ષમતા ધરાવે છે તે ઉદ્યોગ સાહસિક કહેવાય અને તેનો આ ગુણ ઉદ્યોગ સાહસિકતા કહેવાય.

આમ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ આપેલી વ્યાખ્યાઓ પ્રમાણે ઉદ્યોગ સાહસિક એ જોખમો અને અનિશ્ચિતાનો સામનો કરનાર વ્યકિત હોય છે. અલબત આધુનિક વ્યાખ્યાઓમાં પણ ઉદ્યોગ સાહસિક જોખમ અને અનિશ્ચિતા તો ઉઠાવે છે જ પણ સાથે બીજી પણ જવાબદારીઓ અદા કરે છે. અર્થાત પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓની આ વ્યાખ્યાઓ આંશિક બની રહે છે.

## ૧.૪ નવ પ્રશિષ્ટ વિચારધારાના અર્થશાસ્ત્રીઓએ આપેલ વ્યાખ્યાઓ :–

નવ પ્રશિષ્ટ વિચારધારાના અર્થશાસ્ત્રીઓ વિકાસશીલ અર્થવ્યવસ્થાને ધ્યાનમાં રાખીને ઉદ્યોગ સાહસિકની વ્યાખ્યા આપે છે. આ અર્થ અર્થશાસ્ત્રીઓમાં જેમ્સ બર્ના, આર.ટી.ઈલી. ,આલ્ફ્રેડ માર્શલ, જીરાલ્ડ એ. સીલ્વર, આર્થર ડેવીગ વગેરે છે.

### ❖ આર.ટી. ઈલી :–

આર.ટી.ઈલીની આ વ્યાખ્યામાં ઉત્પાદનના સાધનોને એકત્રીત કરી તેને જરૂરી ક્ષેત્રો તરફ વાળવા દિશા નિર્દેષ કરવામાં આવે છે. આ વ્યાખ્યા પ્રમાણે ઉદ્યોગ સાહસિકનું એ કર્તવ્ય છે કે તે ઉત્પાદનના સાધનોને એકત્રિત કરી અને યોગ્ય દિશામાં વાળે છે. આવા પ્રકારના ગુણને ઉદ્યોગ સાહસિકતા કહી શકાય.

## ❖ આલ્ફ્રેડ માર્શલ : (Alfred Marshall)

આલ્ફ્રેડ માર્શલના મત પ્રમાણે ઉદ્યોગ સાહસિક તે વ્યકિત છે કે જે જોખમ ઉઠાવવાનું સાહસ કરે છે, કોઈ એક કાર્ય માટે મૂડી અને શ્રમની વ્યવસ્થા કરે છે તેમજ જે તેની સામાન્ય યોજના તૈયાર કરે છે અને જે તેની નાની નાની બાબતોનું નિરીક્ષણ કરવાનું કાર્ય કરે છે.

પ્રો. માર્શલની આ વ્યાખ્યામાં ઉદ્યોગ સાહસિકના વિવિધ કાર્યોને આવરી લેવાયા છે. ઉદ્યોગ સાહસિકે ઉદ્યોગ ધંધાના જોખમ ઉઠાવવાની સાથે મૂડી અને શ્રમની વ્યવસ્થા કરવાનું, સામાન્ય યોજના તૈયાર કરવાનું તેમજ ધંધા સાથે સંકળાયેલી નાની નાની બાબતો પર ધ્યાન રાખવાનું હોય છે. આવું કાર્ય કરનાર ઉદ્યોગ સાહસિક તરીકે ઓળખાય છે અને વ્યકિતમાં રહેલાં આવા પ્રકારનાં ગુણોને ઉદ્યોગ સાહસિકતા કહેવાય છે.

## ❖ જીરાલ્ડ એ. સીલ્વર : (Gerald A. Silver)

જીરાલ્ડ એ. સીલ્વર ના મત પ્રમાણે ઉદ્યોગ સાહસિક તે વ્યકિત છે કે જે કોઈ નવી વસ્તુ અથવા સેવાના વિચારની કલ્પના કરે છે અને પછી તે વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન કરવા માટે એક વ્યવસાયની સ્થાપના માટે મુડી પ્રાપ્તિના સ્ત્રોતની શોધ કરે છે".

જીરાલ્ડ સીલ્વર પોતાની આ વ્યાખ્યામાં ઉદ્યોગ સાહસિકને નવી વસ્તુના ઉત્પાદનની કલ્પના અને તેને સાકાર કરવાની બાબત સાથે સાંકળે છે. પોતાની કલ્પનાને સાકાર કરવા માટે મુડી મેળવવા તેની શોધ કરવાની હોય છે. આમ ઉદ્યોગ સાહસિક નવી વસ્તુના ઉત્પાદનની કલ્પના, તેને મૂર્ત સ્વરૂપ આપવું, તે માટે મુડી સાધનોની વ્યવસ્થા કરવી વગેરે બાબતો સાથે સંકળાયેલો છે.

## ❖ આર્થર ડેવીંગ : (Arther Deving)

આર્થર ડેવીગ ના મત પ્રમાણે "ઉદ્યોગ સાહસિક તે વ્યકિત છે કે જે વિચારોને લાભકારક વ્યસાયમાં રૂપાંતરીત કરે છે".

આર્થર ડેવીગ આ વ્યાખ્યામાં ઉદ્યોગ સંબંધી વિચારોને લાભકારક ઉદ્યોગમાં રૂપાંતરિત કરવાની બાબતને કેન્દ્રમાં રાખીને જણાવે છે કે ઉદ્યોગ સાહસિકે પોતાના વિચારોને લાભદાયી વ્યવસાયમાં રૂપાંતરિત કરવાના હોય છે. આમ વિચાર કે કલ્પનાને લાભદાયક વ્યવસાયમાં પરિવર્તિત કરનાર અને મૂર્ત સ્વરૂપ આપનાર ઉદ્યોગ સાહસિક છે.

આમ નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ જે વ્યાખ્યાઓ આપી છે તેમાં તેઓ ઉદ્યોગ સાહસિકને વ્યકિત કે વ્યકિતઓના સમુહ તરીકે ઓળખાવે છે, જે ધંધાની સૌ પ્રથમ કલ્પના કરે છે તેના માટે જરૂરી ઉત્પાદનનાં સાધનો ભૂમિ, મૂડી, વગેરે એકત્રિત કરે છે, ધંધા માટેની યોજના તૈયાર કરે છે અને તે પ્રમાણે ઉદ્યોગ ધંધાની

સ્થાપના કરી તેનું સંચાલન અને નિયંત્રણ કરે છે.

## આધુનિક વિચારધારાના અર્થશાસ્ત્રીઓએ આપેલ વ્યાખ્યાઓ

આધુનિક આર્થિક વિચારક્ષેત્રે ઉદ્યોગ સાહસિકની જે વ્યાખ્યા આપી છે તે વિકસીત અર્થતંત્રોને ધ્યાનમાં રાખીને આપી છે. વિકસીત દેશોમાં ઔદ્યોગિક વ્યવસ્થા અંગેની સવલતોનો આખો માહોલ જુદો જ હોય છે. વિકસીત દેશોની અર્થવ્યવસ્થામાં ઉદ્યોગ ધંધાનું સ્વરૂપ, આકાર, વ્યુહરચના, આંતરમાળખુ વગેરેમાં આધુનિકતાને પોષક પરિવર્તન જોવા મળે છે. કેળવણી, ટેકનીકલ જ્ઞાન તેમજ તાલીમની સુવિધાઓનો પણ વિકસીત દેશોનાં વિસ્તાર થઈ ચુકયો હોય છે. સામાજિક પરિવર્તનો આવી ચુકયા હોય છે. પ્રજામાં નેતૃત્વ ધારણ કરવાની, જોખમ ઉઠાવવાની, પડકારો ઝીલવાની, ધંધાકીય વિચારોને મુર્ત સ્વરૂપ આપવાની ધંધા અંગેનું આયોજન કરવાની અને ધંધાનું યોગ્ય અને કાર્યક્ષમ સંચાલન કરવાની શકિત સારા એવાં પ્રમાણમાં વિકસી હોય છે. આ બધાં પરિવર્તનોને ધ્યાનમાં રાખીને આધુનિક અર્થશાસ્ત્રીઓ ઉદ્યોગ સાહસિકની વ્યાખ્યા આપે છે. આધુનિક અર્થશાસ્ત્રીઓમાં હર્બટન ઈવાન્સ, પીટર એફ. ડ્રકર, ફ્રેંક, કલેરેન્સ ડેનહોફ , જોસેફ શુમ્પીટર વગેરે ઉલ્લેખનીય છે.

### ❖ હર્બટન ઈવાન્સ : (Herbton Evans)

હર્બટન ઈવાન્સ ના મત પ્રમાણે ઉદ્યોગ સાહસિક તે વ્યકિત અથવા વ્યકિતઓનો સમુહ છે કે જેણે વ્યવસાય સંચાલિત કરવાનો છે અને તે વ્યવસાય કેવા પ્રકારનો પસંદ કરવાનો છે તે અંગે નિર્ણય લેવાનું કાર્ય કરવાનું હોય છે. હબર્ટન ઈવાન્સની આ વ્યાખ્યામાં ઉદ્યોગ સાહસિકે કયો ધંધો કરવાનો છે તે અંગે નિર્ણય લેવાનું કાર્ય કરવાનું છે એ હકીકતને ધ્યાનમાં રાખીને એમ જણાવ્યું છે કે ઉદ્યોગ સાહસિકે ચાલું કરવામાં આવનાર ઉદ્યોગ ધંધો કેવા પ્રકારનો પસંદ કરવાનો છે તે અંગે નિર્ણય લેવાનો હોય છે. અર્થાત જે ઉદ્યોગ ધંધાની પસંદગીના પ્રકાર અંગે નિર્ણય લેતો હોય તેને ઉદ્યોગ સાહસિક કહેવાય.

### ❖ પીટર એફ. ડ્રકર (Peter F. Drucker)

પીટર એફ. ડ્રકરના મત પ્રમાણે, ઉદ્યોગ સાહસિક તે વ્યકિત છે કે જે હંમેશા પરિવર્તનની ખોજ કરતી હોય છે, તેના ઉપર પ્રતિક્રિયા કરતી હોય છે અને તકના લાભ ઉઠાવતી હોય છે.

પીટર એફ. ડ્રકરની આ વ્યાખ્યામાં ઉદ્યોગ સાહસિકની પરિવર્તનની ખોજ અને તકના લાભો ઉઠાવવાની બાબતને ધ્યાનમાં રાખીને જણાવાયું છે કે ઉદ્યોગ સાહસિકે પરિવર્તનની ખોજ કરવાની હોય છે. એટલું જ નહી તેમાંથી પ્રાપ્ત થતી તક ઝડપી તેનાં લાભો મેળવવાના હોય છે. આમ જે પરિવર્તનોની ખોજ કરે તેની ક્રિયા પ્રતિક્રિયામાંથી તક મેળવે અને તેનો લાભ ઉઠાવે તેને ઉદ્યોગ સાહસિક કહેવાય.

### ❖ કલેરેન્સ ડેનહોફ (Clarence Denhop)

કલેરેન્સ ડેનહોફ ના મત પ્રમાણે ઉદ્યોગ સાહસિકોનો સંબંધ પ્રાથમિક રૂપમાં ઉત્પાદન ફોર્મ્યુલામાં જે પરિવર્તન કરવાના હોય છે તેની સાથે હોય છે કે જેના પર તેનું સંપૂર્ણ નિયંત્રણ હોય છે.

કલેરેન્સ ડેનહોફ ઉદ્યોગ સાહસિકની વ્યાખ્યા આપતાં ફોર્મ્યુલા પરિવર્તનના કાર્યને કેન્દ્રમાં રાખીને કહે છે કે ઉદ્યોગ સાહસિકનો સંબંધ ઉત્પાદનની ફોર્મ્યુલામાં પરિવર્તનો કરવાનું જે કાર્ય કરવાનું હોય છે તેની સાથે રહેલો છે. આમ જે ઉત્પાદનની ફોર્મ્યુલામાં પરિવર્તનો સમજીને બધું કામ મેળવવા પ્રયત્ન કરે છે તે ઉદ્યોગ સાહસિક કહેવાય છે.

### ❖ જોસેફ શુમ્પીટર : (Joseph Schumpeter)

જોસેફ શુમ્પીટર ના મતે ઉદ્યોગ સાહસિક તે વ્યકિત છે કે જે કોઈ એક તકની પૂર્વકલ્પના કરે છે તેમજ કોઈ એક નવી વસ્તુ, નવી ઉત્પાદન પધ્ધતિ, નવા કાચામાલના સ્ત્રોતો, નવું બજાર, અથવા ઉત્પાદનનાં સાધનોના નવા સંયોજનોને અપનાવીને તકનો લાભ ઉઠાવે છે. (જોસેફ શુમ્પીટર, ૧૯૧૧ : ૪૫)

પ્રો. શુમ્પીટરની આ વ્યાખ્યામાં ઉદ્યોગ સાહસિકના નવપ્રવર્તનના કાર્યને કેન્દ્રમાં રાખીને જણાવ્યું છે કે ઉદ્યોગ સાહસિકે ઉત્પાદન વ્યવસ્થાના સંદર્ભમાં નવા ક્ષેત્રો શોધીને નવા કાર્યો કરવા જોઈએ અથવા જુના કાર્યોને નવો ઓપ આપીને નવીન રીતે રજુ કરવા જોઈએ કે જેથી પોતાના ઉત્પાદનને અન્યના ઉત્પાદનથી અલગ પાડી શકે. તેને સાદું અને સસ્તું બનાવી શકે આમ કરવામાં સફળ થાય તો એ સ્થિતિનું નિર્માણ થઈ શકે કે જે તેનું લક્ષ્ય છે. આમ શુમ્પીટરના મતે લક્ષ્ય પ્રાપ્તિ માટે નવપ્રવર્તન જરૂરી જ નહી પણ અનિવાર્ય બાબત છે.

પ્રો શુમ્પીટરના મત પ્રમાણે ઉદ્યોગ સાહસિકે નવપ્રવર્તન માટે પૂર્વકલ્પનાનો સહારો લઈને નવી વસ્તુનું ઉત્પાદન કરવું, નવી ઉત્પાદન પધ્ધતિ અપનાવી, વસ્તુની ગુણવતા સુધારવી, નવા કાચામાલના ક્ષેત્રો શોધી કાઢવા, જયાંથી કાચો માલ સસ્તો, ઉચ્ચ ગુણવતાવાળો અને પૂરતાં પ્રમાણમાં મળી શકે, નવા બજારો શોધી કાઢવા – જયાં પોતાની વસ્તુની માંગ વિશેષ હોય અને વધુ સારી કિંમતો પ્રાપ્ત થઈ શકતી હોય, ઉત્પાદન સાધનોના જુના સંયોજનોના બદલે નવું સંયોજન અપનાવીને ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરવો. આમ પ્રો. શુમ્પીટર આ વ્યાખ્યા દ્વારા એમ જણાવે છે કે ઉદ્યોગ સાહસિકની ભૂમિકા વર્તમાન સમયમાં અતિશય ગતિશીલ બની ગઈ છે. તેથી તેણે ઔદ્યોગિક ક્ષેત્રે ટકી રહેવા માટે આંતરિક અને બાહયક્ષેત્રે જે પરિવર્તનો થઈ રહયાં છે તેને ધ્યાનમાં લેવા જરૂરી છે. આમ ગતિશીલ પરિવર્તનો સાથે અનુસંધાન મેળવીને નવપ્રવર્તનને સતત પોતાની ઉત્પાદન વ્યવસ્થામાં સ્થાન આપવા પ્રયત્નશીલ રહે તેને ઉદ્યોગ સાહસિક કહેવાય.

આમ, આધુનિક વિચારધારામાં માનતાં જુદા જુદા અર્થશાસ્ત્રીઓ દ્વારા વિકસિત અર્થવ્યવસ્થાના

સંદર્ભમાં ઉદ્યોગ સાહસિકની જે રીતે વ્યાખ્યા આપવામાં આવી છે તે જોતાં એ સ્પષ્ટ બને છે કે આધુનિક યુગમાં ઉદ્યોગ સાહસિકનું ચિત્ર અતિ વિસ્તૃત દષ્ટિકોણથી કરવામાં આવ્યું છે. ઉદ્યોગ સાહસિકનું કાર્ય આજની પરંપરા અને અતિ સંકુલ આધુનિક અર્થવ્યવસ્થામાં ખૂબ જ જવાબદારીઓ વાળું, ખૂબ જ જોખમી અને કાર્યક્ષેત્રની દષ્ટિએ અતિ વિશાળ બની ગયું છે. આમ જે વાસ્તવિકતાને દષ્ટિમાં રાખીને વર્તમાન સમયમાં ઉદ્યોગ સાહસિકને આર્થિક મુલ્યોનો સર્જક, પરિવર્તન સંવાહક, સામાજિક નવપ્રવર્તક અને ઔદ્યોગિક ક્રિયાઓનો ઉત્પ્રેરક ગણવામાં આવે છે તે માટે તે યોગ્ય જ છે.

ઉદ્યોગ સાહસિકની જુદી જુદી અર્થવ્યવસ્થાના સંદર્ભ જુદા જુદા સમયે વિવિધ દષ્ટિકોણથી આપવામાં આવેલી વ્યાખ્યાઓનું વિશ્લેષણ કરતાં એ સ્પષ્ટ બને છે કે જુદા જુદા દેશોના ઉદ્યોગ સાહસિકને પ્રોત્સાહિત કરીને પોષણ આપનારા પરિબળો જેવા કે આર્થિક સામાજિક અને ટેકનીકલ વચ્ચે ઘણું મોટું અંતર છે. તેથી ઉદ્યોગ સાહસિકની વ્યાખ્યાના દષ્ટિ ક્ષેત્રો જુદા જુદા દેશમાં અને જુદા જુદા સમયે અલગ હોય તે સ્વાભાવિક છે. ઉપરોક્ત વ્યાખ્યાઓનો સારાંશ એ છે કે ઉદ્યોગ સાહસિકની વ્યાખ્યા પ્રમાણે ગમે તે અર્થવ્યવસ્થામાં ઉદ્યોગ સાહસિક આધુનિક યુગમાં ક્રિયાત્મક વ્યવહાર સાથે ખૂબ જ નજીકનો સંબંધ ધરાવે છે. તેનું કાર્યક્ષેત્ર દિન પ્રતિદિન અતિ વિસ્તૃત બનતું જાય છે. એ સંદર્ભમાં જે વ્યકિત નેતૃત્વ માટેની આવડત, જોખમ વહન કરવાની ક્ષમતા, સાધનોનું એકત્રીકરણ કરી તેનું સંકલન કરવાની ક્ષમતા, નિર્ણયીકરણનું કૌશલ્ય, નવપ્રવર્તક સંશોધન કરવાની અને ધંધાકીય આયોજન કરવાની યોજના ધરાવતી હોય તેને ઉદ્યોગ સાહસિક કહી શકાય.

ઉદ્યોગ સાહસિકતાના આ બધાં કાર્યો માનવજાત માટે ખૂબ જ મહત્વના બની રહે છે. તેના પ્રયત્નોના પરિણામ સ્વરૂપે રાષ્ટ્રના અર્થતંત્રમાં નવી ચેતના અને નવો સંચાર પેદા થાય છે. માનવજાતિની ઉન્નત જીવન જીવવાની આકાંક્ષાઓ પૂર્ણ થઈ છે અને આર્થિક વિકાસને વેગ મળ્યો છે આથી જ જોસેફ સુગરમેન (Joseph sugarman) જણાવે છે કે "ઉદ્યોગ સાહસિક વાસ્તવમાં આજના સમાજનો સાચો નેતા છે કોઈ દેશની સફળ તાનું નિર્માણ કરવા માટે ઉદ્યોગ સાહસિકોએ નવપ્રવર્તનથી માંડીને કાર્ય સર્જન સુધીના અનેક કાર્યો કર્યા છે. ખરેખર, તો ભાવી સમાજનો એક સાચો સ્વપ્ન દષ્ટા છે".

## નવ પ્રવર્તન અને ઉદ્યોગ સાહસિકતા

**શોધખોળ** —— **કશુંક નવાનું સર્જન** —— **નવાજ્ઞાનનો ઉદ્‌ગમ**

**નવપ્રવર્તન** —— **નૂતન વિચારોનું સાધનોનું વ્યાવહારિક ઉપયોગી અમલીકરણ** —— **નવી ચીજવસ્તુ સેવા કે પ્રક્રિયાનું સર્જન**

### કન્સાઈઝ ઓકસફર્ડ ડીકશનેરી

કન્સાઈઝ ઓકસફર્ડ ડીકશનેરીના મત પ્રમાણે "ઉદ્યોગ સાહસિકતા એટલે (ઔદ્યોગિક) સાહસ માટેની તત્પરતા, પહેલવૃતિ અને હિંમત". આ વ્યાખ્યા પ્રમાણે ઉદ્યોગ સાહસિકતાને ઔદ્યોગિક એકમ શરૂ કરવા માટેની ઝંખના – તત્પરતા, તે અંગેની શરૂઆત કરવાની તૈયારી અને તે માટે જોઈતી હિંમત કે સાહસ આ ત્રણેયનો સમન્વય એ ઉદ્યોગ સાહસિકતા છે.

ઉપરોકત જુદી જુદી વ્યાખ્યાઓનું વિશ્લેષણ અને સંકલન કરતાં કહી શકાય કે ઉદ્યોગ સાહસિકતાએ ઉદ્યોગ સાહસિકના ઔદ્યોગિક એકમની સ્થાપનાના વિચારનું વાસ્તવિકતામાં રૂપાંતર થવા સુધીની પ્રક્રિયા છે. દરેક ઉદ્યોગ સાહસિક કંઈક નવું કરવાની ઈચ્છા સાથે ઉદ્યોગ ધંધામાં જોડાય છે – ઝંપલાવે છે અને નવા પ્રયાસોથી સ્વવિકાસ તરફથી રાષ્ટ્રીય વિકાસ તરફની કુચ આરંભે છે. ઉદ્યોગ સાહસિકતાને નીચે પ્રમાણે પણ સરળતાથી સમજાવી શકાય.

| **ઉદ્યોગ સાહસિક** | **ઉદ્યોગ સાહસિકતા** | **ઔદ્યોગિક એકમ** |
|---|---|---|
| વ્યકિત | ક્રિયાત્મક પ્રક્રિયા | હેતુ / ધ્યેય |

ઉદ્યોગ સાહસિકતાએ ઉદ્યોગ સાહસિક દ્વારા આરંભાયેલી એક એવી ક્રિયાત્મક પ્રક્રિયા છે કે જેના દ્વારા ઉદ્યોગ સાહસિક ઔદ્યોગિક એકમની સ્થાપનાના પોતાના ધ્યેય કે હેતુ સુધી પહોંચી તેને નફાકારક રીતે ચલાવે છે કે સંચાલન કરે છે. આ સમગ્ર પ્રક્રિયા ઉદ્યોગ સાહસિકતાની પ્રક્રિયા છે.

### ૧.૫ ઉદ્યોગ સાહસિકતાની લાક્ષણિકતાઓ

ઉદ્યોગ સાહસિકતાની જુદી જુદી વ્યાખ્યાઓના અભ્યાસ અને વિશ્લેષણના આધારે આપણે તેની કેટલીક લાક્ષણિકતાઓ તારવી શકીએ. ઉદ્યોગ સાહસિકતાની કેટલીક મહતવની લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

### ૧.૫.૧ ઉદ્યોગ સાહસિકતા એ પ્રક્રિયા છે

ઉદ્યોગ સાહસિકતા એ સંચાલન અને નવીનિકરણ સાથે સંકળાયેલી જુદી જુદી ક્રિયાઓની પ્રક્રિયા છે. જેમાં પરિવર્તન, વિવાદનો ઉદભવ, પર્યાવરણીય વિશ્લેષણ, ધંધા વ્યાપાર કે ઉદ્યોગની પસંદગી, એકમની સ્થાપના અને સંચાલન એમ જુદા જુદા તબકકાઓનો સમાવેશ થઈ શકે છે. ઉદ્યોગ સાહસિકતાને એક પ્રક્રિયાની સાથો સાથ એક વિશાળ પ્રવૃતિના સમુહ તરીકે પણ ઓળખાવી શકાય. આ પ્રવૃતિઓ પરિવર્તિત હોય છે. જેનો હેતુ ધંધાકીય હોઈ શકે કે જેમાં ઉદ્યોગ સાહસિકતા એ ધંધાની સ્થાપના અને તેના સંચાલનથી માંડીને વિકાસના જુદા જુદા તબકકાઓને સાંકળી લેતી એક પ્રક્રિયા છે.

### ૧.૫.૨ઉદ્યોગ સાહસિકતા એક હેતુલક્ષી પ્રવૃતિ છે.

ઉદ્યોગસાહસિકતાની લાક્ષણિકતાની બાબતમાં ઘ્યાન ખેંચે તેવી બાબત તેની હેતુલક્ષીતા છે. અર્થાત ઉદ્યોગ સાહસિકતા સાથે ચોકકસ હેતુઓ સંકળાયેલા હોય છે. ઉદ્યોગ સાહસિક નફો કમાવાના હેતુથી ઉત્પાદનના સાધનોનું એકત્રીકરણ કરી તેનો ઉત્પાદન પ્રક્રિયામાં યોગ્ય અને મહતમ કાર્યક્ષમતા પૂર્વક ઉપયોગ કરી, ધંધાના સંભવિત જોખમો ઉઠાવી નફાના ઘ્યેયને પ્રાપ્ત કરવા પ્રવૃતિ કરે છે. ઉદ્યોગ સાહસિક ઉદ્યોગોની સ્થાપના અને વિકાસ સાથે સંકળાયેલ જે વિવિધ પ્રવૃતિઓ કરે છે. તેમાં નફાના હેતુની સાથે અન્ય હેતુઓ પણ જોડાયેલાં હોઈ શકે છે. આમ ઉદ્યોગ સાહસિક દ્વારા કરવામાં આવતી પ્રવૃતિ – કામગીરી ઉદ્યોગ સાહસિકતા એ હેતુલક્ષી પ્રવૃતિ છે – નિરૂદેશ હાથ ધરાતી પ્રક્રિયા નથી – પ્રવૃતિ નથી.

### ૧.૫.૩ઉદ્યોગ સાહસિકતાનો ઉદેશ આર્થિક કલ્યાણનો પણ છે.

વ્યકિતગત દષ્ટિબિંદુથી વિચારતાં ઉદ્યોગ સાહસિકતાનું મુખ્ય ઘ્યેય નફો જોવા મળે છે. પરંતુ વિશાળ દષ્ટિબિંદુથી વિચારતાં ઉદ્યોગ સાહસિક સંપતિનું સર્જન કરે છે અને તેનાં દ્વારા આર્થિક કલ્યાણમાં વધારો થાય છે – આર્થિક કલ્યાણનો હેતુ સિઘ્ધ થાય છે. ઉત્પાદનના અછતવાળા સાધનોને ન્યુનતમ વળતર વાળા ક્ષેત્રમાંથી મહતમ વળતરવાળા ક્ષેત્રમાં લઈ જઈ ઉત્પાદન અને ઉત્પાદકતા વધારી શકાય છે. ઉત્પાદનના સાધનોનો કાર્યક્ષમ અને યોગ્ય ઉપયોગ અને વ્યકિતગત હિતોની સાથે રાષ્ટ્રના વિશ્વના હિતોને પણ સાંકળી લે છે. આમ ઉદ્યોગ સાહસિકતા એ માત્ર વ્યકિતગત ધોરણે નફાના હેતુથી જ હાથ ધરવામાં આવતી પ્રક્રિયા કે પ્રવૃતિ ન બની રહેતાં સમાજના આર્થિક કલ્યાણનો ઉદેશ ધરવાતી પ્રક્રિયા બની રહે છે.

### ૧.૫.૪ઉદ્યોગ સાહસિકતા એક જોખમકારક પ્રવૃતિ છે.

ઉદ્યોગ સાહસિકતા અને જોખમ બે પરસ્પર સંકળાયેલાં છે. કોઈપણ પ્રકારની આર્થિક પ્રવૃતિ સાથે જોખમ જોડાયેલું છે. જોખમ ઉઠાવનાર વ્યકિત જ ઉદ્યોગ સાહસિક બની શકે છે. અલબત એ જોખમ ગણતરીપૂર્વકનું હોવું જોઈએ. આમ કરનાર જોખમને નફાકારક તકમાં ફેરવી શકે છે . સામાન્ય રીતે વધુ જોખમો વધુ વળતર અપાવે છે ધંધાકીય જોખમને નજર અંદાજ ન કરી શકાય. ધંધામાં તેની સ્થાપનાથી માંડીને વિકાસની પ્રક્રિયાના જુદા જુદા તબકકે ઉદ્યોગ સાહસિકને અનેકવિધ પ્રકારના જોખમોનો સામનો કરવાનો આવે છે. આધુનિક સમયમાં ઘણાં જોખમો વીમાપાત્ર હોય છે. છતાં પણ કેટલાંક જોખમો એવા છે જે કે જેનો સામનો વીમા દ્વારા નહી પણ ધંધાકીય કુનેહ દ્વારા કરવાનો રહે છે. આમ જોખમ અને ઉદ્યોગ સાહસિકતા એ પરસ્પર જોડાયેલાં છે.

## ૧.૫.૫ઉદ્યોગ સાહસિકતાનો વિકાસ ધંધાકીય વ્યવસ્થાના અનેક સ્વરૂપે થઈ શકે છે.

ઉદ્યોગ સાહસિક દ્વારા ઉત્પાદન, વિસ્તરણ, સંકલન, વગેરે ઉત્પાદન પ્રક્રિયા સાથે જોડાયેલી પ્રવૃતિ હાથ ધરવા માટે જુદા જુદા સ્વરૂપોનો ઉપયોગ કરવામાં આવે છે. ઔદ્યોગિક સાહસો વ્યકિતગત સ્વરૂપે, ભાગીદારી પેઢીના સ્વરૂપે, કંપની સ્વરૂપે હોઈ શકે. ખાનગી ક્ષેત્રે કે જાહેર ક્ષેત્રે અથવા તો સંયુકત ક્ષેત્રે પણ સ્થાપી અને વિકસાવી શકાય. બીજી રીતે વિચારતાં ઔદ્યોગિક એકમો ગૃહ ઉદ્યોગ, લઘુઉદ્યોગ, નાના પાયાના એકમો, મધ્યમ કક્ષાના એકમો અને મોટા પાયા પરના એકમોના સ્વરૂપે પણ સ્થાપીને વિકસાવી શકાય. ઉત્પાદન પ્રક્રિયાની સાથે સાથે સેવાક્ષેત્ર પણ એટલું જ વિકસતું ગયું છે. આમ ઉદ્યોગ સાહસિકતાનું ક્ષેત્ર આજે ખૂબ જ વિશાળ બની ચુકયું છે. તે વ્યકિતગત પેઢી, ભાગીદારી પેઢી, જોઈન્ટ સ્ટોક કં, જાહેરક્ષેત્ર, સંયુકત ક્ષેત્ર, ભૌતિક ચીજવસ્તુઓ કે સેવાઓના ઉત્પાદનથી માંડીને વિસ્તરણ તબક્કામાં કોઈપણ સ્વરૂપે આપણી સમક્ષ આવી શકે છે.

## ૧.૫.૬ઉદ્યોગ સાહસિકતા અને નવીનીકરણ ગાઢ રીતે સંકળાયેલાં છે.

ઉદ્યોગ સાહસિકના મનમાં ઉદભવેલો એક નવો વિચાર એ ઉદ્યોગ સાહસિકતામાં પરિણમે છે તથા ધંધાકીય એકમનાં સાહસમાં પરિણમે છે. પ્રવર્તમાન પરિસ્થિતિમાં માત્ર કોઈપણ ધંધાકીય એકમની સ્થાપનાથી ઉદ્યોગસાહસિકતાનું કાર્ય પૂર્ણ થતું નથી. ઉલટાનું ત્યાંથી તો તેની શરૂઆત થાય છે. ધંધાકીય એકમની સ્થાપના બાદ તેને નફાકારક બનાવી તેના વિસ્તરણ અને વિકાસ માટે દરેક તબકકે નવીનીકરણની જરૂરીયાત રહે છે. પ્રવર્તમાન સ્પર્ધાના યુગમાં પોતાનું અસ્તિત્વ જાળવી રાખવા નવીનીકરણ એ અનિવાર્ય બની ગયું છે. વિશ્વ આજે સતત પરિવર્તનશીલ બન્યું છે. સંદેશવ્યવહાર અને પરિવહનની સવલતોએ વિશ્વને ખૂબ નજીક લાવી દીધું છે. ત્યારે સ્પર્ધામાં પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે સતત નવા સંશોધનો, શોધખોળો, આધુનીકરણ અને નવીનીકરણ એ અનિવાર્ય ઘટકો બની ગયાં છે. આજે કોઈપણ ઉદ્યોગ સાહસિક તેની ઉપેક્ષા કરી શકે નહી . આમ ઉદ્યોગ સાહસિકતા અને નવીનીકરણ કે આધુનિકરણ એ અભિનન્ન અંગ બની ચુકયાં છે.

## ૧.૫.૭ઉદ્યોગ સાહસિકતાના ગુણો વિકસાવી શકાય છે.

ઉદ્યોગ સાહસિકતાના વિકાસનો ઈતિહાસ તપાસતાં એવું જણાય છે કે ઉદ્યોગ સાહસિકતાના ગુણો વિકસાવી શકાય છે. એક સમયમાં એવું માનવામાં આવતું હતું કે ઉદ્યોગ સાહસિકો જન્મે છે તેમને બનાવી શકાતાં નથી. એ વખતે ઉદ્યોગ સાહસિકો હતાં – જમશેદજી તાતા, વિશ્વેસરૈયા, બીરલા, જમનાલાલ બજાજ, લક્ષ્મણરાય, કિર્લોસ્કર, વગેરે. આ ઉદ્યોગ સાહસિકોએ કોઈ વિશિષ્ટ પ્રકારની તાલીમ લીધી ન હતી છતાં તેઓ સારાં ઉદ્યોગ સાહસિકો બની શકયાં હતાં. આજે પણ ધીરૂભાઈ અંબાણી, કરશનભાઈ પટેલ વગેરેએ પણ કોઈ વિશિષ્ટ તાલીમ મેળવ્યા વગર સફળ સાહસિકોની યાદીમાં અગ્રતાક્રમનું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. તેથી

એમ જણાવવામાં આવે છે કે ઉદ્યોગ સાહસિકો જન્મે છે. પરંતુ ઉદ્યોગ સાહસિકતાના વિકાસના કાર્યક્રમોએ એવું સાબિત કરી આપ્યું છે કે ઉદ્યોગ સાહસિકની તાલીમ લીધેલી વ્યકિતઓ પણ ઉદ્યોગપતિ બની શકે છે. ઉદ્યોગ સાહસિકતાની તાલીમ દ્વારા સફળ સાહસિક બની શકાય છે.

## ૧.૫.૮ઉદ્યોગ સાહસિકતાના વિકાસમાં કેટલીક પૂરક સેવાઓ આવશ્યક છે.

ઉદ્યોગ સાહસિકતાના વિકાસમાં માત્ર ઉદ્યોગ સાહસિકની જોખમ ઉઠાવવાની વૃતિ અને  ટેકનીકલ જ્ઞાન જ જરૂરી નથી. એ ઉપરાંત આંતરમાળખાગત સવલતો, નાણાકીય સુવિધાઓ, બજારના વિકાસના પરિબળો, સાક્ષરતા પ્રોત્સાહક યોજનાઓ, કાનુની પરિબળો, સંશોધનાત્મક પરિબળો વગેરે નો વિકાસ થવો પણ જરૂરી છે. ઉપરોકત સેવાઓ ઉદ્યોગ સાહસિકતાના વિકાસ માટે જરૂરી બની રહે છે.

આમ ઉદ્યોગ સાહસિકતાના લક્ષણો અને  લાક્ષણિકતાઓ, વિચાર તથા વિશ્લેષણ કરતાં એમ કહી શકાય કે ઉદ્યોગ સાહસિકતા એ એક પ્રક્રિયા છે. તે  હેતુલક્ષી પ્રવૃતિ છે અને આર્થિક કલ્યાણનો ઉદેશ, જોખમ ઉઠાવવાની શકિત તથા નવીનીકરણ સાથેનો ગાઢ સંબંધ ધરાવે છે.

## ૧.૬ ઉદ્યોગ સાહસિકના લક્ષણો

ઉદ્યોગ સાહસિકની જુદી જુદી વ્યાખ્યાઓના અભ્યાસ તથા વિશ્લેષણને આધારે ઉદ્યોગ સાહસિકના કેટલાંક લક્ષણો તારવી શકાય. ઉદ્યોગ સાહસિકમાં નેતાગીરી, નવીનતા, સર્જનાત્મકતા, ઔદ્યોગિક દષ્ટિકોણ સખત પરિશ્રમ કરવાની વૃતિ, દીર્ઘદષ્ટિ, મહતમ નફાકારકતા, વિજયમાટેની મહેચ્છા, ગતિશીલ સર્જનાત્મક શકિત, પહેલવૃતિ, વાજબી જોખમ ઉઠાવનાર, ધૈર્ય, વિશ્લેષણાત્મક શકિત, દુરદેશીપણું, આશાવાદીપણું, સંચાલકીય કૌશલ્ય, ગતિશીલતા, કાર્ય સ્વાતંત્ર્ય, આત્મવિશ્વાસ, વ્યાપક વિચારસરણી, સમસ્યા, નિવારણ–શકિત, ક્ષમતા, માનવીય સંબંધો જાળવવાની ક્ષમતા, ચોકકસ ધ્યેયો, ધંધાકીય ઉતમતાની જાળ વણી વગેરે ગુણો પણ જરૂરી છે.

ઉદ્યોગ સાહસિક એ કોઈપણ દેશની ઔદ્યોગિક અર્થવ્યવસ્થાનો વિશિષ્ટ સુત્રધાર છે. તેની સુઝ, કૌશલ્ય અને પડકારો જીલવાની ક્ષમતાના કારણે જ ઔદ્યોગિક વિકાસ શકય બને છે. આ સંદર્ભમાં આર્થર કોલ (Arther cole) જણાવે છે કે ઉદ્યોગ સાહસિકનો અભ્યાસ કરવો એટલે આર્થિક પ્રવૃતિઓના મુખ્ય ભાગનો અભ્યાસ કરવો તે. અલબત, બધી જ વ્યકિત ઔદ્યોગિક વિકાસની સુત્રધાર બનવાની ક્ષમતા ધરાવતી હોતી નથી. ઉદ્યોગ સાહસિક તે જ વ્યકિત બની શકે કે જેનામાં નેતૃત્વ લેવાની, જોખમો વહોરવાની, નિર્ણયીકરણ કરવાની, ધંધાકીય આયોજન કરવાની શકિત હોય. ઉદ્યોગ સાહસિકમાં રહેલી આ બધી બાબતોને તેના ગુણો કે લક્ષણો તરીકે ઓળખવામાં આવે છે.

## ૧.૬.૧નેતૃત્વ : (Leadership)

માનવ જીવનના વિકાસના પ્રત્યેક પાસાને સ્પર્શતા દરેક પ્રકારના સંગઠન માટે નેતૃત્વ અનિવાર્યપણે જરૂરી બને છે. ભલે તે સંગઠન વ્યવસાયિક, સામાજિક, ધાર્મિક, કે આર્થિક હોય. પ્રભાવશાળી નેતૃત્વ જ સમુહને ચોકકસ દિશામાં પ્રેરિત કરીને ઈચ્છિત પરિણામ પ્રાપ્ત કરી શકે છે. ઔદ્યોગિક વિકાસ માટે પણ નેતૃત્વ ખૂબજ મહત્વનું છે. નેતૃત્વ એ ઔદ્યોગિક વિકાસનુ એન્જીન છે જેના દ્વારા ઔદ્યોગિક વિકાસ ગતિ પ્રાપ્ત કરે છે.

નેતૃત્વનું અર્થઘટન બે રીતે શકાય (૧) સામાન્ય અર્થઘટન દ્વારા બધાં જ પ્રકારનાં સંગઠન માટે નેતામાં નેતૃત્વના કેવા પ્રકારના ગુણો હોવા જોઈએ. તે દર્શાવી શકાય છે. ટેમન બોન અને માસારિક જણાવે છે કે નેતૃત્વમાં આંતરિક વ્યકિતત્વનો પ્રભાવ પડેલો હોય છે.

પરંતુ અર્થશાસ્ત્રમાં નેતૃત્વનું અર્થઘટન જુદી રીતે કરવામાં આવે છે. નેતૃત્વના અર્થશાસ્ત્રીય અર્થઘટન પ્રમાણે ઔદ્યોગિક જગતમાં નેતૃત્વ એટલે ઉદ્યોગ સાહસિક વ્યકિતનો વિશિષ્ટ ગુણ કે જેના દ્વારા તે ઉત્પાદન વ્યવસ્થાનો પથ પ્રદર્શક બનીને પોતાના ઈચ્છીત લાભોને પ્રાપ્ત કરે છે. ઉદ્યોગ સાહસિકના સંદર્ભમાં જે નેતૃત્વ અપેક્ષિત કે અભિપ્રેત છે, તેનું અર્થઘટન સામાન્ય નેતૃત્વના અર્થઘટન કરતાં જુદા જ પ્રકારનું છે. સામાન્ય પ્રકારના નેતૃત્વમાં લોકોને આંજી દેવા માટે એક ચોકકસ પ્રકારની છાપ ઉભી કરવા માટે જે પ્રકારના નેતૃત્વની જરૂર પડે છે, તેના કરતાં બિલકુલ જુદા પ્રકારના નેતૃત્વની અહીં અપેક્ષા છે. સામાન્ય પ્રકારના નેતૃત્વમાં દંભ, કપટ, અવાસ્તવિક તર્ક, પ્રલોભનો અને જૂઠાણાનો સહારો લઈને નેતા લોકોને આંજી નાખવા પ્રયત્ન કરે છે. જયારે ઉદ્યોગ સાહસિક તરીકે સફળ નેતૃત્વ લેનાર વ્યકિતમાં આવા નકારાત્મક ગુણોને કોઈ સ્થાન નથી. પરંતુ તેણે વાસ્તવિક, દીર્ઘ દષ્ટિ ,આત્મીયતા અને પ્રોત્સાહનો જેવા હકારાત્મક ગુણોનો સહારો લઈને નકકી કરેલાં ધ્યેયને પ્રાપ્ત કરવાના હોય છે.

ઉદ્યોગ સાહસિક એ વાસ્તવમાં પોતાનાં ઉદ્યોગનો નેતા છે. તેથી તેણે ઉદ્યોગના વિકાસ માટે સર્વ દષ્ટિકોણીય નેતૃત્વ લેવું પડે છે. આ સંદર્ભમાં તેણે ઉદ્યોગની સ્થાપનાથી માંડીને માલના વેચાણ સુધીની બુધ્ધિગમ્ય વ્યવસ્થાનું આયોજન કરવાનું રહે છે. આ દષ્ટિએ તેણે પોતાના ધંધાનું નેતૃત્વ સંભાળીને પાયામાંથી જ ખૂબ જ સાવધાની સાથે સંભાળપૂર્વક કાર્યો કરવાના રહે છે.

આ કાર્યો માં ધંધાની પરિકલ્પના કરવી, પોતે જે ધંધો કે ઉદ્યોગ શરૂ કરવાની ઈચ્છા ધરાવે છે, તેનું એક માનસિક ચિત્ર તૈયાર કરવું, ધંધાનું સર્વગ્રાહી આયોજન કરવું, ઉત્પાદન કરવાપાત્ર વસ્તુની પસંદગી કરવી, સ્થળની પસંદગી કરવી, ઉત્પાદનના સાધનોનું ઉચિત સંયોજન કરવું, ઉત્પાદન વ્યવસ્થાનું સંચાલન કરવું, મુડીની વ્યવસ્થા કરવી, જોખમો ઉઠાવવા, બજારમાં પેદા થતી તકોનો સતત અભ્યાસ કરવો, તૈયાર માલના વેચાણની સુઆયોજિત વ્યવસ્થા કરવી અને તે માટે જરૂરી પગલાં લેવાં, સરકારી અધિકારીઓ સાથે સતત સંપર્કમાં રહેવું, કર્મચારીઓ સાથે માનવીય સંબંધો જાળવી રાખવા, ઉદ્યોગોનું વિસ્તૃતીકરણ કરવાના

માર્ગોનો સતત વિચાર કરવો, ઉપભોકતાઓની માંગણી અને લાગણી ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું, તે માટે તેની સાથે સંબંધો જાળવી રાખવા વગેરે કામગીરીનો સમાવેશ થાય છે.

ઉદ્યોગ સાહસિક ઉદ્યોગ ધંધાનું નેતૃત્વ સંભાળે એટલે તેણે ઘણી મોટી જવાબદારી વહન કરવાની આવે છે. સફળ નેતૃત્વ ત્યારે જ સિધ્ધ થાય જયારે ઉદ્યોગ સાહસિક પોતાના નિર્ધારિત લક્ષ્યને સિધ્ધ કરવા માટે તેણે જે બધાં કાર્યો કરવા જોઈએ તે ખુબ જ સભાનતા પૂર્વક, કુનેહથી અને દીર્ઘ દષ્ટિનો ઉપયોગ કરીને કરવામાં આવે. આ સંદર્ભમાં ઉદ્યોગ સાહસિકમાં કેટલાંક ગુણોની અપેક્ષા રાખવામાં આવે છે.

ઉદ્યોગ સાહસિકમાં ઉદ્યોગ ધંધાના સાહસ કરવાની અને પહેલ કરવાની ક્ષમતા હોવી જોઈએ. સ્થળ ની માહિતી અને ધંધાની પસંદગી બંને આગવી હોવી જોઈએ. નિર્ધારિત ધ્યેયો અને અમલીકરણ વચ્ચે સંકલન સાધવાની કલા હોવી જોઈએ. ઉત્પાદનના સાધનોની શોધ અને તેના સંકલનની દીર્ઘ દષ્ટિ હોવી જોઈએ. સમય અને માણસ પારખાવાની આગવી પ્રતિભા હોવી જોઈએ. ઉત્સાહ અને આશાવાદી વલણ હોવું જોઈએ. દિલનો ઉદાર અને નિઃસ્વાર્થ હોવો જોઈએ. તેમનામાં જોખમો અને મુશ્કેલીઓનો સામનો કરવાની અસાધારણ ક્ષમતા હોવી જોઈએ. ચારિત્ર્ય અને વ્યવહાર ઉંમદા હોવા જોઈએ. કઠીન પરિશ્રમનો ગુણ હોવો જોઈએ. તેની વિચારધારા તાર્કિક અને ગતિશીલ હોવી જોઈએ. સ્વભાવ મળતાવડો અને વિન્રમ હોવો જોઈએ નિર્ણયશકિત ત્વરિત અને પ્રભાવિત હોવી જોઈએ. ધંધાકીય આયોજન સચોટ અને સ્પષ્ટ હોવું જોઈએ. વિચારસરણી સુદ્રઢ હોવી જોઈએ, વિચારોમાં પરિપકવતા હોવી જોઈએ. મુશ્કેલીમાં હતાશા અને બિનજરૂરી નિરાશા ન વ્યાપે તેવો હોવો જોઈએ. કર્મચારીઓ તરફ સંપૂર્ણ માનસન્માન ની લાગણી જોઈએ. કર્મચારીઓની કાર્યક્ષમતાની કદર કરનાર અને તેને યોગ્ય પુરસ્કાર આપી શકનાર હોવો જોઈએ. તેનામાં સામાજિક જાગૃતિ હોવી જોઈએ. સમાજ પ્રત્યેના પોતાનાં ઉતરદાયિત્વ અંગે જાગૃત અને સભાન હોવો જોઈએ. સ્વહિતની સાથે રાષ્ટ્રહિતને પણ એટલું જ મહત્વ આપનાર હોવો જોઈએ.

આમ સફળ નેતૃત્વ માટે ઉદ્યોગ સાહસિકમાં ઉપરોકત વિવિધ ગુણો હોવા જોઈએ. તો જ તે ઔદ્યોગિક જગતને સફળ નેતૃત્વ પુરૂ પાડી શકે. જોકે સફળ નેતૃત્વ સાથે સંકળાયેલા બધાં જ ગુણો જન્મજાત નથી હોતાં કેટલાંક ઉછેર, શિક્ષણ, તાલીમ, વ્યવસાયિક ભૂમિકા સામાજિક મનોવૈજ્ઞાનિક અને આર્થિક મર્યાદાઓ પર આધાર રાખે છે. આ બધાં પરિબળો નેતૃત્વના સુષુપ્ત ગુણોને જાગૃત બનાવે છે. આપણાં દેશમાં સફળ નેતૃત્વ શકિત ધરાવતાં ઉદ્યોગ સાહસિકોમાં બીરલા, તાતા, બજાજ, ગોદરેજ, ખેતાન, કરશનભાઈ પટેલ (નીરમા) અને ઓરપેટ, અંબાણી વગેરે નામો ઉલ્લેખનીય છે.

## ૧.૬.૨જોખમ ઉઠાવવાની વૃતિ

ઉદ્યોગ સાહસિકોના લક્ષણોમાં બીજું મહત્વનું લક્ષણ જોખમ ઉઠાવવાની વૃતિ છે. સાહસવૃતિ એ નેતૃત્વની માનસિકતા છે. જોખમ ઉઠાવવાની વૃતિનો પર્યાય છે. સાચા અર્થમાં તે સાહસિક બની શકે છે જેનામાં

જોખમ ઉઠાવવાની દષ્ટિ અથવા તાકાત છે. આવો ઉદ્યોગ સાહસિક હંમેશા જોખમમાં જીવવાનું પસંદ કરે છે. લોરેન્સ લેમોન્ટ યોગ્ય જ કહે છે. જોખમો ઉઠાવવાની તૈયારી જ ઉદ્યોગ સાહસિકના વ્યકિતત્વનું વાસ્તવિક વલણ છે. ઉદ્યોગ ધંધામાં રહેલાં વિવિધ પ્રકારના જોખમનું પૂર્વાનુમાન કરવાનું ખૂબ જ કઠિન હોવા છતાં ઉદ્યોગ સાહસિક પોતાની વિવેક પૂર્ણ યોજનાઓ અને નિશ્ચિત સિધ્ધાંતોની મદદથી જોખમોનો સામનો કરી નફો કમાવા પ્રવૃત બને છે. નફો કમાવાની ઈચ્છાવાળા ઉદ્યોગ સાહસિકો જોખમો ઉઠાવવાની જવાબદારી નિભાવે છે.

જોખમ ઉઠાવવાની વૃતિ એટલે ધંધામાં રહેલી મુશ્કેલીઓનો ગણતરી પૂર્વક અંદાજ કરીને તેની જવાબદારીઓ સ્વીકારવાની તૈયારી. જોખમ ઉઠાવવાની વૃતિ એ જન્મ જાત કે પર્યાવરણીય પરિસ્થિતિ દ્વારા કેળવાયેલ ધંધાકીય પડકારો અને જોખમને સામી છાતીએ ઝીલવાની યોજના છે. જોખમ ઉઠાવવાની વૃતિ એ ઉદ્યોગ સાહસિક માટે ઉદ્યોગ ધંધામાં ઝંપલાવવાનું અનિવાર્ય લક્ષણ છે. જેનામાં જોખમ ઉઠાવવાની વૃતિનો અભાવ હોય તે ઉદ્યોગ સાહસિક બની શકતો નથી.

ઉદ્યોગ સાહસિકને ઉદ્યોગ ધંધામાં મળનારા નફા કે વળતરની બાબતમાં જોખમ રહેલું છે. જોખમ વહન કરવાનું કાર્ય ખૂબ જ કષ્ટદાયી હોવા છતાં નફો મેળવવાં ઉદ્યોગ સાહસિક જોખમ ઉઠાવવા તૈયાર થાય છે. જે ઉદ્યોગ ધંધામાં જોખમનું પ્રમાણ નહીવત હોય ત્યાં નિશ્ચિત વળતર અને મર્યાદિત વળતર જોવા મળે છે. જો ધંધામાં જોખમનું પ્રમાણ ઘણું વધુ હોય તો વળતર પણ અમર્યાદિત પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. ધંધા સાથે સંકળાયેલા જોખમો અનેક પ્રકારના હોય છે. તાંત્રિક જોખમો, આર્થિક જોખમો, સામાજિક જોખમો, પર્યાવરણીય જોખમો વગેરે જોખમો સાથે કેટલાંક સૈધ્ધાંતિક જોખમો જોડાયેલાં છે. પ્રો. હોલીએ જોખમને ધ્યાનમાં લઈ નફાનો સિધ્ધાંત સમજાવેલ છે. ઉદ્યોગ સાહસિકને ધંધામાં રહેલ જોખમને ઉપાડવા બદલ જે વળતર મળે છે. તેને નફો કહેવામાં આવે છે. નફો એ જોખમ ઉઠાવવાનું વળતર છે.

પ્રો. નાઈટ બિન વિમાપાત્ર જોખમોને વળતર રૂપે નફો પ્રાપ્ત કરવાના સાધન તરીકે સમજાવે છે. ઉદ્યોગ ધંધામાં અનિશ્ચિતતાઓ નવા હરીફો દાખલ થવાથી, અન્ય પેઢીઓ દ્વારા નવી યાંત્રિક પધ્ધતિઓ અપનાવાથી સરકાર દ્વારા ધંધામાં અવરોધો ઉભા થવાથી વસ્તુની માંગમાં એકાએક ઘટાડો થવાથી વિવિધે પ્રકારની અનિશ્ચિતાઓ ઉત્પન્ન થાય છે જેનો સામનો કરવા બદલ નફો પ્રાપ્ત થાય છે. આમ જોખમ ઉઠાવવાની વૃતિ એ ઉદ્યોગ સાહસિકનું વિશિષ્ટ અને આગવું લક્ષણ બની રહે છે.

### ૧.૬.૩નિર્ણયીકરણ

ઉદ્યોગ સાહસિકની અનેકવિધ લાક્ષણિકતાઓમાંની એક નિર્ણયીકરણની શકિત છે. ઉદ્યોગ ધંધાની સફળતા માટે ઝડપી અને સચોટ નિર્ણય લેવા અનિવાર્ય છે. નિર્ણયીકરણને ઈચ્છીત પરિણામોની પ્રાપ્તિ માટેના ઉપલબ્ધ વિકલ્પોમાં સર્વોતમ વિકલ્પની પસંદગીને કહેવામાં આવે છે.

વ્હીલરના મત પ્રમાણે અનેક વિકલ્પોમાંથી કોઈ એક વિશિષ્ટ ક્રિયા પામતી પસંદગીની પ્રક્રિયા એજ નિર્ણયીકરણ છે.

હોજ અને મેન્સન ના મત પ્રમાણે, ઉદ્યોગ ધંધા માટે લેવામાં આવતાં પગલાં " (A Course of action) ની પસંદગી થવી એજ નિર્ણયીકરણ છે.

ટેરીના મત પ્રમાણે નિર્ણયીકરણ કેટલાંક માપ પર આધારિત બે અથવા બેમાંથી વધુ સંભવિત વિકલ્પોમાંથી કોઈ એક પસંદગી છે.

ઉપરોક્ત જુદી જુદી વ્યાખ્યા કે અર્થઘટન પ્રમાણે જોતાં સ્પષ્ટ થાય છે કે ઉદ્યોગ સાહસિક માટે સૌથી વધુ પડકાર રૂપ પ્રશ્ન એ નિર્ણયીકરણનો છે. ઉદ્યોગ સાહસિકે ધંધાના સંદર્ભમાં અનેક પ્રકારના નિર્ણયો લેવાના હોય છે. જો કોઈ નિર્ણય લેવામાં ભૂલ થઈ જાય તો નિષ્ફળતા મળે. ઉદ્યોગ સાહસિકે ઉત્પાદન શરૂ કરતાં પહેલાથી માંડીને વેચાણ સુધીના દરેક તબકકે નિર્ણય લેતી વખતે વિવેકપૂર્ણ લાભદાયી વ્યુહરચના અને યોજનાઓનું ઘડતર કરવું જરૂરી બને છે. અલબત ઉદ્યોગ સાહસિક ધંધાકીય નિર્ણયો લેવા માટે સંપૂર્ણ સ્વતંત્ર નથી હોતો . કેટલાંક નિર્ણયથી આર્થિક, સામાજિક, પ્રાકૃતિક, ધાર્મિક અને રાજકીય જેવા બાહય પરિબળોની અસર થતી હોય છે. ધંધાકીય બાબત અંગે નિર્ણયીકરણ કોઈ એક જ પરિબળનું પરિણામ હોતું નથી. તે એકથી વધુ આંતરિક અને બાહય પરિબળોનું સંયુકત પરિણામ હોય છે. નિર્ણયીકરણની પ્રક્રિયામાં કુશળતા, વ્યવહારૂ અભિગમ, ધંધાકીય પર્યાવરણીય જેવી અનેક બાબતો અસર થતી હોઈ આ બધાં પરિબળોના એક ભાગરૂપે ઉદ્યોગ સાહસિક કોઈ એક ચોકકસ નિર્ણયને સાકાર કરે છે. પેઢી તથા ઉદ્યોગ ધંધામાં તેનું અમલીકરણ કરે છે. મોટા ઉદ્યોગોમાં નિર્ણયીકરણનું કાર્ય બોર્ડ ઓફ ડીરેકટર્સ અથવા ભાગીદારી ધંધામાં ઉદ્યોગ સંચાલનનું સાહસિકો સાથે બેસીને કરે છે. અમલનું કાર્ય વેતનયુકત અધિકારીઓ કરે છે. જયારે નાના ઉદ્યોગોમાં નિર્ણયીકરણ અને અમલનું કાર્ય ઉદ્યોગ સાહસિક પોતે જ કરે છે. ઉદ્યોગ સાહસિકે કઈ વસ્તુનું ઉત્પાદન કરવું, કઈ જગ્યાએ ઉત્પાદન કરવું, ઉત્પાદન અને મુડી રોકાણનું કદ કેવડું રાખવું, ઉત્પાદન સાધનો કયાંથી પ્રાપ્ત કરવા, ઉત્પાદન સાધનોનું સંયોજન કેવી રીતે કરવું, કાચામાલની વ્યવસ્થા શું કરવી, ઉત્પાદિત વસ્તુની કિંમત કેટલી નકકી કરવી, વેચાણ વ્યવસ્થા શું કરવી જેવા અનેકવિધ નિર્ણયો ઉદ્યોગો સાહસિકે લેવાના હોય છે.

ઉદ્યોગ સાહસિકે પોતાના ધંધા માટે જુદા જુદા સમયે જુદા જુદા નિર્ણયો લેવાના હોય છે આ નિર્ણયીકરણની પ્રક્રિયાને પાયાના નિર્ણયો, ઉત્પાદન લક્ષી નિર્ણયો, વેચાણ વ્યવસ્થાલક્ષી નિર્ણયો, તેમજ વ્યવસ્થાતંત્રલક્ષી નિર્ણયો જુદા જુદા તબકકામાં પણ વિભાજીત કરી શકાય. પાયાના નિર્ણયોમાં કઈ વસ્તુ કે સેવાનું ઉત્પાદન કરવું, ધંધાનું કદ અને સ્વરૂપ અંગેના નિર્ણયો, ધંધા માટેના સ્થળની પસંદગીના નિર્ણયોનો સમાવેશ થાય છે. ઉત્પાદનલક્ષી નિર્ણયોમાં ઉત્પાદન વ્યવસ્થામાં કયા પ્રકારની ટેકનીકનો ઉપયોગ કરવો, ઉત્પાદન સાધનોનું કઈ રીતે સંયોજન કરવું, કાચામાલની વ્યવસ્થા કઈ રીતે કરવી, ઉત્પાદન પ્રમાણ કેટલું રાખવું વગેરેનો સમાવેશ થાય છે. વેચાણલક્ષી નિર્ણયોમાં માલનું વેચાણ કઈ કિંમતે કરવું , વેચાણ માટેનું કયું

સ્થળ પસંદ કરવું, કોના મારફતે માલનું વેચાણ કરવું, વસ્તુના વેચાણ માટે માંગ શી રીતે ઉભી કરવી અને જાળવી રાખવી  તેમજ તેની વૃધ્ધિ કરવા માટે, જાહેરાત માટે કયાં માધ્યમનો ઉપયોગ કરવો વગેરે અંગે નિર્ણયોલેવાના રહે છે. વ્યવસ્થાલક્ષી નિર્ણયોમાં ઉદ્યોગ ધંધાની સ્થાપનાથી માંડીને તેના સંચાલન અને વિસ્તરણ માટે જરૂરી માણસોની નિમણુંક કરવી, કર્મચારીઓની કઈ રીતે કદર કરવી, પ્રોત્સાહન આપવું, ઔદ્યોગિક શાંતિ જાળવવાનો પ્રયત્ન કરવો વગેરેનો સમાવેશ થાય છે.

આમ ઉદ્યોગ સાહસિકે સમાજ, કર્મચારીઓ તથા રાષ્ટ્રના હિતને ધ્યાનમાં રાખીને પોતાના ઉદ્યોગ ધંધા માટે ખૂબ સાવચેતી અને સમજદારીપૂર્વક તબકકાવાર નિર્ણયો લેવાની જવાબદારી અદા કરે છે. ઉદ્યોગ સાહસિકે નિર્ણયો લેતી વખતે  બધાં જ નિર્ણયો વચ્ચે સમાનતા જળવાય રહે તેની કાળજી રાખવી જરૂરી છે. દરેક નિર્ણય વિવેકપૂણ અને લાભદાયી બની રહે તે માટે જાગૃત રહેવું પણ જરૂરી બને છે.

નિર્ણયોને સફળ બનાવવા માટે એ ધ્યાનમાં રાખવું જરૂરી બને છે કે પ્રાપ્ત વિકલ્પો અંગે જરૂરી નિર્ણયો લેવા,  જુદા જુદા વિકલ્પોનું વૈજ્ઞાનિક ઢબે વિશ્લેષણ કરવું, વાસ્તવિક સમસ્યાઓની શકય તેટલી ચર્ચા કરવી, તટસ્થ અને હકારાત્મક દષ્ટિકોણ અનાવવો, વિકલ્પોનું મુલ્યાંકન કરવું, શ્રેષ્ઠ વિકલ્પોની પસંદગી કરવી, નિર્ણયોમાં પરિસ્થિતિ પ્રમાણે ફેરફાર કરવાની તૈયારી રાખવી, નિર્ણયો તર્ક સંગત અને વૈજ્ઞાનિક દષ્ટિકોણવાળા રાખવા,  વગેરે નિર્ણયોને સફળ બનાવવાના સંદર્ભમાં ઈમર્સન જણાવે છે કે "જે વ્યકિત (સીધી દિશામાં) નિર્ણય લઈ શકે છે તેને માટે કશું જ અસંભવિત નથી." નિર્ણય લેવો એ એક વાત છે અને સાચી દિશામાં નિર્ણય લેવો જરૂરી છે. ઉદ્યોગ સાહસિક સર્જનાત્મક અને યોગ્ય દિશાના નિર્ણયો દ્વારા જ ઉદ્યોગ ધંધામાં સફળતા પ્રાપ્ત કરી શકે છે.

આમ ઉદ્યોગ સાહસિક સાહસને હાથ ધરવા માટે જે  જરૂરી લક્ષણો ધરાવે છે. તેમાં નિર્ણયીકરણ એ એક આગવું લક્ષણ છે.

## ૧.૭ ઉદ્યોગ સાહસિકતા અંગેના સિદ્ધાંતો

ઉદ્યોગ સાહસિકતા વિવિધ પરિબળોની સામૂહિક પ્રતિક્રિયાનું એક પરિણામ છે. જે વિવિધ પરિબળો ઉદ્યોગ સાહસિકતાને અસર કરે છે તેમાં મુખ્યત્વે મનોવૈજ્ઞાનિક સામાજિક અને આર્થિક પરિબળો વિશેષ મહત્વના ગણાય છે. ઉદ્યોગસાહસિકતાના વર્તનને આ પરિબળો સાથે ગાઢ સબંધ છે. તેથી ઉદ્યોગ સાહસિકના વર્તનનું વિશ્લેષણ કરતા કેટલાક નિદર્શનરૂપ સિધ્ધાંતો વિકાસ પામ્યા છે. જે પૈકીના મહત્વના કહી શકાય તેવા કેટલાક સિધ્ધાંતો નિચે મુજબના છે.

### ૧.૭.૧માર્ક કેશનનો આર્થિક સિધ્ધાંત

માર્ક કેશન દ્વારા The Entrepreneur : An Economic Theory નામનો એક ગ્રંથ લખવામાં

આવેલ છે. જેમા ઉદ્યોગસાહસિકની કાર્યલક્ષી વ્યાખ્યા આપીને તેમણે ઉદ્યોગસાહસિકતાના સંદર્ભમાં આર્થિક સિધ્ધાંત રજૂ કર્યો છે. આ સિધ્ધાંત મુખ્યત્વે ઉદ્યોગસાહસિકતાની માંગનું વિશ્લેષણ કરે છે.

કેશન એમ સમજાવે છે કે વિકાસની ભુખ સમાજમાં પરિવર્તન લાવે છે અને સમાજમાં આવતા આ પરિવર્તનો સાથે માનવ સમુદાય અનુકૂલન સાધવાનો પ્રયત્ન કરે છે. આ પ્રક્રિયામાં ઉદ્યોગ સાહસિક મહતવની ભૂમિકા ભજવે છે તેથી તેની વિશેષ માંગ ઉભી થાય છે. કોઈપણ સમયે જેટલા પ્રમાણમાં આ પ્રકારના ઉદ્યોગ સાહસિકોની માંગ જોવા મળે છે તેની સરખામણીમાં જેતે દેશમાં તેટલા પ્રમાણમાં ઉદ્યોગ સાહસિકોનો પૂરવઠો પ્રાપ્ય હોતો નથી. પૂરવઠો મર્યાદીત હોવા માટેના કારણોની પણ કેશન ચર્ચા કરે છે. તેમના મત પ્રમાણે જે વ્યકિતમાં કલ્પનાશકિત, કૌશલ્ય ઘંધાકીય સૂઝ અને નેતૃત્વ ની ક્ષમતા હોય તે સફળ ઉદ્યોગ સાહસિક બની શકે છે. અને વ્યવહાર જગતમાં આ બધી જ ગુણવતા ધરાવતા માનવીઓનો પૂરવઠો સરળતાથી પ્રાપ્ત થઈ શકતો નથી. આમ સમાજમાં ઉદ્યોગ સાહસિકની માંગને અનુરૂપ પૂરવઠાનો વિકાસ તેટલા પ્રમાણમાં થઈ શકે તે માટે જેતે દેશમાં ચોકકસ પ્રકારના પ્રયત્નો કરવા જરૂરી બને છે. જયાં આ દિશાના પ્રયત્નો સઘન સ્વરૂપે જોવા મળ ે છે ત્યાં તેના પૂરવઠા માટેની પ્રાપ્યતા સરળ બને છે.

## ૧.૭.૨લેબેન્સ્ટાઈનનો ક્ષ–કાર્યક્ષમતાનો સિધ્ધાંત

હાર્વે લેબેન્સ્ટાઈન દ્વારા ઉદ્યોગ સાહસિકની ભૂમિકાનું વિશ્લેષણ રજૂ કરતા આ સિધ્ધાંત આપવામાં આવ્યો છે. ક્ષ–કાર્યક્ષમતા એ પેઢીમાં ઉત્પાદનના સાધનોના ઉપયોગમાં બિનકાર્યક્ષમતાની કક્ષા કેટલી છે તે જાણવા માટેની એક પધ્ધતિ છે. આ પધ્ધતિ હેઠળ કોઈપણ પેઢી તેની ઉત્પાદન ક્ષમતા કરતા ઓછુ ઉત્પાદન કરે તેનું પ્રમાણ જાણવા માટેની પધ્ધતિ છે. કોઈ એક સમયે જયારે સાધનોનું પ્રમાણ આપેલુ હોય ત્યારે પેઢીની ઉત્પાદનક્ષમતા કેટલી હશે તે આ વિશ્લેષણથી જાણી શકાય છે. સામાન્ય રીતે કોઈપણપેઢી તેના સરેરાશ ખર્ચ જેટલું ઉત્પાદન જો મેળવી શકે તો તે પેઢી ઉત્પાદન ક્ષમતાના સંદર્ભમાં મહતમ કાર્યક્ષમ ગણાવી શકાય. મોટેભાગે પેઢી તેની ક્ષમતાના બિંદુ કરતા ઓછું ઉત્પાદન મેળવે છે. ઘણીવખત ઉત્પાદનના સાધનોના દૂર–ઉપયોગને કારણે અને અથવા કેટલાક બિન જરૂરી બગાડને કારણે આમ જોવા મળતુ હોય છે. આ તબકકે જે ઉદ્યોગ સાહસિક ઉત્પાદન પધ્ધતિમાં સુધારો કરે અથવા તો નવી ઉત્પાદન પધ્ધતિ વિકસાવે તો તેવી પેઢી ઉત્પાદનની માત્રાને વધુ ઉંચે લઈ જઈ શકે છે.

## ૧.૭.૩ વેબરનો તર્કબધ્ધ વર્તનનો સિધ્ધાંત

સમાજ વિજ્ઞાની મેકસ વેબરે શી રીતે ધર્મમાં સુધારાવાદી ચળવળે યુરોપમાં પરંપરાગત માન્યતાઓની જગ્યા તર્કબધ્ધ વર્તને લીધી તેની વિસ્તૃત ચર્ચા કરી છે. જો વ્યકિત તર્કબધ્ધ વર્તન ન કરે તો તે વધુ નફો કમાવવાના ઈરાદાથી સ્પર્ધા ન કરે. સ્પર્ધાથી દૂર રહેનાર વ્યકિત સાહસિક બની શકે નહી. પશ્ચિમમાં સ્પર્ધા–આધારિત મૂડીવાદી આર્થિક પધ્ધતિના પાયામાં આવું સુધારાવાદી અને તર્કબધ્ધ વર્તન હોવાનું મેકસ

વેબરે જણાવ્યું.

## ૧.૭.૪ જોસેફ શુમ્પીટરનો સર્જનાત્મકતાનો સિધ્ધાંત

વેબરનો આર્થિક સ્પર્ધામાંથી ઉત્પન્ન થતા પડકારો અને જોખમોની સામે સજ્જ, તર્કબધ્ધ વર્તન કરનાર સાહસિક અને જોસેફ શુમ્પીટરનો શોધખોળો અને નૂતન પરિવતનોનો આગ્રહી સર્જક એકમેકથી અલગ પાડી શકાય તેવી વ્યકિતઓ છે. થોડું આગળ વધીને કહી શકાય કે શુમ્પીટરનો સર્જક એ વેબરનો સ્પર્ધાત્મક વર્તન કરતો સાહસિક છે. શુમ્પીટરે વ્યકિતની અંદર રહેલી શોધખોળ કરવાની અને કશુંક નવું જ કરી બતાવવાની વૃતિને ઉદ્યોગ સાહસિકતાનું મહત્વનું પ્રેરકબળ કહ્યું. પરંતુ તેની શોધખોળવૃતિ ખીલે અને વ્યકિત પોતાની શોધખોળોને સમાજની વચ્ચે મૂકી શકે તે માટેનું યોગ્ય પર્યાવરણ તો વેબરનો સુધારાવાદી સમાજ જ આપી શકે.

## ૧.૭.૫રોબર્ટ લેવાઈનનો સામાજિક દરજ્જાનો સિધ્ધાંતઃ

રોબર્ટ લેવાઈને ઉદ્યોગ–સાહસિકતાને સામાજિક દરજ્જા સાથે સાંકળવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે. ઉદ્યોગ–સાહસિક પોતાના કુટુંબ–સમાજમાં, જ્ઞાતિ કે કોમમાં એવું કશુંક કરી બતાવવાનું અને તે દ્વારા પોતાના સામાજિક દરજ્જામાં ગતિશીલ ફેરફાર લાવવાનું ઈચ્છે છે તેમ લેવાઈને કહ્યું. તેનો ઈરાદો તેની આસપાસના સમાજમાં નમૂનારૂપ દ્દષ્ટાંતરૂપ વ્યકિત તરીકે પ્રતિષ્ઠિત થવાનો હોય છે. અનેક કિસ્સાઓમાં એવું પણ જોવા મળે છે કે પિતા પોતાના સંતાનને પોતાના કરતાંપણ વધુ સફળ અને વધુ પ્રતિષ્ઠિત વ્યકિત તરીકે આગળ વધારવા ઉત્સુક હોય છે. આ માટે સંતાનને પોતાના અનુભવ, સુઝ, જ્ઞાન અને કુશળતાનો લાભ આપવા પ્રયાસ કરે છે.

## ૧.૭.૬થોમસ કોચરનનો સમાજના સરેરાશ વ્યકિતત્વનો ખ્યાલ

થોમસ કોચરને તેના લેટિન અમેરિકા અને યુ.એસ.એ. ના એક તુલનાત્મક અભ્યાસના આધારે એવો સિધ્ધાંત વિકસાવ્યો કે ઉદ્યોગ સાહસિક સમાજના સરેરાશ વ્યકિતત્વનું પ્રતિનિધિત્વ કરે છે. તે સમાજના સરેરાશ વ્યકિતથી બહુ ઊંચુ વ્યકિતત્વ સિધ્ધ કરી શકશે નહી. ઉદ્યોગ સાહસિકના વ્યકિતત્વ વિકાસની સંભાવનાઓ પર માત્ર માતા–પિતાની જ અસર હોતી નથી. શાળા, જ્ઞાતિ સમુદાય, મિત્ર–વર્તુળ અને સામાજિક મૂલ્યોનું એકંદર માળખું ઉદ્યોગ સાહસિકના વિકાસ પર અસર કરે છે કે જે છેવટના સરવાળે તેના વ્યકિતત્વને સમાજના સરેરાશ વ્યકિતત્વની નજીક લાવી મૂકે છે.

### ૧.૭.૭ફ્રેન્ક યંગનો સમાજના જૂથો અને પેટા જૂથોનો સિધ્ધાંત

ફ્રેન્ક યંગ સમાજના સરેરાશ વ્યકિતત્વના કોચરનના સિધ્ધાંતથી થોડા જુદા પડે છે. તેઓના મત પ્રમાણે સમાજ જૂથો અને તેના પેટા જૂથોનો બનેલો હોય છે. સમાજની સરેરાશ નકકી કરનારા વિવિધ જૂથો અને પેટા–જૂથો એક સમાન હોતા નથી. એક જૂથ કે પેટા–જૂથ અન્ય જૂથ કે તેના પેટા–જૂથથી સામાજિક મૂલ્યોના માળખા અને દરજ્જાની દષ્ટિએ ઊંચા કે નીચા સ્તરનું હોઈ શકે છે. સાહસિકતાના વિકાસમાં સમાજના સરેરાશ વ્યકિતત્વ કે દરજ્જાની સરખામણીમાં જૂથ અને પેટા જૂથનું વ્યકિતત્વ કે તેના દરજ્જાની અસર વધુ નજીકની અને વધુ મહત્વની સાબિત થાય તેમ માને છે.

### ૧.૭.૮જહોન કન્કેલનો દંડ અને પુરસ્કારનો સિધ્ધાંત

ઉદ્યોગ સાહસિકના વર્તન પર અસર કરતા પરિબળોની સમજૂતી આપતા સિધ્ધાંતોમાં કેન્કલનો દંડ અને પુરસ્કારનો સિધ્ધાંત પણ સમાવિષ્ટ છે. આ સિધ્ધાંત મુજબ ઉદ્યોગ સાહસિકતની વર્તણૂંક એના તેના વિકાસ તેમજ પૂરવઠા પર સાહસિકની ભૂલ કે નિષ્ફળતા બદલ દંડ અને સફળતા બદલ પુરસ્કારની વ્યવસ્થા સમગ્ર સમાજના ભૂતકાળ તેમજ વર્તમાન સામાજિક માળખામાંથી નીપજતા પ્રોત્સાહનો અને બિન–પ્રોત્સાહનો દ્વારા અસ્તિત્વમાં આવે છે. દંડ અને પુરસ્કાર નાણાકીય સ્વરૂપના નહી પરંતુ પ્રોત્સાહનો અને બિન–પ્રોત્સાહનો સ્વરૂપના હોઈ શકે. અવારનવાર ભૂલો કરતો, ખોટ કરતો અને પોતાના સામાજિક દરજ્જા અને પ્રતિષ્ઠાને નૂકશાન પહોંચાડતો સાહસિક તેના વિકાસ માટે જરૂરી પ્રોત્સાહનો સમાજમાંથી મેળવી શકતો નથી તેમ અહી અભિપ્રેત છે.

## ૧.૮ ઉદ્યોગ–સાહસિકની વર્તણૂકના મનો–વૈજ્ઞાનિક સિધ્ધાંતો :

માનવ વર્તણૂકને જયારે હેતુઓ કે ઉદેશોની સાથે સાંકળવામાં આવે છે ત્યારે તે મનોવિજ્ઞાનનો વિષય બની જાય છે. પ્રથમ પ્રકરણમાં ઉદ્યોગ–સાહસિકોની વર્તણૂક સ્પષ્ટ કરતા કેટલાક સિધ્ધાંતોનું સંક્ષિપ્ત વિવરણ આપવામાં આવ્યુ છે. આ સિધ્ધાંતો એમ સૂચવે છે કે ઉદ્યોગ–સાહસિકોની વર્તણૂક ચોક્કસ ઉદેશો દ્વારા પ્રરિત હોય છે. આથી એક અર્થમાં આ સિધ્ધાંતને મનોવિજ્ઞાનનો વિષય ગણી શકાય. પરંતુ અહી આપણે એવા મનોવૈજ્ઞાનિક સિધ્ધાંતોની ચર્ચા કરવા માગીએ છીએ કે જે સિધ્ધાંતોએ ભારત જેવા દેશમાં ઉદ્યોગ–સાહસિક વિકાસ કાર્યક્રમોનો પાયો રચવાનું કાર્ય કર્યુ. ઉદ્યોગ–સાહસિકની વર્તણૂક સ્પષ્ટ કરતા પ્રમુખ મનોવૈજ્ઞાનિક ખ્યાલો અને સિધ્ધાંતોને ત્રણ ભાગમાં રજૂ કર્યા છે. પ્રથમ ભાગમાં ટૌસિંગના મૂળવૃતિના ખ્યાલની ચર્ચા કરી છે. બીજા ભાગમાં ડેવિડ મેકલેલેન્ડના સિધ્ધિપ્રેરણાના સિધ્ધાંતની અને છેલ્લે ઉદય પરીકના વિસ્તર તથા આધાર પ્રેરણાના ખ્યાલો ઉમેર્યા છે.

### ૧.૮.૧ એફ.ડબલ્યુ ટૌસિગનો મૂળવૃતિઓનો ખ્યાલઃ

ટૌસિગે ૧૯૧૫ માં એક પુસ્તક લખ્યું જેનું નામ હતુ "સંશોધકો અને ધન સર્જકો" (inventors and Money Makers)" આ પુસ્તકમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું કે વ્યકિતની આર્થિક વર્તણૂક મનોવૈજ્ઞાનિક હેતુઓ દ્વારા પ્રેરિત હોય છે. ઉદ્યોગ સાહસિક માટે તેમણે "મૂળવૃતિ" નો ખ્યાલ આપ્યો. તેમણે બે મૂળવૃતિઓને મહત્વની ગણી. સર્જકતાની વૃતિ અને અન્યો પર પ્રભુત્વ સ્થાપવાની વૃતિ.

### સર્જકતાની વૃતિઃ

ટૌસિગનું સ્પષ્ટ માનવું છે કે સંશોધકો (inventors) સર્જકતાની મૂળવૃતિ ધરાવે છે. તે પોતે જે કાંઈ સંશોધન કરે, નવી ચીજ વસ્તુ બનાવે તેનાથી સંતોષ અનુભવે છે. ટૌસિગ વધુમાં જણાવે છે કે આનો અર્થ એવો નથી થતો કે સંશોધનના પરિણામે થનારા આર્થિક લાભની તેના કોઈ અસર થતી નથી. બલ્કે, સંશોધનથી મળી શકનાર આર્થિક લાભની તેના પર અસર થાય છે ખરી; પરંતુ તે આડકતરી રીતે અથવા ગૌણ રીતે અસર કરે છે. અર્થાત્, આર્થિક લાભ મેળવવાની ઈચ્છા ગૌણ છે, મુખ્ય ઈચ્છા તો કશુંક સર્જન કરવાની છે. ટૌસિગના આ વિચારે શુમ્પીટરના સંશોધન અને નવ પ્રવર્તન અંગેના સિધ્ધાંતના ઘડતરમાં મહત્વની ભૂમિકા અદા કરી. ટૌસિગે કહ્યું કે ધન–સર્જન અને આર્થિક વિકાસ માટે મહત્વનું એ છે કે સંશોધકને એવી પ્રવૃતિ કે સંશોધન કરવા તરફ પ્રેરિત કરવો કે જેથી તેના સંશોધનો નફો રળવામાં મદદરૂપ થાય. તેનાથી ધન–સર્જન થાય. આ કાર્ય ધન–સર્જકો (Money Makers) નું અર્થાત, ધંધાર્થીઓ કે ઉદ્યોગકારોનું છે. ટૌસિંગના આ, સંશોધક અને ધન–સર્જક વચ્ચેના તફાવતને શુમ્પીટરે બરાબર ખપમાં લીધો. શુમ્પીટરનો નવ–પ્રવર્તક એટલે સંશોધકના સંશોધનને પ્રથમ વખત કાર્યાન્વિત કરવાનું જોખમ ઉઠાવનાર સાહસિક. ટૌસિગે એમ પણ સમજાવ્યું કે સર્જકતાની વૃતિ ધરાવતા લોકો (સંશોધકો) ઓછી સંખ્યામાં અને ધન કમાવાની વૃતિ ધરાવતા લોકો મોટી સંખ્યામાં જોવા મળે છે. આથી ઉદ્યોગ–ધંધામાં પડેલા લોકોની નફો કમાવવાની અને ધન–પ્રાપ્તિની વૃતિ સંશોધકોની કશુંક નવું શોધી કાઢવાની સર્જકવૃતિને ઉતેજન આપશે.

### પ્રભુત્વ મેળવવાની ઈચ્છાઃ

ઉપર કહ્યા મુજબ, સંશોધકની મૂળવૃતિ તેની સર્જકતા છે. ધન–પ્રાપ્તિની તે ઈચ્છા ધરાવે છે. પરંતુ આવી ઈચ્છા ગૌણ–સ્વરૂપની છે. પરંતુ ઉદ્યોગ સાહસિક ધન–પ્રાપ્તિની ઈચ્છા મૂળભૂત સ્વરૂપે અસ્તિત્વ ધરાવે છે. આથી જ સંશોધનોને બજારમાં મૂકી નફો કમાવવાનો પ્રયાસ કરે છે. સાહસિકની આ 'સાહસ–વૃતિ' સંશોધકની સર્જકતાને પ્રોત્સાહિત કરે છે. પરંતુ ટૌસિગ જણાવે છે તેમ સાહસિકો અન્યોપર પોતાનો પ્રભાવ (influence) જમાવવાની અને તે દ્વારા પ્રભુત્વ (dominance) વિસ્તારવાની વૃતિ પણ ધરાવે છે. તે પ્રભુત્વ મેળવવાની ઝંખનાને મૂળવૃતિ કહે છે. ટૌસિગના આ વિચારના આધારે ડેવિડ મેકલેલેન્ડે તેના

'સિધ્ધિ–પ્રેરણા' ના ખ્યાલની સાથે જ સાહસિકતાના સતા પ્રેરણા (Need for Power) ના ખ્યાલને આગળ ધર્યો. ટૌસિગે બહુ જ વિચાર પ્રેરક પ્રશ્ન કર્યો : જો તે જ વૃતિ ઉદ્યોગ–ધંધામાં હરિફો પર વિજય મેળવીને, આદ્યોગિક–સામ્રાજયના વિસ્તરણ દ્વારા પણ સંતોષી શકાય. આમ ટૌસિગનો સાહસિક સંશોધકથી વિશેષ છે. તે સંશોધનોને કાર્યાન્વિત કરીને નફો કે ધન પ્રાપ્ત કરવા ઈચ્છતો સાહસિક તો છે જ. પરંતુ તેથી આગળ જઈને પોતાના ઔદ્યોગિક સામ્રાજયના વિસ્તરણ દ્વારા પ્રભુત્વ મેળવવાની વૃતિથી દોરવાતો ઉદ્યોગ–જગતનો અગ્રણી પણ છે.

ટૌસિગના મૂળવૃતિઓના સિધ્ધાંતે શુમ્પીટર તથા મેક્લેલેન્ડના ઉદ્યોગ–સાહસિકતાના સિધ્ધાંતો વિકસાવવાની દીશામાં મહત્વના સંકેતો પૂરા પાડયા હોવાનું કહી શકાય. શુમ્પીટરનો સાહસિક સંશોધનોને અમલમાં મૂકતો નવ–પ્રવર્તક (innovator) છે. તે એક અર્થમાં ટૌસિગના ધન–સર્જક (money maker) નું સુધારેલું સ્વરૂપ છે. કશુંક સિધ્ધ કરવાની અને અન્ય પર સતા જમાવવાની પ્રેરણા ધરાવતો મેક્લેલેન્ડનો સાહસિક, તે ટૌસિગનો પ્રભુત્વ મેળવવાની ઈચ્છા ધરાવતો, ઉદ્યોગ–ધંધાનો નાયક છે. આમ ટૌસિગે શુમ્પીટર અને મેક્લેલેન્ડના ઉદ્યોગ સાહસિકની વર્તણૂકના સિધ્ધાંતો માટેનો પાયો રચી આપ્યો તેમ કહી શકાય.

### ૧.૮.૨ ડેવિડ મેક્લેલેન્ડનો સિધ્ધિ–પ્રેરણાનો સિધ્ધાંતઃ

ઔદ્યોગિક મનોવિજ્ઞાની ડેવિડ મેક્લેલેન્ડે 'ધ એચીવીગ સોસાયટી' નામનું પુસ્તક લખ્યું જેમાં અનેક દેશોના ઉદ્યોગ–સાહસિકો અંગે તેમણે કરેલા સંશોધનોના તારણ–સ્વરૂપે એમ કહ્યું કે ઉદ્યોગ–સાહસિકની વર્તણુક નકકી કરનારું ખૂબ મહત્વનું મનોવૈજ્ઞાનિક પરિબળ 'સિધ્ધિ–પ્રેરણા' (Achievement Motivation : AM) અથવા "સિધ્ધિ પ્રાપ્ત કરવાની જરૂરીયાત" (Need for Achievement : N-Ach) છે. જે વ્યકિતમાં સિધ્ધિ પ્રેરણાનો આંક ઉંચો હોય તે ઉદ્યોગ સાહસિક બની શકે છે તેમ તેમણે કહ્યું. ઉદ્યોગ–સાહસિકની વર્તણૂંક અંગેના સિધ્ધાંતોમાં જોસેફ શુમ્પીટર પછી સૌથી વધુ મહત્વનું પ્રદાન કરનાર ડેવિડ મેક્લેલેન્ડ સાબિત થયા. આથી આ સિધ્ધાંતનું ખૂબ જ ઊંચુ મહત્વ આંકવામાં આવે છે.

### મેક્લેલેન્ડના સિધ્ધાંતના મુખ્ય ઘટકો નીચે મુજબ છે.

### સિધ્ધિ પ્રેરણા એટલે શું ?

સિધ્ધિ પ્રેરણા એક મનોવૈજ્ઞાનિક અને ગુણાત્મક (qualitative) ખ્યાલ છે તે એમ સુચવે છે કે પ્રત્યેક વ્યકિતમાં કશુંક સિધ્ધ કરવાની, પ્રાપ્ત કરવાની કે મેળવવાની ઈચ્છા જન્મજાત હોય છે. એવી ભાગ્યે જ કોઈ વ્યકિત હોઈ શકે કે જેનામાં આવી ઈચ્છા તદન ગેરહાજર હોય. સંપૂર્ણ વિરકત વ્યકિતની ઈચ્છા આધ્યાત્મિક સ્વરૂપની સિધ્ધિ મેળવવા સંબંધી હોઈ શકે. આમ, સિધ્ધિ પ્રેરણાનો અભાવ સામાન્ય વ્યકિતની બાબતમાં

અશકય ગણી શકાય. સિધ્ધિ–પ્રેરણા જન્મજાત હોય છે એમ કહેવામાં ખોટું નથી.

### સિધ્ધિ–પ્રેરણા અને ઉદ્યોગ સાહસિકતાઃ

સિધ્ધિ પ્રેરણા સૌ કોઈમાં હોય તો પણ તેનો અર્થ એવો નથી કરી શકાતો કે બધાં લોકો ઉદ્યોગમાં સાહસિક બની શકે. ઉદ્યોગ–સાહસિકતાને સિધ્ધિ પ્રેરણાના આંક કે તેની કક્ષા સાથે સંબંધ છે. સિધ્ધિ પ્રેરણાનો ઉંચો આંક ધરાવતી વ્યકિત સાહસિક બની શકે, નીચો આંક ધરાવનાર નહી. આથી જ મનોવિજ્ઞાનિઓએ સિધ્ધિ–પ્રેરણાના આંકો તૈયાર કરવાની પધ્ધતિઓ વિકસાવી છે. ઉદ્યોગ–સાહસિકતાના વિકાસ કાર્યક્રમો અંતર્ગત તાલિમાર્થી સાહસિકોની પસંદગી કરતી વખતે તેમના સિધ્ધિ પ્રેરણાના આંકો શોધી કાઢવામાં આવે છે અને ત્યારબાદ તેમને તાલિમ આપવામાં આવે છે.

### સિધ્ધિ પ્રેરણા, બાળ–ઉછેર તથા સામાજિક પર્યાવરણ

ડેવિડ મક્લેલેન્ડે જણાવ્યું કે બાળ–ઉછેરની સિધ્ધિ પ્રેરણા પર ભારે અસર પડે છે. બાળ ઉછેર અને કુટુંબનું પર્યાવરણ ભાવિ ઉદ્યોગ–સાહસિકોને તૈયાર કરતી પ્રયોગશાળા છે. બાળકને આપવામાં આવતું વાંચન, તેને કહેવામાં આવતી કથાઓ–વાર્તાઓ, સોંપવામાં આવતું કામ, સ્વનિર્ણય માટેનો અવકાશ, બાળકોની ભૂલો તરફના પ્રતિભાવો, સફળતા બદલ આપવામાં આવતા પ્રોત્સાહનો, ભૂલો સુધારવા માટે આપવામાં આવતી તકો ઈત્યાદિની બાળકોના ઉછેર પર નજીકથી અસર પડે છે. બાળ–ઉછેર અને કુટુંબનું પર્યાવરણ ભવિષ્યમાં બાળકને સિધ્ધિ પ્રેરણાના એવા આંકો પર મૂકી આપે છ કે જયાંથી ઉદ્યોગ–સાહસિકો મેળવવાનું કે તૈયાર કરવાનું શકય બને છે. જેમ કુટુંબનું તેમ બાકીના સમાજનું પર્યાવરણ વ્યકિતની સિધ્ધિ–પ્રેરણા પર અસરો જન્માવે છે. <u>પ્રકરણ–૧</u> માં આપવામાં આવેલા ઉદ્યોગ–સાહસિકતાના વેબરના સિધ્ધાંતને તપાસવાથી જણાઈ આવશે કે વધુ મુકત, પ્રગતિશીલ અને સુધારાલક્ષી આર્થિક, સામાજિક, ધાર્મિક અને રાજકીય પર્યાવરણ ધરાવતા સમાજની વ્યકિતઓના સિધ્ધિ પ્રેરણાના આંકો ઊંચા હોવાની સંભાવના વધુ છે.

### ઊંચી સિદ્ધિ–પ્રેરણા દર્શાવતા લક્ષણો :

ઊંચી સિદ્ધિ પ્રેરણા ધરાવતી વ્યકિતઓના બનેલા સમાજમાંથી ઉદ્યોગ સાહસિકો વધુ સંખ્યામાં મેળવી શકાય છે તેવા વિધાનને સ્વીકારવામાં હરકત જણાતી નથી. પરંતુ વ્યકિતમાં ઊંચી સિદ્ધિ પ્રેરણા હોયતો તે શી રીતે જાણી શકાય ? આ પ્રશ્નના ઉતર માટે ઊંચી સિદ્ધિ પ્રેરણા ધરાવતી વ્યકિતમાં કેવા લક્ષણો હોઈ શકે તે અંગે મેકલેન્ડેડ દ્વારા વિચાર કરવામાં આવ્યો છે. આ મુજબ, નીચેના લક્ષણો મહત્વના હોવાનું દર્શાવાયું છે.

(૧) વ્યકિતગત જવાબદારી ઉઠાવવા માટેની તૈયારી

(૨) માફકસરના અને ગણતરીપૂર્વકના જોખમો વહોરવાની તત્પરતા

(૩) વિપરિત સંજોગો વચ્ચે ટકી રહેવા સક્ષમ

(૪) કશુંક નવું કરી બતાવવા તરફનું વલણ ધરાવનાર

(૫) પોતાના પ્રયત્નોના પરિણામો જાણવા ઉત્સુક

(૬) ભવિષ્ય માટે આશાવાદી

(૭) ઊંચી ગતિશીલતા ધરાવનાર

(૮) સંપૂર્ણ સંતુષ્ટ નહી

(૯) વધુ સારા જીવન–ધોરણ અને જીવન–શૈલીનો આગ્રહી

(૧૦) સતત ઊંચી કાર્યક્ષમતા પ્રદર્શિત કરવા તૈયાર

ડેવિડ મેકલેલેન્ડના અભ્યાસ બાદ અન્ય કેટલાક અભ્યાસો હાથ ધરાયા. જેના આધારે ઊંચી સિદ્ધિ પ્રેરણા ધરાવતી વ્યકિતઓમાં નીચેના વધારાના લક્ષણો હોવાનું કહેવામાં આવ્યું.

(૧) નવા વિચારો અને નવી પદ્ધતિઓ અજમાવવા તરફનું વલણ

(૨) વિજ્ઞાન અને ટેકનોલોજીમાં વિશ્વાસ

(૩) પુરૂષાર્થવાદી

(૪) બદલાતી પરિસ્થિતિ સાથે અનુકુલન સાધવાની તૈયારી.

**સિદ્ધિ–પ્રેરણાનું માપન :**

સિદ્ધિ પ્રેરણા મનોવૈજ્ઞાનિક અને ગુણાત્મક ખ્યાલ હોવાથી તેનું માપન (measurement) કરવું સરળ નથી. આમ છતાં, ડેવિડ મેકલેલેન્ડે સંખ્યાબંધ પ્રયોગોની મદદથી સિદ્ધિ પ્રેરણાના આંકો માપવાની પ્રવિધિઓ તૈયાર કરી. તેમણે સિદ્ધિ પ્રેરણાના આંકો ઊંચા લઈ જવા તૈયાર કરેલા શિક્ષણ અને તાલિમી કાર્યક્રમોમાં પ્રવેશ પૂર્વે અને તાલિમ પૂર્ણ થયા બાદ વ્યકિતની સિદ્ધિ–પ્રેરણાની કક્ષામાં થતા ફેરફારને માપવા માટેની વસ્તુલક્ષી કસોટીઓ તૈયાર કરી. આવી કસોટીમાં ચોકકસ પ્રશ્નો સમાવવામાં આવ્યા; જેમકે, વ્યકિત પહેલાં કરતા વધુ આશાવાદી બની છે ? ગણતરીપૂર્વકના જોખમો ઉઠાવવા તૈયાર થઈ છે ? અનુભવમાંથી પદાર્થપાઠ લેવાનું વલણ ધરાવતી થઈ છે ? કાર્યદક્ષતાના ખ્યલો દઢ થયા છે ? આજુબાજુના વાતાવરણ પર પ્રભાવ પાડી શકવા સમર્થ બની છે ? સખત પરિશ્રમ માટે તત્પર છે ? પોતાનું કાર્ય વધુ આયોજીત ઢબે કરી શકે છે ? ઈત્યાદિ. આમાંના વિવિધ પ્રશ્નોને તેમની અગત્ય મુજબનો ભાર (weightage) આપીને કસોટીના અંતે પ્રાપ્ત વિગતોનું વસ્તલક્ષી ધોરણે પરીક્ષણ કર્યા બાદ સિદ્ધિ પ્રેરણામાં થયેલા ફેરફારનું ચોકકસ મૂલ્ય શોધી શકાય છે.

**સત્તાની જરૂરીયાતનો ખ્યાલ : (Need for Power : N-Pow)**

ડેવિડ મેકલેલેન્ડના સિદ્ધિ પ્રેરણાના ખ્યાલની સાથે સત્તા–પ્રેરણા કે સત્તા મેળવવાની અથવા પ્રભાવ જમાવવાની જરૂરીયાતના ખ્યાલને ઉમેરવામાં આવ્યો છે. અગાઉ ટૌસિગે કહ્યા મુજબ વ્યકિત અન્યો પર પોતાની સત્તા કે પ્રભાવને જમાવવા અને વિસ્તારવાની વૃત્તિ ધરાવે છે. મોટા અને સફળ ઉદ્યોગ સાહસિકની પોતાનું ઔદ્યોગિક સામ્રાજય વિસ્તારવાની પ્રવૃત્તિ પાછળ આ વૃત્તિ જવાબદાર હોવાનું માનવામાં આવે છે. સિદ્ધિ પ્રેરણાની સાથે સત્તા પ્રેરણા ઉમેરવામાં આવે તો ઉદ્યોગ સાહસિકતાનો વિકાસ તેટલા પ્રમાણમાં ઝડપી બને છે.

**જોડાણ કે સંલગ્નતાની જરૂરીઆતનો ખ્યાલ : (Need for Affiliation : N-Aff)**

સમાજમાં વ્યકિત એકાકી નથી. તે અન્ય લોકો સાથે જોડાયેલી, સંબંધિત કે સંલગ્ન પણ છે. તે સંબંધોમાં જગતમાં જીવે છે. વ્યકિત અન્ય તરફ લાગણી ધરાવતી હોવાનું કે કોઈકના માટે કશુંક કરવાની ભાવનાથી પ્રેરિત હોવાનું પણ જોવા મળે છે. આવી જરૂરીયાત વધુ અનુભવતા સાહસિકો પોતાના સંબંધોના વિશ્વને વિશાળ બનાવવાની ઈચ્છાથી પણ પોતાના ઉદ્યોગ–સાહસનો વિકાસ કરતા હોવાનું માલુમ પડશે.

સાહસિક ''ફરજનો ભાવ'' (duty conciousness) અનુભવતો હોવાની કલ્પના થઈ શકે. સફળ ઉદ્યોગ સાહસિક પોતાનું સામાજિક ઉત્તરદાયિત્વ વધુ સારી રીતે નિભાવવા સક્ષમ બને છે તેમ કહી શકાય. આમ, કશુંક સિદ્ધ કરવાની જરૂરીયાતની સાથે સત્તા–પ્રાપ્તિની અને સમાજ સાથે વધુ સંલગ્નતા કેળવવાની જરૂરીયાત ઉમેરવાથી ઉદ્યોગ–સાહસિકની વર્તણૂંકને વધુ સારી રીતે સમજાવી શકાશે. આથી ઉદ્યોગ–સાહસિકતાના વિકાસને સિદ્ધિ–પ્રેરણા અને સમાજની સાથે સાહસિકને વધુ ઘનિષ્ઠ રીતે જોડી આપતી સંલગ્નતાની પ્રેરણાની મદદથી ઔદ્યોગિક માનસ શાસ્ત્રીઓએ સમજાવવાનો પ્રયાસ કર્યો છે. આ ત્રણે જરૂરીયાતોને ડેવિડ મેકલેલેન્ડના ઉદ્યોગ–સાહસિકની વર્તણૂક સમજાવતા મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતના ભાગ તરીકે સ્વીકારવામાં આવે છે.

**૧.૮.૩ ઉદય પરીક (Udai Pareek) ના વિસ્તરણ પ્રેરણા અને આધાર પ્રેરણાના ખ્યાલો :**

હૈદરાબાદની લઘુ–ઉદ્યોગ વિસ્તરણ તાલિમ સંસ્થા (SIET) અને અમદાવાદની ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ (IIM) માં કામ કરી ચૂકેલા ઉદય પરીકે વિસ્તરણ–પ્રેરણા (Exetention Motivation : EM) તથા આધાર–પ્રેરણા (Dependence Motivation : DM) તરીકે જાણીતા બનેલા ખ્યાલોની મદદથી ઉદ્યોગ સાહસિકની વર્તણૂક સમજાવવા પ્રયાસ કર્યો છે. આ બંને ખ્યાલો સંક્ષિપ્તમાં જોઈએ.

**વિસ્તરણ–પ્રેરણા :**

ડેવિડ મેકલેલેન્ડના સિદ્ધાંત સાથે સાંકળવામાં આવેલા વ્યકિતના સમાજ સાથેના જોડાણ (affiliation)

ના ખ્યાલને ઉદય પરીકે વ્યકિતના સમાજમાં થતા વિસ્તરણ (Extention) ના સ્વરૂપે રજૂ કર્યો. બંને ખ્યાલો વચ્ચે ફેર માત્ર એટલો છે કે જયારે વ્યકિત બાકીના સમાજ સાથે પોતાનું જોડાણ સાધે છે, ત્યારે તે પોતાની કેટલીક સામાજીક ફરજો અદા કરે છે કે સંબંધો સ્થાપે છે. જયારે ઉદય પરીકના વિચાર અનુસાર ઉદ્યોગ સાહસિકનું સમાજમાં થતું વિસ્તરણ સમાજમાં ચોકકસ ફેરફારો લાવે છે. સાથો સાથ, આ રીતે બદલાતી જતી સમાજ–વ્યવસ્થા ઉદ્યોગ સાહસિકની વર્તણૂક પર પણ અસરો નિપજાવે છે. આમ ઉદય પરીક ઉદ્યોગ સાહસિક અને સમાજ વચ્ચેની પારસ્પરિકતાને વધુ સ્પષ્ટ કરી આપે છે.

**આધાર–પ્રેરણા : (Dependence Motivation)**

ઉદય પરીકે આધાર–પ્રેરણાના ખ્યાલ દ્વારા એમ સમજાવ્યું કે સિદ્ધિ પ્રેરણા (AM) ની સાથે જયારે વિસ્તરણ પ્રરણા (EM) ઉમેરાય ત્યારે પરિણામ સ્વરૂપે ઉદ્યોગ સાહસિકમાં આધાર–પ્રેરણા (DM) ઘટે છે. તેનો આત્મવિશ્વાસ વધે છે. સ્વનિર્ણયની શકિત વધે છે અને ઉદ્યોગ સાહસિકતાના ગુણો વધુ સારી રીતે ખીલે છે. બીજા શબ્દોમાં જેમ સિદ્ધિ પ્રેરણા અને વિસ્તરણ પ્રેરણામાં વધારો થતો જાય તેમ સાહસિકની આધાર પ્રેરણામાં ઘટાડો થતો જાય છે અને ઉદ્યોગ–સાહસિકતાનો ઝડપી વિકાસ થાય છે. આ પ્રક્રિયાને વધુ સ્પષ્ટ રીતે સમજાવવા માટે તેમણે નીચે પ્રમાણેનું સમીકરણ પ્રયોજયું.

**ED = f(AM+EM-DM)**

| | | |
|---|---|---|
| જેમાં : | ED = ઉદ્યોગ સાહસિકતાનો વિકાસ | f = કાર્ય કારણનો સંબંધ |
| | AM = સિદ્ધિ પ્રેરણા | EM = વિસ્તરણ પ્રેરણા |
| | DM = આધાર પ્રેરણા | |

ટૂંકમાં ઉદય પરીકે ઉદ્યોગ–સાહસિકની વર્તણૂક સંબંધી મનોવૈજ્ઞાનિક ખ્યાલ વડે ડેવિડ મેકલેલેન્ડના સિદ્ધાંતને વધુ સારી રીતે સમજવામાં મદદ કરી છે. આથી તેમના વિસ્તરણ પ્રેરણા અને આધાર પ્રેરણાના ખ્યાલોને ઉદ્યોગ સાહસિકતાના મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતોમાં સ્થાન આપવામાં આવ્યું છે.

## ૧.૯ ઉદ્યોગ–સાહસ સંસ્થાપનને અસર કરતાં બાહ્ય પરિબળો

ઉદ્યોગ સાહસિકે નવા ઉદ્યોગ–સાહસની સ્થાપના સમયે તેના પર અસર કરતા તમામ બાહ્ય પરિબળો ની માહિતી મેળવી લેવી જરૂરી છે. આ પરિબળો નીચે મુજબ છે.

### ૧.૯.૧ આર્થિક પરિબળો

ઉદ્યોગ–સાહસ પર અસર કરતા આંતરિક અને બાહય પરીબળોમાંના આંતરિક પરિબળ પર તો સાહસિક પોતાનો કાબૂ મેળવી શકે અને તેમાં ફેરફાર લાવી શકે. પરંતુ પેઢી પર અસર કરતા બાહ્ય પરિબળો સાહસિકના અંકુશ બહારના હોવાથી ઉદ્યોગ–સાહસની સ્થાપના સમયે જ તેનો વિચાર કરી લેવો

જરૂરી છે. આ પરિબળોમાં મહત્વનું પરિબળ 'આર્થિક' છે. જેમ કે, કાચા માલની પ્રાપ્તિના સ્થળો, બજારના સ્થળો, જરૂરી કુશળ–અર્ધકુશળ શ્રમિકોની પ્રાપ્તિ, માળખાકીય સેવાઓની ઉપલબ્ધિ ઈત્યાદિ. જો ઉદ્યોગ–સાહસ કાચા માલ સામાન પર આધારિત ચીજ વસ્તુનું ઉત્પાદન હાથ ધરવાનું હોય તો એ જાણી લેવું પડે કે જરૂરી માલ નજીકના અંતરેથી મળી શકે તેમ છે કે કેમ? અન્યથા, બહુ દૂરથી કાચો માલ લાવવા જતા ભારે પરિવહન ખર્ચ ઉઠાવવાનો થશે. એવું જ તૈયાર માલના બજારના સ્થળ અંગે કહી શકાય. બજાર–આધારિત ચીજ–વસ્તુના ઉત્પાદનની બાબતમાં બજારના સ્થળો કેટલે દૂર આવેલા છે તે જાણી લેવું પડે. કેટલીક ચીજ–પેદાશોના ઉત્પાદનમાં ચોકક્સ કુશળતા ધરાવતા શ્રમિકો જરૂર પડતી હોય છે. આવા શ્રમિકો નજીકમાંથી મળી રહે તેમ છે કે કેમ ? કેટલા વેતનના દરે મળી શકે તેમ છે ? વગેરે બાબતો જોઈ તપાસ લેવી પડે છે. માળખાકીય સેવાઓ પેઢીની બહારથી મળે છે. પરંતુ આ સેવાઓની પ્રાપ્તિ પેઢીના ઉત્પાદન–ખર્ચ ના માળખા પર નજીક અસર કરે છે. રસ્તા વાહન વ્યવહાર, સંદેશા વ્યવહાર, બેંકીગ અને વિમાની સેવાઓ, વિજળી અને પાણીનો પૂરવઠો વગેરે આંતરમાળખાકીય સેવાઓ બહુ ઓછી વિકસી હોય ત્યાં પેઢી સ્થાપવાનું સલાહ ભરેલું નથી. આથી જ જંગલો અને પહાડી વિસ્તારો કે દૂર દૂરના અંતરિયાળ સ્થળોએ પેઢીઓ સ્થાપવાનું વલણ ભાગ્યે જ જોવા મળે છે. અલબત બહુ મોટી પેઢી પોતાને માટે જરૂરી માળખાકીય સેવાઓ જાતે ઊભી કરી શકે છે.

### ૧.૯.૨ સામાજીક પરિબળો

ઉદ્યોગ–સાહસની સ્થાપના સમયે જ તેને અસર કરતી સામાજીક બાબતોની વિચારણા કરી લેવી જોઈએ. નવા સાહસના સ્થળની આજુબાજુનો સમાજ તેના વિકાસ પર અસર કરશે. સામાજીક રૂઢિઓ, પ્રણાલીઓ, માન્યતાઓ અને પૂર્વગ્રહો ઔદ્યોગિક પેઢી પર અસર કરતા હોય છે. જેમ કે, કેટલાક સાહસોમાં સ્ત્રી કામદારોની જરૂર વિશેષ હોય છે. પરંતુ આજુ બાજુના સમાજમાં સ્ત્રીઓ ઘરની બહાર કામ પર જઈ શકે તેમ ન હોય તો તેની અસર ઉદ્યોગ સાહસ પર થશે. અમુક ધર્મ અને જ્ઞાતિના લોકો ચોકક્સ ચીજ–વસ્તુનું ઉત્પાદન તેમની નજીક હાથ ધરવામાં આવે તેવું પસંદ ન કરતા ન હોય તો તેનો વિરોધ થવાનો સંભવ રહે છે. જેમ કે, શાકાહારી સમાજની આસપાસ મત્સ્ય પેદાશોની પ્રક્રિયા ના ઉદ્યોગો સામે વિરોધ થઈ શકે. આવા એકમોમાં માછલીઓના વર્ગીકરણ માટે સ્ત્રીકામદારો સારું કામ આપી શકે તેમ હોય પણ સ્ત્રીઓના ઘર બહાર કામ પર જવા સામે સામાજીક પ્રતિબંધો હોય તો દૂર દૂરથી સ્ત્રીકામદારો મેળવવા પડે. જેમ કે વેરાવળના મત્સ્ય પ્રક્રિયા ઉદ્યોગમાં છેક કેરળથી સ્ત્રીઓને કામ પર બોલાવવાની ફરજ પડે છે. જયાં એક જ જ્ઞાતિના લોકો બહુ મોટી સંખ્યામાં રહેતા હોય અને ઉદ્યોગ–સાહસમાં તેમની ભરતી કરવી પડે તેમ હોય તો જ્ઞાતિના ધાર્મિક અને સામાજીક પ્રસંગોએ પેઢીમાં એક સમયે મોટી સંખ્યામાં શ્રમિકોની ગેરહાજરીની સમસ્યા ખડી થઈ શકે. ઉદ્યોગ–સાહસની સ્થાપના સમયે આવાં સામાજીક પરીબળો જોઈ–તપાસી લેવા સલાહભર્યુ છે.

### ૧.૯.૩ ટેકનીકલ પરીબળો

ઉદ્યોગ–સાહસમાં જે ચીજ–વસ્તુનું ઉત્પાદન હાથ ધરવાનું હોય તેની ટેકનીકલ કે યંત્ર વૈજ્ઞાનિક બાબતો પેઢી પર બહુ મોટી અસરો નીપજાવી શકે છે. પેઢી જે યંત્ર–સામગ્રીનો ઉપયોગ કરવાની હોય તેમાં વિભાજયતાનું પ્રમાણ કેવું છે તે જોવાની જરૂર રહે છે. યંત્ર મોટા કદનું જ મળી શકે તેમ હોય અને તેમાં વિભાજયતાનો ગુણ ન હોય તો પેઢીને યંત્રવૈજ્ઞાનિક ગેરકસરકરનો બોજ ઉઠાવવો પડે છે. જો યંત્રો નાના એકમોમાં ઉપલબ્ધ હોય તો પેઢીની વસ્તુની માંગ વધે તેમ વધુ એકમો ખરીદી શકે અને માંગ ઘટી જતા તેમાં ઘટાડો કરવું શકય નથી અને પેઢી યંત્ર વૈજ્ઞાનિક કરકસરો મેળવી શકાતી નથી. કેટલીક યંત્ર–સામગ્રીની બાબતમાં થતી વૈજ્ઞાનિક શોધખોળો ખૂબ ઝડપથી થતી હોય છે. આવા કિસ્સાઓમાં પેઢીમાં વસાવવામાં આવેલા યંત્રોનું ભૌતિક આયુષ્ય લાંબુ હોય અને તેનું આર્થિક આયુષ્ય ટુંકુ હોય તેવું જોવા મળે છે. નવા યંત્રોની શોધ થાય એટલે જુના યંત્રો કામ આપી શકે તેમ હોય તો પણ નકામા બની જાય. નવા યંત્રો સાથે સ્થપાતી નવી પેઢી સામે હયાત પેઢીઓની સ્પર્ધાશકિત તેમના જુના યંત્રોના કારણે ઘટી જશે. ઈન્ફર્મેશન ટેકનોલોજીના ક્ષેત્રમાં શોધખોળોનો ઊંચો દર આવી ટેકનોલોજી આધારિત ઉદ્યોગોમાં યંત્રોની ઝડપી ફેરબદલી અનિવાર્ય બનાવે છે. ઉપરાંત, ભારે ટેકનોલોજી સાંકળતા ઉદ્યોગોમાં ખૂબ ઊંચી યંત્રવૈજ્ઞાનિક કુશળતા પ્રાપ્ત ઈજનેરો અને ટેકનીશ્યનોની જરૂર પડે છે. આવું અત્યંત કુશળ માનવ–સંશાધન પેઢી માટે ઉપલબ્ધ હોવું જરૂરી બની જાય છે.

### ૧.૯.૪ સ્પર્ધાના પરિબળો

જે ઉદ્યોગ અને તેની ઉત્પાદનની વસ્તુના ક્ષેત્રે નવી પેઢી પ્રવેશ કરે છે. તે ઉદ્યોગ વસ્તુમાં અન્ય કેટલી પેઢીઓએ પ્રવેશ મેળવ્યો છે ? તેમની વચ્ચે સ્પર્ધા કેવા સ્વરૂપની છે ? નવી પેઢીઓનો પ્રવેશ કેટલો સરળ કે મૂશ્કેલ છે ? આ બાબતો પેઢીની સ્થાપના સમયે સાહસિકે વિચારવી જરૂરી છે. વૈશ્વિકરણના સમયમાં તો પ્રાદેશિક અને રાષ્ટ્રીય ક્ષેત્રે જ નહિ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ચોકકસ ચીજ વસ્તુના ઉત્પાદનમાં સ્પર્ધાનું સ્વરૂપ કોઈ એક નવી સ્થપાતી પેઢીના નિર્ણયીકરણ પર અસર કરે છે. જે પેઢી બજારમાં લાંબા સમય સુધી ટકી રહેવા માગતી હોય, એટલું જ નહી, પરંતુ સતત વિકાસ પામવા ઈચ્છતી હોય તેવી પેઢીના સાહસિકે પોતાના સ્પર્ધકોને ઓળખી લેવા જરૂરી છે. તેની સામે પોતાની સ્પર્ધા–શકિતનું સાચું માપ મળેવી લેવું સલાહભર્યુ છે. પેઢીએ વર્તમાન–સ્પર્ધા જ નહી પરંતુ ભાવિ સ્પર્ધા સબંધી અંદાજો તૈયાર કરી લેવા પડે અને તે મુજબ પેઢીએ પોતાના સાહસની સ્થાપના કરવી પડે છે.

### ૧.૯.૫ નવા સાહસ સંસ્થાપન અંગેની કાનૂની જરૂરિયાતો

નવા ઔદ્યોગિક સાહસની સંસ્થાપના સાથે અંગેની કાયદાકીય જોગવાઈઓ જોડાયેલી હોય છે. માત્ર નાની એવી દુકાન સ્થાપવી હોય તો પણ દુકાનદારે દુકાનો અને વ્યાપારી સંસ્થાનો સંબંધી ધારા ની જોગવાઈઓનું

પરિપાલન કરવું પડે છે. વેચાણવેરા અને આબકારી જકાતો અંગેના રજિસ્ટ્રેશન નંબર મેળવવા, મોટી ઔદ્યોગિક પેઢીએ કારખાના ધારા નું પાલન કરવું, જોખમી વસ્તુના ઉત્પાદન અંગે તેના ખાસ કાયદાની જોગવાઈઓ અનુસારના પ્રબંધો કરવા, પ્રદુષણ ઉત્પન્ન કરતી પેઢીએ તે અંગેના નિયમોને અનુસરવું, વગેરે એક કાનુની જોગવાઈઓ માહેંની લાગુ પડતી જોગવાઈઓ ગંભીરતાથી જોઈ–સમજી લેવી પડે છે. આવી જોગવાઈઓના પરિપાલનનો ખર્ચ કેટલો આવશે ? તમામ કાનુની જોગવાઈઓનું પરિપાલન પેઢી કરી શકશે કે કેમ ? વગેરે બાબતો સંબંધી સાહસિકે પૂર્વ–વિચાર કરી લેવો જરૂરી છે.

## ૧.૯.૬નાણાં સાધનોની જરૂર અને તેના સ્ત્રોતો

સાહસિકે પેઢીની સ્થાપના સમયે જ તમામ જરૂરી નાણાંકીય સંસાધનો અંગેના વાસ્તવિક અંદાજો તૈયાર કરી લેવા જરૂરી બને છે. કયા સ્ત્રોતમાંથી કેટલા નાણા–સાધનો મળી શકશે તેની ખાત્રી કરી લેવી અનિવાર્ય છે. સાહસિકે જોઈ લેવું જરૂરી છે તેની સ્વકીય ભંડોળોમાંથી કેટલા અને ઉધાર ભંડોળમાંથી કેટલા નાણા–સંસાધનો મળી શકે તેમ છે. સંયુકત મૂડી કંપનીની સ્થાપનાના સમયે સાહસિકે પ્રયોજકો દ્વારા કેટલી મૂડી રોકવાની થશે તે વિચારી લેવું પડે છે. આ મૂડી તે કયાંથી મેળવી શકશે તે નકકી કરી લેવું જરૂરી છે. તેને સ્થાપના સમયની બીજ–મુડી કે સાહસ મૂડી કયાંથી અને કેટલા પ્રમાણમાં મળી શકશે તેની ખાત્રી કરી લેવી અનિવાર્ય બની રહે છે. પેઢીને સ્થાયી મૂડી અને કાર્યકારી મૂડી કેટલા પ્રમાણમાં જોઈશે અને પેઢી કેટલો વ્યાજ–ખર્ચ ઉઠાવ શકશે તથા કેટલો વ્યાજ–ખર્ચ ઉત્પાદન ખર્ચમાં દાખલ કરી શકશે આ બાબતો પણ સાહસિકે અગાઉથી વિચારી લેવું સલાહભર્યુ છે. તદ્દન નવા ઉદ્યોગની સ્થાપના સમયે જે મૂડી–સંસાધન સવિશેષ મહત્વનું છે અને જે મેળવવામાં સાહસિકે ઘણો પુરૂષાર્થ કરવો જરૂરી બને છે તે સંસાધન "વેન્ચર–કેપીટલ" અર્થાત્, નવા સાહસ માટેની જોખમી–મૂડીનું સંસાધન છે.

## નાના સાહસિકોની જવાબદારી અને ભૂમિકા



**૧.૧૦ પ્રકરણ સાર :**

સમાજના કુલ વિકાસ માટે આર્થિક સ્થિરતા જરૂરી છે. આ આર્થિક સ્થિરતા પ્રાપ્ત કરવા માટે જે વિવિધ સાધનોનો આધાર લેવામાં આવે છે તેમાં એક અતિ મહત્વનું સાધન તે ઉદ્યોગ સાહસિકતા છે. વિશ્વના જુદા જુદા દેશોના વિકાસના ઈતિહાસમાં ડોકીયું કરીએ તો માલૂમ પડે છે કે ઔદ્યોગિક વિકાસ એ આવા વિકસીત દેશોની મહત્વની કડી બનેલ છે. આ ઔદ્યોગિક વિકાસ માટે સમાજમાં શિક્ષણ અને સંશોધન જરૂરી છે. પરંતુ ઉદ્યોગ સાહસિકતા એ કેવળ જન્મજાત કૌશલ્ય અથવા તો શિક્ષણનું જ પરીણામ નથી. વાસ્તવમાં સાહસની મનોવૃતિ એ પાયાનું તત્વ ગણાય છે તેથી જ ઉદ્યોગ સાહસિકતાને વૈજ્ઞાનિક સાહસ તરીકે ઓળખવામાં આવે છે. અને વિવિધ માનવ વૈજ્ઞાનિકોએ જુદા જુદા સંદર્ભથી ઉદ્યોગ સાહસિકતાના ખ્યાલને સમજાવવા માટે સૈધાંતિક ભૂમિકા પણ રજુ કરી છે. જેમાં શુમ્પીટર અને મેકલેલેન્ડ ના સિધ્ધાંતો સૌથી વધુ જાણીતા બન્યા છે. ઉદ્યોગ સાહસિકતાને સ્વાભાવિક રીતે જ અનેકવિધ પરીબળો અસર કરે છે. વિકાસની માત્રા અને સ્વરૂપના સંદર્ભમાં પરીબળોનું અવલંબન જોવા મળતું હોય છે. સામાન્ય રીતે ઘણાબધા નાના સાહસિકો પણ ચોકકસ જવાબદારી પૂર્વક જેમજેમ ધંધાકીય સાહસ માટે આગળ વધે છે તેમતેમ તે સમાજમાં પ્રગતિના દ્વાર ઝડપથી ખુલે છે. આમ ઉદ્યોગ સાહસિકતા વૈજ્ઞાનિક ખ્યાલ છે જેને આર્થિક અને બિનઆર્થિક પરીબળોનો આધાર છે. અને તેના વ્યાપ અને વૈવિધ્યમાં સાહસની મનોવૃતિ ચાવીરૂપ પરીબળ બને છે.

**સંદર્ભ સુચિ :–**


1. Peter Kilby - Entrepreneurship and Economic Development The Free press New York
2. Robert lekachman :- A history of Economic ideas, Universal Book Stall, Delhi, 1967
3. Joseph A. Schumpiter :- The Theory of Economic Development Harward university press cambridge 1934
4. David C. McClleland, The Achieving society, D van Nostrand USA 1961
5. James Berna - Industrial Entrepreneurship in Madras State Asia Publising House, Bombay
6. Harvey Lebenstein - Economic Development and economic growth Chapman and Hall Gd. London 1957
7. Chanleswilson - the Entrepreneur in the industrial Revolution in Britain Reprinted in B.E. Supple (Ed.) The Experience in Economic growth New York 1963
8. Hisrich & Peters - Entrepreneurship
9. Siner A. David - Entrepreneurial Megabuks
10. B.C. Tandon -Environment and Entrepreneur
11. S. Singh - Entrepreneurship for Economic Growth
12. V. Desai - Dynamics of Entrepreneurial Development

# પ્રકરણ – ૨
# સંશોધન આયોજન


૨.૧ સમસ્યા કથન

૨.૨ અભ્યાસના હેતુઓ

૨.૩ ઉત્કલ્પનાઓ

૨.૪ સંશોધન પધ્ધતિ

૨.૫ પ્રકરણ આયોજન

૨. ૬ અભ્યાસની મર્યાદાઓ

૨.૭ પૂર્વ સંશોધન સમીક્ષા

૨.૮ પ્રકરણ સાર

## ૨.૧ સમસ્યા કથનઃ

ઉદ્યોગ સાહસિકતા એ કોઈ આકસ્મિક આકાર પામતો વિષય નથી. તેના મૂળ મનોવૈજ્ઞાનિક, સામાજિક, રાજકીય અને આર્થિક સંદર્ભ ધરાવે છે. એટલે કે ઉદ્યોગ સાહસિકતા અંગે ખાસ કરીને તેના તત્વજ્ઞાન અંગે સમાજમાં મતમતાંતરો જોવા મળ્યા છે. કેટલાક લોકો ઉદ્યોગ સાહસિકતાને નૈસર્ગિક જન્મજાત ગુણ તરીકે ઓળખાવે છે. કેટલાક લોકો તેને શિક્ષણની પ્રક્રિયાના પરિણામ સ્વરૂપે જૂએ છે તો કોઈક તેને મનો વૈજ્ઞાનિક પરિપકવતાના ભાગ રૂપે ચકાસે છે. જયારે જયારે કોઈપણ પ્રદેશકે દેશના વિકાસનો વિચાર કરવામાં આવે છે. ત્યારે ત્યારે તે વિકાસ માટેના મહત્વના પરિબળોને શાસ્ત્રીય દષ્ટિથી જોવાનો અને સમજવાનો પ્રયત્ન કરવામાં આવે છે તેથી જ ઉદ્યોગ સાહસિકતા એ વાસ્તવમાં સહુના રસનો વિષય બનેલ છે. કેટલીક વખત એવુ ગૃહીત ધારવામાં આવે છે કે સાહસિકતાને આનુવંષિકતા કે સામાજિકતા સાથે ગાઢ અનુબંધ છે. અને તેથી સમાજના કુલ વિકાસમાં ઉદ્યોગ–સાહસિકતાને આડપેદાશની પ્રક્રિયા તરીકે જોવામાં આવે છે. શું આ સમજ વાસ્તવિક છે ખરી ? જેમ સમાજમાં આકાર પામતી ઘટનાઓ કે અભ્યાસ માટે આકાર પામતા તત્વોને તેના મૂળથી તપાસવામાં આવે ત્યારે તેમાં ઘણાબધા રહસ્યોના તાણાવાણા જોડાયેલા માલુમ પડે છે. શું ઉદ્યોગ સાહસિકતા આ જ પ્રકારના તાણાવાણા ધરાવે છે ?

ઉદ્યોગ સાહસિકતાને તેના પ્રદેશના સંદર્ભમાં ખાસ કરીને પ્રદેશના ઈતિહાસના સંદર્ભમાં પણ જોવા જાણવાનો પ્રયત્ન થયેલો છે. આજે પણ મોટા ભાગના લોકો એવું સ્વીકારે છે કે પ્રદેશના કુલ વિકાસમાં ઉદ્યોગ સાહસિકતાના તત્વોની ખામી અથવા ખૂબી વિકાસને પોષક કે અવરોધક કામગીરી કરે છે. તેથી જ ઉદ્યોગસાહસિકતતાના વિકાસની પ્રક્રિયાને પણ પ્રદેશ સાથે જોડીને અભ્યાસ કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે. ભારત જેવા ઉપખંડ સમાન વિશાળ દેશમાં જે તે વિસ્તારના આજે જોવા મળતા કુલ વિકાસના પાયામાં આ સાહસિકતાનું તત્વ પણ છૂપાયેલું જોવા મળે છે. શું આ સાહસિકતા એજ તે સમયની શાસન નીતિઓનું પરિણામ છે ? શું વિકાસની પ્રક્રિયા અને પ્રદેશના વિકાસને ઉદ્યોગ સાહિસિકતા સાથે ચોકકસ પ્રકારના સંબંધો છે કે કેમ ? આવા વિવિધ પ્રશ્નો કાળક્રમે અભ્યાસની દષ્ટિથી ઘૂંટાતા હોય છે અને પૂછાતા હોય છે.

આજે ઉદ્યોગ સાહસિકતાને જે ઝડપથી અને જે સ્વરૂપે પ્રતિસાદ મળતો રહ્યો છે તે એક નવીજ દિશાનું સૂચન કરે છે. તેને સમાજમાં ચોક્કસ સ્થાન આપવામાં આવ્યું છે. શું આ મહત્વ એ આભાસી મહત્વ છે ? ઉદ્યોગ સાહસિકતા એ ૨૦મી સદીની જ દેન છે ? વિકાસને માટે વિરાટ એકમો અનિવાર્ય છે ? શું શિક્ષણ અને સાહસિકતાને ચોકકસ પ્રકારનો સંબંધ છે ?

પ્રદેશના સંદર્ભમાં વિચારવામાં આવે તો ગુજરાતમાં છેલ્લા દશકામાં જોવા મળતું ઔદ્યોગીકરણ એ ખરેખર પૂર્વજોની સંઘર્ષ યાત્રાનું પરિણામ છે કે નવાગંતુકોના દષ્ટિવંત પુરૂષાર્થનું પરિણામ છે ? કે બંનેનો સમન્વય છે ? આ પ્રશ્નનો ઉત્તર હકારાત્મક પણ હોઈ શકે અને નકારાત્મક પણ હોઈ શકે. એટલે કે આવનારી પેઢીને ઉપયોગી માર્ગદર્શક ભાથું મળી રહે તે માટે વિષયના તે સંદર્ભને ઘ્યાનમાં રાખીને ગુજરાત રાજયમાં

ઉદ્યોગ સાહસિકતાના વલણોને ઐતિહાસિક સંદર્ભો સાથે ચકાસવાનો અને ઘટના ચક્રોને સળંગ સૂત્રતાથી નિરૂપવાનો એક પ્રયત્ન અહી આ અભ્યાસમાં કરવામાં આવ્યો છે.

## ૨.૨ અભ્યાસના હેતુઓ:

આ અભ્યાસ મુખ્યત્વે નીચેના હેતુઓ સર હાથ ધરવામાં આવ્યો છે.

(૧) ઉદ્યોગ સાહસિકતાના ઉદ્ભવ પાછળના પ્રેરક બળો જાણવા અને તપાસવા.

(૨) ઉદ્યોગ સાહસિકતાના ઉદ્ગમથી શરૂ કરી ૨૧મી સદીના પ્રારંભીક તબક્કા સુધીના વલણોને ક્રમિક રીતે ઓળખવા.

(૩) ઉદ્યોગ સાહસિકતાના વિકાસમાં અંતરાયરૂપ બનેલા તત્વો તપાસવા

(૪) ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસમાં સરકારની ભૂમિકા અને સંસ્થાકીય ભૂમિકા સમજવી.

(૫) ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસ માટેની સંભાવનાઓ ક્ષેત્રોના સંદર્ભમાં તપાસવી.

## ૨.૩ ઉત્કલ્પનાઓ:

પ્રસ્તુત સંશોધનને ધ્યાનમાં રાખી નીચેની ઉત્કલ્પનાઓની યથાર્થતાની કક્ષા ચકાસવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

(૧) ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતા એ સ્વાતંત્ર્યોત્તર વિકાસની પ્રક્રિયાનું પરિણામ છે.

(૨) ઉદ્યોગ સાહસિકતા ઉચ્ચ પ્રકારનું તકનીકી કૌશલ્ય અને શિક્ષણનું પરિણામ છે.

(૩) ઉદ્યોગ સાહસિકતાના વિકાસમાં સાંપ્રતકાળમાં મૂડી સર્જનનો પ્રશ્ન અપ્રસ્તુત છે.

(૪) ઉદ્યોગ સાહસિકતાના પ્રસરણ સંદર્ભે ગુજરાતમાં ધીમી ગતિનો વિકાસ જોવા મળે છે.

(૫) ઉદ્યોગ સાહસિકતા અંગે બહેનોમાં મોટાભાગે ઉદાસીનતા જોવા મળે છે.

## ૨.૪ સંશોધન પધ્ધતિ:

પ્રસ્તુત સંશોધન અભ્યાસ ઉદ્યોગ સાહસિકતાના ઈતિહાસ સાથે સંબંધીત છે. તેમજ તેમાં સાંપ્રતકાલીન પ્રવાહોનું નિરૂપણ કરવાનો પ્રયાસ થયેલો છે. તેથી સંશોધન અભ્યાસ મુખ્યત્વે પ્રાથમિક અને દ્વિતિયક માહિતી આધારીત છે.

### પ્રાથમિક સ્ત્રોત

સંશોધન અભ્યાસના અનુસંધાને પ્રાથમિક માહિતી એકત્ર કરવાના હેતુથી પસંદ કરેલા ઔદ્યોગિક એકમોની વર્તમાન કામગીરી અને તેના ઉદ્ભવના ઈતિહાસને મુખ્ય આધાર રૂપ ગણેલ છે.

**દ્વિતીયક સ્ત્રોત**

ઉદ્યોગ સાહસિકતાના ઈતિહાસ અને વર્તમાન વલણોનું એકંદર ચિત્ર જાણવાના હેતુથી સર્વાંગી માહિતી એકત્ર કરવા માટે ગુજરાત રાજય ઈન્ડસ્ટ્રીયલ એકસટેન્શન બ્યુરો (ઈન્ડેક્ષ્ટ–બી) દ્વારા પ્રસિધ્ધ ડીરેકટરી, ગુજરાત સરકારના અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની નિયામકની કચેરી દ્વારા પ્રસિધ્ધ થતાં સામાજીક આર્થિક સમીક્ષાના વાર્ષિક અહેવાલો અને ઉદ્યોગ સાહસિકતાને સ્પર્શતા કેટલાંક અધિકૃત પ્રકાશનો પર આધાર રાખવામાં આવ્યો છે.

**મુલાકાત પધ્ધતિ**

સંશોધન અભ્યાસના ક્ષેત્રીય એકમ તરીકે રાજકોટ તેમજ જામનગર શહેરના કેટલાંક યદ્રચ્છ પધ્ધતિથી પસંદ કરેલા એકમોની મુલાકાત લેવામાં આવી. બંને શહેરના દસ, દસ એકમો એટલે કે કુલ મળીને ૨૦ એકમોની મુલાકાત લેવામાં આવી અનુસૂચિ દ્વારા પણ વિગતો જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. મુલાકાત તેમજ અનુસૂચિના આધારે સ્થાપીત એકમોની નૈસર્ગિક સાહસિકતા, સંચાલકોની વય, જ્ઞાતિ, સંચાલકોનું શિક્ષણ મુડી પ્રચુરતા વગેરે વિગતો મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.

**કોષ્ટીકરણ**

મુલાકાત તેમજ અનુસૂચિ દ્વારા એકત્રિત માહિતીને જુદા જુદા વિભાગ હેઠળ કોષ્ટક સ્વરૂપે મુકવામાં આવેલ છે. વિવિધ કોષ્ટકોમાં રજૂ થયેલ અંકીય વિગતોનું પ્રત્યેક કોષ્ટકના અંતે પૃથ્થકકરણ કરવામાં આવેલ છે. અંકીય પૃથ્થકકરણમાં સંખ્યા ઉપરાંત ટકાવારી ચિત્ર પણ દર્શાવાયેલ છે. આ અંકીય પૃથ્થકકરણોને સ્વતંત્ર આલેખ દ્વારા પણ રજુ કરવામાં આવેલ છે.

**૨.૫ પ્રકરણ આયોજનઃ**

સમગ્ર સંશોધનાત્મક મહાનિબંધને કુલ છ પ્રકરણોમાં વિભાજીત કરવામાં આવેલ છે. પ્રથમ પ્રકરણમાં ઉદ્યોગ સાહસિકતાનો અર્થ, વિવિધ વ્યાખ્યાઓ સાથે સ્પષ્ટ કરી, ઉદ્યોગ સાહસિકતાના લક્ષણો, ઉદ્યોગ સાહસિકતા અંગેના સિધ્ધાંતો અને ઉદ્યોગ સાહસિકતાને અસર પરિબળોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

મહાનિબંધના આ બીજા પ્રકરણમાં સંશોધન યોજનાની તાત્વિક સમજાવવામાં આવેલ છે અને ઉદ્યોગ સાહસિકતાના વિવિધ પાસાઓને સ્પર્શતા ભુતકાળમાં થયેલા સંશોધન અભ્યાસો કે સંશોધનાત્મક લેખોનો સાર સંક્ષેપ આ પ્રકરણમાં સામેલ કરવામાં આવેલ છે.

પ્રકરણ ત્રીજામાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસનો ઈતિહાસ વર્ણવવામાં આવેલ છે. જેમાં વિશ્વના

દેશોમાં ઉદ્યોગ સાહસિકતાના માટે જવાબદાર તેવા પરિબળોનો નિર્દેશ કરી બ્રિટન, અમેરિકા, રશિયા, જાપાન, ચીન, હંગેરી, નેપાળ, થાઈલેન્ડ, નાઈજીરીયા વગેરે દેશોમાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસની પ્રક્રિયાની કડીબધ્ધ વિગતો સંક્ષિપ્તમાં દર્શાવેલ છે. ત્યારબાદ ભારતમાં ઉદ્યોગ સાહસિકતાનો ઈતિહાસ વર્ણવી ઉદ્યોગ સાહસિકતા માટેના સંભવિત ક્ષેત્રોનો પરિચય આપવામાં આવેલ છે.

ચોથા પ્રકરણમાં ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસની વિગતો નોંધવામાં આવેલ છે. જેમાં ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતાનો ઉદ્ભવ ગુજરાત રાજય થયા પછીના સમયમાં ઉદ્યોગ સાહસિકતાના વલણો ઈન્ડેસ્કટ–બી ડીરેકટરીનું પૃથ્થકકરણ ઉદ્યોગ સાહસિકતાને અંગેના પ્રશ્નો ઉદ્યોગ સાહસિકતાના વિકાસ માટે કાર્યરત સંસ્થાઓ વગેરેની વિગતો દર્શાવીને પ્રકરણ પાંચમાં મહીલા ઉદ્યોગ સાહસિકતાના વલણોને પણ સ્વતંત્ર રીતે પરિચયાત્મક નોંધ રૂપે રજુ કરેલ છે.

પ્રકરણ છ માં મુલાકાત અને અનુસૂચિના આધારે પ્રાપ્ય માહિતીનું કોષ્ટીકરણ અને પૃથ્થકકરણ રજુ કરવામાં આવેલ છે. આલેખ સાથેના આ પૃથ્થકકરણ ઉપરાંત ઉદ્યોગ સાહસિકતાની મુળ વિભાવનાને સ્પર્શે તેવા કેટલાંક એકમોનો સંક્ષિપ્ત પરિચય પણ આપવામાં આવેલ છે.

જયારે સાતમા અને છેલ્લા પ્રકરણમાં ઉત્કલ્પનાઓની યથાર્થતાને ચકાસીને કેટલાંક મહત્વના તારણો રજુ કરવામાં આવેલા છે. તેમજ ઉદ્યોગ સાહસિકતાને વધુ ખેડી શકાય તેવા કેટલાંક ઉપયોગી સુચનો મુકવામાં આવે છે.

## ૨. ૬ અભ્યાસની મર્યાદાઓ:

પ્રસ્તુત સંશોધન પ્રદેશલક્ષી અભ્યાસ છે. એટલે કે ગુજરાત પ્રદેશના ઉદ્યોગ સાહસિકતાના વિકાસની ગતિવિધીને માત્ર સ્પર્શે છે. ગુજરાતના સમગ્ર ઈતિહાસને સમય સારણી સ્વરૂપે સંક્ષિપ્ત રીતે નીરૂપીત કરવામાં આવેલ છે. અને સર્વેક્ષણ હેઠળના એકમોપણ જેતે સ્વરૂપે કાર્યરત એકમોની કુલ સંખ્યાના બહુ નાના સ્વરૂપને પ્રતિબિંબીત કરે છે.

## ૨.૭ પૂર્વ સંશોધન સમીક્ષા:

ઉદ્યોગ સાહસિકતાના વિચાર અને તેના વ્યવહારૂ પાસાઓને કેન્દ્રમાં રાખીને વિવિધ સ્તરના સંશોધન અભ્યાસો વિશ્વના જુદા જુદા દેશોમાં હાથ ધરવામાં આવ્યા છે. ખાસ કરીને ઉદ્યોગ સાહસિકતાના સંદર્ભે તેના કાર્યક્રમો, વલણો અને તેની અસરકારકતા અંગેના અભ્યાસો હાથ ધરાયા છે. આ અભ્યાસો પૈકીના પ્રસ્તૃત સંશોધન અભ્યાસને સ્પર્શતા કેટલાક મુદાઓને લગતા પૂર્વ સંશોધન અભ્યાસોનો સાર ભાગ અત્રે પ્રસ્તુત છે.

**૧. એવર્ટ હેગન :** ૧૯૬૨ માં પ્રસિધ્ધ થયેલા તેમના પુસ્તકમાં એવો વિચાર વ્યકત કરે છે કે સારી સંખ્યામાં ઉદ્યોગ સાહસિકોના ઉદભવનો આધાર અગાઉના પ્રતિષ્ઠિત જુથો ને કોઈ કારણોસર દબાવવામાં આવ્યા હોય અને વ્યકિતત્વના પરિવર્તનની ક્રિયા જો મંદ હોય તો તે પરિબળો વધુ અસર કરે છે. તેમના મતે આર્થિક વિકાસના પરિવર્તનોની સરખામણીમાં સમાજના જુદા જુદા સમુદાયોની માનસિકતા ઉદ્યોગ સાહસિકતાના વિકાસને વધુ અસર કરે છે. (મૂળ : જી.એફ.પાયાનેકના લેખ, "ધી ડેવલોપમેન્ટ ઓફ એન્ટરપ્રીન્યોરશીપમાંથી ઉદધ્રુત. અમેરિકન ઈકોનોમિક રીવ્યુ મે ૧૯૬૨)

**૨. એ. ઓ. હર્ષમેમ :** તેમના પુસ્તક ધી સ્ટ્રેટેઝી ઓફ ઈકોનોમિક ડેવલોપમેન્ટના સમાપનમાં જણાવે છે કે વિકાસમાં મુખ્ય મર્યાદા નિર્ણયીકરણની ક્ષમતાની છે. અલ્પવિકસિત દેશોમાં પરિવર્તનની સંભાવના કાંતો અન્યના ભોગે અથવાતો સમગ્ર જૂથની પરિવર્તનશીલતા ઉપર આધારીત છે. આ બંન્ને પૈકીની કોઈપણ સ્થિતિમાં ઉદ્યોગ સાહસિકતાના નિર્ણય અંગેની વ્યકિતગત ક્ષમતા ખુબ જ મર્યાદિત હોય છે. (પ્રાપ્તિ સ્થાન : જી.એફ.પાયાનેક ધી ડેવલોપમેન્ટ ઓફ એન્ટરપ્રીન્યોરશીપ અમેરિકન ઈકોનોમિક રીવ્યુ મે ૧૯૬૨)

**૩. ફીરોઝ લી. મેઢોરા :** તેમના એક લેખમાં એવું નોંધે છે કે ઈંગ્લેન્ડમાં કારખાના પ્રથાનો પ્રારંભ ઈ.સ. ૧૮૦૦ ની આસપાસ થયો અને ૧૯ મી સદીના પૂર્વાર્ધમાં કેટલાંક અંગ્રેજોએ ભારતમાં કારખાનાઓ સ્થાપ્યા હતા. પરંતુ ૧૯ મી સદીના મધ્યભાગ પહેલાં કેટલાંક ઉદ્યોગોમાં પ્રાથમિક સાહસને બાદ કરતા સાહસિકતાનો ખાસ વિકાસ થયેલો જોવા મળ્યો ન હતો. ૧૮૫૦ પછી પશ્ચિમ ભારતમાં આધુનિક બનાવટના ક્ષેત્રે ઠીક ઠીક પ્રગતિ થયેલી જોવા મળે છે. (ફીરોઝ મેઢોરા એન્ટરપ્રીન્યોરશીપ ઈન ઈન્ડીયા પોલિટીકલ સાયન્સ કવાર્ટરલી નંબર ૪ સપ્ટેમ્બર ૧૯૬૫ પાનાનંબર ૫૫૮ – ૫૫૯)

**૪. લેમ્બ :** ભારતના ધંધાકીય ક્ષેત્રનો વિષદ અભ્યાસ કરીને એવું નોંધે છે કે આર્થિક પ્રવૃતિઓનું વારંવાર વિશિષ્ટીકરણ એ વાસ્તવમાં સામાજીક સમુદાયોના એકંદર વલણ ઉપર આધારીત છે. કોઈ પણ પ્રદેશના ઉદ્યોગ સાહસિકતાનું વિશ્લેષણ કરવા માટે વિવિધ પ્રદેશોના સાહસિકોની જ્ઞાતિ અને સમુદાયોનો અભ્યાસ જરૂરી છે. (લેમ્બ : એપ્રાઈઝલ ઓફ ઈન્ડીયન બિઝનેશ કોમ્યુનીટીઝ પાના નં. ૧૦૧ થી ૧૦૩ – ૧૯૬૩)

**૫. એન્ડ્રયુ બિમર :** તેમના વિશિષ્ટ પ્રકારના મેનેજીગ એજન્સીની પધ્ધતિના ભારતીય ઉદ્યોગ સાહસિકતાના માળખા ઉપરની અસરો તપાસતા કેટલાંક મહત્વના દિશા સુચનો કરે છે. (એન્ડ્રયુ બિમર ધી સેટીગ ઓફ એન્ટરપ્રીન્યોરશીપ ઓફ ઈન્ડીયા કવાર્ટલી જર્નલ ઓફ ઈકોનોમિકસ. નવેમ્બર ૧૯૫૫ પાના નં. ૫૫૩ થી ૫૭૬)

**૬. મેક્રોરી :** તેમના દ્વારા ૧૯૫૫ માં પંજાબ અને ઉતર પ્રદેશના બે નગરોમાં કુલ ૧૪ જેટલા ઔદ્યોગિક એકમોના એકમ અભ્યાસોને ધ્યાનમાં લઈ નાના ઉદ્યોગોના ક્ષેત્રમાં સંશોધનોના ઉપયોગથી ક્ષમતા સુધારવા અંગે કેટલીક મહત્વની નીતિ વિષયક ભલામણો કરેલ છે. (મેક્રોરી કેઈસ સ્ટડીઝ ઈન લેટન્ટ ઈન્ડસ્ટ્રીયલ પોટેન્શીયલ : પ્રાપ્તિ સ્થાન પીટરકીલબી સંપાદીત એન્ટરપ્રીન્યોરશીપ એન્ડ ઈકોનીમીક ડેવલોપમેન્ટ પાના. ૨૫૮)

**૭. કલીંગ ડી :** તત્કાલીન બંગાળના રાજયમાં મારવા અને બિન બંગાળી જ્ઞાતિઓનું વિવિધ બનાવટોના ક્ષેત્રે જે પ્રભુત્વ જોવા મળે છે. તે માટે રાજસ્થાનમાં આર્થિક તકના અભાવને કારણે મારવાડીઓના બંગાળમાં થયેલા સ્થળાંતરને જવાબદાર ગણાવે છે. (કલીંગ – ઓફસ્ટીકાસ ટુ એન્ટરપ્રીન્યોરશીપ પાના નં. ૦૪–૦૫)

**૮. ડી.આર ગાડગીલ :** ભારતના આધુનિક ધંધાકીય વિશ્વને ખુબ જ જીણવટથી જોયા પછી વ્યાવસાયિક ગતિશીલતા, યંત્રજન્ય પરિવર્તતન કે નવપ્રવર્તન માટેની સંભાવનાના વલણોમાં ઘટાડાને માટે જ્ઞાતિ પ્રથાને જવાબદાર ગણે છે. (ડી.આર. ગાડગીલ : મોર્ડન ઈન્ડીયન બિઝનેશ કલાસ પાના નં. ૧૬)

**૯. શ્રી નિવાસ :** સામાજીક રચના અને તેના સંદર્ભે જોવા મળતી ગતિશીલતાને ધ્યાનમાં લઈ તેમના એક પુસ્તકમાં એવું નોંધે છે કે ભારત જેવા સંસદીય લોકશાહી દેશમાં જયાં રાજકીય તાકાતનો આધાર જ્ઞાતિગત ગુણવતા કરતા સંખ્યા ઉપર વધુ છે, તેવા સમાજમાં ઘણા ક્ષેત્રોમાં જ્ઞાતિઓ સાનુકૂળ સરકારી ધારા અને નીતિ થકી પ્રભૂત્વ પ્રાપ્ત કરતા જોવા મળેલ છે. આ ઉપરાંત આર્થિક યોજનામાં કેટલાંક ચોકકસ વ્યવસાયિક જૂથોને ટોચની અગ્રતાના ધોરણે સહાય ચુકવવામાં આવે છે. તે સંજોગોમાં ઉદ્યોગ સાહસિકતાને આવા પરિબળોનું પ્રભુત્વ પ્રગતિને અવરોધક બનાવે છે. (શ્રી નિવાસ : મોબિલીટી ઈન ધ કાસ્ટ સીસ્ટમ પાના નં. ૧૯૪ થી ૧૯૬ પ્રાપ્તી સ્થાન પીટર કીલ્બી એન્ટરપ્રિનિયોરશીપ એન્ડ ઈકોનોમીક ડેવલોપમેન્ટ ૧૯૭૧ મેકમિલન કેનેડા લીમીટેડ પાના નં. ૩૦૬)

**૧. શ્રી એન. પી. સીંધ :–** "એનજી ઓ'સ ફાયર પ્લે ટુવાર્ડઝ ડેવલપીગ એન્ટરપ્રીન્યોરશીપ ઈન એશીયા" એશીયન એન્ટરપ્રીન્યોર ઓટમ નવી દિલ્હી (વોલ્યુમ ૨–નં.૨ ૧૯૯૨) શ્રી સીધના મતે બેરોજગારી અને ગરીબી નિવારણના બે મુખ્ય મુદાને ધ્યાનમાં લઈને ઉદ્યોગ સાહસિકતાના વિકાસને રાષ્ટ્રીય આંદોલન સ્વરૂપે જોવાનો પુરૂષાર્થ ભારતીય સમાજમાં જોવા મળેલો છે. લક્ષ્યાંકીત જૂથો માટે નેવું થી બે હજારના અંતિમ

દાયકામાં "ઉદ્યોગ ધંધા" માટેના જુસ્સાને ઉમળકાભેર આવકાર પ્રાપ્ત થયો છે કારણ કે " ઝવી ને વિકાસ" ની મૂળ પરંપરાગત વિભાવનાની નિષ્ફળતા બાદ રાષ્ટ્રીય ફલક ઉપર ઉદ્યોગસાહસિકતાના મહત્વનો વ્યાપક સ્વીકાર થયો છે. અને તેથી જ તળિયા સુધી કાર્યરત ગ્રામીણ વિકાસના વિવિધ સરકારી ઉપક્રમો યોજનાઓ અંતગર્ત ઉદ્યોગ સાહસિકતાના કાર્યક્રમો અને તેમાં બિન સરકારી સંગઠનોને જોડવાનો સ્તુત્ય પ્રયાસ થયેલો જોવા મળે છે.

૨. **ડી.એસ. લેન્ડેસ :–** ["ધી અનબાઉન્ડ પ્રોમેથ્યુઅસ ટેકનોલોજીકલ ચેઈન્જ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ ઈન વેસ્ટર્ન યુરોપ ફ્રોમ ૧૭૫૦ ટુ ધ પ્રેઝન્ટ" કેમ્બ્રીજ યુનિવર્સિટી પ્રેસ કેમ્બ્રીજ ૧૯૬૯ પાના નં. ૧૭૪]

ઉદ્યોગ સાહસિકતાના વિકાસ માટે, પ્રેરણા માટે, ઉદ્દીપક સમાન પરિબળોની વિસ્તૃત છણાવટ કરતા લેન્ડેસના અભ્યાસમાંથી એવું ફલિત થાય છે કે કાચામાલની સરળ પ્રાપ્યતા, ઉદ્યોગ સાહસિકતાની વૃધ્ધિ માટે અવશ્ય પોષક છે જ પરંતુ બજારનું કદ અને વિભાજન સ્વયં ઉદ્યોગ સાહસિકતાને આગવી અસર કરે છે. પરંતુ ઘણા કિસ્સાઓમાં યંત્રજન્ય નવપ્રવર્તન માટેનો ઉત્સાહ કે પ્રતિસાદ કાચામાલની સમસ્યાને ગૌણ બનાવીને ઉદ્યોગ સાહસિકતાને વેગ આપે છે. આ સંદર્ભમાં લેન્ડસે જાપાનનું જ ઉદાહરણ ટાંકીને સમજાવે છે કે કાચા માલની અછત હોવા છતાં જાપાનમાં જે દિશામાં ઔદ્યોગિક સાહસ શરૂ થયા તે માટે જાપાનની કાર્યસંસ્કૃતિ મુખ્ય કારણ છે.

૩. **બી.એફ. હોઝલીટઝ :–** [સોશીયોલોજીકલ આસ્પેકટસ ઓફ ઈકોનોમીક ગ્રોથ ફ્રી પ્રેસ ગ્લેન્સો ઈલીનો ઈ.સ. ૧૯૬૦] ઉદ્યોગ સાહસિકતાના વિકાસને પ્રેરક પરિબળોના સંદર્ભમાં હોઝલીટઝ એવું મંતવ્ય ધરાવે છે કે જે સમાજરચનામાં "ગતિશીલતા", ઉદારપણુ વધારે હોય તે સમાજમાં સાહસિકતાનો વિકાસ ઝડપથી થાય છે.

૪. **એ.એચ. કોલે :–** [બીઝનેસ એન્ટરપ્રાઈઝ ઈન ઈટસ સોશીયલ સેટીંગ હાર્વર્ડ] તજજ્ઞો ઉદ્યોગ સાહસિકતાના વિકાસને પ્રેરક પરિબળોના સંદર્ભમાં પ્રતિગામી વિચારો રજૂ કરે છે. તેઓના અભ્યાસમાં એવું જોવા મળે છે કે વાસ્તવમાં જે સમાજમાં ગતિશીલતા ઓછી હોય છે. જડતા વધુ હોય છે તેવા સમાજમાં તેવા સંજોગોમાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસને વધુ અવકાશ પ્રાપ્ત થાય છે.

૫. **ફીરોઝ બી. મેઢોરા :–** [એન્ટરપ્રિન્યોરશીપ ઈન ઈન્ડીયા પોલિટિકલ સાયન્સ કવાર્ટરલી–I ૩૦, ૧૯૬૫ (૧૯૬૫)] સમાજમાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસની સંભાવના સમસ્યાઓ અંગેના એક વિશદ

અભ્યાસમાં શ્રી મેઢોરા ભારતના સંદર્ભમાં શાસનની ભૂમિકાનું વિશ્લેષણ કરે છે. તેઓના મત મુજબ પ્રારંભિક તબકકે સ્વતંત્ર ભારતમાં ઉદ્યોગસાહસિકતાના મંદ વિકાસ માટે મુખ્યત્વે રાજકીય પ્રતિબધ્ધતાનો અભાવ વિશેષ કારણભૂત જોવા મળે છે. વાસ્તવમાં કોઈપણ શાસન જયારે આર્થિક વિકાસ માટે મહતમ વિધાયક વલણ અપનાવે ત્યારે તે દેશમાં સમાજમાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસ માટેની સંભાવના વધી જાય છે.

ઉદ્યોગ સાહસિકતાની ગતિશીલતાના સંદર્ભમાં વિશ્વના વિવિધ દેશોમાં અને ભારતમાં પણ વિવિધ અભ્યાસો સમયાંતરે હાથ ધરવામાં આવેલા છે. જે પૈકીના કેટલાંક મહત્વના તારણો અત્રે પ્રસ્તુત છે.

**૬. શર્મા આર. એ. :–** ["એન્ટર પ્રિન્યોરલ ચેન્જ ઈન ઈન્ડીયન ઈન્ડસ્ટ્રી" સ્ટર્લીગ પબ્લીશર્સ નવી દિલ્હી ૧૯૮૦ પાના નં. ૧૯૧ થી ૧૯૩] ઉદ્યોગ સાહસિકતાના વિકાસમાં ગતિશીલતા ચાવીરૂપ ભૂમિકા બજાવે છે. આ સંદર્ભમાં જે તે સાહસિકની શૈક્ષણિક ક્ષમતા હોય તે ઉલ્લેખનીય છે. જે શૈક્ષણિક રીતે સુસજજ સાહસિક હશે તે બદલાતાં જતાં પ્રવાહો અને પર્યાવરણ સાથે ઝડપથી સમાયોજન સાધી શકશે. ભારતના ખાસ કરીને પશ્ચિમ અને દક્ષિણ ભારતના કેટલાક અભ્યાસોથી આ માન્યતાને સમર્થન પ્રાપ્ત થાય છે.

**૭. એસ. એસ. ખાન્કા :–** ["એન્ટરપ્રિન્યોરલ ડેવલપમેન્ટ" એસ.ચાંદ એન્ડ કંપની પાના. ૫૭] વ્યાવસાયિક ગતિશીલતાના સંદર્ભમાં ઉતરાંચલના કુમાઉ વિસ્તારમાં ૫૦ ઉદ્યોગ સાહસિકોનો એક સર્વેક્ષણ અભ્યાસ હાથ ધરવામાં આવેલ જેમાં ઉદ્યોગસાહસિકોના વર્તમાન ઉદ્યોગ ધંધાના મૂળને તપાસવાનો પ્રયત્ન કરવામાં આવેલો. આ અભ્યાસમાં મુખ્ય ફલિતાર્થ એ જોવા મળે છે કે કુલ ૪૭ પૈકીના ૩૦ ધંધાદારી વ્યકિતઓના પિતા તેમના પિતાના વ્યવસાય ધંધાને વળગી રહેલા જોવા મળેલા હતા. જયારે આ ૫૦ પૈકીના ૪૬ એવા સાહસિકો હતા જે એક ધંધાકીય સાહસ છોડીને બીજા સાહસમાં જોડાયા હતા અને તે પૈકીના ૩૪ વ્યવસાયિક કૌશલ્ય ધરાવનારા હતા.

**૮. ટી. એસ. પપોલા અને આર. ટી.તીવારી :–** ઈમ્પેકટ ઓફ કન્શેશનલ ફાઈનાન્સ ઓન ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ ઓફ બેકવર્ડ એરીયાઝ (એ સ્ટડી ઈન ઉતર પ્રદેશ લખનૌ) ગીરી ઈન્સ્ટીટયૂટ ઓફ ડેવલપમેન્ટ સ્ટડીઝ (મીમીયો ૧૯૮૧ પાના નં. ૧)

ભારતના ૧૯૭૦ થી ૮૦ દાયકાના ઉદ્યોગોના સ્થાનીયકરણના વલણોના એક અભ્યાસમાં પપોલા અને તીવારી ઉદ્યોગ સાહસિકોની કેટલીક લાક્ષણિકતાઓને સ્થાનીયકરણના વલણો સાથે જોડે છે. તેઓના મતે ભારતમાં છેલ્લા દાયકામાં પ્રાકૃતિક સંસાધનોની મર્યાદાવાળા વિસ્તારમાં પણ શાસનની કેટલીક પ્રોત્સાહક નીતિ અને નાણાકીય છુટછાટોના પગલે ઉદ્યોગ સાહસિકોમાં આવા પછાત વિસ્તારો તરફ પણ ગતિશીલતાનું

વલણ વધતુ રહયું છે.

૯. **પી.સી. જૈન :–**["ડેવલપીગ ફર્સ્ટ જનરેશન એન્ટરપ્રીન્યોર્સ ઈન્ડીયન એકસપીરીયન્સ" બત્રા અગ્રવાલ (સંપાદીત) એન્ટરપ્રિન્યોરશીપ એન્ડ સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ ન્યુ પોટેન્શીયલ્સ દીપ અને દીપ પબ્લીકેશન ઈ.સ. ૨૦૦૧ દિલ્હી પાના નં. ૧૭ થી ૨૭] ભારતમાં નવા ધંધાકીય સાહસોની સંભાવનાઓ અને શરૂ થયેલા સાહસો અંગેના સર્વેક્ષણ અભ્યાસોના ફલિતાર્થોની ચર્ચા કરતા પી.સી. જૈન નોંધે છે કે "ઉદ્યોગ સાહસિકતા અંગેના કાર્યક્રમોથી બાકાત રહેલા નિયોજકો પૈકીના બહુ ઓછા એ નવા સાહસો શરૂ કર્યા છે જયારે નવા સાહસિકો પૈકીના ૭૦ % થી વધુ સાહસિકોએ સાહસિકતા અંગેના તાલીમી કાર્યક્રમોના સિધ્ધિ પ્રેરણાના પાસાને વધુ પ્રભાવી હોવાનું જણાવેલ છે. જે કાર્યક્રમો અંતર્ગત કાર્યક્રમો પૈકીના અનુકાર્ય સ્વરૂપે જે માર્ગદર્શન મળે છે તે કેવલ તાલીમી કાર્યક્રમો કરતા વધુ ફળદાયી હોવાનું જોવા મળે છે.

૧૦. **દિનેશ અવસ્થી :–** [ફોસ્ટરીગ એન્ટરપ્રિન્યોરશીપ એમોંગ એન્જીનીયરીગ સ્ટુડન્ટસ ઈન ધ પોસ્ટ લીબરલાઈઝેશન એરા" બત્રા અગ્રવાલ સંપાદીત "એન્ટરપ્રિન્યોરશીપ એન્ડ સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝ ન્યુ પોટેન્શીયલ્સ દીપ અને દીપ પબ્લીકેશન ૨૦૦૧ દિલ્હી પાના નં. ૭૩ થી ૮૩]

ઉદારીકરણ પછીના તબકકામાં ભારતમાં વ્યાવસાયિક શિક્ષણ માટેની ભૂખ વધી છે. તક પણ વધી છે. ઈજનેરી વિધાશાખાના વિવિધ સ્તરના અભ્યાસક્રમો થકી તૈયાર થતા નવોદિત ઈજનેર યુવાનોમાં સ્વતંત્ર ધંધાકીય સાહસ અંગેની ઈચ્છાશકિત – ક્ષમતા કેવી છે, તીવ્રતા કેટલી છે તે અંગેના હાથ ધરવામાં આવેલ વિવિધ અભ્યાસોના સારભાગરૂપ કેટલાક તજજ્ઞોના ઉલ્લેખ સાથે ડી.વી.અવસ્થી નોંધે છે કે ઔદ્યોગિક એકમોમાં જે ક્ષમતાપૂર્ણ કૌશલ્યની માંગ છે અને વ્યવહારમાં વિવિધ કાર્યક્રમો હેઠળ જે આપવામાં આવે છે તે બન્ને વચ્ચે તીવ્ર અભ્યાસગાળો ઘણો જોવા મળે છે. નેશનલ સર્વિસ એન્ડ ટેકનોલોજી એન્ટરપ્રિન્યોરશીપ બોર્ડ થકી પ્રાયોગિક ધોરણે ૧૯૯૦ થી વ્યાવસાયિક સંસ્થાપન માટેના જે શાસકીય સહાયના અભ્યાસો શરૂ થયા છે અને જે નાણાકીય પ્રબંધોના ચક્ર શરૂ થયા છે તેના તુલનાત્મક ઉજજવલ સંકેતો પ્રાપ્ત થતા રહે છે.

૧૧. **એસ.એસ.રંધાવા :–** [ન્યુ ચેલેન્જીસ ઓફ એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન ઈન્ડીયા શર્મા અને ધામેની (સંપાદીત) 'ઈન્ડીયન એન્ટરપ્રીન્યોરશીપ થીયરી એન્ડ પ્રેકટીસ અભિષેક પબ્લીશર્સ દિલ્હી ૨૦૦૨ પાના નં. ૧૨૧ થી ૧૩૦] તાજેતરના વર્ષોમાં ખાસ કરીને આર્થિક સુધારાના પ્રથમ દાયકા દરમિયાન સરકારશ્રીની નીતિમાં થયેલા ફેરફારોની ઉદ્યોગસાહસિકતાની વૃતિ અને પ્રવૃતિ ઉપર થયેલી અસરોને તપાસતા શ્રી રંધાવાના અભ્યાસમાંથી એવા ફલિતાર્થો પ્રાપ્ત થાય છે કે આર્થિક નિયમનોમાં આવેલ સરળીકરણથી સાહસિકતાને વેગ મળેલો છે બહુરાષ્ટ્રીય કંપનીઓના પ્રવેશથી સ્પર્ધાત્મકતા અને ગુણવતાનો સંચાર થતા

માંગના સ્વરૂપમાં આવેલા પરિવર્તનોના કારણે નવીન સાહસો માટે વિપુલ સંભાવનાઓ વધતી રહેલી છે. બીજી તરફ નબળા એકમોના ખાનગીકરણ કે બંધ કરવાના પગલાથી ઉપસ્થિત બેરોજગારીના પ્રશ્નને સ્વરોજગારી સ્વરૂપે હલ કરવાના હેતુથી પણ સાહસિકતાના મહત્વનો સ્વીકાર થવા લાગ્યો છે.

**૧૨. પ્રા. આનંદ ડો.મેનન અને ડો. શર્મા :–** ["એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ એ મોડેલ બેઈઝડ ઓન ઈન્ડીયન ટ્રેડીસન્સ" શર્મા અને ધામેની (સંપાદીત) ઈન્ડીયન એન્ટર પ્રિન્યોરશીપ થીયરી એન્ડ પ્રેકટીસ અભિષેક પબ્લીશર્સ દિલ્હી ૨૦૦૨ (પાના નં. ૧૭૫ થી ૧૮૩)] પ્રસ્તુત સંશોધન લેખમાં તજજ્ઞોએ સમાજની સમૃધ્ધિનો આધાર જે તે સમાજમાં રહેલી સાહસિકતાની માત્રા અને સ્વરૂપ ઉપર નિર્ભર હોવાનું સમજાવેલ છે. આ સંદર્ભમાં જાપાન અને કોરીયા જેવા રાષ્ટ્રો કાચા માલની ખેંચ છતા ઔદ્યોગિક પ્રગતિ કરી શકયા તેનું ઉદાહરણ પૂરૂ પાડેલ છે. પ્રસ્તુત સંશોધન લેખમાં એક વિશીષ્ટ બાબતએ જોવા મળેલ છે કે પ્રાચીન ભારતીય ધર્મગ્રંથો ખાસ કરીને શ્રીમદ ભગવદગીતાના વ્યકત વિચારોમાં અભિપ્રેત તત્વજ્ઞાનને વ્યવહારમાં ચરિતાર્થ કરવાના પ્રયત્નો ભારતમાં ઉદ્યોગ સાહસિકતાનો સંચારને પુષ્ટિદાયક છે તેમ સમજાવવાનો સ્તુત્ય પ્રયાસ થયો છે. ઉદ્યોગ સાહસિકતા અંગેના તત્વજ્ઞાન સાથે ભારતીય વૈદિકસંહીતાને જોડવાથી ભારત માટે આગવી સાહસિકતાની સંસ્કૃતિ માટે અપાર સંભાવનાઓનો નિર્દેશ તેઓએ કરેલ છે.

**૧૩. વી. શ્રીમાળી :–** ["ચેન્જીસ ઈન ઈમર્જીંગ એન્વાયરમેન્ટ એન્ડ ચેલેન્જીસ ટુ હયુમન રીસોર્સ મેનેજમેન્ટ ઈન એન્ટરપ્રિન્યોરલ વેન્ચર" શર્મા ધામેની (સંપાદીત) ઈન્ડીયન એન્ટર પ્રિન્યોરશીપ થીયરી અને પ્રેકટીસ અભિષેક પબ્લીશર્સ દિલ્હી પાના ૨. ૨૦૯ થી ૨૧૩] ઉદ્યોગ સાહસિકતાના સંદર્ભે જોવા મળતા સાહિત્યમાં મોટાભાગે સાહસિકતાના વિકાસના સંદર્ભમાં સાહસિકની વ્યુહરચનાને આસપાસના વાતાવરણ (પર્યાવરણ) કરતા વિશેષ મહત્વ આપવામાં આવેલું છે. સાહસિક દ્વારા જે કોઈ પ્રકારની વ્યુહરચના અપનાવવામાં આવે તે જ જે તે સાહસને સફળતા કે નિષ્ફળતા ભણી લઈ જશે તેવી સમજને પડકારના શ્રીમાળી વિવિધ સંદર્ભોને ટાંકીને એવું સમજાવવાનો પ્રયત્ન કરે છે કે ખરેખર તો આસપાસના વાતાવરણમાં સાકાર પામતા પરિવર્તનો સાહસિકતાના વિવિધ પાસાઓ ઉપર વધુ પ્રભાવ પાડે છે ખાસ કરીને માનવસંશાધનના સંદર્ભે વાતાવરણના ફેરફારો સાહસિકતાની વૃતિમાં જે ફેરફારો લાવે છે તેની વિશદ વિચારણા આ લેખમાં કરવામાં આવી છે.

**૧૪. દિનેશ અવસ્થી :–** [રિસન્ટ ચેન્જીસ ઈન ગુજરાત ઈન્ડસ્ટ્રી ઈસ્યુઝ એન્ડ ઈવિડન્સ ઈકોનોમીક અને પોલિટિકલ વિકલી ઓગષ્ટ ૨૬ થી ૨ સપ્ટેમ્બર ઈ.સ. ૨૦૦૦ (પાના નં. ૩૧૮૩ થી ૩૧૯૨)] છેલ્લા દાયકામાં ઔદ્યોગિક વિકાસ અંગેના નીતિ વિષયક પગલાઓમાં વિવિધ વિસ્તારોમાં "ઝુમખા" (cluster)

સ્વરૂપે ઉદ્યોગોના કેન્દ્રિકરણના પ્રયાસોએ સાહસિકતાની તકો વધારી છે.. શ્રી દિનેશ અવસ્થી તેમના આ અંગેના રાષ્ટ્રીય અને પ્રાદેશિક અભ્યાસો ઉપરથી એવો નિષ્કર્ષ આપે છે કે જે રાજયોમાં સરકારે આ નીતિનો કુશળતા પૂર્વક અમલ કર્યો છે. ત્યાં તે વિસ્તારોમાં ચોકકસ પ્રકારના ઉદ્યોગો સાથે સાહસિકો જોડાઈને વિશિષ્ટીકરણના લાભો પણ પ્રાપ્ત કરી શકયા છે. વ્યૈકિતક એકલ દોકલ પેઢી સ્વરૂપે સાહસિક કાર્યક્ષમતાથી ઉત્પાદન સાધનોનો વિનિયોગ કરે છે તેની સરખામણીમાં જયારે ઝુમખાઓમાં કેન્દ્રિત થયેલા જૂથના સામૂહિક પ્રયાસો આ દિશામાં વધુ સફળ અને અસરકારક પૂરવાર થયા છે. શ્રી અવસ્થી તેમના આ નિષ્કર્ષના સમર્થનમાં નાદવી સીમીત્ઝ (૧૯૯૪) બસંત (૧૯૯૬) ડુ પોન્ટ (જેતપુર ૧૯૯૫) મોરબીનો ટાઈલ્સ ઉદ્યોગ (દાસ ૧૯૯૬) કે અમદાવાદના વસ્ત્ર ઉદ્યોગ અંગેના અભ્યાસોના તારણો પણ રજૂ કર્યા છે.

**૧૫. તકશી શીનોદા :–** [ઈન્સ્ટીટયુશનલ ચેન્જ એન્ડ એન્ટરપ્રીન્યોરલ ડેવલપમેન્ટ એસ.એસ. આઈ. સેકટર ઈકોનોમીક અને પોલીટીકલ વિકલી ઓગષ્ટ ૨૬ થી સપ્ટેમ્બર ૨, ૨૦૦૦ (૩૨૦૫ થી ૩૨૧૪)] ગુજરાત રાજયમાં લઘુ ઉદ્યોગોના ક્ષેત્રે તાજેતરના દાયકાઓમાં કેવા વલણો જોવા મળેલ છે અને આ અંગેના નિતી વિષયક પગલાઓથી સાહસિકતા ઉપર કેવી અસર જોવા મળી છે. તે અંગેનો રસપ્રદ અભ્યાસ ટાકશી શીનોડાએ કરેલ છે જેનો સંક્ષિપ્તસાર લેખના સ્વરૂપમાં પ્રસિધ્ધ કરેલ છે. ગુજરાત રાજયના "ઈન્ડેક્ષ્ટ–બી" દ્વારા પ્રસિધ્ધ આંકડાકીય વિગતો અને ડિરેકટરીનો ગહન અભ્યાસ કર્યા બાદના તેમના આ લેખના મુખ્ય તારણો એવા રહયા છે કે ગુજરાતમાં ઉદ્યોગો વિશેષ કરીને નાના ઉદ્યોગો અમદાવાદ – સુરત – વડોદરા – રાજકોટ – ભાવનગર જેવા વિસ્તારોમાં કેન્દ્રિત થયો છે અને તેના કારણે નવોદિત સાહસિકતાનો સંચાર પણ જે તે વિસ્તારમાં વિશેષ આકારીત છે. ઉદ્યોગ સાહસિકોના સામાજીક જૂથ અંગેના માળખાકીય પાસા અંગે પણ તેઓએ વિશદતાથી છણાવટ કરી છે, ઔદ્યોગિક પેદાશો અને સામાજીક જૂથો જ્ઞાતિગત વિભાજનના સહસબંધો પણ તપાસવાનો તેઓએ પ્રયત્ન કરેલ છે. તેઓના અભ્યાસમાં એવું જોવા મળેલ છે કે ગુજરાતમાં આજે પણ જ્ઞાતી અને અટક વચ્ચે મહત્વના સંબંધો હોય છે. ખાસ કરીને ઉદ્યોગ સાહસિકો પૈકીના જે સાહસિકો સામાજિક સંદર્ભે મધ્ય અને ઉચ્ચ જ્ઞાતી જૂથમાંથી આવે છે તેવા એટલે કે બ્રાહમણ, વાણીયા, પાટીદાર રાજપુત વગેરેમાં આ તત્વ વિશેષ જોવા મળે છે. આવા સામાજિક જૂથોની સરખામણીમાં સામાજિક પછાત ગણાતા જૂથોમાં આ બાબત વધુ અટપટી જોવા મળે છે એટલે કે સંસ્કૃતિકરણની પ્રક્રિયાના ભાગરૂપે આવા વર્ગમાં તેમની અટક બદલવા માટેનું વલણ વધુ જોવા મળેલ છે. અલબત આવા પછાત ગણાતા સામાજિક જૂથોનું પ્રતિનિધિત્વ ઉદ્યોગ ધંધાના કુલ પ્રમાણમાં ખૂબ ઓછું પ્રતિનિધિત્વ ધરાવે છે.

**૧૬. બર્ના જે. એસ. :–** [ઈન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રિન્યોરશીપ ઈન મદ્રાસ સ્ટેટ લંડન એશીયા પબ્લીશીગ હાઉસ ૧૯૬૦ (પાના નં. ૪૨ થી ૪૪ ૮૩ થી ૮૬)] બર્ના એ તત્કાલીન મદ્રાસ રાજયમાં

મેન્યુફેકચરીંગના ક્ષેત્રમાં ઉદ્યોગ સાહસિકોના વલણોને તપાસવાનો પ્રયત્ન કર્યો હતો. આ સંદર્ભે તેમના અભ્યયાસમાંથી એવો સંકેત પ્રાપ્ત થાય છે કે પરંપરાગત ધંધા અને જ્ઞાતિ જેવા પરિબળો સાહસિકતાના સંચાર સંદર્ભે બહુ જ ઓછો પ્રભાવ ધરાવે છે. તેમના મંતવ્ય મુજબ જ્ઞાતી, પરંપરાગત ધંધો – સાહસિક બનવા માટે સામાજિક સંમતી કે અસંમતી વગેરે બાબતો આર્થિક બાબતોની સરખામણીમાં ખાસ મહત્વ ધરાવતી નથી.

**૧૭. કલીગ :–** (ઓબસ્ટેકલ્સ ટુ એન્ટરપ્રિન્યોરશીપ (પાના નં. ૪–૫) પીટર કિલ્લી "એન્ટરપ્રિન્યોરશીપ અને ઈકોનોમીક ડેવલપમેન્ટ" ધ ફ્રી પ્રેસ ન્યુયોર્ક પાના નં. ૩૦૧ માંથી ઉધ્ધૃત) કલીગ દ્વારા તત્કાલીન બંગાળામાં પ્રવર્તમાન ધંધાકીય વલણોનો અભ્યાસ કર્યો હતો. તેમના સંશોધનમાં તેઓએ નોંધ્યુ છે તેમ બ્રિટીશરો દ્વારા જે દ્વિમુખી અને ભેદભાવભરી નીતિ અપનાવવામાં આવેલ અને ધંધાકીય પ્રવૃતિને એકદમ ગૌણ સ્થાન આપવામાં આવેલ. તે વલણને કારણે તે બંગાળામાં વ્યૈકિતક સાહસિકતાના વલણોનો વિકાસ ખુબ જ ધીમી ગતિએ થયેલો જોવા મળે છે.

**૧૮. ઈરાવતી કર્વે :–** [હિન્દુ સોસાયટી એન ઈન્ટરપ્રીટેશન સંગમ પ્રેસ પ્રાઈવેટ લિમિટેડ પૂના પાના નં. ૯૪,૯૫] ધંધાકીય ગતિશીલતા અને ઉપક્રમશીલતાના સંદર્ભે ઈરાવતી કર્વે તેમના અભ્યાસમાં એવું નોંધે છે કે "જે સમાજરચનામાં વ્યકિતના જ્ઞાતિગત જૂથને આધારે કર્મ કે ધર્મ પ્રધાનતા નકકી થાય છે તેવા સમાજમાં સ્થિરતા વધુ હોય છે અને ધંધાકીય સાહસો માટેની ગતિશીલતાની વૃતિ ઓછી હોય છે

**૧૯. બાલ્ડવીન :–** [ઈન્ડસ્ટ્રીયલ ગ્રોથ ઈન સાઉથ ઈન્ડીયા – કેઈસ સ્ટડીઝ ઈન ઈકોનોમીક ડેવલપમેન્ટ (ફ્રી પ્રેસ ન્યુયોર્ક ૧૯૫૯)] બાલ્ડવીન તેમના સંશોધન અભ્યાસમાં એવો મત દર્શાવે છે કે ભારતીય ઔદ્યોગિક સમાજમાં પરંપરાગત રીતે જેને મજબુત ગણવામાં આવે છે તેવા જ્ઞાતિના બંધનો પ્રમાણમાં શિથિલ જોવા મળેલા છે બહારથી આપણને જે પ્રથમ નજરે જોવા મળે છે તેવી ચૂસ્તતા તેમાં હોતી નથી. તે સમાજ તત્વનું વૈવિધ્ય, ઉદારીતા અને તેની કેટલીક રહસ્યમય નીતિઓના કારણે શહેરી વિસ્તારોમાં કે જયાં વિઘટનની પ્રક્રિયા વધુ ઝડપી છે તેવા વિસ્તારોમાં તેની ભૂમિકાને વધુ પડતી આંકવામા આવે છે.

**૨૦. સીધ :–** ["એસેટઝ કન્સર્નીગ ટાઈપ્સ ઓફ એન્ટરપ્રિન્યોરશીપ" પીટર કિલ્બી એન્ટરપ્રિન્યોરશીપ એન્ડ ઈકોનોમીક ડેવલપમેન્ટ ફ્રી પ્રેસ ન્યુયોર્ક માંથી ઉધ્ધૃત] ઉદ્યોગ સાહસિકતા અંગેની જાગરૂકતા વધે અને સ્વરોજગારી દ્વારા સમાજ ઝડપથી સ્વાવલંબન સિધ્ધ કરે તે સંદર્ભે શાસનની ભૂમિકાનું વિસ્તારપૂર્વકનું વિશ્લેષણ સીધ દ્વારા કરવામાં આવેલ છે. ખાસ કરીને સ્વતંત્રતા પૂર્વે વીસમી સદીના પ્રથમ ભાગમાં બ્રિટીશ સરકારની નીતિ પ્રોત્સાહક ન હતી. પરંતુ ૧૯૩૮ અને ૧૯૪૫ પછી તેમાં તબકકાવાર સુધારો

જોવા મળેલ છે. તેઓના મતે ઉદ્યોગ ક્ષેત્રે સરકારના હસ્તક્ષેપને એક આદર્શ વૈકલ્પિક અભિગમ ન ગણાતા માળખાકીય સમાયોજનાના મહત્વના સાધન તરીકે જોવામાં આવેલ. તેઓના મતે ઉદ્યોગ સાહસિકતાના સંદર્ભે શાસનની મહત્વની ભૂમિકા વિવિધ પ્રકારના સંગઠનો ઉભા કરવાની રહી છે જે ગ્રામ્ય અને અર્ધ શહેરી વિસ્તારોમાં વિવિધ નગર સુવિધા જેવી કે શિક્ષણ, આરોગ્ય વગેરે ક્ષેત્રોમાં સ્વરોજગારી અને વિકાસ માટે ખૂબ જ અસરકાર જોવા મળેલ. ધંધાકીય ક્ષેત્રે શાસનની કૌશલ્ય સંદર્ભે મર્યાદાઓ છતા એક આંતરમાળખું ઉભું કરીને નવો ઉત્સાહ પૂરો પાડવામાં શાસનની ભૂમિકા ઉપર સીધ ખૂબ જ વિધાયક રીતે પ્રકાશ ફેકે છે.

**૨૧. પીટર કિલ્બી :–** ["એન્ટરપ્રિન્યોરશીપ અને ઈકોનીમીક ડેવલપમેન્ટ" ફ્રી પ્રેસ ન્યુયોર્ક ૧૯૫૯ (પાના નં. ૩૧૩ થી ૩૧૫)] પીટરકિલ્બીએ વિવિધ તજજ્ઞોના સર્વેક્ષણ અભ્યાસોના તારણોને બૃહદ રીતે ટાંકીને ઉદ્યોગ સાહસિકતાની સફળતા નિષ્ફળતા અંગેના માપદંડો અંગે તે અંગેના અભ્યાસોની આવશ્યકતા ઉપર વિશેષ અસરકારક નોંધ રજૂ કરેલ છે.

ઉદ્યોગ સાહસિક વાસ્તવમાં નિયોજક સ્વરૂપે ઉત્પાદન સાધનનું અંગ છે. ઉદ્યોગ સાહસિકો માટે બજાર અને અન્ય ઉત્પાદકીય સાધનોનું વિશ્લેષણ એ મહત્વના વિષયો છે. ઉદ્યોગ સાહસિકના નિયોજક માટેનું બજાર તંત્રજન્ય અને સંચાલકીય કૌશલ્ય શ્રમ, મૂડી વળતરમાં જોવા મળતા તફાવતો તાલીમ અંગેના વૈકલ્પિક ખર્ચાઓ તાલીમ માટે મૂડીકરણ અને સાધનોનું ટકાઉપણું આ પ્રકારના મુદાઓને વણી નોંધે છે કે અને તે બાબતોને ભારતમાં પ્રમાણમાં ઓછું મહત્વ આપવામાં આવેલું છે.

મેઢોરા અને હેલેઈનરના વલણોને ટાંકીને કિલ્બી તેવું સમજાવવાનો પ્રયત્ન કરે છે કે ભારતમાં વાસ્તવમાં સાહસિકોના પૂરવઠાની ખેંચ સાહસિકતાના મંદ વિકાસ માટે જવાબદાર નથી. પરંતુ અનુમાનીત વળતરને નીચો દર વધુ કારણભૂત છે જયારે આ અભ્યાસોમાં એવું પણ તારણ છે કે નાઈજીરીયા જેવા દેશમાં ઉદ્યોગસાહસિકતાના મંદ વિકાસ માટે પ્રતિકૂળ આર્થિક વાતાવરણ નહી પરંતુ સ્થાનિક ધંધાકીય કૌશલ્ય અને ક્ષમતા વધુ જવાબદાર છે કેમ કે તે સમયે તે દેશમાં વિદેશી એજન્સીઓને ધંધાકીય ક્ષેત્રે નોંધપાત્ર સફળતા પ્રાપ્ત થયેલી હતી.

**૨૨. પુલક મિશ્રા અને રમાકાન્ત પૃષ્ટિ :–** [ડેવલપીગ એન્ટરપ્રીનયોરશીપ ઈન ઈન્ડીયા યોજના વોલ્યુમ ૪૭ ડિસે. ૨૦૦૩ (પાના નં. ૧૫ થી ૧૮)] ભારતમાં પ્રવર્તનમાન બેરોજગારી ના નિવારણના સંદર્ભમાં આયોજન પંચ અને સરકાર દ્વારા થતાં રહેલાં પ્રયત્નોના સંદર્ભમાં પ્રસ્તુત સંશોધન લેખમાં ટિપ્પણી કરતાં બન્ને વ્યાખ્યાતાઓએ ઉદ્યોગ સાહસિકતાનું વાતાવરણ નિર્માણ થાય તે માટે સ્વતંત્ર સંસ્થાઓ અને બિન સરકારી સંગઠનોની ભૂમિકા ઉપર ભાર મૂકયો છે. ઉદ્યોગ સાહસિકતા લાંબા ગાળાના ધ્યેય તરીકે ગતિશીલ સમાજના શ્રોત તરીકે વિકસે તે મુદા ઉપર તેમણે વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

**૨૩. ડો. ભીમપ્પા એ. :–** [એન્ટરપ્રીનયોરશીપ ઈન એગ્રીકલ્ચર યોજના વોલ્યુમ ૪૭ ડિસે. ૨૦૦૩ (પાના નં. ૧૯,૨૦]) ઉદ્યોગ સાહસિકતાના વિકાસને આર્થિક વિકાસ સાથે જોડીને વિવિધ ક્ષેત્રોમાં ખાસ કરીને કૃષિ ક્ષેત્ર, શિક્ષણ ક્ષેત્ર કે સમાજકાર્ય જેવા ક્ષેત્રમાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસ માટેની વિપુલ સંભાવનાઓ આ સંશોધન પત્રમાં રજૂ કરવામાં આવેલી છે. ખાસ કરીને કૃષિ સંલગ્ન ક્ષેત્રે ઉદ્યોગ સાહસિકતાનું વલણ વધે તે ગ્રામ્ય રોજગારીના સંદર્ભમાં વિશેષ આવશ્યક છે તે હકીકત કેટલાંક દષ્ટાંતો સાથે સમજાવેલ છે.

**૨૪. સૈફ સીદિકી :–** ["રૂરલ ઈન્ટરપ્રીનયોરશીપ એન્ડ પોવર્ટી એલીવિએશન પ્રોગ્રામ્સ" યોજના વોલ્યુમ ૪૭ ડિસે. ૨૦૦૩] ભારત સરકારના ગરીબી નિવારણ અંગેના વિવિધ કાર્યક્રમોની ટીકાત્મક આલોચના કરતાં આ લેખમાં ભારત સરકારના આર્થિક સર્વેક્ષણનો આધાર ટાંકીને ગ્રામ્ય ક્ષેત્રે સ્વરોજગારી માટે ઉદ્યોગ સાહસિકતા માટેની કેળવણી તાલીમ ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. વહીવટી તંત્રની વિધાયક દષ્ટિ આયોજકોની દૂરંદેશીતા અને બિન સરકારી સંગઠનોના સહયોગથી ઉદ્યોગ સાહસિકતા માટેનું ઉત્કૃષ્ટ વાતાવરણ ભારતમાં નિર્માણ થઈ શકે તેમ છે તે હકીકત તરફ ખાસ અંગૂલી નિર્દેશ કરવામાં આવ્યો છે.

**૨૫. સી. જયંથી :–** [વિમેન એન્ટરપ્રીનયોર્સ ઈન ધ ન્યુ વેવ ઈકોનોમીક ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજના વોલ્યુમ ૪૭ ઓગષ્ટ ૨૦૦૩] બદલાતાં જતાં આર્થિક અને સામાજિક પ્રવાહોના સંદર્ભમાં મહિલાઓની ક્રિયાશીલતા વિધાયક ભૂમિકાને સમજાવતાં આ લેખમાં એકંદરે સમાજની માનસિકતામાં અને ખાસ કરીને બહેનોની માનસિકતામાં હજી વધુ પરિવર્તન આવે અને ઘર મોરચો સંભાળતા સંભાળતા બહેનો પણ ઉદ્યોગ સાહસિકતા દ્વારા પૂરક અને અથવા મહત્વની ભૂમિકા ભજવી શકે તેમ છે. તેમ વિવિધ સંસ્થાકીય સંદર્ભોને ટાંકીને સમજાવવામાં આવેલ છે.

**૨૬. એસ. એસ. ખાનકા :–** [એથીકલ એન્ટરપ્રીનયોરશીપ ચેલેન્જીસ અને રીવોર્ડ યોજના વોલ્યુમ ૪૭ જુલાઈ ૨૦૦૩ (પાના નં. ૧૯ થી ૨૨)] આર્થિક વિકાસ અને સામાજીક સ્થિરતાનાં ધ્યેયને સિધ્ધ કરવા માટે જયારે સ્વરોજગારી માટે આગ્રહ વધતો જાય ત્યારે તેનાં ભાગરૂપે ઉદ્યોગ સાહસિકતાને વેગ મળે છે. પરંતુ ઉદ્યોગ સાહસિકતાને વ્યવસાયીકરણના નવા વાઘા પહેરાવીને સામાજીક જવાબદારીથી દૂર રાખવા માટેનાં થતાં રહેલાં પ્રયત્નો કે અભિગમો તરફ આ લેખમાં લાલબતી દર્શાવવામાં આવી છે. અને ભવિષ્યમાં ઉદ્યોગ સાહસિકતાનો વિકાસ નૈતિક મૂલ્યોનાં પાયા ઉપર મજબૂત બને તે બાબત ઉપર પ્રસ્તુત લેખમાં ખાસ ધ્યાન આપવામાં આવેલ છે.

**૨૭. વી.વી. રંગનાથન** – ["ધ નેસેસીટી ઓફ ઓપોર્ચ્યુનીઝમ" – બીઝનેસ સ્ટાન્ડર્ડ (તા. ૨૯/૧૦/૨૦૦૨) મૂળ **"ગ્લોબલ એન્ટરપ્રીનીયોરશીપ મોનીટર"** ૨૦૦૧ ના સર્વેક્ષણનો સાર ભાગ] ધી લંડન બીઝનેસ સ્કૂલ બેલ્સન કોલેજ યુ.એસ.એ. અને કેન્સાસ સ્થિત કૌફમેન સેન્ટર ફોર એન્ટરપ્રિન્યોરશીપ લીડરશીપ ના સંયુકત નીતિ હેઠળ ૧૯૯૯ ના વર્ષથી "ગ્લોબલ એન્ટરપ્રીન્યોરશીપ મોનીટર" શીર્ષક નો કાર્યક્રમ ચલાવવામાં આવે છે. આ કાર્યક્રમ અંતર્ગત મુખ્ય ત્રણ પ્રશ્નોની છણાવટ કરવામાં આવે છે.

૧. શું આંત્રપ્રિન્યોરશીપ (ઉદ્યોગ સાહસિકતા) ની પ્રવૃતિઓની કક્ષામાં વિવિધ દેશો વચ્ચે ભિન્નતા જોવા મળે છે ?

૨. શું આંત્રપ્રિન્યોરશીપ પ્રવૃતિઓની ભિન્નતાને દેશની આર્થિક વૃધ્ધિ સાથે કોઈ સંબંધ છે ખરો ?

૩. આંત્રપ્રિન્યોરશીપ ને લગતી પ્રવૃતિઓની કક્ષામાં જોવા મળતાં તફાવતો સાથે કઈ રાષ્ટ્રીય લાક્ષણિકતાઓ (ખાસીયતો) સંલગ્ન છે ?

આ સર્વેક્ષણમાં ૨૯ દેશોને આવરી લેવામાં આવેલ હતા. આ ૨૯ દેશો પૈકી ૧૬ દેશો યુરોપના ૩ લેટીન અમેરિકાના, ૨ ઉતર અમેરિકાના, ૪ એશિયાઈ દેશો અને ૪ અન્ય રાષ્ટ્રોનો સમાવેશ થતો હતો. સઘળા ઉતરદાતાઓને સર્વેક્ષણમાં એક સામાન્ય પ્રશ્ન એ પૂછવામાં આવેલો કે "ધંધાકીય સાહસની સ્થાપના તક આધારીત છે કે જરૂરીયાત આધારીત ?

ભારતની ઉદ્યોગ સાહસિકતાને સમગ્રલક્ષી આંક ૧૧.૨ ટકા જે ક્રમાંક ની દષ્ટિએ મોખરે થી નવમા ક્રમે હતો. પરંતુ તક આધારીત કે જરૂરીયાત આધારીત ધંધાકીય સાહસના સંદર્ભમાં આ સર્વેક્ષણનું તારણ એ પ્રકારનું રહયું કે તક આધારીત સાહસ સંસ્થાપનનો ટકાવારી આંક ૩.૯ અને ક્રમાંક ની દષ્ટિએ ૨૯ દેશો પૈકી નીચેથી પાંચમો રહયો જયારે જરૂરીયાત આધારીત સાહસિકતાનો આંક ૭.૫ એટલે કે બધા જ દેશોમાં ટોચનો જોવા મળેલ.

તક આધારીત ધંધાકીય સાહસ સંસ્થાપનના આંકમાં સર્વેક્ષણમાં દેશો વચ્ચે ઘણો મોટો તફાવત જોવા મળેલો જેમ કે આ આંક ઇઝરાયલ જેવા દેશોમાં ૨ ટકા તો ન્યુઝીલેન્ડ જેવા દેશમાં ૧૫% એટલે કે સાડા સાત ગણો તફાવત જોવા મળેલ. જરૂરીયાત આધારીત ધંધાકીય સાહસ સંસ્થાપન આંક નોર્વે જેવા દેશમાં ૦.૨૫% (એટલે કે ૪૦૦ પૈકી ૧ સાહસિક) જયારે ભારતમાં ૭.૫ % જેટલો ઉંચો એટલે કે લગભગ ૩૦ ગણો તફાવત જોવા મળેલ છે. આ સર્વેક્ષણના આ પ્રકારના પૃથ્થકકરણમાંથી એ પણ સ્પષ્ટ પ્રતિપાદીત થયેલ છે કે વિશ્વના આર્થિક દષ્ટિએ વિકસીત રાષ્ટ્રોમાં જરૂરીયાત આધારીત ધંધાકીય સાહસ સંસ્થાપનનું પ્રમાણ ૧ ટકાથી પણ ઓછું જોવા મળેલ. આવા ૭ દેશો પૈકી ૬ યુરોપના સમૃધ્ધ રાષ્ટ્રો છે કે જેમાં આર્થિક વૃધ્ધિ અને સામાજિક સલામતીના કાર્યક્રમોનું સ્તર પણ ઉચું જોવા મળેલ છે.

તક આધારીત ધંધાકીય સાહસ સંસ્થાપનનું વલણ મોટા ભાગે એવા દેશોમાં વધારે જોવા મળેલ છે કે

જયાં મેન્યુફેકચરીંગ ક્ષેત્ર ઉપર ઓછો ભાર આપવામાં આવે સરકારી નિયંત્રણો હળવા મર્યાદીત હોય. અનૌપચારિક રોકાણકર્તાઓ મોટા પ્રમાણમાં હોય અને ધંધાકીય સાહસને માટે એકંદર સન્માનની ભાવના પ્રવર્તમાન હોય.

જરૂરીયાત આધારીત ધંધાકીય સંસ્થાપન એવા રાષ્ટ્રોમાં વધુ જોવા મળેલ છે કે જેમાં આર્થિક વિકાસ નીચોં હોય, આંતરરાષ્ટ્રીય વ્યાપાર અર્થતંત્રનો ઓછો આધાર હોય સામાજિક કલ્યાણને લગતી સેવાઓનું વિસ્તૃતીકરણ ઓછું હોય અને અર્થતંત્રમાં મહિલા સશકિતકરણનું પ્રમાણ આવું જ નીચું હોય.

બિઝનેશ સ્ટાર્ન્ડડ દ્વારા મુંબઈ, દિલ્હી અને બેગ્લોરમાં સ્થિર થયેલા ૧૨૦ જેટલા વિવિધ લક્ષ્યાંકીત જુથના ઈન્ટરવ્યુ લેવામાં આવેલ તેઓની સાથેની મુલાકાત બાદ સર્વેક્ષણના અહેવાલનો સંક્ષિપ્ત સાર તા. ૪–૧–૨૦૦૫ ના ધી સ્ટ્રેટઝીસ્ટ નામની કોલમમાં પ્રસીધ્ધ કરવામાં આવેલ છે જેની મુખ્ય તારણો નીચે મુજબ છે.

(૧) ઉદ્યોગ સાહસિકતામાં વિશિષ્ટ કૌશલ્ય ની ઉણપ મૂડીની અછત અને કેટલાક બિન જરૂરી સાહસો આજે પણ મુખ્ય અવરોધક સાબિત થાય છે.

(૨) સામાન્ય ધારણા અને અપેક્ષા કરતા ઉલટુંચિત્ર એ સંદર્ભમાં જોવા મળેલ છે કે નાના અને મધ્યમ કક્ષાના કહી શકાય તેવા ઉદ્યોગ સાહસિકો પૈકીના ૬૩ ટકા જેટલા ઉદ્યોગ સાહસિકોએ મૂકત આર્થિક નીતિ ઉદ્યોગ સાહસિકતાના વિકાસને માટે મદદરૂપ અને ઉપયોગી થઈ હોવાનું જણાવ્યું છે. જયારે ૩૦ ટકા જેટલા ઉદ્યોગ સાહસિકોએ આ અંગે નકારાત્મક સૂર વ્યકત કર્યા છે.

(૩) મોજણીકૃત ઉદ્યોગ સાહસિકો પૈકીના ૭૦ ટકા જેટલા ઉદ્યોગ સાહસિકોએ સાહસિકતામાં પ્રારબ્ધને પ્રથમ અને મહત્વનું સ્થાન આપેલ છે જયારે ૨૫ ટકા જેટલા ઉદ્યોગ સાહસિકતા પ્રારબ્ધને ગૌણ સ્થાન આપે છે.

(૪) મોજણીકૃત ઉદ્યોગ સાહસિકોને તેમના મુખ્ય પ્રેરણા સ્ત્રોત તરીકે તેઓ કોને સ્થાન આપે છે તે અંગે પૂછવામાં આવતા ૧૮ ટકા એ સ્વ. ધીરૂભાઈ અંબાણીને, ૧૩ ટકા એ સ્વ. ધીરૂભાઈ અંબાણી તથા બન્ને ભાઈઓને, ૧૦ ટકા એ જે.આર.ડી ટાટાને, ડો. એ નારાયણ મૂર્તીને અને ૩ ટકા એ વોરન બુફોને પસંદગી આપી હતી

(૫) નાના ઉદ્યોગ સાહસિકોને મુલાકાત દરમ્યાન સાહસિકતામાં કોનું પ્રદાન મહત્વનું રહયુ છે તે અંગે પૂછવામાં આવતા તે પૈકીના ૬૩ ટકા એ તેમના ધંધાકીય વિકાસમાં કૌટુંબિક મદદને મહત્વના પરિબળ તરીકે સ્થાન આપેલ છે. જયારે ૨૭ ટકા એ આ સંદર્ભમાં નકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો.

(૬) ૮૦ ટકા થી પણ વધુ ઉદ્યોગ સાહસિકોએ નાણા પ્રબંધની મર્યાદા, ઉચી કષ્ટમ ડયુટી, ઉચ્ચદરના વેરાઓ, શ્રમ સુધારાઓની જડતા અને ઉચું સાધન ખર્ચ વગેરેને મુખ્ય પ્રશ્નો ગણાવેલ છે

(૭) વિવિધ ઔદ્યોગિક પેઢીઓમાં જોડાયેલા મેનેજરોના સર્વેક્ષણોમાં વર્તમાન ઔદ્યોગિક વાતાવરણ પોતાનો શરૂ કરવા માટે અનુકુળ છે કે અન્ય એકમોમાં નોકરી કરવા માટે અનુકુળ છે તે અંગે પૂછવામાં આવતા મોજણી કૃત મેનેજરો પૈકીના ૪૮ ટકા વર્તમાન વાતાવરણ સ્વકીય એકમો શરૂ કરવા માટે વધુ અનુકૂળ હોવાનું દર્શાવેલ છે જયારે ૩૪ ટકા મેનેજરોએ અન્ય એકમોમાં નોકરી કરવા માટે વાતાવરણ વધુ અનુકૂળ દર્શાવેલ વે ૧૮ ટકા મેનેજરોએ વર્તમાન વાતાવરણ બન્ને સંદર્ભે અનુકૂળ છે તેમ જણાવેલ છે.

(૮) મેનેજરોને ભારતની વર્તમાન શિક્ષણ પધ્ધતિ સ્વકીય સાહસમાટે અનુકુળ છે કે રોજગાર લક્ષી માન માટે અનુકુળ છે આ અંગે પૂછવામાં આવતા ૭૨ ટકા જેટલા મેનેજરોએ ભારતની વર્તમાન શિક્ષણ પધ્ધતિ ઉદ્યોગ સાહસિકતાને પ્રેરક ન હોવાનું જણાવેલ છે ૨૩ ટકા આ અંગે વિધાયક પ્રતિસાદ આપે છે. મેનેજરોને તેમના પ્રેરણા મૂર્તિ અંગે પૂછવામાં આવેલ ત્યારે વિદેશીઓના નામ પણ તેમની સામે મૂકવામાં આવ્યા હતા મેનેજરો પૈકીના લગભગ બધાજ મેનેજરો એ પ્રેરણા મૂર્તિ તરીકે ભારતના સાહસિકોને જ પસંદી કરેલ હતી જે પૈકી સૌથી વધુ ૧૯ ટકા જે.આર.ડી. ટાટાને ૧૪ ટકા નારાયણ મૂર્તિને ૯ ટકા ધીરૂભાઈ અંબાણીને અને ૭ ટકા અઝિમપ્રેમજીને પસંદ કરેલ હતા.

(૯) રાષ્ટ્રમાં આવેલ ટોચની સંચાલન શિક્ષણ આપતી મહાવિદ્યાલયોમાં ૪૦ ટકા જેટલા વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. પ્રથમ પ્રશ્ન તેઓ જેવા અભ્યાસ કરે છે તે શિક્ષણ સંસ્થા તેમને ઉદ્યોગસાહસિક બતાવા માટે તાલીમ આપે છે કે મેનેજર બનવા માટે તાલીમ આપે છે તે અંગેનું પૂછવામાં આવેલ જેના અનુસંધાનમાં ૪૩ ટકા યુવાન વિદ્યાર્થીઓ એ તેમને મેનેજર માટેની તાલીમ મળતી હોવાનું વ્યકત કર્યુ હતું. ૩૫ ટકા યુવાનોએ સ્વકીય એકમોમાટે તાલીમ મળતી જણાવેલ જયારે ૨૨ ટકા યુવાનો અસ્પષ્ટ હતા.

(૧૦) સંચાલન શિક્ષણ પૂર્ણ કર્યા બાદ તેમની ભવિષ્યની યોજના અંગે પૂછવામાં આવતા ૫૦ ટકા યુવાનોએ સ્વકીય સાહસ શરૂ કરવાની તત્પરતા દર્શાવી હતી ૧૭ ટકા યુવાનોએ સ્વકીય સાહસ શરૂ કરવાની તત્પરતા દર્શાવી હતી. ૩૧ ટકા યુવાનોએ ભારતીય કંપનીઓમાં જોડાઈ જવાની તૈયારી દર્શાવી હતી.

(૧૧) વિદ્યાર્થીઓને તેઓ ભવિષ્યમાં સ્વકીય સાહસ શરૂ કરશે કે કેમ ? તે અંગે પૂછવામાં આવતા ૭૨ ટકા વિદ્યાર્થીઓએ વિધાયક પ્રતિસાદ આપ્યો હતો ૧૭ ટકા તે નકારાત્મક શુર વ્યકત કર્યો હતો અને ૧૧ ટકા વિદ્યાર્થીઓ આ અંગે જોવા મળ્યા હતા.

(૧૨) સર્વેક્ષણના ભાગરૂપે પસંદ કરેલા ૪ માંદા ઔદ્યોગિક એકમો ને મુખ્યત્વે બે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા તેઓ હવે અન્યકોઈ ને ઉદ્યોગ સાહસિક બનાવાની ભલામણ કરશે કે કેમ ? તેવું પૂછવામાં આવતા ચાર પૈકીના ૩ ઉતર દાતાઓએ હકારાત્મક ઉતર આપ્યો હતો ઉદ્યોગ સાહસિકતાના વિકાસમાં

પ્રારબ્ધની ભૂમિકા અંગે પૂછવામાં આવતા ૪ પૈકીના ૩ ઉતર દાતાઓએ એટલે કે ૭૫ ટકા ઉતરદાતાઓએ નગણ્ય અથવા નહીવત ભૂમિકા ભજવે છે તેવું દર્શાવેલ જયારે એક ઉતરદાતા એટલે કે ૨૫ ટકા એ વિધાયક સુર વ્યકત કરેલ છે.

## ૨.૮ પ્રકરણ સાર :

ભારત જેવા વિકાસશીલ દેશમાં ઉદ્યોગ સાહસિકતાને ભૂતકાળની સરખામણીમાં આજે ઝડપથી પ્રતિસાદ મળતો રહેલો છે. અને દિશાની નવિનતા પણ તેમાં જોવા મળે છે. જેના કારણે નવી પેઢી સાહસીકતાના આ ગુણને નવીનીકરણના સંદર્ભમાં જોવાનો પ્રયત્ન કરે છે. તેથી એ સંશોધનનો મુદ્દો બને છે કે ઉદ્યોગ સાહસિકતાને ઐતિહાસિક ભૂમિકા છે ખરી ? અને શિક્ષણ અને સાહસિકતા વચ્ચે કોઈ ચોકકસ અનુબંધ જોવા મળે છે જે ચીત્ર રાષ્ટ્રીય સ્તર ઉપર છે તે જ ચીત્ર થોડાઘણા અંશે વધુ પ્રમાણમાં ગુજરાતમાં પણ જોવા મળે છે. તેથી ગુજરાતમાં જોવા મળતી ઉદ્યોગ સાહસિકતાની પ્રક્રિયાને રાષ્ટ્રીય વલણો સાથે તપાસવાના હેતુથી અને આ ઉદ્યોગ સાહસિકતામાં કયા પરિબળો વધુ મહત્વનું કામ કરે છે તે જાણવાના હેતુથી આ સંશોધન પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. અને સમગ્ર સંશોધન પ્રાથમિક તેમજ દ્વિતિયક માહિતી પર આધારીત છે.

સમગ્ર વિષયને આવરી લેતા ઘણાબધા પાસાઓ છે. જેમ કે આર્થિક પાસાઓ જેમાં ખર્ચ, રોકાણ, બજારીકરણ નો સમાવેશ થાય છે. તે ઉપરાંત માનવ સંશાધનનાં પાસાઓ, શૈક્ષણિક વાતાવરણ, રોજગારી અને વિકાસને જોડતી કડી તરીકે સાહસિકતા વગેરે બાબતોને આવરી લઈને આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને સ્થાનિક કક્ષાએ નાના–મોટા સંશોધન અભ્યાસો થયા છે. જે એમ સૂચવે છે કે ઉદ્યોગ સાહસિકતાના વિકાસની પ્રક્રિયામાં ઘણાબધા અંતરાયો આવે છે પરંતુ જો પહેલવૃતિનો વિકાસ સમજદારીથી થયો હોય તો આ અંતરાયોને દૂર કરી શકાય છે અથવા તો અનુકુલનશીલતા ઝડપથી સાધી શકાય છે.

**સંદર્ભ સુચિ :–**


1. **એવર્ટ હેગન :**(મૂળ : જી.એફ.પાયાનેકના લેખ, " ધી ડેવલોપમેન્ટ ઓફ એન્ટરપ્રીન્યોરશીપમાંથી ઉદધ્રુત. અમેરિકન ઈકોનોમિક રીવ્યુ મે ૧૯૬૨)
2. **એ. ઓ. હર્ષમેમ :**(પ્રાપ્તિ સ્થાન : જી.એફ.પાયાનેક ધી ડેવલોપમેન્ટ ઓફએન્ટરપ્રીન્યોરશીપ અમેરિકન ઈકોનોમિક રીવ્યુ મે ૧૯૬૨)
3. **ફીરોઝ લી. મેઢોરા :** (ફીરોઝ મેઢોરા એન્ટરપ્રીન્યોરશીપ ઈન ઈન્ડીયા પોલિટીકલ સાયન્સ કવાર્ટરલી નંબર ૪ સપ્ટેમ્બર ૧૯૬૫ પાનાનંબર ૫૫૮ – ૫૫૯)
4. **લેમ્બ :**(લેમ્બ : એપ્રાઈઝલ ઓફ ઈન્ડીયન બિઝનેશ કોમ્યુનીટીઝ પાના નં. ૧૦૧ થી ૧૦૩ –૧૯૬૩)
5. **એન્ડ્રયુ બિમર :** (એન્ડ્રયુ બિમર ધી સેટીગ ઓફ એન્ટરપ્રીન્યોરશીપ ઓફ ઈન્ડીયા કવાર્ટલી જર્નલ ઓફ ઈકોનોમિકસ. નવેમ્બર ૧૯૫૫ પાના નં. ૫૫૩ થી ૫૭૬)
6. **મેક્રોરી :** (મેક્રોરી કેઈસ સ્ટડીઝ ઈન લેટન્ટ ઈન્ડસ્ટ્રીયલ પોટેન્શીયલ : પ્રાપ્તી સ્થાન પીટરકીલબી સંપાદીત એન્ટરપ્રીન્યોરશીપ એન્ડ ઈકોનીમીક ડેવલોપમેન્ટ પાના. ૨૫૮)
7. **કલીંગ ડી :** (કલીગ – ઓફસ્ટીકાસ ટુ એન્ટરપ્રીન્યોરશીપ પાના નં. ૦૪–૦૫)
8. **ડી.આર ગાડગીલ :** (ડી.આર. ગાડગીલ : મોર્ડન ઈન્ડીયન બિઝનેશ કલાસ પાના નં. ૧૬)
9. **શ્રી નિવાસ :** (શ્રી નિવાસ : મોબિલીટી ઈન ધ કાસ્ટ સીસ્ટમ પાના નં. ૧૯૪ થી ૧૯૬ પ્રાપ્તીસ્થાન પીટર કીલ્બી એન્ટરપ્રિનિયોરશીપ એન્ડ ઈકોનોમીક ડેવલોપમેન્ટ ૧૯૭૧ મેકમિલન કેનેડા લીમીટેડ પાના નં. ૩૦૬)
10. **શ્રી એન. પી. સીંધ :–** "એનજી ઓ'સ ફાયર પ્લે ટુવાર્ડઝ ડેવલપીગ એન્ટરપ્રીન્યોરશીપ ઈન એશીયા" એશીયન એન્ટરપ્રીન્યોર ઓટમ નવી દિલ્હી (વોલ્યુમ ૨–નં.૨ ૧૯૯૨)
11. **ડી.એસ. લેન્ડેસ :–** ["ધી અનબાઉન્ડ પ્રોમેથ્યુઅસ ટેકનોલોજીકલ ચેઈન્જ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ ઈન વેસ્ટર્ન યુરોપ ફ્રોમ ૧૭૫૦ ટુ ધ પ્રેઝન્ટ" કેમ્બ્રીજ યુનિવર્સિટી પ્રેસ કેમ્બ્રીજ ૧૯૬૯ પાના નં. ૧૭૪]
12. **બી.એફ. હોઝલીટઝ :–** [સોશીયોલોજીકલ આસ્પેકટસ ઓફ ઈકોનોમીક ગ્રોથ ફ્રી પ્રેસ ગ્લેન્સો ઈલીનો ઈ.સ. ૧૯૬૦]
13. **એ.એચ. કોલે :–** [બીઝનેસ એન્ટરપ્રાઈઝ ઈન ઈટસ સોશીયલ સેટીગ હાર્વર્ડ]
14. **ફીરોઝ બી. મેઢોરા :– [**એન્ટરપ્રિન્યોરશીપ ઈન ઈન્ડીયા પોલિટિકલ સાયન્સ કવાર્ટરલી–I ૩૦, ૧૯૬૫ (૧૯૬૫)]
15. **શર્મા આર. એ. :–** ["એન્ટર પ્રિન્યોરલ ચેન્જ ઈન ઈન્ડીયન ઈન્ડસ્ટ્રી" સ્ટર્લીગ પબ્લીશર્સ નવી દિલ્હી ૧૯૮૦ પાના નં. ૧૯૧ થી ૧૯૩]

16. **એસ. એસ. ખાન્કા :–** ["એન્ટરપ્રિન્યોરલ ડેવલપમેન્ટ" એસ.ચાંદ એન્ડ કંપની પાના. ૫૭]

17. **ટી. એસ. પપોલા અને આર. ટી.તીવારી :–** ઈમ્પેકટ ઓફ કન્શેશનલ ફાઈનાન્સ ઓન ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ ઓફ બેકવર્ડ એરીયાઝ (એ સ્ટડી ઈન ઉતર પ્રદેશ લખનૌ) ગીરી ઈન્સ્ટીટયૂટ ઓફ ડેવલપમેન્ટ સ્ટડીઝ (મીમીયો ૧૯૮૧ પાના નં. ૧)

18. **પી.સી. જૈન :–**["ડેવલપીગ ફસ્ટ જનરેશન એન્ટરપ્રીન્યોર્સ ઈન્ડીયન એકસપીરીયન્સ" બત્રા અગ્રવાલ (સંપાદીત) એન્ટરપ્રિન્યોરશીપ એન્ડ સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ ન્યુ પોટેન્શીયલ્સ દિપ અને દિપ પબ્લીકેશન ઈ.સ. ૨૦૦૧ દિલ્હી પાના નં. ૧૭ થી ૨૭]

19. **ડી.વી. અવસ્થી :–** [ફોસ્ટરીગ એન્ટરપ્રિન્યોરશીપ એમોંગ એન્જીનીયરીગ સ્ટુડન્ટસ ઈનધ પોસ્ટ લીબરલાઈઝેશન એરા" બત્રા અગ્રવાલ સંપાદીત "એન્ટરપ્રિન્યોરશીપ એન્ડ સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝ ન્યુ પોટેન્શીયલ્સ દિપ અને દિપ પબ્લીકેશન ૨૦૦૧ દિલ્હી પાના નં. ૭૩ થી ૮૩]

20. **એસ.એસ.રંધાવા :–** [ન્યુ ચેલેન્જીસ ઓફ એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન ઈન્ડીયા શર્મા અને ધામેની (સંપાદીત) 'ઈન્ડીયન એન્ટરપ્રીન્યોરશીપ થીયરી એન્ડ પ્રેકટીસ અભિષેક પબ્લીશર્સ દિલ્હી ૨૦૦૨ પાના નં. ૧૨૧ થી ૧૩૦]

21. **પ્રા. આનંદ ડો.મેનન અને ડો. શર્મા :–** ["એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ એ મોડેલ બેઈઝડ ઓન ઈન્ડીયન ટ્રેડીસન્સ" શર્મા અને ધામેની (સંપાદીત) ઈન્ડીયન એન્ટર પ્રિન્યોરશીપ થીયરી એન્ડ પ્રેકટીસ અભિષેક પબ્લીશર્સ દિલ્હી ૨૦૦૨ (પાના નં. ૧૭૫ થી ૧૮૩)]

22. **વી. શ્રીમાળી :–** ["ચેન્જીસ ઈન ઈમર્જીગ એન્વાયરમેન્ટ એન્ડ ચેલેન્જીસ ટુ હયુમન રીસોર્સ મેનેજમેન્ટ ઈન એન્ટરપ્રિન્યોરલ વેન્ચર" શર્મા ધામેની (સંપાદીત) ઈન્ડીયન એન્ટર પ્રિન્યોરશીપ થીયરી અને પ્રેકટીસ અભિષેક પબ્લીશર્સ દિલ્હી પાના ૨. ૨૦૯ થી ૨૧૩]

23. **દિનેશ અવસ્થી :–** [રિસન્ટ ચેન્જીસ ઈન ગુજરાત ઈન્ડસ્ટ્રી ઈસ્યુઝ એન્ડ ઈવિડન્સ ઈકોનોમીક અને પોલિટિકલ વિકલી ઓગષ્ટ ૨૬ થી ૨ સપ્ટેમ્બર ઈ.સ. ૨૦૦૦ (પાના નં.૩૧૮૩ થી ૩૧૯૨)]

24. **તકશી શીનોદા :–** [ઈન્સ્ટીટયુશનલ ચેન્જ એન્ડ એન્ટરપ્રીન્યોરલ ડેવલપમેન્ટ એસ.એસ. આઈ. સેકટર ઈકોનોમીક અને પોલીટીકલ વિકલી ઓગષ્ટ ૨૬ થી સપ્ટેમ્બર ૨, ૨૦૦૦ (૩૨૦૫ થી ૩૨૧૪)]

25. **બર્ના જે. એસ. :–** [ઈન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રિન્યોરશીપ ઈન મદ્રાસ સ્ટેટ લંડન એશીયા પબ્લીશીગ હાઉસ ૧૯૬૦ (પાના નં. ૪૨ થી ૪૪ ૮૩ થી ૮૬)]

26. **કલીગ :–** (ઓબસ્ટેકલ્સ ટુ એન્ટરપ્રિન્યોરશીપ (પાના નં. ૪–૫) પીટર કિલ્લી "એન્ટરપ્રિન્યોરશીપ અને ઈકોનોમીક ડેવલપમેન્ટ" ધ ફ્રી પ્રેસ ન્યુયોર્ક પાના નં. ૩૦૧ માંથી ઉધ્ધૃત)

27. **ઈરાવતી કર્વે :–** [હિન્દુ સોસાયટી એન ઈન્ટરપ્રીટેશન સંગમ પ્રેસ પ્રાઈવેટ લિમિટેડ પૂના પાના નં. ૯૪,૯૫]

28. **બાલ્ડ વીન :–** [ઈન્ડસ્ટ્રીયલ ગ્રોથ ઈન સાઉથ ઈન્ડીયા – કેઈસ સ્ટડીઝ ઈન ઈકોનોમીક ડેવલપમેન્ટ (ફ્રી પ્રેસ ન્યુયોર્ક ૧૯૫૯)]

29. **સીધ :–** ["એસેટઝ કન્સર્નીગ ટાઈપ્સ ઓફ એન્ટરપ્રિન્યોરશીપ" પીટર કિલ્લી એન્ટરપ્રિન્યોરશીપ એન્ડ ઈકોનોમીક ડેવલપમેન્ટ ફ્રી પ્રેસ ન્યુયોર્ક માંથી ઉધ્ધૃત]

30. **પીટર કિલ્લી :–** ["એન્ટરપ્રિન્યોરશીપ અને ઈકોનીમીક ડેવલપમેન્ટ" ફ્રી પ્રેસ ન્યુયોર્ક ૧૯૫૯ (પાના નં. ૩૧૩ થી ૩૧૫)]

31. **પુલક મિશ્રા અને રમાકાન્ત પૃષ્ટિ :–** [ડેવલપીગ એન્ટરપ્રીનયોરશીપ ઈન ઈન્ડીયા યોજના વોલ્યુમ ૪૭ ડિસે. ૨૦૦૩ (પાના નં. ૧૫ થી ૧૮)]

32. **ડો. ભીમપ્પા એ. :–** [એન્ટરપ્રીનયોરશીપ ઈન એગ્રીકલ્ચર યોજના વોલ્યુમ ૪૭ ડિસે. ૨૦૦૩ (પાના નં. ૧૯,૨૦])

33. **સૈફ સીદિકી :–** ["રૂરલ ઈન્ટરપ્રીનયોરશીપ એન્ડ પોવર્ટી એલીવિએશન પ્રોગ્રામ્સ" યોજના વોલ્યુમ ૪૭ ડિસે. ૨૦૦૩]

34. **સી. જયંથી :–** [વિમેન એન્ટરપ્રીનયોર્સ ઈન ધ ન્યુ વેવ ઈકોનોમીક ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજના વોલ્યુમ ૪૭ ઓગષ્ટ ૨૦૦૩]

35. **એસ. એસ. ખાનકા :–** [એથીકલ એન્ટરપ્રીનયોરશીપ ચેલેન્જીસ અને રીવોર્ડ યોજના વોલ્યુમ ૪૭ જુલાઈ ૨૦૦૩ (પાના નં. ૧૯ થી ૨૨)]

36. **વી.વી. રંગનાથન** – ["ધ નેસેસીટી ઓફ ઓર્પોર્ચ્યુનીઝમ" – બીઝનેસ સ્ટાન્ડર્ડ (તા. ૨૯/૧૦/૨૦૦૨) મૂળ **"ગ્લોબલ એન્ટરપ્રીનીયોરશીપ મોનીટર"** ૨૦૦૧ ના સર્વેક્ષણનો સાર ભાગ]

# પ્રકરણ–૩

# ભારતમાં ઉદ્યોગ સાહસિકતાનો ઉદ્‌ભવ અને વિકાસ


૩.૧ પ્રારંભિક

૩.૨ ઉદ્યોગ સાહસિકતાનો વિકાસ વૈશ્વિક વિહંગાવલોકન

૩.૨.૧ વ્યાપારવાદ

૩.૨.૨ નૂતન ધાર્મિક સામાજિક મૂલ્યો

૩.૨.૩ શિક્ષણ ક્ષેત્રે પરિવર્તન

૩.૨.૪ મુકત વ્યાપાર નીતિ અને સ્પર્ધા યુકત બજારો

૩.૩ વિવિધ દેશોમાં ઉદ્યોગ સાહસિકતા ઉડતી નજરે

૩.૩.૧ બ્રિટનમાં ઉદ્યોગ સાહસિકતા

૩.૩.૨ અમેરિકામાં ઉદ્યોગ સાહસિકતા

૩.૩.૩ રશિયામાં ઉદ્યોગ સાહસિકતા

૩.૩.૪ જાપાનમાં ઉદ્યોગ સાહસિકતા

૩.૩.૫ ચીનમાં ઉદ્યોગ સાહસિકતા

૩.૩.૬ હંગેરીમાં ઉદ્યોગ સાહસિકતા

૩.૩.૭ નેપાળમાં ઉદ્યોગ સાહસિકતા

૩.૩.૮ થાઈલેન્ડમાં ઉદ્યોગ સાહસિકતા

૩.૩.૯ નાઈઝીરીયામાં ઉદ્યોગ સાહસિકતા

૩.૪ ભારતમાં ઉદ્યોગ સાહસિકતા

૩.૪.૧ ઐતિહાસિક અવલોકન

૩.૪.૨ બ્રિટીશકાળના ભારતમાં ઉદ્યોગ સાહસિકતા

૩.૪.૩ ૧૮૨૫ના પછીનો તબકકો

૩.૪.૪ કોમો અને જ્ઞાતિઓની અસરો

૩.૪.૫ સાહસિક કુટુંબનો ઉદભવ

૩.૪.૬ વ્યાપાર અને વ્યાવસાયિક ભૂમિકા

૩.૫ ભારતમાં ઉદ્યોગ સાહસિકતાના આધુનિક લક્ષણો

૩.૫.૧ ભારતીય ઉદ્યોગના કેટલાક મહારથીઓ

૩.૫.૨ ભારતીય ઉદ્યોગસાહસિકોની કેટલીક વિશેષતાઓ

૩.૬ ભારતમાં ઉદ્યોગ સાહસિકતાના સંભવિત ક્ષેત્ર

૩.૬.૧ બાયોટેકનોલોજી

૩.૬.૨ ઈન્ફરમેશન ટેકનોલોજી સંલગ્ન સેવાઓ

૩.૬.૩ ઈવેન્ટ મેનેજમેન્ટ

૩.૬.૪ ખાદ્ય પદાર્થ અને બાગાયતિ ક્ષેત્ર

૩.૬.૫ મીનરલ વોટર

૩.૬.૬ છૂટક બજાર

૩.૬.૭ કુરીયર સેવા

૩.૬.૮ વિજ સેવા

૩.૬.૯ હર્બલ

૩.૬.૧૦ એનિમેશન

૩.૭ ભારતીય ઉદ્યોગ સાહસિકોની કેટલીક વિશેષતા

૩.૮ ભારતમાં વેન્ચર કેપીટલ સંબંધી સરકારની નીતિ અને સંસ્થાકીય પ્રબંધ

૩.૮.૧ ભારતમાં વેન્ચર કેપીટલ સંબંધી સરકારની નીતિ

૩.૮.૨ ભારતમાં વેન્ચર કેપીટલ ફાયનાન્સ અંગેનું સંસ્થાકીય માળખું

૩.૯ ઉદ્યોગ સાહસિકતાનો મંદ વિકાસ – એક અવલોકન

૩.૧૦ પ્રકરણ સાર

## ૩.૧ પ્રારંભિક

ભારતમાં ઉદ્યોગ સાહસિકતા ઉદભવ અને વિકાસની પ્રક્રિયાનો વિચાર કરતી વખતે તેને વધુ સ્પષ્ટ રીતે સમજી શકાય અને મુલવી શકાય તે માટે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉદ્યોગ સાહસિકતાનો વિકાસ કેવા સંજોગોમાં અને કઈ કક્ષાએ થયો છે ? જુદા જુદા રાષ્ટ્રોમાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસની પ્રક્રિયા કેવી રહી છે ? જુદી જુદી આર્થિક વિચારધારોઓએ ઉદ્યોગ સાહસિકતાના વિકાસને આગળ વધારવામાં કેવો ભાગ ભજવ્યો છે ? ટેકનોલોજી અને શોધખોળોના ક્ષેત્રોમાં આવી રહેલાં પરિવર્તનોએ ઉદ્યોગ સાહસિકતાના વિકાસમાં કેવી ભૂમિકા ભજવી છે ? ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે આવી રહેલાં પરિવર્તનોએ ઉદ્યોગ સાહસિકતાને આગળ લઈ જવામાં કેવો ફાળો આપ્યો છે ? આ બધાં મુદાઓની છણાવટ – વિશ્લેષણ ઉપયોગી બની રહે છે.

ભારતમાં ઉદ્યોગ સાહસિક વર્ગનો ઉદભવ કેવા સંજોગોમાં અને કયારથી થયો ? યુરોપમાં જયારે વ્યાપારવાદી વિચારધારા વિકાસ પામી રહી હતી ત્યારે ભારતની પરિસ્થિતિ ઔદ્યોગિકક્ષેત્રે કેવી હતી? ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્રે કેટલાંક સાહસિક કુંટુંબોની ભૂમિકા કેવી રહી ? ઉદ્યોગ સાહસિકતાનું વર્તમાન માળખું કેવું છે ? જાહેરક્ષેત્ર અને ખાનગીક્ષેત્રનું ઉદ્યોગ સાહસિકતાના ઉદ્‌ભવ અને વિકાસમાં પ્રદાન, વર્તમાન ઔદ્યોગિક માળખું વગેરે મુદાઓ અને કેટલાંક ઉતરો આપણાં પ્રસ્તુત પ્રકરણમાં ચર્ચવામાં આવ્યાં છે. ઉપરોકત જુદા જુદા મુદાઓના વિશ્લેષણ દ્વારા આપણે ભારતમાં ઉદ્યોગ સાહસિકતાના ઉદભવ અને વિકાસની પ્રક્રિયાનું વિશ્લેષણ અને મુલ્યાંકન કરી શકશું.

## ૩.૨ ઉદ્યોગ સાહસિકતાના વિકાસનો આંતરરાષ્ટ્રીય પરીપ્રેક્ષ્ય

### પશ્ચિમની ઔદ્યોગિક ક્રાંતિ અને ઉદ્યોગ સાહસિક વર્ગનો ઉદભવ

ઉદ્યોગ સાહસિકતાનો વિકાસ જુદા જુદા રાષ્ટ્રોમાં ચોકકસ સંજોગો અને કારણોસર જુદા જુદા સમયે થયેલો જોવા મળે છે. વૈશ્વિક દષ્ટિએ ઉદ્યોગ સાહસિકોના વર્ગનો ઉદભવ પ્રથમ કયાં અને કેવા સંજોગોમાં થયો તેનો વિચાર કરીએ તો બ્રિટનમાં ૧૮ મી સદીના ઉતરાર્ધ અને ૧૯ મી સદી દરમ્યાન ઔદ્યોગિક ક્રાંતિ થઈ. બ્રીટન આધુનિક કારખાના પધ્ધતિનાં વિકાસનું મહત્વનું કેન્દ્ર બન્યું. બ્રીટનમાં તે સમય દરમ્યાન થયેલી અભૂતપૂર્વ ટેકનોલોજીકલ શોધખોળો દ્વારા વ્યાપારી વિવિધ વસ્તુઓ ધોરણે ઉત્પન્ન કરી તેને બજારપાત્ર બનાવનાર ઉદ્યોગ સાહસિકનો વર્ગ ઉદભવ્યો. ત્યાર પછી યુરોપના અન્ય રાષ્ટ્રો અને ઉતર અમેરિકામાં આ પ્રકારનાં ઔદ્યોગિક પરિવર્તનો આવ્યાં. આપણે અત્યારે જે પ્રકારના ઉદ્યોગ સાહસિકો જોઈ રહયાં છીએ, જે રીતે ઉદ્યોગ સાહસિકતાં વિકાસ પામી રહી છે, તેના મૂળ બ્રિટનની ઔદ્યોગિક ક્રાંતિમાં પડેલાં જોવા મળે છે.

જયારે આપણે આંતરરાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યમાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસને તપાસી રહયા છીએ ત્યારે બ્રિટન, અમેરિકા, જાપાન, રશિયા, ચીન, નાઈઝિરીયા, હંગેરી, નેપાળ, થાઈલેન્ડ વગેરે રાષ્ટ્રોમાં કઈ રીતે અને કેવા સંજોગોમાં ઉદ્યોગ સાહસિકોનો વર્ગ ઉદભવ્યો અને ઉદ્યોગ સાહસિકતા વિકાસ પામી તે જાણવું રસપ્રદ થશે.

ઉદ્યોગ સાહસિક વર્ગના વિકાસમાં મુખ્ય બે પરિબળોએ ભાગ ભજવ્યો છે. આર્થિક વિકાસ અને સામાજિક વિકાસ.

આર્થિક વિકાસની પ્રક્રિયા દરમ્યાન ત્રણ પ્રકારની અર્થવ્યવસ્થા જોવા મળી છે. પરંપરાગત અર્થવ્યવસ્થા, વિકાસશીલ અર્થવ્યવસ્થા, વિકસિત અર્થવ્યવસ્થા.

પરંપરાગત અર્થવ્યવસ્થામાં માનવીની જરૂરિયાતો ખુબ જ મર્યાદિત અને પ્રાથમિક કક્ષાની હતી જેને ખેતી અને ગૃહ ઉદ્યોગ દ્વારા સંતોષી શકાય. તેથી પરંપરાગત અર્થવ્યવસ્થામાં ઉદ્યોગ સાહસિક વર્ગનો ઉદભવ થયો ન હતો. પરંતુ સમય જતાં વિકાસશીલ અર્થવ્યવસ્થા વિકાસ પામી. માનવીની જરૂરિયાતો વધી અને તેમાં મોજશોખ – સુખસગવડની જરૂરિયાતો ઉમેરાઈ. જેણે ખેતીના વિકાસની સાથે સાથે ઔદ્યોગિક વિકાસની પ્રક્રિયાની શરૂઆત કરી વિકાસશીલ અર્થવ્યવસ્થાના આ તબકકામાં કેટલાંક સાહસિક લોકોએ માત્ર પોતાની જરૂરિયાત માટે જ નહી પણ અન્ય લોકો માટે પણ વસ્તુઓનું ઉત્પાદન કરી અને આવક મેળવવાનો પ્રયાસ કર્યો. તેમાંથી ઉદ્યોગ સાહસિક વર્ગનો ઉદભવ થયો અને ક્રમશઃ તેનો વિકાસ થયો વિકાસનાં આ તબકકામાં ઔદ્યોગિક ક્ષેત્રનું મહત્વ વધ્યું. ખેતીની સમાન કક્ષાએ ઉદ્યોગો પહોંચ્યા. ઉદ્યોગ સાહસિકતાના વિકાસ માટેની તકો વધવા પામી. નવી નવી વસ્તુઓની માંગ વધતાં ઉદ્યોગ સાહસિકતા વિકાસની પ્રક્રિયા ઝડપી બની.

વિકાસની પ્રક્રિયાનો ત્રીજો તબકકો વિકસિત અર્થવ્યવસ્થાનો છે. જયાં માત્ર પ્રાથમિક કે સુખ સગવડની જરૂરિયાત પૂરતું જ ક્ષેત્ર સીમીત નથી. જરૂરિયાતનો વ્યાપ આજ વિકસી ચૂકયો છે. મોજ શોખની વસ્તુઓનું ઉત્પાદન દિન – પ્રતિદિન વધતું જ જાય છે. સતત વધતી જતી વસ્તી નવાં નવાં સંશોધનો, ટેકનોલોજીના ક્ષેત્રે આવતાં પરિવર્તનો વગેરેના પરિણામે વસ્તુના ઉત્પાદનમાં વધારો થવાની સાથે તેની ગુણવતામાં પણ સુધારો થઈ રહયો છે. સતત વધતી જતી માંગને લીધે ઉદ્યોગ સાહસિક વર્ગની માંગમાં અનેક ગણો વધારો થયો છે.

ઉદ્યોગ સાહસિક વર્ગના ઉદભવ અને વિકાસમાં શિક્ષણ, ટેકનીકલ જ્ઞાન અને તાલીમે પણ મહત્વનો ભાગ ભજવ્યો છે. શૈક્ષણિક સુવિધાઓમાં થતો વધારો, ટેકનોલોજીના ક્ષેત્રે થતાં પરિવર્તનો, તાલીમની વધેલી સવલતો, ઇત્યાદિ બધાં પરિબળોએ ઉદ્યોગ સાહસિકતાના વિકાસ માટેની એક નકકર અને યોગ્ય પૂર્વભૂમિકા તૈયાર કરી આપી છે.

ઉદ્યોગ સાહસિકતાના વિકાસના સંદર્ભમાં ઉપરોકત મહત્વની બાબતને ધ્યાનમાં લીધાં પછી હવે આપણે વૈશ્વિક કક્ષાએ જુદા જુદા રાષ્ટ્રોમાં કઈ રીતે ઉદ્યોગ સાહસિકતા વિકાસ પામી તે તપાસીએ.

## ૩.૨.૧વ્યાપારવાદ અને રોકાણયોગ્ય ભંડોળો

યુરોપના આર્થિક ઈતિહાસમાં ઔદ્યોગિક ક્રાંતિ પહેલાંનો તબકકો વ્યાપારવાદ તરીકે જાણીતો છે. ઈંગ્લેન્ડ અને ફ્રાંસ સહિત યુરોપિઅન રાષ્ટ્રોએ વિશ્વના અનેક દેશોમાં પોતાના વ્યાપારી પ્રતિષ્ઠાનો આ સમય દરમ્યાન સ્થાપ્યા. જો કે, આ તમામ વ્યાપારી રાષ્ટ્રોમાં ઈગ્લેન્ડ અગ્રણી રાષ્ટ્ર હતું. વ્યાપાર મુખ્યત્વે સમુદ્ર

માર્ગે ચાલતો. ઈંગ્લેન્ડની પ્રખ્યાત ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ભારતમાં પોતાના વ્યાપારી સંસ્થાનો સ્થાપ્યા અને વખત જતા રાજયસતા પણ હસ્તગત કરી. આવું અનેક દેશોમાં થયું. ભારતની માફક એશિયા અને આફ્રિકાના અન્ય દેશો પર ઈંગ્લેન્ડની વ્યાપારી અને રાજકીય હકૂમત સ્થપાઈ. આથી અનેક દેશોમાંથી ધન સંપતિનો પ્રવાહ ઈંગ્લેન્ડ તરફ વળ્યો. આ અધિશેષમાંથી ઔદ્યોગિક પરિવર્તન માટે જરૂરી રોકાણપાત્ર ભંડોળો ઉપલબ્ધ બન્યા. ઈંગ્લેન્ડમાં થયેલા ઉદ્યોગ સાહસિકોના વર્ગના ઉદભવ માટે વ્યાપારવાદ અને વ્યાપારવાદના સમયમાં એકત્ર થયેલી ધન સંપતિનો ફાળો નોંધપાત્ર હતો.

### ૩.૨.૨નૂતન ધાર્મિક, સામાજિક અને રાજકીય મૂલ્યો

યુરોપમાં વ્યાપારવાદના વિકાસપૂર્વે વ્યાપક સ્વરૂપમાં વૈચારિક પરિવર્તનો આવ્યા હતા. પરંપરાગત ધાર્મિક માન્યતાઓ, જડતા અને પ્રતિબંધોની સામે 'પ્રોટેસ્ટન્ટ ચળવળ' તરીકે જાણીતાં બનેલા આંદોલનના પરિણામે સુધારાવાદી ધાર્મિક મૂલ્યોને વ્યાપક માન્યતા મળી. લોકો ક્રમશઃ નસીબવાદી મટી પુરૂષાર્થવાદી બન્યા. સાહિત્ય, કલા, સંગીત, નાટક ઈત્યાદી ક્ષેત્રે પણ નવ જાગૃતિ (રેનેસાં) નો યુગ આવ્યો. પ્રગતિશીલ સામાજીક મૂલ્યો તરફ લોકો અભિમુખ થયા. લોકો વધુ સ્વાતંત્ર્યપ્રેમી બન્યા. રાજકીયક્ષેત્રે સંવૈધાનિક (constitutional) પરિવર્તનો આવ્યા. લોકશાહી મૂલ્યોનો સ્વીકાર થયો. રાજસતાનું વર્ચસ્વ ઘટયુ, લોકસતાનું પ્રભુત્વ વધ્યું. મતાધિકાર મળ્યા. આત્મ નિર્ણય મહત્વનો બન્યો. આથી લોકોમાં આત્મવિશ્વાસ વધ્યો. આર્થિક, સામાજિક અને રાજકીય નિર્ણયો વધુ સ્વતંત્રપણે લેવાનું વાતાવરણ સર્જાયુ. નિર્ણયીકરણમાં સ્વાતંત્ર્ય, ઉદ્યોગ સાહસિકોના વર્ગના ઉદભવ માટે અત્યંત ઉપકારક સાબિત થયું.

### ૩.૨.૩શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે પરિવર્તન

નૂતન ધાર્મિક, સામાજીક અને રાજકીય મૂલ્યોના પ્રસારની સાથે શિક્ષણક્ષેત્રે આવેલા પરિવર્તનોના ફાળો ઉદ્યોગ સાહસિકોના વર્ગના ઉદભવ માટે નોંધપાત્ર સાબિત થયો લોકો જ્ઞાન વિજ્ઞાનની નૂતન શાખાઓ તરફ આકર્ષિત થયા. ઉચ્ચશિક્ષણ અને સંશોધનક્ષેત્રે વ્યાપક સંસ્થાકીય પરિવર્તનો આવ્યા. વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે નૂતન શોધખોળોનો યુગ શરૂ થયો. આથી ઔદ્યોગિક ઉત્પાદન, વાહન–વ્યવહાર, સંદેશા–વ્યવહાર, વગેરે ક્ષેત્રોમાં લોકોએ અગાઉ જેની કલ્પના સુધ્ધા ન કરી હોય તેવા પરિવર્તનો આવ્યા. આથી યુરોપમાં ઔદ્યોગિક ક્રાંતિ શકય બની અને ઉદ્યોગ સાહસિકોનો વર્ગ અસ્તિત્વમાં આવ્યો.

### ૩.૨.૪મુકત વ્યાપારનીતિ અને સ્પર્ધાનું અર્થકારણ

યુરોપમાં વ્યાપારવાદના વિકાસ માટે મુકત વ્યાપારનીતિ ઉપકારક સાબિત થઈ હતી. ઔદ્યોગિક ક્રાંતિનો સમય મુકત વ્યાપારનીતિનો પણ સમય હતો. તે સમયના અર્થશાસ્ત્રના પંડિતોએ રાજયને વ્યાપાર

અને ઉદ્યોગના વિકાસમાં હસ્તક્ષેપ નહી કરવા સલાહ આપેલી. લોકશાહી અને ખાનગી માલિકીના અધિકારોએ ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કર્યા. રાજયની બિન દખલગીરીને કારણે સ્પર્ધાનું અર્થકારણ અસ્તિત્વમાં આવ્યું. સ્પર્ધાયુકત મૂડીવાદી આર્થિક પધ્ધતિના પર્યાવરણમાં ઉદ્યોગ સાહસિકોનો વર્ગ તેના સ્વાભાવિક ક્રમમાં જ ઉદભવ પામ્યો.

ઉપર મુજબના મુકત આર્થિક, સામાજિક અને નૂતન પ્રગતિશીલ પર્યાવરણમાં ડેવિડ મેકલેલેન્ડે જેને "સિધ્ધિના માર્ગે સમાજ" (ધ એચીવીગ સોસાયટી) નામ આપ્યું તેવી, કશુંક સિધ્ધ કરવાની તમન્નાથી ભરપૂર સમાજ વ્યવસ્થા અસ્તિત્વમાં આવી. તેના મહત્વના હિસ્સા તરીકે મુડીવાદી જૂસ્સાથી ભરપૂર, ઔદ્યોગિક અર્થવ્યવસ્થાનો અગ્રેસર, આધુનિક સાહસિકોનો વર્ગ ઉભરી આવ્યો. જે સાહસિકો પરંપરાગત પધ્ધતિથી કામ કરતાં તેઓ કારખાના પધ્ધતિ સામેની સ્પર્ધામાં ટકી શકયા નહીં.

## ૩.૩ વિશ્વના વિવિધ દેશોમાં ઉદ્યોગ સાહસિકતા એક અવલોકન

### ૩.૩.૧ બ્રિટનમાં ઉદ્યોગ સાહસિકતાનો વિકાસ

બ્રિટનમાં ઈ.સ. ૧૬૮૮ માં રાજકીય ક્રાંતિ થઈ તે પહેલાં હસ્તકલા ઉદ્યોગો દ્વારા વપરાશી વસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવતું હતું. રાજકીય ક્ષેત્રે ઈ.સ. ૧૬૮૮ પછી જે ફેરફારો થયાં તેની સાથે સાથે આર્થિક ક્ષેત્રે પણ ફેરફારો થયાં. ઈ.સ. ૧૭૬૦ માં બ્રિટનમાં ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત થઈ. ઔદ્યોગિક પાર્શ્વભૂમિમાં સંશોધકો અને સાહસિકોનો એક નવો વર્ગ ઉદભવ્યો આ સમય દરમ્યાન થયેલી વિવિધ શોધખોળો – હમ્ફ્રીની ડેવીની સલામત દીવાની શોધ, મીલ્કીન્સની વરાળ શકિતથી ચાલતાં હથોડાની શોધ , જેમ્સ કારગ્રીવઝની સ્પિનિંગ જેનીની શોધ, રીચાર્ડ આર્કક્રાઈટની વોટર ફ્રેઈમની શોધ, એડમન્ડ કોર્ટ રાઈટની જળશકિતથી ચાલતી શોળની શોધ, મેટ કાફેની રસ્તા બાંધવાની શોધ– એ ઉદ્યોગ સાહસિક વર્ગના વિકાસને ખૂબ જ પ્રોત્સાહન પૂરૂ પાડયું. બ્રિટને ઉદ્યોગ સાહસિક વર્ગ અને ઉદ્યોગ સાહસિકતાનાં વિકાસ દ્વારા વિશ્વનાં રાષ્ટ્રોને વિકાસની એક નવી દિશા પ્રદાન કરી. બ્રિટનની ઔદ્યોગિક ક્રાંતિ અને ઉદ્યોગ સાહસિકતા પરસ્પર પૂરક બની રહયા. બ્રિટનમાં ઈ.સ. ૧૭૬૦ પછી ઉદ્યોગ સાહસિક વર્ગના ઉદભવ અને વિકાસને બ્રિટનની રાજકીય ક્રાંતિ, ઔદ્યોગિક ક્રાંતિ, ટેકનીકલ શિક્ષણનો પ્રચાર અને પ્રસાર, સંશોધનો અને શોધખોળો, મુકત વ્યાપારનીતિ, સંરક્ષણાત્મક ઔદ્યોગિકનીતિ, અનુકૂળસામાજિક વ્યવસ્થા વગેરે પરિબળોએ મહત્વનો ભાગ ભજવ્યો. (શ્રોત વસંત દેસાઈ એન્ટરપ્રીન્યોરલ ડેવલપમેન્ટ હિમાલય હાઉસ)

### ૩.૩.૨અમેરિકામાં ઉદ્યોગ સાહસિકતાનો વિકાસ

બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીની તુલનામાં અમેરિકામાં ઉદ્યોગ સાહસિકતાનો ઉદભવ અને વિકાસ ઘણો

મોડો થયો હતો. ઈ.સ. ૧૮૫૦ સુધી અમેરિકામાં ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ અપૂરતો હતો. અમેરિકામાં આંતર વિગ્રહે ચીજવસ્તુઓની માંગમાં અસાધારણ વધારો કર્યો અને ઔદ્યોગિક ક્રાંતિના ઉદભવના સંજોગો સર્જાયા. ઉદ્યોગોમાં વિકાસને ઉતેજન મળે તેવી આર્થિક નીતિ ઘડી કાઢવામાં આવી. ઈ.સ. ૧૮૬૦ થી ૧૯૦૦ સુધીના અમેરિકામાં વિવિધ ક્ષેત્રે ખેડાણ કરવાની શકિત ધરાવતાં ઉદ્યોગ સાહસિકો ઉદભવ્યાં. તે વખતની સાનુકૂળ સમાજ વ્યવસ્થાએ ઉદ્યોગ સાહસિકતાના વિકાસને બળ પૂરૂ પાડયું આ સમય ગાળા દરમ્યાન કારનેગીએ પોલાદ ઉદ્યોગ , રોક ફેલરે ખનીજ તેલ ઉદ્યોગ, આર્મરે માર્શબેન્કીગ વગેરે ઉદ્યોગો વિકસાવ્યાં અને તેની સાથે સાથે અનેક ઉદ્યોગ સાહસિકોએ વિવિધ ઉદ્યોગોની સ્થાપના કરી. તેમજ સંશોધન કેન્દ્રની સ્થાપનાં થતાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસની પ્રક્રિયા સરળ અને ઝડપી બની. પોલીવર ઈવાઈને કરેલ સ્ટીમ એન્જીનની શોધ, એલીયાસ હોર્મોનીસ સીવવાના સંચાની શોધ, મોર્સની સંદેશા વાહક યંત્રની શોધ વગેરેએ ઔદ્યોગિક વિકાસ અને ઉદ્યોગ સાહસિકતાના વિકાસને માટે મહત્વની પ્રેરણા પૂરી પાડી.

અમેરીકામાં ઉદ્યોગ સાહસિક વર્ગના વિકાસ માટે ટેકનીકલ શિક્ષણનો ફાળો ખૂબ મહત્વનો છે. ઈ.સ. ૧૮૬૨માં અમેરિકામાં ટેકનીકલ શિક્ષણ માટે અને સંશોધન માટે આર્થિક સહાય આપવાની શરૂઆત કરવામાં આવી. ઈ.સ. ૧૮૬૪માં નેશનલ એકેડમી ઓફ સાયન્સ ૧૮૬૫માં મેસેચ્યુએકટસ ઈન્સ્ટીટયુટ જેવી સંસ્થાઓ ઈ.સ. ૧૯૦૦ સુધીમાં તો અમેરીકામાં ઉચ્ચ ટેકનીકલ માટેની ૧૪૭ જેટલી સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી. જેણે ઉદ્યોગ સાહસિકતાને વિકસાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો. જો કે ૧૯૨૯ ની વિશ્વ વ્યાપી મંદીની અસર ઉદ્યોગ સાહસિકતાના વિકાસ પર આંશિક રીતે વિપરીત થઈ હતી. પણ પુનઃ ન્યુડિલની નીતિએ ઉદ્યોગ સાહસિકતાના વિકાસને આગળ વધાર્યો. આમ અમેરિકાના ઉદ્યોગ સાહસિકતાના વિકાસમાં આંતર વિગ્રહ, વણવપરાયેલી વિપુલ સાધન સંપતિ, શ્રમના પુરવઠામાં થતી વૃધ્ધિ, મુકત વ્યાપાર નીતિ, સંરક્ષણાત્મક નીતિ, ટેકનીકલ શિક્ષણ અને સંશોધન ઔદ્યોગિક ક્ષેત્રને પોષક અનેક શોધખોળો વગેરે પરિબળોએ મહત્વનો ભાગ ભજવ્યો છે. (શ્રોત : વસંત દેસાઈ એન્ટરપ્રીનયોરલ ડેવલપમેન્ટ પાના નં. ૩૬૩ થી ૩૬૬ હિમાલય હાઉસ ૧૯૯૮)

### ૩.૩.૩ રશિયામાં ઉદ્યોગ સાહસિકતાનો ઉદભવ અને વિકાસ

રશિયામાં ઉદ્યોગ સાહસિકતાને સમજવા માટેની રશિયાની રાજકીય પરિસ્થિતિનો આછો ચીતાર મેળવવો જરૂરી છે. ઈ.સ. ૧૮૬૧ સુધી રશિયા આર્થિક રીતે ખુબ જ પછાત હતું. રશિયામાં ઝારનું શાસન હતું. સામંતશાહી વ્યવસ્થા હતી. સામંતો ખેડૂતો અને કારીગરોનું શોષણ કરતાં હતાં. આ શોષણમાંથી ઝારની શાસન વ્યવસ્થા સામે બળવો થયો. પ્રજાના વિરોધને શાંત કરવા મુકિત ધારો પસાર કરવામાં આવ્યો. ખેડૂતો અને કારીગરોએ શહેર તરફ પ્રયાણ કર્યુ. ઉદ્યોગ સાહસિકોને પોતાના ઉદ્યોગો શરૂ કરવાની તક પ્રાપ્ત થઈ સરકારે ઉદ્યોગોને રક્ષણ આપ્યું નાણાકીય સહાય કરી, નિકાસ વધારવા પ્રયાસો કર્યા. કરવેરાનીતિ પણ

ઉદ્યોગ વિકાસને સહાયક અને પોષક હતી. વિદેશી મુડી અને વિદેશી ટેકનીશયનોને આમંત્રણ આપીને આધુનિક ઔદ્યોગિક વિકાસ માટે સાનુકૂળ પરિસ્થિતિનું સર્જન કર્યુ. રશિયામાં લોખંડ પોલાદના ઉદ્યોગના વિકાસની સાથે કાપડ ઉદ્યોગનો વિકાસ લૂડવીગ નુપ ગરમ કાપડ ઉદ્યોગની માર્જ થોર્ટનનું નામ જોડાયેલ છે. હવે આંતરિક ઉત્પાદનને આંતરરાષ્ટ્રીય બજારો માટે ઉત્પાદન થવાં લાગ્યું. આમ ઈ.સ. ૧૮૬૧ પછીના બનાવો અને સંજોગોએ રશિયામાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસને પ્રેરક બળ પૂરૂ પાડયું.

પરંતુ ૧૯૧૪ ના પ્રથમ વિશ્વ યુધ્ધે રશિયાના ઔદ્યોગિક વિકાસ પર વિપરીત અસર કરી. ઔદ્યોગિક ઉત્પાદન ઘટયું, કારખાનાઓ બંધ થયાં. ઈ.સ. ૧૯૧૭ માં ઝાર શાસનનો અંત આવ્યો અને સામ્યવાદી શાસનની શરૂઆતમાં જેની ઉદ્યોગ સાહસિકતાના વિકાસ પર વિપરીત અસર થઈ જોકે ૧૯૨૧ માં નવી નીતિ અન્વયે નાના અને મધ્યમ કદનાં ઉદ્યોગો ખાનગી ઉત્પાદકોને સોંપવામાં આવતાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસ માટેની તક ઉભી થઈ. ૧૯૨૮ પછી રશિયામાં પંચવર્ષીય યોજના દ્વારા આર્થિક વિકાસ સાધવાની શરૂઆત થઈ. જોકે પ્રથમ બે યોજનામાં ખાનગી ઉદ્યોગ સાહસિકો માટે બહુ આશાસ્પદ તક ન હતી. પરંતુ સરકારે જાહેર ક્ષેત્રે ઉદ્યોગોની સ્થાપના કરતાં ઉદ્યોગ સાહસિકતા વિકાસ માટેની એક પૂર્વ ભૂમિકા તૈયાર થઈ હતી. આમ રશિયામાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસ માટે ઈ.સ. ૧૮૬૧ નો મુકિત ધારો, ઝાર સરકારની ખાનગી ઉદ્યોગને પ્રોત્સાહન આપવાની નીતિ, વિદેશી મૂડી અને ટેકનોલોજીજ્ઞાનની આયાત નીતિ, ૧૯૨૧ની નવી આર્થિક નીતિ વગેરેએ ઉદ્યોગ સાહસિકતાના વિકાસ માં મહત્વનો ભાગ ભજવ્યો. (શ્રોત વસંત દેસાઈ એન્ટરપ્રીનીયોરલ ડેવલપમેન્ટ પાના નં. ૩૬૧ થી ૩૬૩ હિમાલય હાઉસ ૧૯૯૮)

### ૩.૩.૪ જાપાનમાં ઉદ્યોગ સાહસિક વર્ગનો ઉદભવ અને વિકાસ :–

ઈ.સ. ૧૮૬૮ પહેલાં જાપાનમાં ખેડૂતો કલાકારીની વસ્તુઓનું સર્જન કરતાં હતાં. આધુનિક પ્રકારના કહી તેવાં ઉદ્યોગો ખાસ વિકસ્યાં ન હતા. તેનું કારણ તે વખતના જાપાનની રાજકીય સ્થિતિને ગણાવી શકાય. પરંતુ ૧૮૬૭ માં સામંતશાહી સોગુન સત્તાના પતન બાદ મૈજી શાસન આવ્યું. જેની વિચારધારા પ્રગતિશીલ હતી. તેથી ઔદ્યોગિક વિકાસની પ્રક્રિયા ઝડપી બની. પરંતુ હજી જાપાનમાં પરિવહન સવલતો પૂરતી વિકસી ન હતી. ટેકનીકલ જ્ઞાને અને મુડીની પણ અછત હતી. તેથી ખાનગી ક્ષેત્રે ઉદ્યોગોનો વિકાસ ખૂબ જ મર્યાદિત હતો. પરંતુ મૈજી સરકારે ખાનગી ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવા માટે જાહેર ક્ષેત્રે ઉદ્યોગોનો વિકાસ કરવાની શરૂઆત કરી. જાહેર ક્ષેત્રે ઉન, રેશમ, કાચ, ધાતુ, રસાયણ, વાહન વ્યવહાર એન્જીનીયરીંગ વગેરે ઉદ્યોગોની સ્થાપના કરી. અને તેને વિકસાવ્યાં અને પછી આ ઉદ્યોગો ખાનગી ઉદ્યોગ સાહસિકોને સોંપી દેવામાં આવ્યાં. જેનો લાભ ખાનગી સાહસિકોએ લઈને ઔદ્યોગિક વિકાસની પ્રક્રિયાને ખુબ ઝડપી બનાવી. જાપાનને ઉદ્યોગ પ્રધાન દેશની હરોળમાં મુકી દીધો. જાપાનમાં ઉદ્યોગ સાહસિકતાને વિકસાવવામાં રાજયનો ફાળો અસાધારણ રહયો હતો.

પ્રથમ વિશ્વ યુધ્ધે પણ જાપાનના ઉદ્યોગોને વિકસવાની પુરેપુરી તક આપી. વપરાશી વસ્તુઓ ઉપરાંત લોખંડ પોલાદ ઉદ્યોગ આ ગાળામાં સારો એવો વિકાસ પામ્યો. પણ પ્રથમ વિશ્વ યુધ્ધ પુરૂ થતાં યુધ્ધકાલીન માંગમાં ઘટાડો થતાં તેની વિપરીત અસર ઉદ્યોગ સાહસિક વર્ગના વિકાસ ઉપર થઈ. ૧૯૨૩ માં જાપાનમાં થયેલા ધરતીકંપે ઔદ્યોગિક ક્ષેત્રને ઘણું નુકશાન કર્યુ. ૧૯૨૭ ની લેકસ્ટોરી અને ૧૯૨૯ની વિશ્વમંદીએ પણ ઔદ્યોગિક વિકાસને અવરોધવામાં પોતાનો ફાળો આપ્યો. જોકે સરકારે આ સમયગાળામાં ઉદ્યોગ સાહસિક વર્ગને બચાવી લેવા માટે નાણા વિસ્તરણની નીતિ અપનાવી ઉદ્યોગ સાહસિકોને નીચાં વ્યાજના દરે નાણાં પુરા પાડીને તેઓને સહાયક બનવાનો પ્રયત્ન કર્યો.

જાપાનના ઉદ્યોગ સાહસિકતાના વિકાસની એક વિશિષ્ટતા એ રહી છે કે ત્યાં આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ જોવા મળે છે. મોટા ભાગના ઉદ્યોગ ઉપર બત્સુ કુંટુંબોનો કબજો હતો. તે ઉપરાંત મિત્સુઈ , મિત્સુબીસી, સુનીતોનો અને યાસુદા કુંટુંબનું વર્ચસ્વ પણ ઉલ્લેખનીય હતું. દવા, બેન્કીગ, વીમો, બાંધકામ, વિદ્યુત જેવા અનેક મહત્વના ક્ષેત્રો ઉપર આ કુંટુંબોનું વર્ચસ્વ હતું.

આમ જાપાનમાં ઉદ્યોગ સાહસિકતાના ઉદ્ભવ અને વિકાસમાં જાપાનીઝ પ્રજાના વારસાગત કલાકારીગરીના સંસ્કારો, મૈજી સરકાર રાજય દ્વારા પ્રોત્સાહનો, પ્રથમ વિશ્વ યુધ્ધે આપેલાં નફા વગેરે પરિબળો મહત્વનાં ગણાવી શકાય. (શ્રોત : પીટર કીલ્બી એન્ટરપ્રીનયોરશીપ એન્ડ ઈકોમીક ડેવલપમેન્ટ પાના નં. ૨૨૫ થી ૨૮૬ ધ ફ્રી પ્રેસ ન્યુયોર્ક)

### ૩.૩.૫ ચીનમાં ઉદ્યોગ સાહસિકતાનો ઉદભવ અને વિકાસ

ચીનમાં ઉદ્યોગ સાહસિકતાનો ઈતિહાસ બહુ જુનો નથી. ચીન સામ્યવાદી હોવાથી માંગની ઉપક્રમશીલતાને ઘણો ઓછો અવકાશ છે. છતાં ૧૯૭૯ પછી અને ખાસ કરીને સાંસ્કૃતિક કાર્ય પછી ધીમે ધીમે ચીનમાં બજાર અર્થતંત્રની શરૂઆત થઈ ચુકી છે. જુદા જુદા ક્ષેત્રોમાં વિદેશી મુડીરોકાણનો હિસ્સો વધતો રહયો છે. ઔદ્યોગિક ક્ષેત્રે પણ કરાર દ્વારા નિશ્ચિત પેદાશ કરતાં વધારાની પેદાશને મુકત બજારમાં વેચાણ માટે મુકાય છે. અને નફાને પણ નવીનીકરણ માટેની છુટ અપાય છે. ચીનમાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસના સંદર્ભમાં ધ્યાન ખેચે તેવી બાબત "વિશિષ્ટ આર્થિક ઝોનની રચના છે આવા ઝોન મોટે ભાગે હોંગકોંગની આજુબાજુમાં વિકસ્યા છે. હજી પણ ચીનમાં અમલદારશાહી તુમારના કારણે ઉદ્યોગ સાહસિકતાને પ્રેરક નીતિ વિષયક નિર્ણયોમાં વિલંબ વિશેષ થતો જોવા મળે છે. અલબત એ હકીકતનો સ્વીકાર કરવો રહયો કે હવે ઉદ્યોગ સાહસિકતાના વિકાસ માટેની એક પૂર્વ ભૂમિકા તૈયાર થઈ ચુકી છે.

છેલ્લા દાયકામાં ચીને વપરાશી ચીજવસ્તુના ઉદ્યોગોના ક્ષેત્રે જે પ્રગતિ સાધી છે. તેનાથી વિશ્વના ઘણાં અર્થતંત્ર માટે સ્પર્ધામાં ટકી રહેવાનું મુશ્કેલ બની રહે તેવી પરિસ્થિતિ ઉદ્ભવી છે. આમ છેલ્લા દાયકાથી ચીનમાં ઉદ્યોગ સાહસિકતાની વિકાસની પ્રક્રિયા બળવતર બની છે. એ હકીકત સ્વીકારી જ રહી. (શ્રોત : વસંત

દેસાઈ, એન્ટરપ્રીનયોરલ ડેવલપમેન્ટ પાના નં. ૩૫૩, ૩૫૪ હિમાલય હાઉસ ૧૯૯૮)

### ૩.૩.૬હંગેરીમાં ઉદ્યોગ સાહસિકતાનો વિકાસ

હંગેરી એ આદેશાત્મક અર્થતંત્રમાં પણ ઉદ્યોગ સાહસિકતાનું અસ્તિત્વ સંભવિત છે, તેનું દષ્ટાંત છે. ઈ.સ. ૧૯૬૮ થી હંગેરીમાં આર્થિક સુધારાની પ્રક્રિયાનો પ્રારંભ થયો. આજે પૂર્વ યુરોપીયન દેશોમાં હંગેરી સૌનું ધ્યાન આકર્ષક કેન્દ્ર બન્યું છે. રૂફ નામના હંગેરીયન અર્થશાસ્ત્રીએ હંગેરીમાં સુધારા પાછળનું મુખ્ય હાર્દ ખાનગી સાહસોને ગણાવેલ છે. તેમના મતે નાના ખાનગી ક્ષેત્રના ઔદ્યોગિક સંગઠનોની સ્થાપનાથી હંગેરીના અર્થતંત્રને નવો જ વળાંક મળ્યો છે. પ્રાથમિક તબકકે ખાનગી સાહસોનું મુખ્ય કાર્યક્ષેત્ર નીપજકો પેદા કરવાનું હતું. શરૂઆતના તબકકામાં ખાનગી સાહસિકોને જરૂરી સહાય આપવામાં આવી હતી. વસંત દેસાઈ તેમના પુસ્તકમાં નોંધે છે તેમ રૂફ જેવા અર્થશાસ્ત્રી સમજાવે છે કે હંગેરીમા અર્ધ ખાનગી સાહસો ખૂબ ઉંચો નફો કમાય છે. અને બજારની પરિસ્થિતિ મુખ્ય પરિવર્તન પણ સાધતા રહે છે. હંગેરીનો અનુભવ એવું સુચવે છે કે આદેશાત્મક અર્થતંત્રમાં શાસકીય અભિગમ જો વધુ વિધાયક હોય તો સાહસિકતા માટે વધુ સાનુકૂળ પરિસ્થિતિ સર્જી શકાય છે. (શ્રોત વસંત દેસાઈ એન્ટરપ્રીનયોરલ ડેવલપમેન્ટ પાના નં. ૩૫૪, ૩૫૫ હિમાલય હાઉસ)

### ૩.૩.૭નેપાળમાં ઉદ્યોગ સાહસિકતાનો વિકાસ

નેપાળનો આર્થિક ઈતિહાસ તપાસતાં એ હકીકત જોવા મળે છે કે ૧૯૫૬ ના આયોજીત વિકાસના તબકકાથી શરૂ કરી ઔદ્યોગિક વૃધ્ધિ લાવવા ૧૯૬૧ માં ઔદ્યોગિક સાહસ માટેનો કાયદો પસાર કરી નાના અને મધ્યમ કક્ષાના ઔદ્યોગિક સાહસિકોને વિકસાવવા માટે પગલાંઓ લીધાં હતાં. ઔદ્યોગિક નીતિમાં વધુ ગતિશીલતાના ભાગરૂપે કર પ્રોત્સાહન, વિસ્તરણસેવા, મુકત તાલીમ વગેરેના કાર્યક્ષેત્ર હેઠળ ૧૯૭૪ માં કુટીર અને નાના ઉદ્યોગોને પણ આવરી લેવાયાં હતાં. ૧૯૮૦ માં સરકારે ૭૪ ની ઔદ્યોગિક નીતિમાં કેટલાંક મહત્વનાં સુધારાઓ કર્યા. આ સંદર્ભમાં નિકાસ વૃધ્ધિ અને સ્થાનિક માંગની પૂર્તિના ઉદેશને સિધ્ધ કરવા માટે, રોજગારીની તકો વધારી શકાય તે માટે, શ્રમપ્રધાન કુટીર અને નાના ઉદ્યોગોના વિકાસને અગ્રીમતા આપેલ છે. સ્વરોજગારીના સંદર્ભમાં માનવ શકિતના આયોજનને અગ્રતા આપવામાં આવી. જે સ્વાભાવિક રીતે જ ઉદ્યોગ સાહસિકતા માટેની સાનુકૂળ પૃષ્ઠ ભૂમિ ઉભી કરે. નેપાળના શાસનકર્તાઓએ ઉદ્યોગ સાહસિકતાના વિકાસના સંદર્ભમાં સંકલિત કાર્યોક્રમોનું મહત્વ સ્વીકાર્યું છે. જે અન્વયે સાહસ અંગેની ઓળખ, સ્થાપના, યંત્ર સાધનો, કાચો માલ, સરળ ધિરાણ પ્રાપ્તિ, તાલીમ અને વિસ્તરણ, સેવા તેમજ ખાનગીકરણ વગેરે બાબતોને મહત્વની ગણી છે. નેપાળમાં સરકારની નિર્ણાયક નીતિના પગલે પગલે સાહસિકતાનો સંચાર થયો છે. સરકારી સાહસો ઉપરાંત કૌટુંબિક સાહસો વધુ પ્રમાણમાં આવકાર્ય બન્યાં છે. (શ્રોત : વસંત દેસાઈ એન્ટરપ્રીનયોરલ ડેવલપમેન્ટ પાના નં. ૩૫૫, ૩૫૬ હિમાલય હાઉસ ૧૯૯૮)

### ૩.૩.૮થાઈલેન્ડમાં ઉદ્યોગ સાહસિકતાનો વિકાસ

થાઈલેન્ડમાં આયોજનની શરૂઆતમાં ઉદ્યોગ સાહસિકતા વિકાસ પર માત્ર ઘ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું ન હતું. પરંતુ ૧૯૮૭ પછી છઠ્ઠી રાષ્ટ્રીય યોજનામાં આર્થિક અને સામાજિક વિકાસની જરૂરિયાતને ઘ્યાનમાં રાખીને ઉદ્યોગ સાહસિકતાના વિકાસનો પ્રોત્સાહન મળે તેવા પગલા લેવા લેવામાં આવ્યાં. આ સંદર્ભમાં પ્રાદેશિક કેન્દ્રીકરણ, રોજગાર સર્જન, સ્વરોજગારીનો સમાવેશ કરવામાં આવ્યો અને તેના દ્વારા ઉદ્યોગ સાહસિકતાના જોડાણ થયાં.

### ૩.૩.૯નાઈજીરીયામાં ઉદ્યોગ સાહસિકતા નો ઉદભવ અને વિકાસ

ઈંગ્લેન્ડ અને ફ્રાંસ સહિત યુરોપીયન રાષ્ટ્રોએ વિશ્વના અનેક દેશોમાં પોતાના વ્યાપારી પ્રતિષ્ઠાનો આ સમય દરમ્યાન સ્થાપ્યા. જો કે, આ તમામ વ્યાપારી રાષ્ટ્રોમાં ઈંગ્લેન્ડ અગ્રણી રાષ્ટ્ર હતું. વ્યાપાર મુખ્યત્વે સમુદ્ર માર્ગે ચાલતો. ઈંગ્લેન્ડની પ્રખ્યાત ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ભારતમાં પોતાના વ્યાપારી સંસ્થાનો સ્થાપ્યા અને વખત જતા રાજયસતા પણ હસ્તગત કરી. આવું અનેક દેશોમાં થયું. ભારતની માફક એશિયા અને આફ્રિકાના અન્ય દેશો પર ઈંગ્લેન્ડની વ્યાપારી અને રાજકીય હકૂમત સ્થપાઈ. આથી અનેક દેશોમાંથી ધન સંપતિનો પ્રવાહ ઈંગ્લેન્ડ તરફ વળ્યો. આ અધિશેષમાંથી ઔદ્યોગિક પરિવર્તન માટે જરૂરી રોકાણપાત્ર ભંડોળો ઉપલબ્ધ બન્યા. ઈંગ્લેન્ડમાં થયેલા ઉદ્યોગ સાહસિકોના વર્ગના ઉદભવ માટે વ્યાપારવાદ અને વ્યાપારવાદના સમયમાં એકત્ર થયેલી ધન સંપતિનો ફાળો નોંધપાત્ર હતો. જહોન હેરી સનને ટાંકતાં પીટર કીલ્બીના પુસ્તકમાં નોંધવામાં આવ્યું છે. તેમ નાઈજીરીયામાં વિવિધ જાતિ સમુદાયોની ભિન્નતા માટે પ્રાદેશિક આર્થિક માળખાની વિવિધતા પાશ્ચાત્ય શિક્ષણ માટેનો જોગ અને આધુનિક વ્યવસાયિક અનુભવો વિશેષ જવાબદાર રહયા છે. ઉદ્યોગ સાહસિકોમાં ધંધાકીય સાહસમાં નફાની સંભાવના અને તે અંગેની તક જોવા મળેલ છે. તે માટે તત્કાલીન યંત્રજન્ય માહિતી ઉપલબ્ધિ, શિક્ષણ,ધંધાકીય અનુભવો વગેરે કારણ ભૂત છે. પરિવર્તનશીલતા અને અનુકૂલન શીલતાં એ નાઈજીરીયન સાહસિકોની આગવી લાક્ષણિકતા રહી છે. (શ્રોત : જહોન હેરીસ નાઈજીરીયત એન્ટરપ્રીનોયરશીપ ઈન ઈન્ડસ્ટ્રી – સંપાદન પીટર કિલ્બી એન્ટર પ્રીનીયોરશીપ એન્ડ ડેવલપમેન્ટ પાના નં. ૩૩૧ થી ૩૫૫)

### ૩.૪ ભારતમાં ઉદ્યોગ સાહસિકતા

### ૩.૪.૧ બ્રિટિશકાળમાં ભારતમાં ઉદ્યોગ સાહસિકતા

પ્રાચીન, મઘ્યકાલીન ભારતમાં ઉદ્યોગ સાહસિકતાના ઈતિહાસમાં ડોકિયું કરીએ તો તેમાં મૂળ છેક ઋગ્વદેના કાળમાંથી પ્રાપ્ત થાય છે. જયારે સમાજમાં ધાતુ પ્રકારના હસ્ત ઉદ્યોગો પ્રચલિત હતા. તે સમયનાં

વર્ણનો ઉપરથી સ્પષ્ટ થાય છે કે હસ્તઉદ્યોગ સ્વરૂપની ઉદ્યોગ સાહસિકતા ભારતમાં લગભગ માનવ ઈતિહાસ જેટલી પુરાણી છે. તે સમયનાં કારીગરો દ્વારા ઉદ્યોગોનો વિકાસ અને જાળવણી તેમની સામાજિક ફરજના ભાગરૂપે કરવામાં આવેલ પાશ્ચાત્ય સંસ્કૃતિના સંપર્કમાં આવેલ તે પહેલાં લોકો ગ્રામ્ય સ્વરૂપની ચોકકસ પ્રકારની આર્થિક અને સામાજિક પધ્ધતિથી જીવન જીવતાં હતાં. ભારતનાં તે સમયના ગામડાઓ રાષ્ટ્રના સામાન્ય જીવન અને મોટાભાગે ધાર્મિક સ્વરૂપના હતાં શાસ્ત્રોમાં વર્ણવેલ છે તે પ્રકારના વિવિધ જ્ઞાતિ સમુહો , કારીગરો, બ્રાહમણોના વર્ગમાં સમાજ વિભાજીત થયો. મોટાભાગના કારીગરોને મુખ્ય સમાજના કારીગરવર્ગ તરીકે ગણવામાં આવતા હતાં. પ્રાચીન ભારતમાં સ્થાનીય કરવાના પરિબળની અર્થતંત્રમાં જુદી જ વિશેષતા બે સ્વરૂપમાં જોવા મળતી હતી કે આવા નાના નાનાં કારીગરોને ગ્રામ્ય સમુદાયના કવચ હેઠળ બહારની સ્પર્ધાત્મકતાથી રક્ષણ મળી રહેતું હતું.

ભારતનાં કારીગરો દ્વારા સંગઠિત સ્વરૂપની ઔદ્યોગિક પ્રવૃતિની પેદાશોના સ્વરૂપમાં બનારસ, અલ્હાબાદ, ગયા, અને મારણપૂર જેવા શહેરોમાં જોવા મળતી હતી. કારીગરી સ્વરૂપના આ પ્રકારના ઉદ્યોગોનો પ્રાચીન સમયમાં ઝડપથી પ્રસાર થયો. તેનું કારણ તેમને રાજય સત્તા મળતા લાગી. યંત્રાલય સ્વરૂપના 'કારખાના' તરીકે ઓળખાતાં કેન્દ્રો વિકસતા આવ્યાં. શ્રેણી પધ્ધતિ તરીકે જાણીતા એવા સંગઠન સ્વરૂપમાં કારીગરોના વર્ગને સમાવવામાં આવ્યો.

ભુતકાળના અનુકરણીય માધ્યમમાં ભારતીય કલાકારીગીરીને કાયમી સ્વરૂપની નામના અને કિર્તી મળતી હતી. તેમાં મુખ્ય કારણોમાં પૂર્ણ કલાત્મકતાની શોધ તથા લોકોને પ્રથમ નજરે ગમી જાયે તવી ગુણવતા હતી. કામગીરી ગણાવી શકાય. ખાસ કરીને બંગાળના "ક્ષેરાદ" લખનૌના "ચીન્તેક" અમદાવાદના "દુપટ્ટા અને ધોતી" તળીપૂરની "રેશમ કિનારીવાળું કાપડ", કાશ્મીરની શાલ અને બનારસના "ધાતુકામ"ને વિશ્વમાં પ્રતિષ્ઠા મળી હતી.

ટૂંકમાં હસ્તકલા કારીગરીના કારણે છેક પ્રાચીન કાળથી ૧૮ મી સદીના પ્રારંભના વર્ષો સુધી ભારતે વિશ્વભરમાં 'આંતરરાષ્ટ્રીય વ્યાપારની મહારાણી' તરીકેની પ્રતિષ્ઠા મેળવી હતી. કમભાગ્યે મૂળભૂત રીતે કુટીર અને નાના ઉદ્યોગોમાં જેનું માન હતું તે વિખ્યાત ભારતીય હસ્તઉદ્યોગ ૧૮ મી સદીના અંતમાં ભાંગી પડેલો જોવા મળ્યો.

### ૩.૪.૨ વિવિધ કારણો

- ❖ ભવ્ય ભારતમાં દરબારો આવતા ગયા અને આ ઉદ્યોગોને મુખ્ય સહાય પુરી પાડતાં હતા.
- ❖ ભારતીય કલા તરફનો તત્કાલીન બ્રિટીશ સંસ્થાનવાદી શાસનનો ઉદાસીન અભિગમ
- ❖ ઓછી કિંમતની બ્રિટીશ વસ્તુઓના ઉત્પાદન સાથે સ્પર્ધા
- ❖ ભારતના દૂરના ગણાતા છેવાડા સુધી સરળતાથી બ્રિટીશ પેદાશો પહોંચી શકે તે આ પ્રકારની પરિવહન વ્યવસ્થા

❖ ભારતીય લોકોમાં કૃષિ ને લીધે આવેલ પરિવર્તન કે જેનાથી વિદેશી પેદાશની વસ્તુઓની ઘેલછા વધી **લોકોની બદલાતી જતી જરૂરિયાતો અને તાલમિલાવીને કામકરવાની ભારતીય કારીગરોની અનિચ્છા.**

### ૩.૪.૩ ૧૮૫૦ ના અરસામાં શરૂઆત

ભારતમાં ઉદ્યોગ સાહસિકોના વર્ગના ઉદભવ માટે ૧૮૫૦ ની સાલ મહત્વની ગણવી જોઈએ. ભારતના આધુનિક ક્ષેત્રના ઉદ્યોગ સાહસિકોના આરંભકાળના સૂત્રધારો વિષે કેટલુંક રસપ્રદ સાહિત્ય લખાયું છે. આવા સૂત્રધારોમાં પશ્ચિમ ભારતના અને વિશેષ કરીને મુંબઈ સ્થિત સાહસિકોનો ઉલ્લેખ કરવામાં આવે છે. એક ગૌરવપૂર્ણ નામ અમદાવાદના રણછોડલાલ છોટાલાલનું છે. તેમણે ૧૮૪૯ માં અમદાવાદમાં સૌપ્રથમ સુતરાઉ કાપડની મીલ નાખવા પ્રયાસ કરેલો. અલબત, તેમણે અનુભવે એમ સૂચવ્યું કે ઉદ્યોગ માટે જરૂરી નાણાં વ્યવસ્થા માટે અમદાવાદની તુલનાએ મુંબઈમાંથી નાણું ઉભું કરવું વધુ સરળ હતું. ૧૮૫૦ પછીના તરતના વર્ષોમાં આધુનિક કાપડ ઉદ્યોગક્ષેત્રે ઉદ્યોગ સાહસિકોનો વર્ગ પ્રથમ અસ્તિત્વમાં આવ્યો.

### ૩.૪.૪ કોમો અને જ્ઞાતિઓની અસર

ભારતમાં ઉદ્યોગ સાહસિકો સંબંધી જે કંઈ સાહિત્ય લખાયું તેમાંથી એક સામાન્ય તારણ એક મળ્યું કે ભારતમાં વિકાસ પામેલી ઉદ્યોગ સાહસિકતા પર ચોક્કસ કોમો (communities) અને જ્ઞાતિઓ (castes) નો સ્પષ્ટ પ્રભાવ છે.(બર્ના જેમ્સ ૧૯૬૦) (Kilbey p. 1971) જેમ કે મુંબઈમાં સૌ પ્રથમ ઉદ્ભવેલી ઉદ્યોગ સાહસિકતાના મૂળ ગુજરાતી, પારસી અને મારવાડી કોમોમાં હતા. ગુજરાતીઓમાં ખત્રી, લોહાણા અને જૈન વાણિયા જ્ઞાતિઓનો ફાળો સવિશેષ હતો. વિવિધ પ્રદેશોમાં જુદી જુદી કોમો અને જ્ઞાતિઓની અસર ઉદ્યોગ સાહસિકોના ઉદભવ પર પડી હોવાનું નોંધાયું છે. જેમ કે દક્ષિણમાં ચેટ્ટીઓ, કેરળમાં ખ્રિસ્તીઓ અને મુસ્લિમો, બંગાળમાં સ્થાનિક બ્રાહમણો તથા કાયસ્થો, રાજસ્થાનમાં મારવાડીઓ વગેરે. સ્થાનિક ઉદ્યોગોમાં વ્યવસાયો સાથે સંલગ્ન જ્ઞાતિઓનો પ્રભાવ સવિશેષ રહયો છે. આજે પણ ગુજરાત સૌરાષ્ટ્રમાં લુહારો અને ગુર્જર સુથારો તેમની ધંધાકીય કુશળતાના આધારે સફળ સાહસિકો તરીકે પ્રખ્યાત થયા છે. ગુજરાત સૌરાષ્ટ્રના નાના પાયાના ઉદ્યોગોનું દષ્ટાંત લઈએ તો સાવરકુંડલાનો ત્રાજવા કાંટા ઉદ્યોગ, જસદણનો ખેત ઓજારો બનાવવાનો ઉદ્યોગ, શંખેડાનો ફર્નીચર ઉદ્યોગ, રાજકોટનો ઇજનેરી ઉદ્યોગ અને જામનગરનો બ્રાસપાર્ટસ ઉદ્યોગ સુથાર અને લુહાર જેવી વ્યવસાયિક જ્ઞાતિઓના સાહસિકોએ વિકસાવ્યા છે. જેતપુરના સાડી છાપકામ ઉદ્યોગમાં બ્રહમક્ષત્રિય જ્ઞાતિનો અને થાનગઢ વાંકાનેરના પોટરી ઉદ્યોગમાં પ્રજાપતિ જ્ઞાતિનો ફાળો વિશેષ છે. આમ કોમો અને જ્ઞાતિઓની ઉદ્યોગ સાહસિકતા પરની અસર રાષ્ટ્રીયકક્ષાથી શરૂ કરી સ્થાનિક કક્ષા સુધી જોવા મળે છે.

### ૩.૪.૫ સાહસિક કુટુંબો

ભારતમાં આધુનિક ઉદ્યોગોના ક્ષેત્રે ઉદ્‌ભવેલા ઉદ્યોગ સાહસિકોના વર્ગ સાથે કેટલાંક કુટુંબો જોડાયેલા છે. આ કુટુંબો ભારતના ચોકકસ ઉદ્યોગોના વિકાસના પર્યાય જેવા બની ગયાનું જણાશે. જેમ કે લોખંડ અને પોલાદ ઉદ્યોગમાં તાતા કુટુંબ, તાળા અને તિજોરી તથા ફર્નીચર ઉદ્યોગમાં ગોદરેજ કુટુંબ વગેરે. ચોકકસ કુટુંબો આધારિત સાહસોના વિકાસમાં બિરલા, પોદાર, બજાજ, દાલમિયા, સિંઘાણીયા, કિર્લોસ્કર, અંબાણી, ઈત્યાદિ કુટુંબો વિખ્યાત છે. આ કુટુંબો આધારિત ઉદ્યોગોના સ્થાપક સાહસિકોના નામ ખૂબ ગૌરવપૂર્વક લેવામાં આવે છે. જેમ કે, જમશેદજી તાતા, આનંદીલાલ પોદાર, ઘનશ્યામદાસ બિરલા, આરદેશર ગોદરેજ, જમનાલાલ બજાજ, કસ્તુરભાઈ લાલભાઈ, ધીરૂભાઈ અંબાણી, વગેરે. કિર્લોસ્કર અને અંબાણી જેવા કુટુંબ નામો છેલ્લે ઉમેરાયા છે. પરંતુ ટ્રેકટર બનાવવાના ઉદ્યોગમાં કિર્લોસ્કર અને રીફાઈનરી ઉદ્યોગમાં અંબાણી કુટુંબનો ફાળો યશસ્વી ગણાય છે. આવું જ કેટલાક સ્થાનિક ઉદ્યોગોની બાબતમાં છે. જેમ કે, ડીટરજન્ટ ઉદ્યોગમાં નિરમાના સ્થાપક કરશનભાઈ પટેલ અને ઘડિયાલ બનાવવાના ઉદ્યોગમાં અજન્ટા કવાર્ટઝના ઓધવજી રવજી પટેલ (ઓરપેટ) ગુજરાતમાં વિકાસ પામેલા અને ત્યારબાદ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવેલા ઉદ્યોગ સાહસિકો છે.

### ૩.૪.૬ વ્યાપાર અને વ્યવસાયની ભૂમિકા :

ભારતમાં ઉદ્યોગસાહસિકોના વર્ગના ઉદભવમાં વ્યાપાર અને ચોકકસ વ્યવસાયની ભૂમિકા ધરાવતા સાહસિકોનો ફાળો નોંધપાત્ર રહયો છે. જેમ કે, ગુજરાતીઓ, મારવાડીઓ, અને પારસીઓની ગણના વ્યાપારી કોમોમાં થાય છે. અને સુથાર, લુહાર, પ્રજાપતિ, ઈત્યાદિ વ્યવસાયિક જ્ઞાતિઓ તરીકે જાણીતી છે. ભારતના ઉદ્યોગ સાહસિકો વ્યાપારી અથવા ધંધાકીય કુશળતાની ભૂમિકા ધરાવતા હોવાનું નોંધાયુ છે. સંશોધકો કે શોધખોળ કરનારાઓની ભૂમિકા ભારતના કિસ્સામાં જૂજ કિસ્સાઓમાં જોવા મળશે. તેમણે થઈ ચૂકેલી શોધો આધારીત ઉદ્યોગ સાહસોનું આંધળુ અનુકરણ પણ કયું નથી. ઉત્પાદનની વસ્તુમાં જરૂરી ફેરફારો સાથે ગણત્રી પૂર્વકના જોખમો ઉઠાવીને અને પોતાની કોઠાસૂઝનો ઉપયોગ કરીને તેઓ સફળ ઉદ્યોગ સાહસિક બન્યા છે.

આમ, પશ્ચિમના ઔદ્યોગિક રાષ્ટ્રોમાં ઉદભવ પામેલા અને ભારતમાં અસ્તિત્વમાં આવેલા ઉદ્યોગ સાહસિકોના વર્ગો વચ્ચે નજરે ચડી આવે તેવા કેટલાક તફાવતો છે. આમ છતાં એક મુદો અવશ્ય નોંધવા યોગ્ય છે કે ભારતમાં ઉદ્યોગ સાહસિકોનો વર્ગ પશ્ચિમની ઔદ્યોગિક ક્રાંતિપૂર્વે પણ અસ્તિત્વમાં હતો. જયારે યુરોપમાં ઔદ્યોગીકરણનું નામ નિશાન ન હતું ત્યારે ભારતમાં કળા કારીગરી આધારીત પરંપરાગત ઉદ્યોગો અસ્તિત્વમાં હતા. એટલું જ નહી પરંતુ તેઓ પોતાની ચીજોની ગણનાપાત્ર નિકાસો પણ કરતા હતા. પશ્ચિમની કારખાના પધ્ધતિ સામે આ ઉદ્યોગો સ્પર્ધામાં ટકી શકયા નહી. પરંતુ આઝાદ ભારતમાં વિકાસ પામેલા નાના પાયાના

ઉદ્યોગ સાહસોનું વર્તમાન ચિત્ર તપાસતા જણાશે કે ચોકકસ કુશળતા આધારિત અને વ્યવસાયિક જ્ઞાતિઓ સાથે જોડાયેલા ઉદ્યોગ સાહસિકોના વર્ગે પોતાના ઈતિહાસને પુનઃ જિવીત કરવા પ્રયાસ કર્યો છે.

### ૩.૫ ભારતમાં ઉદ્યોગ સાહસિકતાના આધુનિક વલણો

છેલ્લા ત્રણ દાયકા દરમિયાનની ભારતીય ઉદ્યોગસાહસિકતાના વિકાસ તરફ નજર નાખીએ તો એવું જોવા મળે છે કે પરંપરાગત ઉદ્યોગો જે કારીગરો આધારીત છે. ગ્રામ્ય અને અર્ધ શહેરી વિસ્તારોમાં આવેલા છે. જેમાં યંત્ર સામગ્રી પાછળનું રોકાણ ઓછું છે અને મોટાભાગે ખંડસમયની રોજી આપતા રહેલા છે. આવા એકમો હવે ઉતરોતર વધુ ભીંસમાં આવેલા છે. જયારે આધુનિક નાના પાયાના ઉદ્યોગોમાં મોટા ભાગે વિજળી સંચાલીત સાધનો અને યંત્રસામગ્રી  વિશેષ જોવા મળે છે. આવા એકમો ટેકનોલોજી દષ્ટિએ પ્રમાણમાં વધુ સુધડ, અદ્યતન હોય છે. ને તેવા એકમો શહેરથી નજીક અથવા શહેરમાં વસેલા હોય છે.

ભારતના ઉદ્યોગ સાહસિકતાના વિકાસને બીજી દષ્ટિએ તપાસીએ તો ઉત્પાદન રોજગારી અને નિકાસના પ્રમાણની સાથોસાથ  આ ક્ષેત્રમાં ગતિશીલ વિવિધતા પણ જોવા મળે છે. સાબુ ડિટરજન્ટ અને ચામડાની સામાન્ય વપરાશી વસ્તુઓથી શરૂ થયેલ આ સાહસિકતા હવે અદ્યતન ક્ષેત્રોમાં પણ પ્રવેશેલ છે. જેમાં માઈક્રોપ્રોસેસર્સ, મીની કોમ્પ્યુટર્સ, ઈલેકટ્રોનીક સાધનો, ઘડીયાળો, કલર ટી.વી. જેવાનો સમાવેશ થાય છે. ટેકનોલોજી અદ્યતનીકરણની દિશામાં તાજેતરના વર્ષોમાં નોંધપાત્ર સુગ્રથીત પ્રયાસો પણ કરવામાં આવ્યા છે. નાના ઉદ્યોગોને મળતા સતત પ્રોત્સાહનો અનેઉદ્યોગકારોના વિદ્યાયક પ્રતિસાદના પરિણામે આ પ્રગતિ સંભવિત બની છે. વિવિધ પ્રોત્સાહનોમાં મુખ્યત્વે કેટલીક ચીજવસ્તુઓનો સમૂળગા વિકાસ સંદર્ભે અનામતની યાદીમાં સમાવેશ, બજારી સહાય, પસંદગીયુકત કિંમત, પ્રત્યક્ષ ખરીદી, હળવી શરતોથી ધિરાણ સુવિધા અગ્રતાના ધોરણે જરૂરી કાચા માલના પૂરવઠાની  સુવિધા વગેરેનો સમાવેશ થાય છે.

ભારતમાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસના સંદર્ભમાં વર્તમાન ચિત્ર વધુ રસપ્રદ છે અને પડકારયુકત પણ છે. આધુનિક ભારતમાં વ્યાપારી જૂથોનું પ્રભુત્વ ઉતરોતર સવિશેષ વધતું જાય છે. એક સમયે જેમ વિવિધ પ્રાંતો ઉપર રાજા મહારાજાઓ નું આધિપત્ય જોવા મળતું હતું. તેમ વર્તમાન ભારતમાં આ વ્યાપારી ઉદ્યોગપતિઓ વિશાળ સામ્રાજય ભોગવે છે. આ મહારાજાઓ તેમના કાર્યક્ષેત્રની અંદર અને બહાર સતત ચાંપતી નજર રાખે છે. અને બહારના આક્રમણથી તેમના ક્ષેત્રનું રક્ષણ કરી રહયા છે.

વ્યાપારી ક્ષેત્રના મહારાજાઓનું બિરૂદ ગીતા પીરામલ જેવા તજજ્ઞએ આપેલ છે. તેમના એક અભ્યાસ પૂર્ણ પુસ્તકમાં તેઓએ ભારતના વિવિધ વ્યાપારી. ઉદ્યોગજૂથના ચુનંદા ખેલાડીઓએ પસંદ કરે છે. કે જેઓ ભારતના ઉદ્યોગજગતના શકિતશાળી મહારથી ગણાય છે. આ આઠ વચ્ચેના સામ્રાજય હેઠળ ૫૦૦ જેટલી કેપનીઓ આવેલી છે. જેનું વેચાણ અંદાજે રૂા. ૫૫૦ અબજ થવા જાય છે અને જેમાં કુલ ૬,૫૦,૦૦૦ લોકોને પ્રત્યક્ષ રોજગારી મળે છે. આપણા રોજબરોજના જીવનમાં ચા પીતીવખતે,દાઢી કરતી વખતે, સુરીલા સંગીત

વેળાએ, ચલચિત્ર જોઈએ ત્યારે મોટાભાગે આપણે આ સામ્રાજયની પેદાશોનો ઉપગોગ કરતા રહયા છીએ.

### ૩.૫.૧કેટલાંક મહારથીઓ

ભારતના ઉદ્યોગજગતના આ મહારથીઓના સંદર્ભમાં એક વિચિત્ર વિરોધાભાસ એવો પણ છે કે આ પૈકીના પ્રત્યેકના ધંધામાં વિવિધતા છે. કેટલાક ટોચના શિક્ષીત છે તો કાંઈક અભ્યાસ અધૂરો મૂકેલા છે. કાંઈક વારસાગત છે તો કાંઈક જાત મહેનતથી આગળ આવેલા છે. આ મહારાજાઓ પૈકી કેટલાંક તેમના પસંદગીના ક્ષેત્રના જીવનની પચીસીમાં જ ઝંપલાવ્યું હતું તો કેટલાંક જોવા છે કે જેમને ૫૦ પછી જ શરૂઆત કરી હતી. કેટલાક એકાક્ષી બનીને કોઈ એક ચોકકસ ધંધામાં જ કેન્દ્રિત થયેલા છે. તો કાંઈક પાસે એક કરતા વધુ ઉદ્યોગની માલીકી છે. આ ઉદ્યોગપતિઓના વિચાર વર્તન અને વ્યવહારો સમગ્ર અર્થતંત્રને અસર કરે છે. માત્ર ગ્રાહકો શેર હોલ્ડરો, કર્મચારીઓ કે બેંક મેનેજરોને જ નહિ.

ઉદ્યોગ જગતમાં આકાર પામતાં નિર્ણયો પાછળ હંમેશા જે તે ઉદ્યોગ જૂથના નિમાયક મંડળની સભામાં લેવાતા નિર્ણયો જ કારણભૂત અનુભવો હોય છે જે "સાહસિકતા" તે શબ્દોમાં જ નહિ પરંતુ વ્યવહારમાં પણ ચરિતાર્થ કરે છે. આ બાબતમાં વિલિયમસન મેગોર જૂથ દ્વારા ભારતની યુનીયન કાર્બાઈડને કબ્જે કરવાનો નિર્ણય, અને માતૃવાત્સલ્યના કારણે ભરતશાહ અને વિજયશાહ જેવાએ ઈઝરાયલ છોડી એન્ટવર્પમાં જવાના લીધેલો નિર્ણય ખાસ ઉલ્લેખનીય છે.

છેલ્લા બે દાયકાના અનુસંધાને ભારતીય ઉદ્યોગજગતમાં જેમણે સાહસિકતાના,કૌશલ્ય અને દઢ મનોબળ થી એક વિશિષ્ટ સામ્રાજય ઉભુ કર્યુ છે. તેમાં રિલાયન્સ જૂથના ધીરૂભાઈ અંબાણી, ઓટોમોબાઈલ ક્ષેત્રના બેતાજ રાહુલ બજાજ, સ્વકીય કંપનીઓની વિસ્તૃત જાળ પાથરનાર આદિત્ય બીરલા, કંપનીઓના ખરીદી વેચાણની કક્ષાએ હસ્તગત કરી ટાયર, પાવરના ક્ષેત્રના પ્રભુત્વ ઉભું કરનાર રામનાથ ગોએન્કા જેમના જીવનમાં આકસ્મિક બચાવની ઘટનાઓ લખાયેલી છે, અને જેમણે વ્યૈકિતક સ્વરૂપે ચણાના વ્યાપાર ધંધામાં સામ્રાજય ઉભું કર્યુ છે. તેવા બ્રીજમોહન ખૈતાન, લંડન સ્કૂલ ઓફ ઈકોનોમીકસમાંથી કોલેજનો અભ્યાસ અધુરો છોડીને હિરાના વ્યાપાર જગતમાં નેતૃત્વ કૌશલ્ય પૂરૂ પાડનાર ભરતશાહ અને વિજય શાહ અને વિશ્વભરમાં એક કૌટુંબિક જૂથ તરીકે ઐતિહાસિક નામના ધરાવનાર રતનટાટાનો સમાવેશ કરવામાં આવે છે. અલબત આ સિવાયના પણ ભારતમાં અગ્રગણ્ય પ્રતિષ્ઠા ધરાવનાર ઉદ્યોગ મહારથીઓ છે જેમાં "મિ. કવર કીગ" તરીકે જાણીતા વિજય માલીયા, ઝી ટીવી, સુભાષ ચન્દ્ર પોલાદના સંદર્ભમાં રૂઈયા, મીઝલ અને જીન્દાલ જૂથ પણ પ્રતિષ્ઠા ધરાવે છે. ઈલેકટ્રોનીક ક્ષેત્રમાં વિડિયોકોનના વેણુ ગોપાલધૂન, ઓનીડાના મીરા ચંદાણી બંધુ અને બી.પી.એલના ટી.પી.જી. નામ્બીદાર પ્રથમ પંકિતના ગણાવી શકાય. ઔષધ જગતમાં રેનબેકસી (ભાઈમોહન સીંધ) ડો. રેકી લેબોરેટરી વગેરે અગ્રગણ્ય ગણાય છે.

ઉદ્યોગસાહસિકતાના સંદર્ભમાં આ મહારાજાઓનું બિરૂદ પામ્યા છે. તેના કારણો પણ સ્વયં સ્પષ્ટ છે. બ્રીજમોહન ખૈતાન વાર્ષિક ૬૫ મિલિયન કિલોગ્રામ ચા નું ઉત્પાદન કરે છે. જે ભારતનું પણ ચા નું બજાર ગણાય અને વિશ્વનું કુલ ચાનો ઉત્પાદનનું ૫% ગણાય. દક્ષિણ આફ્રિકાના ડિ બીયર્સ કે જેઓ હીરાના વિશ્વમાં વિખ્યાત છે. તેમના મત પ્રમાણે ભરતશાહ વિજયશાહ આ બે ભાઈઓ વિશ્વના હીરાજગતના સૌથી મોટા મહારથીઓ છે. તો સરેરાશ પ્રતિ વર્ષ એક મિલિયનથી વધુ વાહનો બનાવનાર પશ્ચિમ ભારતના પૂણે નજીક દ્વિ ચક્રી વાહનોની કેપનીના સ્થાપક રાહુલ બજાજ વિશ્વમાં તે ચોથા સ્થાને છે. હજી હમણાં સુધી રામનાથ ગોએન્કા ભારતના ટાયર ઉદ્યોગનું ૩૫% ઉત્પાદન કરતા હતા. આદિત્ય બિરલા બીસ્કોસ ફાઈલર, પામ ઓઈલના વિશ્વના અગ્રણીનો ઈન્સ્યુલેટર્સના ઉત્પાદનમાં વિશ્વના ગીચ સ્થાને બ્લેક કાર્વનમાં વિશ્વનાં છઠ્ઠા સ્થાને હતા. રાષ્ટ્રીય કક્ષાએ સીમેન્ટ, કોસ્ટીક સોડા અને રેયોન ફિલામેન્ટ યાર્નમાં અવ્વલ દરજ્જો બીરલાનો જોવા મળેલ છે. રિલાયન્સ જૂથના જાણીતા ધીરૂભાઈ અંબાણીએ ટેકસટાઈલ અને પેટ્રોકેમીકલ દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરનું મુંબઈમાં રહીને સામ્રાજય ઉભું કર્યુ છે.

ધીરૂભાઈ અંબાણી, બ્રીજમોહન ખૈતાન કે ભરત શાહ, વિજય શાહ એવા મહારથીઓ છે કે જે તણખલામાંથી ચિનગારી સ્વરૂપના બન્યા છે, જયારે બીરલા, બજાજ અને ગોએન્કા વારસાનો વૈભવ ધરાવે છે.

ઉદ્યોગ સાહસિકતાના વિવિધ તત્વોના સંદર્ભમાં મૂલવણી કરીએ તો પ્રત્યેકની આગવી વિશિષ્ટતા છે. કાંઈક "સલામત" થી "સમ્રાટ" તરફ આગળ વધ્યા છે. તો કાંઈક "નિશાન ચુક માફ નહી માફ નીચું નિશાન" એ ન્યાયે હંમેશા વિરાટ ધ્યેય સાથે જ ઝંપલાવતા રહેલા છે. પ્રત્યેક રાષ્ટ્રને પોતાની આગવી ઓળખ છે અને તેથી વ્યાપાર ધંધામાં પણ પર રાષ્ટ્રીય જોડાણ ન કરવાના હિમાયતી પણ છે અને વ્યકિતગત સાર્વભોમત્વ કરતા સહયોગીતાના બળે સામ્ર્થ્ય પ્રાપ્ત કરવામાં ગૌરવ અનુભવનાર પણ છે. વીસમી સદીના ઉતરાર્ધમાં રાષ્ટ્રની ઔદ્યોગિક ક્ષિતીજ ના આ સિતારાઓની ઉદ્યોગસાહસિકતામાં સામ્ય પણ જોવા મળે છે. અને વિવિધતા પણ જોવા મળે છે.

**આ બધાંજ ઔદ્યોગિક ગૃહોએ બે મૂળભૂત અને સરળ સંચાલનના નિયમોનું અનુકરણ કર્યુ હોય તેવું જોવા મળે છે. સારા કાર્યદક્ષ માણસોને પસંદ કરવા તેમને સન્માનપૂર્વક રાખવા અને તેમને જવાબદારી સોપવી. જયારે કારખાનાઓનું નિર્માણ થતું જાય તેમ તેમને સતત ઉચ્ચ સ્થાને લઈ જઈને દોડાવતા રહે છે. આ બધાની ત્રણ લાક્ષણિકતાઓ સમાન રીતે જોવા મળે છે. આ બધાજ એકદમ કેન્દ્રિત છે. ઉચ્ચ શકિત ધરાવે છે. અને તેઓ ધ્યેય માટે પ્રતિબધ્ધ અને આક્રમક છે. તેમની કાર્યપધ્ધતિમાં વિશ્રાંતીને સ્થાન નથી. લોખંડી કાયાથી પૂર્ણ કાર્યરત હોય તેમ કામ કરતા હોય તેવું જોવા મળતું હતું. નિશ્ચિત ધ્યેય માટે અડગ મકકમ બનીને મંડયા રહેનાર એવા આ સાહસિકો છે.**

આ ઉદ્યોગસાહસિકો ખુબ જ પ્રતિભાશાળી અને તેજસ્વી જોવા મળ્યા છે. તેમના અપ્રતિમ વ્યકિતત્વ માટે સાનુકૂળ પૂર્વભૂમિ અને સુયોગ્ય તાલીમ અવશ્ય ગણાવી શકાય. આમ છતાં આ સાહસિકો તેમની જવલંત સફળતા માટે તેમને યોગ્ય સમયે મળેલા માર્ગદર્શકો કે જેમના પીઠબળથી કૂદકો મારી શકયા છે અને **પ્રત્યેકના કારકીર્દિકાળમાં વખતોવખત ભાગ્યના પ્રસંગો પણ ઉપસ્થિત થયા જેમને તકમાં ફેરવીને તેઓ પણ આ ઉદ્યોગ સાહસિકોની ધીરજ,ખંત,દષ્ટિ,નેતૃત્વ,અડગતા,વગેરે જેવા ગુણોના લીધે જ વૈભવી સામ્રાજય ધરાવતાં "ધંધાકીય મહારાજાઓ" નું બીરૂદ મળેલું છે.**

વીસમી સદીના ઉતરાર્ધ અને એકવીસમી સદીના ભારતીય ઉદ્યોગ સાહસિકતાની ગાથા સહજમાં પૂર્ણ થાય તેમ નથી. રાષ્ટ્રીય ઉદ્યોગજગતના જેઓ અગ્રેસર હોય જેઓએ સબબ નેતૃત્વ પૂરૂ પાડેલું છે અને જેઓ હયાત વ્યકિતત્વ ધરાવે છે. તેવાના ચરિત્રના સંદર્ભમાં વરિષ્ઠ પત્રકાર "દેવાંશુ દતા" એ પણ અલગ પરીપ્રેક્ષ્યથી વિસ્તૃત નોંધ કરી છે. જેમાં મુખ્યત્વે એન.આર.નારાયણ મૂર્તિ, સબીર ભાટીયા, કરશનભાઈ પટેલ, એકતા કપૂર, વિનોદ ખોસલા, અઝીઝ પ્રેમજી, ડો. વર્ઘીસ કુરીયન બી.એમ. મુંજાસ, ડો. અનીલ રેડ્ડી તેમજ ડો. પ્રતાપ રેડ્ડીનો સમાવેશ થાય છે.

ઈન્ફર્મેશન ટેકનોલોજીની દૂનિયામાં ઈન્ફોસીસના નામથી વિખ્યાત બનેલા એન.આર. મૂર્તિ એક એવા ઉદ્યોગસાહસિક ગણાવી શકાય કે જેમનામાં શ્રીમંતાઈ અને પ્રમાણિકતાનો અદ્‌ભૂત સમન્વય થયેલો જોવા મળેલ છે. જેમની વ્યકિતગત સંપતી અંદાજે રૂા.૩૦૦ મિલિયન જેટલી આંકવામાં આવે છે, અને ઈન્ફોસીસ સંપતિનું મૂલ્ય રૂા. ૨૦,૦૦૦ કરોડથી વધુ આંકવામાં આવે છે. રાષ્ટ્રીય કક્ષાએ ઘણાં તજજ્ઞો એવું સ્વીકારે છે કે જો ઇન્ફોસીસ એટલે કે એન.આર. મૂર્થી– પ્રમાણીકતાના માર્ગ ઉપર ના હોત તો કદાચીત તેમના સંપતિના મૂલ્યનો આંક આટલો ઉંચો ના હોત શ્રી મૂર્થીને રાષ્ટ્રના સર્વોતમ સી.ઈ.ઓ.નો ખિતાબ, એશિયાના સર્વોતમ ધંધાદારીનો ઈલ્કાબ અને ફોર્ચ્યુન મેગેઝીન દ્વારા વિશ્વના સૌથી પ્રભાવી એવા પચ્ચીસ મહાનુભાવોમાં તેમનું સ્થાન છે.

એક નાના ગામડાની શાળાના શિક્ષકના સંતાન એવા એન.આર.મૂર્થી આપ બળે સંઘર્ષ કરીને ટોચ ઉપર પહોંચનારા અગ્રણીઓ પૈકીના એક છે. તેમના પત્ની કોમ્પ્યુટર ઈજનેર હોવા છતાં પ્રાથમિક તબકકે આ ઔદ્યોગિક સાહસમાં બહુ મૂલ્ય સેવાઓ આપ્યા બાદ આજે ઉત્તમ ગૃહિણી અને સેવાભાવી સન્નારી રૂપે જીવન જીવી રહયા છે.

બહુ રાષ્ટ્રીય કંપનીઓના પ્રવેશથી માનવ સંસાધનની દિશામાં ઇન્ફર્મેશન ટેકનોલોજીના યુગમાં ત્રીવ સ્પર્ધાનો યુગ આવ્યો છે. ભારતની કંપનીઓ માનવ સંસાધન સંચાલન અને ટેકનોલોજીના બારામાં ઉતમ નીતિ અમલમાં મૂકે છે. ઇન્ફોસીસ કંપનીનું આ દિશામાં સૌથી વધુ પ્રદાન છે. ભારતની અન્ય ટોચની કંપનીઓની સરખામણીમાં ઈન્ફોસીસ તેના કર્મચારીઓને વધુ વળતર ચુકવે છે. અને તે ઉપરાંત કર્મચારીઓને કામ કરવા માટે પ્રોત્સાહક પ્રેરક એવું બૌઘ્ધિક અને ભૌતિક વાતાવરણ પુરૂ પાડે છે. નાના કર્મચારીઓના પ્રશ્નોમાં પણ જવાબદાર અધિકારીઓ પૂરતી કાળજી લે છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં કંપનીની શાખ અને પ્રતિષ્ઠાને કારણે કંપનીના શેરધારકો પણ સમૃધ્ધ થતાં રહયા છે. આ કંપનીમાં તેના હિસાબી પરિણામો હિસાબને લગતાં વિવિધ પ્રકારના આઠ ધોરણોને ધ્યાનમાં રાખીને આપવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં કંપનીની વિશ્વસનીયતા ટોચની ગણવામાં આવે છે. શ્રી મૂર્થીના જીવન ઉપરથી એવું સ્પષ્ટ સમજાય છે કે વ્યકિત તેની નીતિમતાને અકબંધ રાખીને પણ ધનપતિ થઈ શકે છે. સતત પરિશ્રમ અને પ્રમાણિકતા તથા નિયમીતતા એ તેમનો જીવનમંત્ર બનેલો છે. કુલ રાષ્ટ્રીય વિકાસ માટે શિક્ષણ અને જાતિવાદને ધ્યાનમાં લઈ શિક્ષણમાં વૃધ્ધિ થાય અને જાતીવાદનો પ્રતિકાર થાય તે પ્રકારે સાધનોની ફાળવણી કરવા ઉપર તેઓ સતત ભાર મૂકતા રહયા છે.

ભારતના આધુનિક ઉદ્યોગ જગતના મુખ્ય સુત્રધારો પૈકીના બીજા છે. શ્રી સબીર ભાટીયા તેઓ મુળ વિચારોને નવી પધ્ધતિથી ઉપયોગમાં લેવાનું માને છે. તેઓએ સંદેશાવ્યવહારની દિશામાં ઇ–મેઈલ ની પધ્ધતિ વિકસાવીને અદ્ભૂત ક્રાંતિ સર્જી છે. ઈ.સ. ૧૯૬૮ માં ચંદીગઢમાં જન્મેલા શ્રી સબીર ભાટીયા મુળભૂત રીતે જ સાહસિક વૃતિના હતા. છેક શાળા કક્ષાએ અભ્યાસ કરતી વખતે પણ એક સેન્ડવીચની કેબીન તેમણે શરૂ કરેલ હતી. પરંતુ માતા – પિતાના સખત વિરોધને કારણે પછીથી તે બંધ કરી દીધેલ. શિક્ષણ મેળવ્યા પછી તેઓ એપલ કંપનીમાં હાર્ડવેરના ક્ષેત્રમાં જોડાયેલા હતા. જયાં સતત નવા વિચારો અને નવી પધ્ધતિની શોધમાં મથ્યા રહેતા હતા. તેમના વ્યવહાર અને કૌશલ્યને લઈને તેઓ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખ્યાતી પામ્યા છે. ટોચના વ્યવસાયિક કૌશલ્ય સાથે પણ મૂળ ભારતીયતાને વળગી રહેનારામાં પણ તેમનું નામ ગણાવી શકાય. હોટ મેઈલ પછી ભાટીયા આરઝુ ડોટ કોમમાં પણ કામે લાગ્યા હતાં. ઉદ્યોગ સાહસિકતાના ઈતિહાસમાં આજે પણ વેબ મેઈલ સેવાના પ્રયોજક તરીકે તેમનું નામ વિશ્વમાં વિખ્યાત છે.

ભારત જેવા દેશમાં ઝડપી ગતિશીલ એવી વપરાશી વસ્તુઓનું બજાર ઉતરોતર વધતું રહયું છે. આ સંદર્ભમાં ગુજરાતના અગ્રણી ઉદ્યોગપતિ તરીકે શ્રી કરશનભાઈ પટેલે દુનિયામાં ડંકો વગાડયો છે. ઈ.સ. ૧૯૬૯ માં મહીને ૪૦૦ રૂપિયાની નોકરી કરવાની સાથોસાથ પૂરક આવકના હેતુથી ડીટરજન્ટ પાવડર છુટકમાં બજારમાં વેચવાનું શરૂ કર્યું. આજે ૨૦૦૪ માં નીરમા કંપનીના નામે ૧૪,૦૦૦ કામદારો રોજગારી મેળવે છે. અને આજે તેઓ લગભગ ૧૪ અબજ રૂપિયાની સંપતિના સુત્રધાર ગણાય છે. પ્રમાણમાં શરમાળ ઓછી પ્રસિધ્ધીમાં રહેનાર કરશનભાઈ ૧૯૬૦ પછીના તબકકામાં જયારે તેમના ડીટરજન્ટ પાવડરનો પ્રથમ હિસ્સો બજારમાં મૂકાયો ત્યારે તેમની કોઈ મહત્વકાંક્ષા હતી નહી જી.એમ.ડી.સી. નો કાર્યભાર સંભાળ તા સંભાળતા તેમણે ખૂલ્લા બજારમાં ઝંપલાવ્યું હતું. તેમની કામ કરવાની આગવી પધ્ધતિ સરળ સ્વભાવ વગેરેને કારણે તેઓ ઉદ્યોગ જગતમાં ખુબ માનીતા થયા. નીરમા કંપની આજે વિશ્વભરમાં તેની કિંમત વ્યૂહને કારણે વધુ વખણાય છે. અલબત ભારતની બહાર તેનો પગપેસારો પ્રમાણમાં ઘણો ઓછો રહયો છે. ઔદ્યોગિક ગૃહના સંચાલન ઉપરાંત આ વ્યવસાયિક પ્રતિષ્ઠા દ્વારા મહત્વની સામાજીક જવાબદારી પણ અદા કરવામાં આવે છે. ધંધાકીય શિક્ષણ માટેની વિદ્યા શાખા આજે હવે સ્વતંત્ર યુનિર્વસીટીનો દરજજો પામી છે. આ ઉપરાંત

કુદરતી આપતિના પ્રસંગોમાં સમાજની સાથે રહીને સામાજીક જવાબદારીની વિધાયક ભૂમિકા અદા કરી છે.

છેલ્લા દાયકામાં ભારતમાં ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રે વિવિધતા પણ પૂર બહારમાં જોવા મળે છે. એક કાળે જેને સમાજ કેવળ મનોરંજન ગણતો હતો અને પરંપરાગત રીતે નાટક અને રામ લીલા મનોરંજનના માધ્યમો હતા. તે સમયે કલાકારોને આયોજકોને મહેનાણું અવશ્ય મળતું હતું. પરંતુ છેલ્લા એક દશકાથી તેનું જે ઝડપથી વ્યવસાયીકરણ થતું રહયું છે. તેણે સૌનું ધ્યાન ખેચ્યું છે. ભારત રૂપરીનગરીના વ્યવસાયમાં પણ હવે અગ્રેસર બનેલ છે. એક કાળે બુટ પોલીશ જેવી ફિલ્મ થકી તે સમયના રશિયાને ભારતીય મનોરંજન કલાનો ભારે આશાવાદ મળ્યો હતો. આજે ટેલીવિઝન ઉપરની વિવિધ ચેનલોએ અને તેમાં પ્રદર્શિત વિવિધ પ્રકારના કાર્યક્રમોએ સંપૂર્ણ ઔદ્યોગિક રૂપ ધારણ કર્યું છે.

એક તરૂણી પોતાની સ્થૂળ કાયાને સમતુલ કરવાની કવાયત કરે પરંતુ તે જ તરૂણી દેખીતી રીતે સામાન્ય બુધ્ધિ પ્રતિભાથી અસાધારણ કૌશલ્ય બતાવે ત્યારે સાહસિકતાનો મર્મ સરળતાથી સમજાય છે. ફિલ્મી કલાકારમાં જેનો જન્મ થયો અને વૈભવશાળી વાતાવરણમાં જેનો ઉછેર થયો તેવી એકતા કપુરનું નામ આજે ઘરઘરમાં સૌની જીભે રમતું થયું છે. ભારતીય સમાજમાં પરંપરાગત કૌટુંબિક ઢાંચાને સમાજમાં વિશિષ્ટ રીતે રજુ કરીને તેમાં વિચારોનું ઠોસ તત્વ જ્ઞાન, શબ્દોના સાથિયા અને કલાનું કામણ પાથરીને, તેને કેવડું મોટું આર્થિક સ્વરૂપ આપી શકાય તે બાલાજી ટેલીફિલ્મ થકી સમગ્ર સમાજને પરિચય થયો છે. એશિયાની પ્રત્યાયન શ્રેણીમાં ટોચના પચાસ નામોમાં આજે બાલાજી ટેલીફિલ્મનું નામ મોખરે છે. જેપીમોર્ગન જેવી માતબર મર્ચન્ટ બેકીગ સંસ્થા બાલાજી ટેલીફિલ્મને ઈ.સ. ૨૦૦૦ થી મુડી બજારમાં લઈ ગઈ. ૪૫ કરોડના મુડી સર્જનની અપેક્ષાથી મુડી બજારમાં પ્રવેશેલ બાલાજી ટેલીફિલ્મને ઉત્સાહ જનક પ્રતિસાદ મળ્યો છે. પ્રાથમિક ભરણામાં જ રૂા. ૬૦ કરોડ રોકાણ કારો થકી એકત્ર થયા. ચાલુ બજાર કિંમતના સંદર્ભમાં તેનું મૂલ્ય ૩૦૦ કરોડ થવા જાય છે. જે પૈકી ચોખ્ખું રોકાણ મૂલ્ય એકતા કપૂર કુટુંબના ફાળે અંદાજે ૧૭૫ કરોડનું થાય છે. કેવળ શારીરિક સૌષ્ઠવ નહી પરંતુ લેખન અભિનય સર્વ ક્ષેત્રે એકતા કપુરની નિશ્ચયાત્મકતા ધંધામાં ફાયદામાં ફરી વળી છે. સામાજીક સંસ્થાકીય પરંપરાઓને અને તેમાથી ઉદભવતા પ્રશ્નોને ધંધાકીય તકમાં રૂપાંતર કરવાનું જબરૂ મોટું સાહસ એકતા કપુરે બતાવ્યું છે. અને તે સંદર્ભમાં ટી.વી. ઉદ્યોગમાં મોખરાના સાહસિકોમાં તેનું નામ ગુંજી રહયું છે.

ધંધાકીય ક્ષેત્રે નાણાકીય સાધનો એ મુખ્ય પ્રશ્ન બને છે. ખાસ કરીને ભારત જેવા વિકાસશીલ દેશમાં મુડી પ્રબંધના સંદર્ભમાં ઘણી ધીમી અને ઓછી માત્રા જોવા મળે છે. નવા ધંધાકીય સાહસો કરવા માટે જોખમની માત્રા વધુ હોય છે. જોખમ સામેના વળતરને કારણે તે ક્ષેત્રમાં પ્રમાણમાં ઓછી સાહસિકતા જોવા મળે છે. આવા વાતાવરણમાં ભારતમાં ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રે નવા જ ક્રિયાત્મક વિચારો થકી નવા ધંધાકીય સાહસોને વેગ આપવામાં આપવામાં વિનોદ ખોંસલાનું નામ ઉલ્લેખનીય ગણાવી શકાય. જોખમી મુડી સ્વયં જોખમ છે. ખાસ કરીને જે ક્ષેત્રમાં ઓછી જાણકારી વધુ અજ્ઞાન અનિશ્ચતતા હોય તેવા ક્ષેત્રમાં જોખમી મુડીનો ધંધો એક બહુ મોટો પડકાર છે. પરંતુ વિનોદ ખોંસલાએ અજબ સાહસ કરીને બેન્કો પણ જે સમયે ધીરાણ માટે તૈયાર ન

હતી તે સમયે ઈન્ફર્મેશન ટેકનોલોજી ઉદ્યોગમાં મુડી પ્રબંધનું જબરૂ જોખમ ખેડયું હતું. ફોર્ચ્યુન મેગેઝીને એક સમયના સૌથી મોટા જોખમી મુડીકાર તરીકે વિનોદ ખોંસલાને વર્ણવેલ છે અલબત ખોસલા પોતાની જાતને જોખમી મદદનીશ તરીકે ઓળખાવે છે. અહીં પરંપરાગત ધીર–ધાર કરતાં વિશેષ કાળજી અને કૌશલ્યની જરૂર હોય છે. જેના થકી કેવળ મુડીની વ્યવસ્થા ઉપરાંત વિવિધ તબકકે મુડીના અસરકારક વિનિયોગના સંદર્ભમાં સંચાલકીય માર્ગદર્શન પણ જરૂરી બને છે. મુળભૂત રીતે જવાનના કૂળમાં જન્મેલા વિનોદ ખોંસલાનો ઉછેર નિશ્ચિત પ્રકારના વાતાવરણમાં થયો હતો. કુટુંબના વાતાવરણ અને ઈચ્છાથી વિરૂધ્ધ દિલ્હીની પ્રસિધ્ધ ટેકનોલોજી સંસ્થામાં ઈલેકટ્રોનીક પદવી મેળવી ન્યુયોર્કમાં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરી અને પછીથી સંચાલન જ્ઞાનની પદવી પ્રાપ્ત કરી. જોખમી મુડીના કટોકટીના તબકકામાં કંપનીઓના પોર્ટફોલીયામાં સુયોગ્ય સુધારાવધારા સુચવીને ઓછા ખર્ચની પધ્ધતિ થકી કંપનીઓને સ્થિરતા આપવા મહત્વની ભૂમિકા ભજવી છે. અમેરિકામાં તેણે કરેલા બાયોમેડીકલ અભ્યાસના આધારે વ્યવસાયી જોખમ ઉઠાવવાના સંદર્ભમાં હવે પછી બાયોજીનેટીકસને તે મૂર્ત બનાવે તે સંભાવના છે.

ઉદ્યોગ સાહસિકતાના ક્ષેત્રે ઇન્ફર્મેશન ટેકનોલોજીના વ્યવસાયને પડકાર તરીકે ગણીને વીસમી સદીના અંતમાં વૈભવી ઉદ્યોગકારોમાં જબરી મોટી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર અઝીઝ પ્રેમજી બહુ મોટું નામ ગણાય છે. વિપ્રો કંપની ના જનક અઝીઝ પ્રેમજી હજી હમણાં સુધી વિશ્વના સૌથી શ્રીમંત નાગરિકોમાં દ્વિતીય ક્રમે આવતા હતાં. તાજેતરના વર્ષોમાં ધનાઢયતાના સંદર્ભમાં તેમનો ક્રમ અગાઉની સરખામણીમાં પાછળ ગયો છે. હાલમાં વિશ્વના પ્રથમ પચ્ચાસ શ્રીમંતોમાં તેનો ક્રમ ૪૭ મો આવે છે. અલબત ૨૦૦૩ ના અંતે પણ પ્રેમજી વિપ્રોના પંચોતેર ટકા શેર તેમનો કબ્જો છે. તાજેતરમાં વિપ્રોનો કુલ વ્યાપાર ૪૨૮૫ કરોડનો છે અને ચોખ્ખો નફો ૮૨૦ કરોડ રૂપિયાનો છે. અલબત વિપ્રોનું નાણાકીય મૂલ્ય તાજેતરમાં અંદાજે ૪.૫ બિલિયન ડોલર જેટલું થવા જાય છે. અઝીઝ પ્રેમજી સ્વયં પોતાની જાતને યંત્ર જન્ય જ્ઞાન ધરાવતા ધંધાર્થી ગણાવે છે. વિપ્રોનું ઇન્ફોટેક ગ્રુપ ઈ.સ. ૧૯૮૦ શરૂ થયું હતું. ઈન્ફોટેક ગ્રુપ નીચે આ કંપનીએ તાઈવાનની એસર કંપની સાથે એસેમ્બીલીગ માટેનો કરાર કર્યો હતો. આજે તો વિપ્રોનું નામ સોફટવેરના ક્ષેત્રે ગુણવતાયુકત સેવા માટે વિશ્વમાં મોખરે છે. વિશ્વની ટોચની બહુ રાષ્ટ્રીય કંપનીઓ જેવી કે જીઈલ્યુસેન્ટ ટેકનોલોજી, નોર્ટેલ, આલ્કાટેલ અને સીસ્કોસીસ્ટમ તેના કલાયન્ટસની યાદીમાં છે. આ ઉપરાંત તાજેતરના ભુતકાળમાં વિપ્રોએ સ્પેકટ્રામાઈન્ડ નામની કંપનીની ખરીદીને ઈન્ફર્મેશન ટેકનોલોજીને લગતી સેવા ક્ષેત્રે પણ ઝંપલાવ્યું છે.

ભારતીય સોફટવેર બ્રાન્ડના જે ગણ્યા ગાઠયા નિર્માતાઓ છે તે પૈકીના એક ગૌરવંતા નિર્માતા તરીકે પ્રેમજીનું નામ મશહૂર છે. તેમની મહેચ્છા જતા દિવસે પ્રાપ્ય કુશળ શ્રમદળના સહયોગથી વિપ્રોને વિશ્વની ટોચની ૧૦ બ્રાન્ડોમાં મુકવાની છે. તેમની ગતિ અને દર્શન જોતા તેમની મહત્વાકાંક્ષા પૂર્ણ થવા માટે શંકા લાગતી નથી.

એકલ દોકલ વ્યકિતને ઉદ્યોગ સાહસિક બનવામાં ઘણી મર્યાદાઓ નડે છે. ખાસ કરીને પરંપરાગત

શૈક્ષણિક, સામાજીક આર્થિક પર્યાવરણમાં વ્યકિત કૌશલ્ય માત્રથી સાહસિકતાના ક્ષેત્રે પદાર્પણ કરે તેવી સંભાવના ઓછી હોય છે. વળી વ્યકિત શોષણયુકત નીતિ સામે લડવાને પણ અસમર્થ હોય છે. પરંપરાગત ગ્રામીણ માળખામાં બજારીકરણના વ્યવસાયિક તર્ક માટેની સભાનતા જાગૃતતા હજી આજે પણ પ્રમાણમાં ઓછી છે તો ભારતની સ્વતંત્રતા સમયે તો આ સ્થિતિ અંગેની કલ્પના પણ ન થઈ શકે. તે વાતાવરણમાં ભારતના ગ્રામીણ અર્થતંત્રમાં કૃષિ કે કૃષિ સંલગ્ન પેદાશોના બજારીકરણ માટેની સભાનતા. તે અંગેની સંગઠન ક્ષમતાનો વિચાર વહેતો કરીને તદન શહેરી માનસથી રંગાયેલા અવ્વલ દરજજાના શિક્ષીત તેજસ્વી એન્જીનીયર થયેલા યુવાનને પરંપરાગત અશિક્ષિત  ખેડુતોને સંગઠીત કરવાનો સક્ષમ કરવાનો વિચાર આવે તે પોતે જ એક સાહસિક વિચાર કહેવાય અને આ સાહસિક વિચારને મૂળભૂત કરવા હિંમતભેર વ્યાપક અને સઘનપ્રયાસો શરૂ તેનું બીજ એક નાના ગામડેથી શરૂ થાય અને તે રાષ્ટ્રની શ્વંતક્રાંતિનું મૂળ અને આ વાત તે કાળના સંદર્ભમાં કેટલી હિંમતભરી, પડકારયુકત હશે. ડો. વર્ગીસ કુરીયન આજે ભારતમાં જ નહી. વિશ્વભરમાં ગુંજતુ થયેલું નામ છે. તેનું એકમાત્ર કારણ ગામ ગામની અંદર ઉત્પાદકોને દૂધના ઉત્પાદકોને સહકારી ધોરણે સંગઠીત થવાની હાકલ કરી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને દૂધ ઉત્પાદક સહકારી સંઘની રચના કરી આ પધ્ધતિને રાષ્ટ્રીય ફલક પર લઈ જવા "નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ" જેવી સંસ્થાના સુત્રધારની "ઓપરેશન ફલક" જેવી યોજનાથી ઘર ઘર દૂધ ગંગા વહેતી કરવાની તાકાત ડો. કુરીયને ઉભી કરી પશ્ચિમ ભારતમાં ખાસ કરીને ગુજરાતના ઉત્તરમાં હરિયાણા પંજાબના ગામડાઓમાં ઉત્પાદકોને દૂધના ધંધા થકી બનાવવાનું શ્રેય ડો. કુરિયનને ફાળે જાય છે.

સહકારી ધોરણે દૂધ ઉત્પાદનના વ્યવસાયને પ્રતિષ્ઠા અપાવવામાં ડો. કુરિયનના પ્રયત્નોને જબરો પ્રતિસાદ પણ સાંપડયો. અને આ સફળતાથી પ્રેરાઈને જ દૂધ ઉત્પાદનના બજાર માટે પણ વ્યાવસાયિક સંગઠનને સાધન બનાવી દૂધ અને દૂધની પેદાશોને શહેરોમાં લઈ જઈને વચેટીયાઓના વર્ગને હળવેહળવે નાબૂદ કરી ઉત્પાદકોને જ સાહસિક બનાવ્યા. આમ હજારો નહિં પરંતુ સેકડો હજારો ખેડૂતોને ખરા અર્થમાં નાના નાના ઉદ્યોગ સાહસિકો બનાવનાર ડો. કુરિયત સૈધ્ધાંતિક વૈચારિક સંદર્ભે કૃષિ ક્ષેત્રના ખાસ કરીને દૂધ ક્ષેત્રના મોટા સાહસિક ગણાવી શકાય તેમાં શંકાને સ્થાન નથી. "અમૂલ" ની બ્રાન્ડ ઈમેજના પાયામાં દૂધ ઉત્પાદનની સહકારી પ્રવૃતિની શાખ છે તે હકીકત સ્વયં ઉદ્યોગ સાહસિકતાને માટે પ્રેરક અને પોષક છે.

ઓટો મોબાઈલ્સના ક્ષેત્રના આજે વિશ્વભરમાં મહતમ વેચાણનો વિક્રમ જેના નામે છે તે " હીરો હોન્ડા મોટર સાયકલ" ના મૂળ એક કાળની હીરો સાયકલમાં સમાયેલા છે. બ્રીજમોહન મુંજાલ તેમના કૌટુંબિક વલણોથી અલગ પડી સાહસિકતાથી માત્ર વેપારના સ્થાને ઉત્પાદનના ક્ષેત્રે પરવાના પ્રથાના એ સમયમાં ઝંપલાવ્યું હતું.

આજે ઓટોમોબાઈલ્સમાં હીરો જૂથ હસ્તક ૧૮ કંપનીઓ ૩૦૦ સંલગ્ન પુરવઠાદારો ૩૫૦૦ ડિલર્સ ૨૦,૦૦૦ સબ ડિલર્સ અને લગભગ ૨૦,૦૦૦ કર્મચારીઓ છે. કંપનીઓનો કુલ વકરો અંદાજે ૧:૫ બિલિયન

ડોલર થવા જાય છે.

૨૧ મી સદીના પ્રારંભિક તબકકામાં આજે હીરો હોન્ડા બ્રાન્ડ વિશ્વમાં નેતૃત્વ ધરાવે છે. જેની ક્ષમતા અંદાજે ૨ મિલિયન મોટર સાયકલની છે અને એક જ બ્રાન્ડના ઉત્પાદક તરીકે વિશ્વમાં પ્રથમ સ્થાને છે. લાંબાગાળાના સંબંધોના ખ્યાલને સંચાલનના પાયા તરીકે સ્વીકારીને તે રીતે આ કંપનીએ જાપાનના સંચાલકીય સિધ્ધાતોનું અનુકરણ કર્યું છે જે પશ્ચિમી ઢબના સંચાલન કરતાં અલગ પડે છે.

આ જ રીતે ડો. અંજુ રેડ્ડી એ ઔષધી ક્ષેત્રે ડો. રેડ્ડી લેબોરેટરીના બ્રાન્ડથી જે પ્રતિષ્ઠા હાંસલ કરી છે અને ડો. પ્રતાપ રેડ્ડીએ અમેરિકાની ધીકતી પ્રેકટીશ છોડી ભારત આવીને આરોગ્યની સંભાળને વ્યાવસાયિક સ્વરૂપે ગુણવતા યુકત જીવનના ભાગરૂપે "એપોલો ગ્રુપ ઓફ હોસ્પીટલ" થી જબરી ખ્યાતી પ્રાપ્ત કરી છે. તે ઉદ્યોગજગતમાં પ્રેરક અને અનુકરણીય બની રહેલ છે.

## ૩.૬ ભારતમાં ઉદ્યોગસાહસિકતા સંભાવના ક્ષેત્રો

ભારતીય અર્થતંત્ર સાંપ્રતકાળમાં અંશતઃ સ્પર્ધા અને અંશતઃ વૈશ્વિક મંદીમાંથી પસાર થઈ રહયું છે. જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્ર બન્નેમાં રોજગારી કાપની નીતિ અમલમાં છે. ઈ.સ. ૨૦૦૧ માં હાથ ધરવામાં આવેલ એક રાષ્ટ્રીય સર્વેક્ષણમાં એવો અંદાજ મૂકવામાં આવેલો કે આર્થિક સુધારાના એક દાયકાના અંતે અંદાજે ૧૦ લાખ જગ્યાઓ ઓછી થયેલી છે. આ દશકા દરમિયાન પ્રસિધ્ધ કહી શકાય એવા છ જાહેર સાહસોમાં કુલ મળીને ૧,૨૦,૦૦૦ જગ્યાઓ નાબુદ કરવામાં આવી છે. રેલ્વે બોર્ડના લક્ષ્યાંક મૂજબ ભારતીય રેલ્વેમાં હવે પછીના દશ વર્ષમાં પ્રતિવર્ષ ૩૦,૦૦૦ જગ્યાઓ નાબુદ કરવાની યોજના છે. હોટેલ ઉદ્યોગમાં પણ રોજગારીની કાપ અને સ્વૈચ્છિક નિવૃતી યોજના અમલમાં આવી છે. સુધારાના પ્રથમ દશકામાં રાષ્ટ્રીયકૃત બેંકોમાં સ્વૈચ્છિક નિવૃતી યોજના વ્યાપક રીતે અમલમાં આવી ચૂકી છે. સીમેન્ટ, એન્જીનીયરીંગ વગેરે ક્ષેત્રોમાં પણ મોટા ભાગે આ જ વલણ જોવા મળે છે. સ્વયં સંચાલન કોમ્પ્યુટર ની પ્રક્રિયા જેમ જેમ અમલમાં આવે છે તેમ તેમા રોજગારી માટેની મર્યાદિત થતી જાય છે.

તાજેતરના વિવિધ અન્ય સર્વેક્ષણમાં પણ એવું જોવા મળેલ છે કે ૧૯૯૫ થી ૯૮ ના સમયગાળામાં ઔદ્યોગિક ક્ષેત્રે જે નરયાશ જોવા મળી તેની અસર રોજગારી ઉપર પડી છે. તો ખેતી ક્ષેત્રમાં પણ રોજગારીની તક મર્યાદિત બની છે.

તાજેતરના સમયમાં ઈન્ફર્મેશન ટેકનોલોજીના ક્ષેત્રે પણ માંગ પૂરવઠાના સમતુલામાં જબરા વિક્ષેપ ઉભા થયા છે. આ સંદર્ભમાં વિશ્વમાં જોવા મળતી મંદીએ ભારતીય અર્થકારણને ઘણી અસર કરી છે. બદલાયેલા આંતરરાષ્ટ્રીય રાજકીય પ્રવાહો, પશ્ચિમ તરફનો આતંકવાદ વગેરે કારણોએ આર્થિક વાતાવરણમાં ભારે અસ્થિરતા લાવી છે. આ બધાં જ સંજોગોમાં કુશળ અર્ધ કુશળ શ્રમિકો સ્વરોજગારીના વિકલ્પ તરફ નજર દોડાવે તેવું આયોજન તાકીદની આવશ્યકતા છે. જો બારીકાઈથી નજર નાખવામાં આવે તો હજી પણ કેટલાક

ક્ષેત્રો પ્રમાણમાં વણખેડાયેલા કે અર્ધ ખેડાયેલા છે કે જેમાં વ્યાવસાયિક કૌશલ્યથી રોજગાર વૃધ્ધિ, આવક વૃધ્ધિ વગેરે મેળવી શકવાની સંભાવના છે. આ ક્ષેત્રોને સંક્ષીપ્તમાં નીચે પ્રમાણે દર્શાવી શકાય.

### ૩.૬.૧ બાયોટેકનોલોજી

ભારતીય અર્થકારણમાં કૌશલ્યપૂર્ણ શ્રમને માટે ઈ.સ. ૨૦૦૦ ના વર્ષમાં બાયોટેકનોલોજી ક્ષેત્રમાં ભારે જુવાળ જોવા મળે છે. સજીવ વનસ્પતિનો ખોરાક દવા કે અન્ય પેદાશો માટે ઔદ્યોગિક હેતુથી ઉપયોગ કરવાની પ્રક્રિયા રીતને બાયોટેકનોલોજી તરીકે ઓળખવામાં આવે છે. બેકરી, ડેરી સંલગ્ન આ ઉદ્યોગમાં હવે જીનેટીક એન્જીનીયરીંગનું વિશાળ ક્ષેત્ર પણ ઉમેરાયેલ છે. અલબત ભારત પશ્ચિમના દેશોની સરખામણીમાં આ દિશામાં અવશ્ય પાછળ છે પરંતુ જીવ વિજ્ઞાનની શોધ સંશોધનના સંદર્ભમાં ભારતનો પાયો ઘણો મજબુત છે. સરકારે પણ આ દિશામાં વિધાયક વલણ દાખવીને માળખાકીય સુવિધાઓ માટે સંશોધન માટે કેન્દ્રીય સહાય હેઠળ નવા દાયકા માટે પણ યોગ્ય પ્રતિસાદ આવ્યો છે. આ ક્ષેત્ર માત્ર કૃષિ કે ઔષધી પૂરતું મર્યાદિત ન રહેતા તેની અસર પ્રદુષણ પ્રશ્નોના સંચાલન વીના આરોગ્ય સંભાળ વગેરે ઉપર પણ થવાની પૂરતી સંભાવના છે. ભારતમાં અત્યારે ૬૦૦ જેટલી બાયોટેક પેઢીઓ કાર્યરત છે. નવો જ ઉદ્યોગ હોવાથી વિપુલ તકો હોવાથી વિશ્વના જોખમી મુડીપતિઓ નવા નવા કેન્દ્રો રોકાણ માટે શોધી શકાય છે. ત્યારે તેની તક વિશેષ છે.

### ૩.૬.૨ ઈન્ફર્મેશન ટેકનોલોજી સંલગ્ન સેવાઓ

ઈકોનોમીક ટાઈમ્સમાં પ્રસિધ્ધ થયેલ સ્ટીવન્સ રીપોર્ટને ધ્યાનમાં લેવામાં આવેતો ગ્રાહક આંતરક્રિયા કેન્દ્રો, કોલ સેન્ટર સુવિધા, ઈન્ટરનેટ આધારીત ગ્રાહકસેવા જેમ કે ઈ–મેઈલ વેબ ચેટીંગની હવે ધીમે ધીમે ભારતમાં માંગ વધતી રહી છે અને વધતી જશે. તબીબી ટ્રાન્સક્રીપ્શન, નાણાકીય અને હિસાબી સેવા મૂળ ભાગનો વિકાસ – ભૌગોલિક માહિતી પધ્ધતિ વગેરે હવે ભારતના નિકાસ પૂરવઠામાં વધારો કરશે. અલબત આ રીપોર્ટમાં યોગ્ય રીતે જ કેટલાક ભય સ્થાનો પણ સૂચવવામાં આવ્યા છે. ખાસ કરીને ઇન્ફર્મેશન ટેકનોલોજી સંલગ્ન સેવાના સર્વ વિભાગોમાં સામાન્ય રીતે ઝડપથી વિકાસ કે વૃધ્ધિ જોવા મળતા નથી. વળી તમામ સંલગ્ન સેવાઓમાં સંગીત ટેલીકોમ સુવિધા વિસ્તરણ સંકલન હેતુથી જરૂર છે વળી જેમ તેમ આ ક્ષેત્રે પરદેશમાં માંગ વધતી જાય તેમ તેમ ભારત ઉપરાંત અન્ય દેશોના આ સંબંધી પ્રવર્તમાન કાયદાઓનું જ્ઞાન અર્જિત કરવું જરૂરી છે. ખાસ કરીને મેડીકલ ટ્રાન્સ્ક્રીપ્શનમાં વિશેષ તકેદારી રાખવી પડે તેમ છે. પરંતુ ભારતનું માનવધન આ પડકારોને પહોંચવા સમર્થ છે અને તેથી આગામી ૫ વર્ષમાં આ ક્ષેત્રે ભારત સમૃધ્ધિ હાંસલ કરે તેવી પૂરતી સંભાવના છે.

### ૩.૬.૩ ઈવેન્ટ મેનેજમેન્ટ (પ્રાસંગિક ઉત્સવ સંચાલન) :–

વિકાસની સાથોસાથ ભૌતિક માપદંડો બદલાયા છે. જીવન શૈલીમાં આવતા પરિવર્તનોના લીધે વ્યકિત સંસ્થાઓ તેમના પ્રસંગો ઘટનાઓને વધુ યાદગાર બનાવવા પ્રાપ્ય સમૃધ્ધિનો વધુ ને વધુ વપરાશ કરતા રહયા છે. આથી જ આવા પ્રસંગો મેળાવડાઓનું આયોજન ઉદ્યોગ સ્વરૂપમાં રૂપાંતરીત થયેલ છે જેમાં ટેકનોલોજી અને શિક્ષણના આશયોનો પ્રવેશ થતા તે પ્રસંગો વધુ સહજ, સરળ આનંદદાયી બન્યા છે. સમગ્ર દૂનિયામાં આ ઉદ્યોગ સતત આગળ વધતો રહયો છે. ભારતમાં આ ઉદ્યોગનું કદ વર્તમાન તબકકે રૂા. ૨૫૦ થી ૩૦૦ કરોડનું અંદાજવામાં આવે છે. અખિલ ભારતીય વ્યાપારી સંગઠન સંઘના એક સર્વેક્ષણમાં એવો સંકેત આપવામાં આવ્યો છે આશાવાદ દર્શાવાય છે કે આગામી ૫ વર્ષમાં ભારતમાં આ ઉદ્યોગનું કદ રૂા. ૩૩૫૦ કરોડને વટી જવાની સંભાવના છે અને નવ યુવાનો તે માટે આ ક્ષેત્ર ઉજજવળ કારકિર્દી લાવનાર નીવડશે.

આજે ઘનાઢય કુટુંબોના લગ્ન સમારંભોથી માંડી સંસ્થાઓના વાર્ષિક મિલનો, વ્યાપાર મેળાઓ, આનંદ મેળાઓ ઔદ્યોગિક પ્રદર્શન વગેરેએ સહુનું ઘ્યાન કેન્દ્રિત કર્યુ છે. વળી આવા મોટા પ્રસંગોમાં પ્રસાર માઘ્યમોએ ઝંપલાવતા તેની ભવ્યતા રોનક વધી તેથી તેની માંગ વધતી રહે છે. જેના લીધે સંલગ્ન ક્ષેત્રો પણ વિકાસ પામના રહયા છે. ઓટો એકસપો, ફીલ્મ ફેસ્ટીવલ એન્યુઅલ વગેરે પ્રસંગોએ ખર્ચ કરવાની એક નવીન રીત વિકસી છે. જેવા વિવિધ ક્ષેત્રના કૌશલ્ય અને અર્ધ કૌશલ્ય શ્રમની આવશ્યકતા વધતી રહી છે.

આ ક્ષેત્રની બીજી મોટી લાક્ષણિકતા એ છે કે તે બહુવિધ શાખાઓને આવરી લ્યે છે. જેમાં સંગીત, ઘ્વનિ ખાણીપીણી, મંડપ, પરિવહન, વીજળીસેવા, વિજ્ઞાપન સુશોભન પ્રકાશન જેવી અનેક શાખાઓનો સમાવેશ થાય છે.

જેમ જેમ ઈવેન્ટ મેનેજમેન્ટનું મહત્વ વધતું જાય છે તેમ તેમ ઉચ્ચ કક્ષાની અદ્યતન ટેકનોલોજી અને શ્રેષ્ઠતમ સંચાલનની પણ જરૂરીયાત વધે છે તેથી જ ઉતર ભારતમાં સૌ પ્રથમ કહી શકાય તેવી "ઈન્ડીયન ટુરીઝમ એન્ડ ફયુચર મેનેજમેન્ટ ટ્રેન્ડઝ" (આઈટીએફટી) નો પ્રારંભ થયો છે. આ સંસ્થાએ કોન્ફરન્સ અને ઇવેન્ટ મેનેજમેન્ટ માટેનો ૨ વર્ષનો અનુસ્નાતક તાલીમ અભ્યાસક્રમ પણ શરૂ કર્યો છે. આના પગલે પગલે મુંબઈ–ચેન્નાઈ–દિલ્હી જેવા મહાનગરોમાં પણ હવે આ પ્રકારના અભ્યાસક્રમ શરૂ થયો છે જેના થકી રોજગારી માટે નવી જ દિશા ખુલતી જાય છે.

### ૩.૬.૪ ખાદ્ય પદાર્થ બાગાયતી પરિવહન

ભૌગોલિક દષ્ટિએ અન્ય પ્રદેશોની સરખામણીમાં ભારત ખાદ્યપાકો માટે સાનુકૂળ હવામાન ધરાવે છે. પરંપરાગત રીતે મોટા ભાગના ખાદ્ય પદાર્થો કાચા સ્વરૂપમાં બજારમાં વેચાય છે. બીજી તરફ ખાનપાન ની શૈલી ટેવમાં દૂનિયાભરમાં ઝડપથી પરિવર્તન આવતું રહયું છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં વ્યવસાયી વર્ગમાં યુવા પેઢીમાં "ફાસ્ટ ફુડ" કે તૈયાર ખોરાકની માંગ પસંદ વધી છે. ભારતમાં એક વર્ગ આનું મહત્વ

સમજતો થયો છે. હજી આ ક્ષેત્રે ધંધાકીય વિકાસની વિપુલ તક રહેલી છે. પ્રક્રિયાન્વીત ખોરાક, કુદરતી ફળ, શાકભાજીની માંગ વિશ્વના બજારમાં વધતી રહી છે તેથી વિદેશી હુંડિયામણના સંદર્ભમાં પણ આ ક્ષેત્ર વિશેષ મહત્વ ધારણ કરે છે. સંચાલકીય દૂરંદેશીની અધુરપ, વાણિજિયક અભિગમનો અભાવ, આંતરમાળખાની અછત વગેરે કારણોસર આ દિશામાં ભારતે હજી જોઈએ તેટલી પહેલ નથી કરી. ઉત્પાદન ખર્ચમાં કરકસર, ગુણવતા અને બજારીકરણનું સંકલન સાધવામાં આવે અને તેના ટેકામાં ઝડપી સુવીધા, કાર્યક્ષમ પરિવહન ગોઠવાય તો પરસ્પર ઉદ્યોગોને બજાર પણ મળે તેમ છે અને સંલગ્ન ક્ષેત્રોમાં પણ નવીન તક ઉભી થાય તેમ છે.

### ૩.૬.૫ મિનરલ વોટર

મુળભુત રીતે ભારતમાં મિનરલ વોટરનું ઉત્પાદન ૧૯૬૦ થી ૭૦ ના દાયકામાં શરૂ થયું. પરંતુ ૧૯૮૫ સુધી તેના બજારનો ખાસ વ્યાપ ન હતો. પરંતુ ૧૯૮૦ થી ૯૦ અને ૯૦ પછીના છેલ્લા દાયકા દરમિયાન મિનરલ વોટરની માંગ સતત વધતી ગઈ જે પ્રતિ વર્ષ ૩૫ થી ૪૦ % ના દરે વધે છે. આરોગ્ય વિષયક સભાનતાના પગલે પગલે આ પ્રકારના પાણીની માંગ સતત વધતી રહી છે. ૧૯૯૯ ના વર્ષમાં ભારતમાં મીનરલ વોટરનું બજાર રૂા. ૮૦૦ કરોડનું હતું. આમ આ ક્ષેત્રોમાં નાના નાના ધંધાર્થીઓને પણ ખાસ તક રહેલી છે.

### ૩.૬.૬ છુટક બજાર

ભારતનું વપરાશી ખર્ચ ૨૦૦૧ માં અંદાજે રૂા. ૩,૮૦,૦૦૦ કરોડનું અંદાજવામાં આવેલ છે. જે પૈકી સંગઠીત છુટક ધંધો રૂા. ૫૦૦૦ કરોડનો ધારવામાં આવે છે હવે પછીના થોડા વર્ષોમાં આ બજારમાં પ્રતિ વર્ષ ૫૦ થી ૬૦% ની વૃધ્ધિની ધારણા સાથે ધંધાનું કુલ કદ રૂા. ૩૦,૦૦૦ કરોડ થશે તેવો અંદાજ છે. હવે છુટક ધંધાના સ્વરૂપમાં પણ ફેરફારો આવતા રહયા છે. નાના નાના દુકાનદારો ઉપરાંત વિશાળ "મોલ" (શોપીગ મોલ) પણ ઉભરાતા રહયા છે. નોયડા સ્થિત લાઈફ ગ્રુપ દ્વારા "એસ. કે. સુપર માર્ટ" ના બ્રાન્ડથી ચેન્નાઈ, લખનૌ જયપુરમાં મોટા સ્ટોર્સ શરૂ થયા છે. શાકભાજી થી શરૂ કરીને કોમ્પ્યુટર જેવી વસ્તુઓનું વેચાણ જૂથ કંપની રચીને "ઓન લાઈન" પધ્ધતિથી શરૂ કરવાની ઘડીઓ ગણાઈ રહી છે. આ બધા જ નવતર પ્રકારના સ્ટોર્સમાં તમામ પ્રકારની ચીજ વસ્તુઓ તો હોય જ પણ તે ઉપરાંત રેસ્ટોરા અને ખાદ્ય સ્થાનો પણ હશે આવા જ સ્ટોર્સ કાનપુર, મુંબઈ, આગ્રા, બેંગ્લોર, ઇન્દોર, અમદાવાદમાં શરૂ થઈ ગયા છે અને તાજેતરમાં રાજકોટ શહેરમાં આવાં જ સ્ટોર્સનો જ પ્રારંભ થયો છે.

વિવિધ નિષ્ણાંત જૂથોના સર્વેક્ષણ અભ્યાસના પ્રાપ્ત તારણો એવા છે કે શહેરી અર્ધ શહેરી વિસ્તારોમાં ભારતભરમાં આવા સ્ટોર્સની માંગ પણ છે અને તે હજી વધુ ને વધુ લોકપ્રિય થશે માટે સાહસિકોને હવે તેમનું કૌવત વિવિધ ક્ષેત્રે બતાવવા માટે વિશેષ સાનુકૂળતા ઉભી થતી રહી છે.

### ૩.૬.૭ કુરીયર સેવા

ઈ કોમર્સને સંલગ્ન ધંધાઓ પણ નવીન સ્વરૂપે વિકાસ પામતા રહયા છે. ખાસ કરીને ઈ કોમર્સના પગલે કુરીયર સેવાની માંગ જબરદસ્ત વધતી રહી છે. તાજેતરના સમયમાં એલ્બી કુરીયર કંપનીના શેરની કિંમતમાં ૧૪૦૦ % અને બ્લ્યુ ડાર્ટ કંપનીના શેરની કિંમતમા ૪૦૦ % વધારો થયો છે. ઈન્ટરનેટ સંચાલીત ધંધામાં માલ વિતરણની પ્રક્રિયા સ્વાભાવિક રીતે કુરીયર કંપનીઓ થકી થતી રહેવાની સમય અને સંપત્તીની મર્યાદાના કારણે નેટવર્કના માધાતાઓ વિતરણની કડાકુટમાં પડશે નહી તેથી વિતરણની મહત્વની પાયાની કામગીરી માટે વિશિષ્ટ સેવા વિક્રેતાઓના વર્ગની માંગ વધવાની પ્રમાણમાં ઓછા ખર્ચે ઝડપી અને ચોકકસ સેવાની ખાત્રી મળવાથી ઉતરોતર કુરીયર સેવાની માંગ કુદકે ને ભૂસકે વધતી જશે તે નિશ્ચિત છે.

### ૩.૬.૮ વિમા સેવા

ભારતમાં ખાનગીકરણની પ્રક્રિયા પૂર્વે માત્ર જીવન વીમા નિગમ અને સામાન્ય વીમા એમ બે કંપનીઓ અસ્તિત્વમાં હતી જે બંને જાહેર સાહસો છે. આજે હવે વીમા ક્ષેત્રમાં ૨૦ જેટલી કંપનીઓએ પ્રવેશ કર્યો છે. આ કંપનીઓને વિશ્વની મોટી કંપનીઓ સાથે સીધુ જોડાણ છે. આજે એચ.ડી.એફ.સી., આઈ.સી.આઈ.સી.આઈ., ઓમકોટક, બીરલા વ્યાસ, મેકસ, એસબીઆઈઈ, ટાટા, સુંદરમ રિલાયન્સ ઈફકો જેવી કંપનીઓ બજારમાં છે. હાલમાં વાર્ષિક ૨૦ થી ૨૫ % ના દરે વીમા સેવાની માંગ વધતી રહી છે. ઈ.સ. ૨૦૧૦ સુધીમાં ૪૦,૦૦૦ કરોડનું વર્તમાન વીમા બજાર રૂા. ૬,૦૦,૦૦૦ કરોડના આંકને આંબી જવાની પુરી સંભાવના છે. વીમા સેવાની માગના વધારાના પગલે પગલે દલાલ, એજન્ટસ, સર્વેયર, નુકશાનીના ગણત્રીકારો વગેરે માટે તક વધતી જશે.

### ૩.૬.૯ હર્બલ

ભારતની એક રીજીયોનલ રીસર્ચ લેબોરેટરી દ્વારા હર્બલનું ખેડાણ અને વિવિધ તકલીફોના નિવારણમાં તેની ઉપયોગીતા અંગે એક સઘન વેબસાઈટ તૈયાર કરી છે. આ વેબસાઈટને ભારતના આયોજન પંચ સહીતની રાષ્ટ્રીય સંસ્થાઓએ આવકાર આપ્યો છે. ભારતની પરંપરાગત આયુર્વેદ સેવા મુખ્યત્વે આ પ્રકારની કુદરતી વનસ્પતિ ઉપર મહ્દઅંશે આધારીત છે, અને ઉતરોતર આ સેવાની માંગ પણ વધતી રહી છે. વિશ્વભરમાં કુદરતી વનસ્પતીના બજારની માંગ વધતી રહી છે. ભારતમાં થોડા વ્યવસ્થીત આયોજન થી રૂા. ૧૦,૦૦૦ કરોડ જેટલી આવક આ ધંધાથી થાય તેવી સંભાવના છે. વળી આ સેવાનો બીજો મોટો ફાયદો શુઘ્ધ તંદુરસ્ત માટે શુઘ્ધ આરોગ્ય સેવા મળતી થશે. અલબત આ સંદર્ભમાં પ્રમાણીકરણ, સંકલન અને બજારીકરણ માટેના વ્યાવસાયિક કૌશલ્યને કેળવવાની હજી તાતી જરૂર છે.

### ૩.૬.૧૦ એનીમેશન

આજે ભારતભરના દુનીયા, ભરના, બાળકો યુવાનોમાં ટુ ડાઈમેન્શન/ થ્રી ડાઈમેન્શનની માંગ સતત વધતી રહી છે. ક્રેસ્ટ કંપની સ્વયં સંચાલીત રીતે હોમ સ્ટોરી બતાવી રહેલ છે. વોર્નર બ્રધર્સ અને ડીઝનીના નામ પણ આ દિશામાં જાણીતા છે. અહી રોજગારીની માંગ પણ ઉતરોતર વધતી રહી છે. ૨૩ મીનીટની એક એનીમેશન ફિલ્મ બનાવવાનો ખર્ચ અમેરિકામાં જે લગભગ ૨,૫૦,૦૦૦ ડોલર, ફિલીપાઈન્સ કોરીયામાં ૧૦૦,૦૦૦ ડોસર્સ થાય છે ત્યારે ભારતમાં તેનો ખર્ચ માત્ર ૨૦,૦૦૦ નો થાય છે. તેથી જ જાપાનીઝ સ્ટુડીયો પણ હમણા સુધી જે કામ ફિલીપાઈન્સ કે કોરીયામાં કરાવતા હતા તે હવે ભારત સાથે આઉટસોર્સીંગ કરાર કરતા થયા છે. પેન્ટામીડીયા, યુટીવી, ટુન્સ પણ હવે આ દિશામાં ઉંડો રસ લઈ રહયા છે. ઈ.સ. ૨૦૦૬ સુધીમાં ભારતનો એનીમેશન ક્ષેત્રનો વ્યાપાર લગભગ ૩ બિલિયન ડોલર સુધી પહોંચવાની ધારણા છે. પ્રતિભા, ગુણવતા યુકત પેદાશ અને ઓછો ખર્ચ આ ત્રણ ભારતના આ સંદર્ભમાં મોટા જમા પાસા બની રહેલ છે. ચીન અને કોરિયાની સરખામણીમાં ભારત ભાષા કૌશલ્યમાં ઘણું આગળ હોવાથી ટોમ એન્ડ જેરી કે જય હનુમાન જેવી બાલ એનીમેશન ફિલ્મ બનાવવી ભારતીય જૂથો માટે ખુબ જ સરળ છે. કેનેડા પણ એનીમેશનના કુલ બજેટના ૨૫% ભાગ ભારતને માટે ફાળવે છે જે હજુ વધવાની પૂરી સંભાવના છે.

## ૩.૭ ભારતીય ઉદ્યોગ સાહસિકોની કેટલીક વિશેષતા

૧૯૯૫ થી ૨૦૦૦ ના સમયગાળા દરમિયાન વિવિધ સંશોધકોએ હાથ ધરેલા અભ્યાસોને આધારે ભારતના ઉદ્યોગ સાહસિકોની કેટલીક ખાસ લાક્ષણિકતાઓ જે તેમની સફળતા માટે કારણભૂત તે દર્શાવવામાં આવે છે. સર્વેક્ષણમાં આવરીલેવામાં આવેલા ઉદ્યોગ સાહસિકો ૪૦ વર્ષથી મોટી વયના હતા. તેઓને જરૂરી કૌશલ્ય અને સંચાલકીય ક્ષમતા તેમના માત – પિતા અથવા મિત્રો પાસેથી મળી હતી. આ પૈકીના મોટા ભાગના સાહસિકો નિમ્ન મધ્યમ વર્ગ અને મધ્યમ વર્ગમાંથી આવતા હતા. તેઓનું શૈક્ષણિક ધોરણ પણ પ્રમાણમાં નીચું હતું. આ સાહસિકોને તેમના બાળકોને તાલીમ આપીને તે બાળકો આ જ વ્યવસાયમાં ટકી રહે અને તેમનો ઈરાદો આ સંતાનોને વારસામાં ધંધો સોંપી જવાનો હતો. આ સાહસો વ્યકિતગત માલિકી, ભાગીદારી ખાનગી કે જાહેર ક્ષેત્રની કંપની સ્વરૂપના હતા. સાહસિકોને કાચા માલની અછત, અપ્રાપ્યતા, કાર્યશીલ મુડીનું અયોગ્ય સંચાલન, બજારીકરણનો અભાવ, તેમ જ માળખાકીય સુવિધાઓના પ્રશ્ન મુંઝવતા હતા. જેના કારણે કેટલાક ઔદ્યોગિક સાહસો ઔદ્યોગિક માંદગી ભોગવતા હતા.

**ભારતમાં સફળ થયેલા ઉદ્યોગ સાહસિકોના વિવિધ લક્ષણોને જો તપાસવામાં આવે તો તેમાં મુખ્યત્વે નીચેની બાબતો જોવા મળી હતી. વ્યવસાયીકરણ, નવપ્રવર્તન વિચાર, ઉચ્ચ જ્ઞાન ગુણવાતાની સભાનતા (લક્ષ્મણભાઈ ગાંધી અને રામચંદ્રભાઈ "વાડીલાલ આઈસ્ક્રીમ"), વ્યાજબી કિંમત, કિંમત**

**નીતિની ચતુરાઈ, વિકાસશીલ જંગી બજાર ("નિરમા કેમીકલ્સ"ના કરશનભાઈ પટેલ), સુયોગ્ય કિંમત અને નકકર બજારી વ્યુહરચના (આરપી બલસારા "બલસારા હાઈજીન પ્રોડકટ"), ઉત્કૃષ્ટતા માટેની ઝંખના વિકાસ પામો અથવા નાશ પામોની નીતિ, આંતરરાષ્ટ્રીયકરણ ("એમ.આર.એફ. ટાયર"ના કે.એમ. મેમ્પીલલાઈ), બધી જ દષ્ટિએ ટોચના ક્રમે રહેવું ("સોનોડાઈન ઈલેકટ્રોનીકસ"ના એ.કે. મુખરજી અને આશો આઈકટ), પ્રમાણિકતા સમર્પણ જાપાનીઝ સંસ્કૃતિ નવપ્રવર્તન ("ભારત બીસ્કીટ" જયોતિ મુખરજી), પ્રતિબધ્ધતા, ટેકનોલોજી અને દૂરંદેશીતા ("પંજાબ ટ્રેકટર"ના ચંદ્રમોહન), ઉપભોકતા સંતોષ મહિલા રોજગારી ("સુમિત"ના સત્યપ્રકાશ માથુર), ઉદ્યોગદ્વારા સમાજસેવા ("નાગાર્જુન સ્ટીલ્સ"ના કે.વી.કે રાજુ), નવપ્રવર્તન ઉપભોકતા પ્રત્યે વફાદારી ગુણવતા માટેની પ્રતિબધતા (રમણભાઈ પટેલ અને ઈન્દ્રવદન મોદી "કેડીલા લેબોરેટરીસ"), કર્મચારી સહકાર ગ્રાહકનો ટેકો ("હરીકેન ઈન્ડીયા"ના રંગાચાર).**

**આજ પ્રકારના બીજા સર્વેક્ષણમાં નેતૃત્વ ક્ષમતા નફાની અભિમુખતા પ્રતિભા આકર્ષણ અને જાળવણી સર્વોતમ ઔદ્યોગિક સંબંધોની નીતિ પ્રમાણિકતા વગેરેના સંદર્ભે ઉતમ ચીફ એકસીકયુટીવસને પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં ટાટાસન્સના રતન ટાટા,આઈટીસીના કીશનચઢ્ઢા, રીલાયન્સના અંબાણી, હિન્દુસ્તાન લીવરના એસએન દતા ઈન્ડીયન રેયોનના આદિત્ય બિરલા, બજાજ ઓટોના રાહુલ બજાજ, ટાટા કેમીકલ્સના ડી. શેઠ ગોદરેજ જૂથના આરદેસર ગોદરેજ, ટાટા સ્ટીલ્સના જે.જે ઈરાની, ક્રોમ્પ્ટન ગ્રીવસના એલએમ થાપર, આરપીજી એન્ટર પ્રાઈઝના એચ.પી ગોએન્કા, બોમ્બે ડાઈગના નસલીવાડીયા, હયુબી ગ્રુપના વિજય માલીયા અને સો વાલેસના મનુ છાબરીયાનો સમાવેશ થાય છે.**

## ૩.૮ ભારતમાં વેન્ચર કેપીટલ સંબંધી સરકારની નીતિ અને સંસ્થાકીય પ્રબંધ

એક સમયે ભારતમાં મેનેજીંગ એજન્સી પ્રથા દ્વારા વેન્ચર કેપીટલ મેળવવામાં આવતી હતી. ઉદ્યોગ સાહસિકો પોતાની મેનેજીંગ એજન્સી ઉભી કરીને આ પ્રશ્નને હલ કરવાનો પ્રયત્ન કરતા હતા. પરંતુ વખત જતા આ પ્રથાના અનેક દુષણો બહાર આવતા તે બંધ કરવી પડી ત્યારબાદ વેન્ચર કેપીટલનો પ્રશ્ન વધુ તાકીદનો બન્યો.

### ૩.૮.૧ભારતમાં વેન્ચર કેપીટલ સંબંધી સરકારની નીતિ

(A) વેન્ચર કેપીટલ માટેના અલાયદા પ્રબંધની જરૂરીયાત ભારતમાં પ્રમાણમાં તાજેતરનો વિષય માનવામાં આવે છે. આઝાદી બાદ ઔદ્યોગિક વિકાસ માટે ખાસ નાણાં સંસ્થાઓ ઉભી કરવામાં આવી. આ સંસ્થાઓએ ઉદ્યોગ સાહસોની, પબ્લીક ઇસ્યુ પૂર્વેની નાણાકીય જરૂરિયાત પૂરી કરવા આંશિક ભૂમિકા ભજવવાનું સ્વીકાર્યુ

હતું. ભારતમાં કન્ટ્રોલર ઓફ કેપિટલ ઈસ્યુઝ દ્વારા કંપનીઓને મુડીબજારમાં પ્રવેશીને શેર મુડીની મદદથી મુડી (equlity capital) ઉભી કરવાની પરવાનગી આપવામાં આવતી હતી.

પરંતુ ભારતીય મુડીબજારમાં આ સંદર્ભમાં ઘણાં ખાટા મીઠાં અનુભવો થયા. ઘણાં અવો સાહસિકોએ મુડીબજારમાંથી મુડી મેળવી કે જેઓ અનુભવી ન હતા. તેમના ઉદેશો પણ શુધ્ધ ન હતા. આવ કંપનીઓ અચાનક બેસી જવા માંડી. ભારતના મુડીબજારમાં અનેક રોકાણકર્તાઓએ પોતાના નાણાં ગુમાવ્યા. આથી ૧૯૮૫ ના ડીસેમ્બરમાં નાણાં મંત્રાલય દ્વારા સંસદમાં એક વિધેયક લાવવામાં આવ્યું. એક અલાયદા વેન્ચર કેપીટલના ભંડોળની રચનાની દરખાસ્ત સ્વીકારવામાં આવી. પરંતુ આ યોજનાનો અમલ બહુ ધીમીગતિએ ચાલ્યો. ભારતની ઈન્ડસ્ટ્રીઅલ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા આ ભંડોળમાંથી અમુક નાણું ઉપાડીને પસંદગીની કંપનીઓને વેન્ચર કેપીટલ મેળવવામાં મદદ કરવામાં આવતી હતી.

(B) ૧૯૮૮– ૮૯ ના અંદાજપત્રમાં ભારત સરકારે વેન્ચર કેપીટલ ફાયનાન્સ કંપનીઓ માટે આકર્ષક યોજના જાહેર કરી જેથી કરીને જોખમી સાહસોમાં રોકાણોને પ્રોત્સાહિત કરી શકાય. ૧૯૮૮ માં કન્ટ્રોલર ઓફ કેપિટલ ઈસ્યુઝ દ્વારા નવી માર્ગદર્શિકા પ્રસિધ્ધ કરવામાં આવી. આ મુજબ વણનોંધાયેલી કંપનીઓ (un-listed companies) માં રોકાણ માટેઅને મુડીલાભ વેરા (capital gains tax)માં છુટછાટ મેળવવા માટે વેન્ચર કેપિટલ ફાયનાન્સની કંપનીઓની સ્થાપના માટેની છુટ કરવામાં આવી. ૧૯૯૫ માં સીકયોરીટીઝ એન્ડ એકચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયા (SEBI) ને વેન્ચર કેપીટલ ફાયનાન્સ કંપનીઓના નિયંત્રણ માટે અધિકૃત બનાવવામાં આવી.

(C) ૧૯૯૫–૯૬ પછી વેન્ચર કેપીટલ ફાયનાન્સ કંપનીઓને મ્યુચ્યુઅલ ફંડની સમકક્ષ ગણવામાં આવી. વેન્ચર કેપિટલના વધતા જતા મહત્વ અને તેની માંગમાં થતી વૃધ્ધિને ધ્યાનમાં લઈને વેન્ચર કેપીટલ ફાયનાન્સ કંપનીઓ આડેના અંતરાયો દૂર કરવાના હેતુથી ભલામણો મેળવવા માટે ચંદ્રશેખર સમિતીની નિમણુંક કરવામાં આવી. આ સમિતીની મોટાભાગની ભલામણોનો સેબી (SEBI) દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો છે.

### ૩.૮.૨ભારતમાં વેન્ચર કેપીટલ ફાયનાન્સ અંગનું સંસ્થાકીય માળખું

ભારતમાં વેન્ચર કેપીટલ પૂરી પાડવા અંગે વિવિધ સંસ્થાકીય સ્વરૂપો ધરાવતું માળખું વિકાસ પામ્યું છે. જેમાં રોકાણ કંપનીઓ, યુનિટ ટ્રસ્ટ સ્વરૂપની યોજનાઓ તેમ જ વ્યાપારી બેન્કોના ભાગ સ્વરૂપની વેન્ચર કેપીટલ યોજનાઓ કાર્યરત છે. આ સંસ્થાઓની સંક્ષિપ્ત વિગતો નીચે મુજબ છે.

## (૧) રિસ્ક કેપિટલ ફાઉન્ડેશન : ૧૯૭૫

૧૯૪૮ માં ભારતમાં ઔદ્યોગિક નાણાં નિગમ (Industrial Finance) ની સ્થાપના કરવામાં આવી. ત્યારબાદ ઉદ્યોગ સાહસિકતા અને પ્રોજેકટ ડેવલપમેન્ટના હેતુ માટે સંખ્યાબંધ યોજનાઓ વિકસાવવામાં આવી. પછાત વિસ્તારોમાં કે નવી જ ચીજ પેદાશોના ઉત્પાદન માટે ઉદ્યોગો આગળ ન આવતા હોય ત્યારે તેમને જરૂરી નાણાંકીય ટેકો પૂરો પાડવા માટે વિશિષ્ટ યોજનાઓ અમલમાં લાવવી જરૂરી બને છે. IFCI દ્વારા ૧૯૭૫ ના જૂન માસમાં આ માટે જોખમમૂડી પ્રતિષ્ઠાનની યોજના શરૂ કરવામાં આવી.

સંયુકત મુડી કંપની તરીકે પેઢી સ્થાપવાની હોય તો પણ પેઢીના પ્રયોજકો દ્વારા પેઢીની સ્થાપના સમયે યોજક મુડીનું રોકાણ કરવું પડે છે. કયારેક યોજકોએ ખૂબ સારો પ્રોજેકટ હાથ ધર્યો હોય તો પણ તેમણે રોકવાની પ્રારંભિક મૂડીના અભાવે તે અમલમાં આવી શકતો નથી. IFCI બાદ IDBI દ્વારા પણ પ્રારંભિક મુડી સહાય યોજના અમલમાં મુકવામાં આવી. આ યોજના અંતર્ગત નવા ઉદ્યોગ સાહસિકોને યોજક મૂડીનો ચોકકસ હિસ્સો મેળવી આપવા માટે ઉદાર શરતોએ જોખમ પૂરી પાડવા માટે આ યોજના ઘડવામાં આવી હતી.

જોખમ મૂડી પ્રતિષ્ઠાન (Risk Capital Foundation) દ્વારા મંજૂર કરવામાં આવતી જોખમી મુડીની એક મહત્વની શરતએ હતી કે અરજી કરનાર સાહસિક તદન "નવો" (new entrepreneur) સાહસિક જ હોવો જોઈએ. ઉપરાંત તે ટેકનીકલ અને વ્યાવસાયિક દષ્ટિએ પુરતી લાયકાત ધરાવતો પણ હોવો જોઈએ એવી શરત ઉમેરવામાં આવી હતી. પ્રોજેકટ દેશના અગ્રતાનો ક્રમ ધરાવતા ઉદ્યોગોમાં હોય તે જરૂરી ગણવામાં આવ્યું હતું. યોજક પ્રમોટર સાહસનો પૂર્ણ સમયનો મુખ્ય કાર્યકારી અધિકારી (executive) હોવાનું અપેક્ષિત હતું. યોજકે જોખમ મૂડી સહાય મેળવવા માટે પૂરવાર કરવું જરૂરી હતું કે સાહસ શરૂ કરવા માટે જરૂરી યોજક મૂડીની જરૂરિયાત પૂરી કરવા માટે તેની પાસે પૂરા નાણા સાધનો નથી.

પ્રથમ ત્રણ વર્ષની કામગીરી તપાસતા એમ જણાયું કે જોખમ મુડી પ્રતિષ્ઠાન (Risk Capital Foundation) દ્વારા ૩૨ યોજકોને રૂા. ૧ કરોડ ૧૭ લાખની જોખમ મૂડી (Risk Capital) મંજૂર કરવામાં આવી હતી. આમ ભારતમાં ઝડપી ઔદ્યોગિકરણ માટે જરૂરી જોખમ મૂડી પૂરી પાડવા અને સંખ્યાબંધ ઉદ્યોગ સાહસિકોની પ્રારંભિક મૂડીની મદદ આપવાના હેતુથી સ્થપાયેલી આ સંસ્થાની કામગીરી ખુબજ નગણ્ય હતી. ઉપરાંત તેની શરતો પણ ખૂબ કડક અને નવા સાહસિકોને જરૂરી પ્રોત્સાહનો આપવાની દષ્ટિએ નકારાત્મક હતી. મંજુર કરવામાં આવેલ જોખમ મૂડી અને ખરેખર વિતરીત મૂડી વચ્ચે ગાળો મોટો હતો. આ ક્ષતિ દૂર કરવા માટે જોખમમૂડી પ્રતિષ્ઠાની કામગીરીમાં સુધારણા જરૂરી હતી.

## (૨) રિસ્ક કેપિટલ એન્ડ ટેકનોલોજી ફાઈનાન્સ કોર્પોરેશન

આ ભંડોળનો પ્રારંભ જાન્યુઆરી ૧૯૮૮ માં આઈએફસીઆઈ ની પુર્ણ માલીકીની સબસીડીયરી

તરીકે કરવામાં આવ્યો. પ્રારંભમાં તેમાં આઈએફસીઆઈનું પૂર્ણ મુડીકરણ હતું બાદમાં યુટીઆઈ, ઇન્ફ્રાસ્ટ્રકચર લીઝીંગ એન્ડ ફાઈનાન્સીયલ સર્વીસીસ લીમીટેડ અને ટાટાગૃપની કેટલીક કંપનીઓએ અંશતઃ પ્રદાન કર્યુ હતુ. આ સંસ્થાની પોતાની બે યોજનાઓ વિવિધ જરૂરીયાતો માટે નાણા પૂરાં પાડેલ છે. એક રીસ્ક કેપીટલ યોજના અને બીજી ટેકનીકલોજી ડેવલેપમેન્ટ અને ફાઈનાન્સ સ્કીમ.

રીસ્ક કેપીટલ યોજના અંતર્ગત, રોકાણકારને નાણાં પૂરા પાડનાર પરંપરાગત મૂડી સંસ્થાઓમાં આપવાના થતાં પોતાના હિસ્સાથી ઘટતી રકમ આપવામાં આવે છે જયારે ટેકનોલોજી ડેવલેપમેન્ટ એન્ડ ફાઈનાન્સની યોજના મુખ્યત્વે યાંત્રીકરણના વિકાસ માટે નાણાં જરૂરીયાત પૂરી પાડવામાં આવે છે. આ નાણાં યંત્રજન્ય શોધખોળોને આધારે માળખકીય સુવિધા માટે તેને તદઅનુરૂપ નવા સાહસો શરૂ થતાં હોય તે માટે છે.

આ ઉપરાંત આ સંસ્થાએ વેન્ચર કેપીટલ યુનીટ સ્કીમ ૧૯૯૧ થી શરૂ કરેલ છે. જેમાં યુટીઆઈની હિસ્સેદારીથી રૂા. ૩૦ કરોડનું ભંડોળ અલગ રાખવામાં આવેલ છે. અત્યાર સુધીમાં આ નીગમ દ્વારા કુલ રૂા. ૧૫૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

## (૩) ગુજરાત વેન્ચર ફાઈનાન્સ લિમિટેડ (જી.વી.એફ.એલ)

વિશ્વબેંકની પહેલ અને માર્ગદર્શન મુજબ ગુજરાત વેન્ચર ફાયનાન્સ લિ. ની સ્થાપના જી.આઈ.આઈ.સી. દ્વારા મુખ્ય પ્રાયોજક તરીકે કરવામાં આવી હતી. નવા ઔદ્યોગિક સાહસોને નાણાંકીય સહાયના ક્ષેત્રે, ભારતભરના પ્રણેતાઓમાંની એક જીવીએફએલ, નવી જ ટેકનોલોજીના સહારે ઉચ્ચ વૃધ્ધિની ક્ષમતાઓ ધરાવતી કંપનીઓ સ્થાપવા ઈચ્છતા ઉદ્યોગ સાહસિકોને નાણાંકીય તેમજ સંચાલન સહાય પૂરી પાડે છે.

આ સંસ્થાના કામકાજનો આરંભ ૧૫ વર્ષની મુદતના કુલ રૂા. ૨૪ કરોડના ફંડ સાથે કરવામાં આવ્યો આ ફંડમાં નાણાનું રોકાણ કરનારાઓમાં વિશ્વબેંક અને કોમનવેલ્થ ડેવલપમેન્ટ કોર્પોરેશન (બ્રીટન), જીઆઈઆઈસી, આઈડીબીઆઈ તેમજ અન્ય ખાનગી ને સરકારી ક્ષેત્રની સંસ્થાઓનો સમાવેશ થાય છે. તેનું કામકાજ ભારતભરમાં મુંબઈ, હૈદરાબાદ, દિલ્હી, ગુંડગાવ,ચેન્નઈ,પુણે અને અમદાવાદમાં પથરાયેલ છે. જેનું કુલ પ્રમાણ રૂા. ૧૨૫૦ મીલીયન હાલમાં થવા જાય છે. ઈ.સ. ૨૦૦૨ ના માર્ચ સુધીમાં ૧૯ જેટલી આઈ.ટી. કંપનીઓમાં આ સંસ્થાએ રોકાણ કરેલ છે.

## (૪) એપીઆઈડીસી વેન્ચર કેપીટલ લિમિટેડ

આંધ્રપ્રદેશ ઔદ્યોગિક વિકાસ નિગમની પૂર્ણ માલિકીની આ કંપની રૂા. ૧૩.૫ કરોડના પ્રારંભિક ભંડોળ થી શરૂ થયેલ છે. જેમાં આંધ્રપ્રદેશ ઔદ્યોગિક વિકાસ નિગમ, આઈડીબીઆઈ, આંધ્રબેંક અને ઈન્ડીયન ઓવરસીઝ બેંકનું પ્રદાન છે. આ કંપની મુખ્યત્વે અવી યંત્રજન્ય શોધખોળો કે જે ગુણવતા સુધારણા,ઈંધણ

વપરાશમાં કરકસર, સ્પર્ધાત્મકતામાં વધારો અને નિકાસવૃધ્ધિ ઉપર વિશેષ ભાર મુકે છે.

## (૫) કેનરાબેંક વેન્ચર કેપીટલ ફંડ

આ ભંડોળનો કેનરાબેંક અને તેની સબસીડીયરી કેનબેંક ફાઈનાન્સીયલ સર્વીસીઝ લીમીટેડ દ્વારા પ્રારંભ થયેલ છે. આ ભંડોળની સ્થાપના ઈ.સ. ૧૯૮૯ માં ટ્રસ્ટ સ્વરૂપે કરવામાં આવી છે. રૂા. ૪૪ કરોડના ભંડોળ સાથે તે ઈકવીટી, શરતી લોન અને પરંપરાગત લોન સ્વરૂપમાં નાણાંકીય સહાયપૂરી પાડે છે. નવી ટેકનોલોજીનો ધંધાકીય ઉપયોગ વધે અને ટેકનોલોજીમાં સુધારણા થાય તે તેના મુખ્ય ઉદેશો છે.

## (૬) લેઝાર્ડ ક્રેડીટ કેપીટલ વેન્ચર ફંડ (ઈન્ડીયા) લિમિટેડ

આ ભંડોળની સ્થાપના ઈ.સ. ૧૯૮૬માં થઈ. તેનો પ્રવર્તમાન મૂડી પૂરવઠો રૂા. ૧૦.૮ કરોડ છે જેની મદદથી ઉચ્ચ વૃધ્ધિજન્ય સાહસોને પ્રારંભિક અને દ્વિતીય તબકકે નાણાંપ્રબંધ આપવામાં આવે છે. આ ભંડોળ દ્વારા કોઈપણ સાહસને મહતમ સહાય રૂા. ૫૦ લાખની ચુકવવામાં આવે છે. ઈન્ફર્મેશન ટેકનોલોજી અને ઓટો એન્સીલીયરી પ્રકલ્પો માટે તાજેતરમાં રૂા. ૧૦ કરોડના બે ભંડોળ આ સંસ્થા દ્વારા પણ તરતા મુકવામાં આવ્યા છે.

## (૭) SIDBI ની વેન્ચર કેપીટલસ્કીમ

ભારતમાં નાના ઉદ્યોગના ક્ષેત્રે સાહસ મૂડીની પ્રાપ્યતા માટે સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા આ ફંડની રચના કરવામાં આવી છે. પરંતુ તેની કામગીરી કંગાળ માલુમ પડી છે.

જેમ કે ૧૯૯૮–૯૯ માં દ્વારા રૂા. ૮૫ કરોડની સાહસમૂડી મંજૂર કરવામાં આવી હતી. પરંતુ તેમાંથી માત્ર રૂા. ૧૫ કરોડ જ વિતરીત કરી શકાયા હતા. ૧૯૯૯–૨૦૦૦ માં તો માત્ર રૂા. ૩૯ કરોડ મંજૂર કરાવ્યા જે પૈકી કેવળ રૂા. ૮ કરોડનું જ વિતરણ કરવામાં આવ્યું હતું.

## (૮) અન્ય સંસ્થાઓ

આ સિવાય પણ ભારતમાં જોખમ મુડી પૂરી પાડનાર વ્યાવસાયિક સાહસો તરીકે નીચેના સાહસો કાર્યરત છે.

ગ્રીન લેન્ડઝ બેંક, ઈન્ડીયા વેન્ચર મેનેજમેન્ટ લિમિટેડ, એસ.બી.આઈ. કેપીટલ વેન્ચર કેપીટર ફંડ ટવેન્ટીએથ સેન્ચ્યુરી વેન્ચરક કેપીટલ ફંડ વિગેરે પણ કાર્યરત છે. આ ઉપરાંત વિદેશી વેન્ચર કેપીટલ ફન્ડઝ પણ ભારતમાં પ્રવેશી ચુકયા છે. અને બીજા કેટલાક પ્રવેશમાં તૈયારી કરી રહ્યા છે. જેમાં ખાસ કરીને હોંગકોંગ બેંક ૭૦ થી ૧૦૦ મીલીયન ડોલરના અંદાજીત ભંડોળ સાથે પ્રવેશવા ઉત્સુક છે. ઉપરાંત નીકકો સીકયુરીટી,

વાલ્ડેન અને સેનફ્રાન્સીસ કંપની સાથે ૫૦ મીલીયન ડોલરનું ભંડોળ તરતુ મુકવાની તૈયારીમાં છે.

મોટા ભાગની જોખમ મુડી કંપનીઓ તેમના ધંધાકીય ક્ષેત્ર માટે વિજળી, પ્રવાસન, વિમાની સેવા, પર્યાવરણ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, પ્રત્યાયન, રસાયણો, ઔષધીય ઉદ્યોગ અને અન્ન પ્રક્રિયા ઉદ્યોગ ઉપર વિશેષ ધ્યાન આપી રહી છે.

## ૩.૯ ઉદ્યોગ સાહસિકતાનો મંદ વિકાસ એક અવલોકન

ભારતમાં ઉદ્યોગ સાહસિકતાના સંદર્ભમાં નીચાં આંકને માટે મુખ્યત્વે ત્રણ કારણો દર્શાવી શકાય તેમ છે. (૧) સાંસ્કૃતિક સામાજિક ધોરણો (૨) નાણાકીય સહાય (૩) સરકારી નીતિઓ

સામાજિક સાંસ્કૃતિક સંદર્ભમાં મુખ્યત્વે લોકોનું સામાન્ય વલણ વધારે કારણભૂત છે. ધંધાકીય પ્રવૃતિઓમાં રહેલી અચોકકસતા જોખમો તરફ જો સમાજનો એકંદર દષ્ટિકોણ વિધાયક (સાનુકૂળ) હોય તો સાહસિકતાને વિશેષ પ્રોત્સાહન મળે છે અને તેથી ઉલ્ટુ આ સંદર્ભમાં સ્વરોજગારી માટેના વલણને જો સામાજિક અનુમોદન (સમર્થન) ઓછું હોય તો તેટલા અંશે રાષ્ટ્રમાં સાહસિકતાની તક મર્યાદીત બને છે ભારતીય સમાજમાં એકંદર જનમાનસ, સામાજિક વલણ એવું જોવા મળેલ છે કે જેમાં "સ્થિરતા", "સલામતી" ને અન્ય વિકલ્પોની સરખામણીમાં વધુ પ્રાધાન્ય આપવામાં આવતું હોય, જેથી કરીને આ પ્રકારના નકારાત્મક વલણના કારણે નવી પેઢીઓના પ્રારંભ કરનારની સંખ્યા ઓછી રહે છે. **એટલે કે ભારતના સામાજિક સાંસ્કૃતિક માળખામાં "જોખમ ઉઠાવવાની વૃતિ" જે કોઈપણ ધંધાકીય સાહસ માટેની પૂર્વ શરત છે. તેને બીરદાવવવામાં આવતી નથી. તે મૂળભૂત મર્યાદા ધંધાકીય સાહસની તક મર્યાદીત કરે છે.**

બીજી મહત્વની બાબત એ છે કે કોઈપણ ધંધાકીય સાહસમાં પ્રાથમિક તબકકે નિર્ણયીકરણમાં થતી ભૂલ નિષ્ફળતાને નોતરે છે. આ નિષ્ફળતાનો સહજ સ્વીકાર કરવાની ભાવના મર્યાદિત સાહસિકોમાં જ જોવા મળે છે. **બહુ જ ઓછા સાહસિકો એવી સમજ, એવું વલણ ધરાવતાં હોય છે કે પ્રાથમિક તબકકે થતી ભૂલ કે નિષ્ફળમાંથી યોગ્ય બોધપાઠ લઈને ઉજજવળ ભવિષ્ય નિર્માણ થઈ શકે છે. આ પ્રકારની વૃતિના અભાવે સાહસિકતા તરફનું વલણ ઘણું જ ઠંડુ જોવા મળે છે.**

નાણાપ્રબંધ અંગેની માળખાકીય જોગવાઈઓના અભાવે પણ ધંધાકીય સાહસ સંસ્થાપનની તક મર્યાદીત થાય છે. આજે દેવાભંડોળ થકી નાણાપ્રબંધ સરળ છે. પરંતુ નાણાપ્રબંધ અંગેની રાષ્ટ્રની નાણાકીય સંસ્થાઓનું વલણ આ સંદર્ભમાં ધિરાણ અંગેના જોખમો ટાળવાનું વિશેષ જોવા મળે છે. **પ્રારંભિક તબકકાના ઉદ્યોગ સાહસિકોના નાણાકીય પ્રશ્નો કે જોખમોના સ્વરૂપને સમજવા માટે નાણાકીય સંસ્થાઓ અંશતઃ જ**

**વિધાયક વલણ ધરાવે છે.**

**જોખમ નવા સાહસના સંસ્થાપન માટે કાનૂની માળખું પણ હકારાત્મક અને સહાયભૂત હોવું જરૂરી છે. ભારતમાં આ સંદર્ભમાં તંત્રની મર્યાદા ઉંડીને આંખે વળગે તેમ છે. અન્ય રાષ્ટ્રોની સરખામણીમાં આ અંગેની વૈજ્ઞાનિક પ્રક્રિયાઓમાં થતો વિલંબ બીનજરૂરી આયાતો સંભવીત સાહસિકોના ઉત્સાહને મંદ કરે છે. વળી સાહસિકો કાનૂનીતંત્ર અધિકારીઓ વચ્ચે સંકલનમાં ઘણી જ ગુટિઓ જોવા મળે છે. પરિણામે માર્ગદર્શન સહાયની જરૂરિયાત વાળો નવોદિત સાહસિકોનો એક વર્ગ પ્રાથમિક તબકકામાં જ હતોત્સાહ થઈ જાય છે.**

આપણા દેશમાં ઔદ્યોગિક પેઢીઓ પૈકી બહુ ઓછી એવી માતબર પેઢીઓ છે કે જે સ્વતંત્ર સંશોધન વિકાસની પ્રવૃતિ અલાયદા ભંડોળથી કરી શકે સંશોધન વિકાસ માટે કાર્યરત સંસ્થાઓ વિશ્વવિદ્યાલયો સંચાલન શિક્ષણની સંસ્થાઓ ઔદ્યોગિક એકમો વચ્ચે ખુબ જ મર્યાદિત સ્વરૂપનું સંકલન જોવા મળે છે જેના પરિણામે નવ પ્રવર્તનનું વાણિજયીકરણ જેટલી માત્રામાં થવું જોઈએ તે થઈ શકતું નથી.

**૩.૧૦ પ્રકરણ સાર :**

વિશ્વના જુદા જુદા દેશોમાં ઉદ્યોગ સાહસિકતાનાં વિકાસમાં ચોકકસ પરીબળોએ અસરકારક ભૂમિકા ભજવી છે. જેમાં ખાસ કરીને પશ્ચિમની ઔદ્યોગિક ક્રાંતિ, વ્યાપારવાદની ભૂમિકા, ધાર્મિક અને સામાજિક મૂલ્યો, શિક્ષણમાં આવેલ પરિવર્તન મુકત વ્યાપાર નીતિ વગેરે ગણાવી શકાય. જુદા જુદા દેશોમાં આ પરીબળો જુદા જુદા સ્વરૂપે અને ભિન્ન માત્રામાં જોવા મળે છે. જેમ કે બ્રિટનમાં ઉદ્યોગ સાહસિકતાનાં વિકાસમાં ઔદ્યોગિક ક્રાંતિના પરિણામે થયેલી શોધખોળો મહત્વનું પરીબળ ગણાય છે. અમેરીકામાં ટેકનીકલ શિક્ષણ અને તેની વિસ્તરતી જતી ક્ષિતિજોએ ઉલ્લેખનીય કામગીરી કરી છે. તો આર્થિક રીતે પછાત રશીયામાં શોષણના પ્રતિકાર સ્વરૂપે જે સંગઠીત તાકાત ઉભી થઈ તેમણે યોજના બધ્ધ સાહસિકતાને આકાર આપ્યો. જાપાનમાં પરંપરાગત કલાકારીગરી, મૈજી સરકારની પ્રોત્સાહક નીતિ અને પ્રથમ વિશ્વયુધ્ધના આર્થિક ફાયદાએ મહત્વનો ભાગ ભજવ્યો છે. ચીનના ઉદ્યોગ સાહસિકતાનાં ઈતિહાસમાં વિકાસ માટેની આવશ્યક ભૂખ અને તે સંતોષવા માટે વિશિષ્ટ વ્યૂહરચના ઉલ્લેખનીય ગણાય છે. નાઈજીરીયામાં શિક્ષણ અને વ્યાપારવાદ મહત્વના પરીબળ ગણાય.

સ્વતંત્રતા પૂર્વેના ભારતમાં વિવિધ કોમ અને જ્ઞાતિગત સાહસિકતાએ બહુ મોટુ કામ કર્યુ તો બીજી તરફ વ્યકિતગત પહેલ વૃતિએ પણ માર્ગ મોકળો કર્યો. સ્વતંત્ર ભારતમાં નવીનીકરણની પ્રક્રિયા ખૂબ અસરકારક રહી છે. આજે ઉદ્યોગ સાહસિકતાના ઝડપી વિકાસને કારણે ભારતમાં ધંધાકીય ક્ષિતિજે નવાનવા ક્ષેત્રો ખુલતા ગયા છે. જેમાં બાયોટેકનોલોજી, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ઈવેન્ટ મેનેજમેન્ટ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, મીનરલ વોટર, છુટક બજાર, કુરીયર, વિમા, હર્બલ વગેરેનો ખાસ સમાવેશ થાય છે. આ સંદર્ભમાં એક ઉલ્લેખનીય વિધાયક પાસુ એ છે કે સરકાર દ્વારા અને ખાનગી રાહે પણ જોખમ મૂડી પ્રતિષ્ઠાનો શરૂ થયા છે. આ અંગે શાસનની નીતિ પણ ખૂબ શાનુકુળ જોવા મળી છે. અલબત, નવોદિત સાહસિકોને આકર્ષવા માટે આ દિશામાં હજી લાંબી મઝલ કાપવાની છે. એકંદરે સાહસિકતાના વલણોમાં જે ધીમી ગતી જોવા મળે છે. તેનું મુખ્ય કારણ ધંધાકીય જોખમ ઉઠાવવાની વૃતિનો અભાવ અનુભવમાંથી બોધપાઠ લઈને ફેરફારો કરવા અંગે ઠંડુ વલણ, નાણાકીય સ્થિરતાનો અભાવ વગેરે ગણાવી શકાય.

**સંદર્ભ સુચિ :–**


1. **મકરંદ મહેતા :–** (બ્રિટીશ સંસ્થાનવાદ હેઠળનું ભારત ગુજરાત ગ્રંથનિર્માણ બોર્ડ
2. **ગીતા પીરામલ :–** ("બીઝનેસ મહારાજા", પેંગ્વીન)
3. **વસંત દેસાઈ:–** (એન્ટરપ્રિન્યોરલ ડેવલપમેન્ટ – હિમાલય પબ્લીસીગ હાઉસ)
4. **પીટર કિલ્બી :–** (એન્ટરપ્રિન્યોરશીપ એન્ડ ડેવલપમેન્ટ ફ્રી પ્રેસ ન્યુયોર્ક)
5. **એસ. એસ. ખાન્કા :–** (એન્ટરપ્રિન્યોરલ ડેવલપમેન્ટ એસ. ચંદ પબ્લીકેશન)
6. **શર્મા અને ધામેજા :–** (ઈન્ડીયન એન્ટરપ્રિન્યોરલશીપ (થીયરી એન્ડ પ્રેકટીસ) (અભિષેક પબ્લીકેશન દિલ્હી)

# પ્રકરણ–૪
# ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રે ગુજરાતની ભૂમિકા


૪.૧ પ્રારંભિક

૪.૨ ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતાનો ઉદ્ભવ અને વિકાસ

૪.૨.૧. A મધ્યકાલીન ગુજરાત અને વ્યાપાર વિકાસ

૪.૨.૧–B બ્રિટનનો વ્યાપારવાદ અને ભારતમાં ઉદ્યોગ સાહસિકતા

૪.૩ ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતા (સ્થાપનાકાળ પછીનો તબકકો)

૪.૩.૧ ઈન્ડસ્ટ્રીયલ એકટેન્શન બ્યુરો (ઈન્ડેક્ષ્ટ – બી) ૧૯૮૯ ડિરેકટરીનું વિશ્લેષણ

૪.૩.૨ સાહસિકતા અને સામાજિક જૂથો

૪.૩.૩ પછાત વર્ગોમાં ઉદ્યોગ સાહસિકતા

૪.૩.૪ ઉદ્યોગ સાહસિકતા અને ભૌગોલિક વિભાગીકરણ

૪.૪ ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમની ભૂમિકા

૪.૫ ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતા – તજજ્ઞોની ટિપ્પણી

૪.૬ પ્રકરણ સાર

## ૪.૧ પ્રારંભિક

વિકાસની યાત્રામાં ખેતીક્ષેત્ર ને બાદ કરતા ઉદ્યોગ ક્ષેત્ર ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. કોઈપણ પ્રદેશમાં કાચામાલની પ્રાપ્તિ ખેતપેદાશ, તંત્રજ્ઞાનની આયાત નિકાસ, સ્થાનિક કારીગરોની કૂશળતા અને વેચાણ બજારની સુવિધા પ્રાપ્ય હોય તો ઉદ્યોગોનો વિકાસ તો ઝડપી બની શકે છે. ગુજરાતના સદભાગ્યે ઉદ્યોગોના વિકાસ માટે સાનુકુળ પરિબળો હાજર હોવાથી ગુજરાતમાં આજે અનેકવિધ ઉદ્યોગોનો વિકાસ થયો છે. ગુજરાતમાં કૃષિવિકાસનો પાયો સંગીન હોવાથી ખેતી આધારીત ઉદ્યોગોનો વિકાસ પણ જોવા મળે છે. મુખ્યત્વે કરીને કાચામાલની પ્રાપ્તિના સંદર્ભમાં કપાસની વિપૂલ પ્રાપ્યતાના કારણે સુતરાઉ કાપડ ઉદ્યોગનો વિકાસ ગુજરાતમાં નોંધપાત્ર પ્રમાણમાં થયો છે. મગફળીના ઉત્પાદનને લીધે તેના પીલાણ અને તેલનો ઉદ્યોગ પણ સારો એવો વિકાસ પામ્યો છે. શેરડીનું વાવેતર ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં મોટા પાયે થતું હોવાથી ખાંડના કારનાખાઓ પણ ગુજરાતમાં વિકાસ પામ્યા છે. ચરોતરમાં તમાકુ સરળ રીતે પ્રાપ્ય હોવાથી બીડી અને છીકણી બનાવવાનો ઉદ્યોગ ઠીક–ઠીક વિકાસ પામ્યો છે. સમગ્ર ભારતમાં ગુજરાતનો દરિયા કિનારો સૌથી વધુ લાંબો હોવાથી દરિયા કિનારે શ્રેષ્ઠ પ્રકારના મીઠાનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થાય છે. ચિનાઈ માટીની પ્રાપ્યતાને લીધે સૌરાષ્ટ્ર અને ઉતર ગુજરાતમાં સિરામિક ઉદ્યોગ વિકાસ પામ્યો છે. ખનીજ તેલની વિપુલ પ્રાપ્યતાને કારણે રાસાયણિક ખાતર પેટ્રોકેમિકલ્સ જેવા ઉદ્યોગો દેશ અને દુનિયામાં ખ્યાતિ ધરાવતાં થયા છે.

ગુજરાતમાં ઉદ્યોગોમાં જોવા મળતા વિકાસમાં કુશળ અને અકુશળ શ્રમનું પ્રદાન ઉલ્લેખનીય છે. આ ઉપરાંત મજૂરીના દર સારા હોવાથી પર પ્રાંતમાંથી પણ કામદારો ઔદ્યોગિક મજૂર તરીકે ગુજરાતમાં મોટા પાયે જોવા મળે છે. ગુજરાત પાસે વિપુલ માનવ શકિત છે. તેથી ઓછી રોજગારી આપે તેવા તંત્રજ્ઞાન કરતા વધુ રોજગારી આપે તેવું તંત્રજ્ઞાન ગુજરાતને વધુ અનુકૂળ આવે તેમ છે.

માનવશ્રમ પછી વિકાસને માટે બજાર પ્રાપ્યતાની સાનુકૂળતા પણ ગુજરાતમાં જોવા મળે છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં ગામડાઓ કરતાં ખરીદશકિત વધુ હોવાથી બજાર પ્રાપ્યતા સાનુકૂળ છે. સુતરાઉ કાપડ, ખાંડ, રંગ રસાયણ અને દવાઓ માટે સ્થાનિક ઉપરાંત રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય બજાર પણ સહજ ઉપલબ્ધ થયેલ છે.

મૂડી કરણ એ ગુજરાતની આગવી ખાસીયત છે. દષ્ટિવંત મૂડીપતિઓ દ્વારા સાહસિકતાથી પ્રેરાઈને મોટા પ્રમાણમાં મૂડી રોકાણ કરવાની મનોવૃતિ ગુજરાતમાં પૂર્વેથી ચાલી આવે છે. આ ઉપરાંત રાષ્ટ્રના નકશામાં પ્રથમ દશ ક્રમમાં સ્થાન મેળવવાં અને જાળવી રાખવા રાજય સરકારે પણ ઔદ્યોગિક ક્ષેત્રે સારી એવી પહેલ કરી છે. પ્રારંભિક તબકકે કોયલી રીફાઈનરી, પેટ્રોકેમિકલ્સ સંકુલ, મોર્ડન બ્રેડ, હિન્દૂસ્તાન સોલ્ટ લીમીટેડ જેવા એકમોએ ઠીક ઠીક કાઠું કાઢયું હતું તો છેલ્લા બે દશકામાં પણ ગુજરાતના એકમો વિશ્વબજારમાં નામના ધરાવતા થયા છે.

આ સઘળી વિશેષતાઓ હોવા છતાં ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં નબળી સંચાલન શકિત વર્ષો

સુધી અવરોધક બનેલ છે. એકંદરે ગુજરાતના મુખ્ય ઉદ્યોગોમાં સુતરાઉ કાપડ, પેટ્રોકેમિકલ્સ, એન્જીન્યરીંગ, સીમેન્ટ ઉદ્યોગ સિરામિક ઉદ્યોગ, મીઠાનો ઉદ્યોગ, ખાંડ ઉદ્યોગ વગેરે ઉદ્યોગોએ ગુજરાતને વિશ્વના ઔદ્યોગિક નકશામાં સ્થાન આપેલું છે.

## ૪.૨ ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતાનો ઉદભવ

ઉદ્યોગ સાહસિકતાના વૈજ્ઞાનિક પાસાઓનો વિચાર કરવામાં આવે તો અલબત તેનો ઉદભવ એ ૨૦ મી સદીના ઉતરાર્ધની ઘટના છે. પરંતુ ઉદ્યોગ સાહસિકતા તેના પરંપરાગત સ્વરૂપમાં ગુજરાતમાં પરાપૂર્વથી ચાલી આવે છે. સામાન્ય રીતે જ શાસ્ત્રીય કથાનક છે કે "યોજક તત્ર દૂર્લભ :" તે ગુજરાતના સંદર્ભમાં અંશતઃ સાચુ છે. કેમ કે આજની પરિભાષામાં આપણે જેને નિયોજક તરીકે ઓળખીએ છીએ તેવા નિયોજકો ગુજરાતમાં ઘણા ખરા અંશે પ્રાચીનકાળથી જોવા મળે છે. વાસ્તવમાં સાહસિકતાને જન્મ આપવામાં, તે માટે સમાજને અભિપ્રેરીત કરવામાં, જે તે સમયે ગુજરાતના સાહસિકોએ અમુલ્ય યોગદાન આપ્યુ છે. જે કાળે ઉદ્યોગ સાહસિક જેવી કોઈ જ પરિભાષા કે પધ્ધતિ ઉપલબ્ધન હતી તે સમયે પણ ગુજરાતમાં વ્યાપાર ધંધાની પ્રવૃતિ માટે વિશેષ રસ જોવા મળેલ છે.

ઉદ્યોગ સાહસિકતા એક વૈજ્ઞાનિક પધ્ધતિ તરીકે સૌપ્રથમ ગુજરાતમાં વિકાસ પામેલ છે. એક કાળે એટલે કે સ્વતંત્ર પછીના સમયમાં ઉદ્યોગોના વિકાસ માટે જયારે કોઈ ચોકકસ પ્રકારની સ્વતંત્ર સુવિધાઓ પ્રાપ્ય ન હતી. તે સમયે આજના ગુજરાતમાં પણ તે વખતના સૌરાષ્ટ્ર રાજયમાં એશિયામાં સૌપ્રથમ કહી શકાય તેવી ઔદ્યોગિક વસાહતનો પ્રારંભ થયો હતો. રાજકોટમાં ભકિતનગર ઔદ્યોગિક વસાહત તરીકે સ્થપાયેલ નાના ઉદ્યોગો માટેનો વિસ્તાર, ઉદ્યોગોના વિકાસ માટેની દિશામાં એક પધ્ધતિસરનો નવતર પ્રયાસ હતો. ૧૯૬૦ માં ૧ લી મે એ દ્વિભાષી મુંબઈ રાજયમાંથી ગુજરાતનો વિસ્તાર અલગ પડયો અને અલગ ગુજરાતની સ્થાપના થઈ. જૂનુ સૌરાષ્ટ્ર રાજય ગુજરાતમાં ભળી ગયું એ સમયે ભારતમાં ઔદ્યોગિક દષ્ટિએ ગુજરાતનો ક્રમ આઠમો હતો. જુદા જુદા પ્રકારના નાના પાયાના ૨૦૦૦ એકમો અને ૩૦૦૦ કારખાનાઓ અસ્તિત્વમાં હતા. જેમાં મોટા ભાગે કાપડ અને અન્નઉત્પાદનને લગતાં એકમો મોટી સંખ્યામાં હતા. સ્થાનીકરણના સંદર્ભે તે સમયે મોટાભાગના ઉદ્યોગો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ભાવનગરમાં કેન્દ્રીત થયેલા જોવા મળ્યા હતા.

ગુજરાત પાસે રહેલ કૌશલ્ય પૂર્ણ શ્રમ અને સાહસિકતાને જો પોષણ આપવામાં આવેતો ગુજરાત દેશના ઔદ્યોગિક નકશામાં નમૂનારૂપ રાજય બની શકે તેમ છે તેવી સંભાવના ગુજરાતના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ અભિવ્યકત કરતા હતા. ઉદ્યોગોના સંદર્ભમાં સાર્વત્રિક રીતે સહુના મતમાં ઘોળાતી વાતને મૂર્તિમંત કરવાનો વિચાર પણ ૧૯૬૦ થી ૭૦ ના દાયકામાં ગુજરાતથી જ શરૂ થયો તદન પરંપરાગત રીતે ચાલતા ઔદ્યોગિક એકમોને સ્વાભાવિક રીતે જ આર્થિક અને સંચાલકીય મર્યાદાઓનો અનુભવ થતો હતો. તે પ્રક્રિયામાંથી

ગુજરાતને માનસિકતાને ધ્યાનમાં લઈ સાહસિકતાને ઢંઢોળવા માટેનો સૌપ્રથમ ૧૯૬૭ ની આસપાસના સમય ગાળામાં કરવામાં આવ્યો. ઉદ્યોગ સાહસિકતા વિકાસ કેન્દ્ર, કે જે આજે દેશ અને દુનિયાભરમાં, C.E.D. ના નામથી વિખ્યાત છે, તેવી સંસ્થાનો ઉદભવ થયો. નવ પ્રવર્તનને ધંધાકીય સ્વરૂપ આપવા વાળા કુશળ નિયોજકો તે કાળે ભારતમાં ખૂબ મર્યાદિત જોવા મળતા હતા. આ સંજોગોમાં અનુકરણ વૃતિથી સાહસિકતા તરફ આગળ વધવા માટે એક ચોકકસ પ્રકારના વાતાવરણની ખોજ હતી. જેનો C.E.D. જેવી સંસ્થાએ વિશિષ્ટ પ્રકારના પ્રયત્નો થકી શુભ આરંભ કર્યો.

આ સંસ્થાકીય કાર્યક્રમોના આયોજન પૂર્વેપણ ઉદ્યોગ સાહસિકતા તેના રૂઢ સ્વરૂપમાં ગુજરાતમાં પ્રાચીન સમયથી જોવા મળેલ છે. આજે સંસ્થાકીય કાર્યક્રમો અને અન્ય બિનસરકારી સંગઠનો થકી પણ ઉદ્યોગ સાહસિકતાને પ્રેરક અને પોષક એવું વાતાવરણ પૂરૂપાડવાના પ્રયત્નો નિરંતર થતાં રહેલા છે. સામાજિક અને આર્થિક દષ્ટિએ નબળા ગણાતા વિવિધ જુથના લોકોને લક્ષ્યાંકીત ગણીને તે માટે પણ પ્રયત્નો થતાં રહેલા જ છે. આ ઉપરાંત મહિલાઓને અનુરૂપ ખાસ ઉપક્રમોનું પણ આયોજન થતું રહે છે. પરંતુ વાસ્તવમાં સાહસિકતા ગુજરાતની વિવિધ પ્રજાઓમાં નસેનસમાં જોવા મળે છે કે જેના કારણે ગુજરાત અને ગુજરાતીઓ માટે વેપાર અને ઉદ્યોગની છાપ અભિન્ન રીતે જોડાયેલ છે. ઉદ્યોગ સાહસિકતાના સંદર્ભમાં ગુજરાતના આ ઔદ્યોગિક પાસાનું અવલોકન આ અભ્યાસના સંદર્ભમાં વિશિષ્ટ ધ્યાન ખેંચે છે. જેને નીચેના તબકકા રૂપે રજુ કરી શકાય.

### ૪.૨.૧.A મધ્યકાલીન ગુજરાત અને વ્યાપાર વિકાસ :

આમતો છેક ૧૬ મી સદીના પ્રારંભથી ગુજરાતની વ્યાપાર ગાથા વર્ણવાયેલી જોવા મળે છે. ટોમયીયર્સ નામના એક દરિયાઈ સાહસિકે છેક ૧૫૩૯ માં એવું નોંધેલું છે કે ગુજરાતીઓ ઉંડા દરિયા ખેડૂતો છે. દરિયાઈ ખેડૂ તરીકે તેઓ વધુ સારા હોવાથી દરિયાઈ સફર વધુ પ્રમાણમાં વધારે જહાજો સાથે વધારે લોકોને સાથે લઈને કરતા રહેલા છે. આજ સંદર્ભમાં સૌરાષ્ટ્ર અને કચ્છની મુલાકાતોને વણીલઈને એલેકઝાન્ડર બને નામના બ્રિટિશ અધિકારીએ ૧૮૩૪ની તેમની અવલોકન નોંધમાં વર્ણવ્યું છે કે, "યુરોપિયન લોકો જયારે દૂરની સફર ખેડીને સૌરાષ્ટ્ર કચ્છના કાંઠા ઉપર આવશે ત્યારે તેમને માટે સૌથી મોટું આશ્ચર્ય એ જોવા મળશે કે કચ્છી જહાજોમાં ઉત્કૃષ્ટ નાવિકોના કૌશલ્યને કારણે એવા પ્રકારના નકશાઓ અને નોંધ તેમને પ્રાપ્ત થશે કે જે અંગે ઈતિહાસમાં પરંપરાગત રીત ઈરેટોસથીનનું નામ નોંધાયેલું છે તે પણ કચ્છી સાહસિકોની આ નોંધને પડકાર કરી શકશે નહી." યુરોપીય સાહસ ખેડવા માટે કચ્છી દરિયાઈ ખેડૂતોએ કરેલા દરિયાઈ સર્વેક્ષણો એક ઉતમ નમુનો પૂરો પાડનાર બની રહેશે. એવી નોંધ પણ યુરોપિયન દસ્તાવેજોમાંથી પ્રાપ્ત થાય છે કે કાનજી મલામ નામના દરિયાઈ ખેડૂએ વાસ્તવમાં પૂર્વ આફ્રિકાના માલીંદીથી હિન્દના કાલીકટનો રસ્તો બતાડયો હતો. જે.સ્ટ્રેન્ઝના "ધી પોર્ટુગીઝ પીરીયડ ઈન ઈસ્ટ આફ્રિકા" નામના ગ્રંથમાં આ અંગેની વિગત પૂર્ણ નોંધ જોવા મળ છે. આજ પ્રકારે એફ.લી. પીયર્સ દ્વારા "ઝાન્ઝીબાર" નામના પુસ્તકમાં આ પ્રકારની નોંધો કરેલી છે.

કે.એલ.ગીલન નામના ઓસ્ટ્રેલિયન ઈતિહાસ કારે ૧૯૬૨ ના તેમના એક પુસ્તકમાં એવું નોંધેલુ છે કે પોરબંદરના ઝવેરીઓ વ્યાપાર સાહસના અર્થે ફીઝી ટાપુઓ તરફ સૌપ્રથમ વળેલા હતા.

ગ્રીક ખલાસી દ્વારા ઈશુની પહેલી સદીમાં ગુજરાતની વ્યાપાર પ્રવૃતિઓને વર્ણવતો એક ગ્રંથ લખેલો છે. જેમાં એવું જણાવેલું છે કે તે કાળમાં ગુજરાતને પુરાતન ગ્રીસ અને રોમ સાથે વ્યાપારી સંબંધો હતા જે માટે મુખ્યત્વે કરીને હાલનું ભરૂચ, સોપારા, દ્વારકા અને વેરાવળ બંદરોનો ઉપયોગ વિશેષ થતો હતો. તે કાળે સૌરાષ્ટ્ર અને કચ્છમાં મોતી અંગેની માચ્છીમારીના કામો જોવા મળતા હતા. તે સમયના ગુજરાતની વેપાર તુલાની સમૃધ્ધિ અને સાનુકૂળતાના વર્ણનો રોમન ઈતિહાસકારોએ પણ નોંધ્યા છે. બીજા તરફ ચીનના વિખ્યાત મુસાફરો યુ.એન. સંગ અને ફાહિયાને ઈ.સ. ૪૭૦ થી ૭૮૮ ના મધ્યે મૈત્રક શાસકોના રાજધાની સંદર્ભે પ્રાચીન વલ્લભી નગરી જે આજે ભાવનગર જિલ્લાના વલ્લભીપૂર તરીકે ઓળખાય છે. તેની વ્યાપાર શિક્ષણની પ્રવૃતિઓનું બહું વર્ણન કર્યુ છે. એવી પણ વિવિધ અધિકૃત નોંધો જોવા મળે છે કે ગુજરાતી વ્યાપારીઓ તેમની સાથે ઈજિપ્ત ગ્રીસ અને રોમમાં મોતી કિંમતી પથ્થરો સુંદર વસ્ત્રો વગેરે પણ લઈ ગયા હતા. ઈ.સ. ૯૪૨ થી ૧૩૦૦ ના સમય ગાળામાં સોલંકી વંશના શાસન દરમ્યાન સંગીન અને સ્થિર રાજકીય વહીવટી તંત્રના કારણે વ્યાપાર ધંધાની પ્રવૃતિઓને ખુબ જ પોષણ મળ્યું ઈસ્લામના ઉદય અને પ્રસાર દરમ્યાન આરબ દેશોમાં શહેરીકરણ અને વ્યાપારીકરણનો ખુબજ મોટો વિકાસ થયો. ગુજરાતમાં આરબ અને અખાતી બંદરોના કારણે આંતરરાષ્ટ્રીય વ્યાપારની સુવિધાઓનો ઝડપથી વિકાસ થયો.

ઉદ્યોગ સાહસિકતાને પોષક એવો દરિયાઈ સાહસ ખેડૂઓનો એક બહુમોટો વર્ગ ગુજરાતના દરિયાઈ કાંઠે પ્રવૃત હોવાના ઘણા ઐતિહાસિક પૂરાવાઓ આજે પણ ગુજરાતની વ્યાપાર પ્રવૃતિને માટે પ્રોત્સાહક બની રહે છે. ઈ.સ. ૧૧૭૮ થી ૧૨૧૨ ના ભીમદેવ બીજાના શાસન કાળમાં અને ૧૨૪૪ થી ૧૨૫૩ ના વિશળ દેવના શાસન કાળમાં બ્રાહમણ વિદ્યાન સોમેશ્વરને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ વિદ્યાને કીર્તી કૌમુદી નામના ગ્રંથમાં તે કાળના વસ્તુપાળ અને તેજપાળના જૈન વેપારીઓ સાથેના સંબંધો વર્ણવ્યા છે. જેમાં વસ્તુપાળ ે પ્રાચીન સ્થંભ તીર્થ કે આજે ખંભાત તરીકે ઓળખાય છે તે બંદર અને અન્ય બંદરોમાં ઘણા સુધારાઓ દાખલ કર્યા હતા. વિવિધ બંદરો હોવા છતાં વાસ્વતમાં ખંભાતના બંદરને કારણે ગુજરાતને તે કાળે વૈશ્વિક પ્રતિષ્ઠા સાંપડી હતી.

ગુજરાતના અર્થતંત્ર અને ઉદ્યોગ સાહસિકતાને જોડતી કડીઓ પણ ઈતિહાસમાંથી પ્રાપ્ત થાય છે. જેમાં દર્શાવ્યા મુજબ તે કાળની ખેતીની સમૃધ્ધિએ ગુજરાતમાં શહેરીકરણ અને વાણિજય કરણને જન્મ આપ્યો હતો. શહેરીવિસ્તારોમાં ઈન્ડીગો, સુગર, શાલતયંત્રી, ઔષધીઓ, કાગળો, અને કાપડ ઉદ્યોગો મોટા પાયે વિકાસ પામ્યા હતા. ગુજરાતની તે કાળની સમૃધ્ધિનું રહસ્ય મુખ્યત્વે કરીને સૂતરાઉ કાપડ, ઈન્ડીગો અને ખાંડ જેવા ઉદ્યોગોમાં જોવા મળ્યું છે. અરબસ્તાન અને ગુજરાતના તે કાળના વ્યાપાર સંબંધો એટલા જોવા મળ્યા છે કે ગુજરાતની ભાષા સંસ્કૃતિ ઉપર આજની તારીખે અરબી શબ્દોનો પ્રભાવ જોવા મળે છે. આજે

ગુજરાતીમાં પ્રચલિત થયેલા કેટલાક શબ્દો જેવા કે બરફ, બંદૂક, ખાસ બજાર, મશાલ, હોઝ, મારફતીયા, શરાફ, કાસદ, ખબર, દુકાન, નકદ, જામીન, રકમ, જહાજ, જકાત, દલાલ, કાગળ વગેરે શબ્દો મૂળ આરબ લીપી માંથી ઉતરી આવ્યા છે.

૧૬ મી સદીના વ્યાપાર વિશ્વમાં ગુજરાતીઓ અનિવાર્ય ગણવામાં આવતા હતા. અબ્દુલ રઝાક, નિકોલો કોન્ટી અને અન્ય વિદેશી મૂસાફરો જે પંદરમી સદીના પાછલા ભાગમાં ગુજરાતમાં આવ્યા હતા. તેમણે પણ ગુજરાતની સાલસતા અને સમૃધ્ધિને ખુબ બિરદાવેલ છે. જૈન સાહિત્યમાં ડોકીયુ કરવામાં આવે તોપણ આપણને તે સમયના જૈન સદગૃહસ્થો પોતાની માલિકીના જહાજ ધરાવતા હોવાના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. વિખ્યાત બ્રિટિશ જર્નલ "હિસ્ટ્રી ટુડે" માં સી.આર. બોકસરનો એક સંશોધન લેખ છપાયેલો જેનો ઉલ્લેખ તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા પ્રસિધ્ધ થયેલ "બીયોન્ડ બ્રાઉન્ડ્રીઝ" નામના પુસ્તકમાં કરવામાં આવ્યો છે. જેમાં ઉદધ્ધુત નોંધમાં જણાવેલ છે કે પૂર્વ આફ્રિકાના પોર્ટુગીઝમાં ખૂબ મોટા પ્રમાણમાં ગુજરાતી વેપારીઓ વસતા હતા. આરબ સોદાગરોનો અને પોર્ટૂગીઝોનો મુખ્ય વેપાર ખરીદીના સંદર્ભે ગુજરાતના સુતરાઉ કાપડ સાથે હતો. અને ગુજરાતના વાણિયાઓ પાસે મોટા ભાગનો છુટક વેપાર હતો. ગુજરાતના વિખ્યાત શેઠ જગડુશાહ તે કાળમાં એડન, મસ્કત, જાંઝીબાર અને અન્ય બંદરો સાથે ગાઢ નાતો ધરાવતા હતા, ૧૬ મી સદીના પ્રારંભમાં ગુજરાતને પારસી વિસ્તાર સાથે ઘનિષ્ઠ નાતો કેળવાયો હતો. છેક ૧૫૧૦ માં તે વખતના શાહ ઇસ્માઈલે ગુજરાતના સુલતાન મહમદ બેગડાને એક ખાસ પ્રતિનિધિ મંડળ મળવા મોકલ્યુ હતું. જેના થકી ગુજરાતની ઘણી સમૃધ્ધ વસ્તુઓ તે લોકોને પ્રાપ્ત થઈ હતી. ૧૫૦૭ માં આલ્બુ કર્કે એવું દર્શાવેલું કે ગુજરાતી વ્યાપારીઓ વ્યાપાર મેળાઓમાં ભાગ લેતા હતા અને ગુજરાતના શાસકો જહાજોના માલિકો હતા. તે કાળમાં પૂર્વ આફ્રિકા રાતો સમુદ્ર વગેરે સ્થળેથી ગુજરાતમાં સોનું, હીરા, કિંમતી પથ્થરો, ધાતુઓ વગેરેની આયાત થતી હતી. જે દર્શાવે છે કે વ્યાપાર તુલા સંપૂર્ણ પણે ગુજરાતને સાનુકૂળ હતી. મધ્યકાળના તબકકામાં ગુજરાતના દરિયા પારના સંબંધોએ ગુજરાતની સંસ્કૃતિ ઉપર ગાઢ અસર કરેલી જોવા મળે છે. આજની તારીખે પણ ગુજરાતીની પ્રસિધ્ધ કહેવતો જેમ કે "લંકાની લાડી અને ઘોઘાનો વર" અને "જે જાવા જાય તે પરીયા–પરીયા ખાય." તે વખતથી પડેલી છે.

ગુજરાતની ઉદ્યોગ સાહસિકતા ઈતિહાસમાં મોગલ સલ્તનતનો સમય પણ સુવર્ણકાળ સમો ગણાય. તે કાળના એટલે કે ૧૭ મી સદીના મોગલ શાસકો કોમળતા અને નિષ્ઠુરતા માટે વૈભવી મોજશોખ માટે, કલાકારીગરી અને તેથી વિપરીત કરતા માટે પણ તેટલા જ વિખ્યાત થયા હતા. અહી ઉલ્લેખનીય એ છે કે તે કાળના નવાબી શાસકો સાથે પણ ગુજરાતીઓએ એક વિશિષ્ટ નાતો કેળવ્યો. હિન્દુ અને જૈન વ્યાપારીઓની મૂળ નાણાકીય મનોવૃતિને કારણે પ્રતિષ્ઠા અને સત્તાને પોષક નાણા સંપતિ અર્થે મોગલ શાસકો સાથે ગુજરાતના વેપારીઓએ નજીકના સંબંધો કેળવ્યા. તે કાળના યુરોપીય વ્યાપારીઓ અને મુસાફરો ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં વ્યાપારી સંબંધોને કેળવવા માટે ખુબ જ ઉત્સુક હતા. આ લોકોને ગુજરાતીઓએ તે કાળે

મહાજન અને હુંડી જેવી સંસ્થાકીય સુવિધાઓ થકી ઉમળકાભેર આવકાર્યા હતા.

તે કાળના ફ્રેન્ચ દસ્તાવેજોમાં એવું સ્પષ્ટ નોંધેલું છે કે ગુજરાત તે સમયના ભારતનું સૌથી મોટું શહેરીકરણવાળું રાજય હતું, અને શહેરી વિસ્તારોની આવક ક્ષમતાને ધ્યાનમાં લઈ મોગલ શાસકોએ ગુજરાતી વેપારીઓ સાથેના સંબંધો ખુબ કાળજી પૂર્વક વિકસાવ્યા હતા. તે કાળે અમદાવાદ, વડોદરા, ભરૂચ, નવસારી, નડિયાદ, પાલનપૂર, વઢવાણ, રાજકોટ, જુનાગઢ અને ભૂજ જેવા શહેરો તેમજ સુરત ખંભાત, માંગરોળ, વેરાવળ, પોરબંદર અને માંડવી જેવા દરિયા કીનારાઓ વિકાસ પામ્યા હતા. ગુજરાતના કારીગરો મહેનતુ અને કુશળ હતા. તેમની આર્થિક મર્યાદાઓનો લાભ લઈને તેમની કુશળતાને વાપરવાનું મોટું શાહસ તે કાળના વેપારીઓ કરતા હોવાનું જોવા મળ્યું હતું. મોગલોના શાસનમાં દરિયાઈ સાહસો અને વેપારને વિકસાવવાના સંદર્ભે ઘણી ઉમદા કામગીરીના ઉલ્લેખો જોવા મળે છે. ખાસ કરીને તે સમયે ફ્રેન્ચ મુસાફરે નોંઘ્યું છે તેમ ખંભાતનું બંદર એક ઉત્કૃષ્ટ બંદર બની ગયું હતું. વિવિધ મુસાફરોના વર્ણનમાંથી પ્રાપ્ત થતી હકીકતોનું તારતમ્ય એ છે કે તે વખતના ભારતમાં ખંભાત જેટલું રળીયામણું અને સમૃઘ્ઘ બંદર બીજે કયાંય જોવા મળ્યું નથી. ખાસ કરીને ખંભાતના બંદરે સ્થિર થયેલા વાણિયાઓ ખંભાતના વાણિયા તરીકે ભારતભરની બજારોમાં અને બંદરો ઉપર જોવા મળ્યા હતા. એક બીજા ફ્રાન્સના મુસાફરે નોંઘ્યું છે કે ગુજરાતની વૈશ્વિક પ્રતિષ્ઠાનું અને સમૃઘ્ધિનું રહસ્ય એ રહયું છે કે ગુજરાત જેવું રાજય અનેક જ્ઞાનિ અને વર્ણમાં વિભાજીત હોવા છતાં, ગુજરાતીઓની એકજ સરખીભાષાએ ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. તે કાળના વર્ણનોમાં જો ડોકિયું કરીએ તો માલુમ પડે છે કે તે કાળના ગુજરાતના કારીગરો સુંદર કપ, નેકલેસ, પથ્થરના રત્નો વગેરેનું ઉંચુ એશિયાઈ અને આફ્રિકાનું બજાર ધરાવતા હતા, ગુજરાતની પ્રજાની પ્રત્યેક પ્રજા સાથે ભળી જવાની ખાસીયત અને ખાસ કરીને પ્રત્યેક સ્થળે વ્યાપાર કરવાની કુનેહને કારણે તે કાળના ફારસી ગુજરાત કવિ શ્રી અરદેસર ખબરદારે એવી કાવ્યાત્મક નોંધ કરેલી છે કે "જયાં જયાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત" છેક ૧૬૪૧ થી ૧૬૪૮ ના સમય ગાળામાં જે.બી. ટાવેર નૈર નામના ફ્રેન્ચ વેપારીએ ભારતમાં ઝવેરાતના વેપાર થકી નસીબ અજમાવવાનો પ્રયત્ન કરેલો અને આજના ગુજરાતના પ્રથમ પંકિતના મહાજનમાં જેમનું નામ આદર અને સન્માનથી લેવાય છે તેવા સ્વ. શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈના પૂર્વજ શાંતિદાસ ઝવેરી સાથે આ વેપારીએ મીઠા મૈત્રી ભર્યા સંબંધો કેળવ્યા તેના ગુજરાતના સુરત, અમદાવાદ, વડોદરા, ખંભાત અને ભરૂચના વર્ણનોમાં ગુજરાતની કારીગરોને ખૂબજ બીરદાવેલ છે. ખાસ કરીને શેઠ શાંતિદાસ ઝવેરીએ તે કાળે અમદાવાદમાં સુંદર મંદીર બંધાવેલ તેનો ઉલ્લેખ કરેલો છે. વ્યાપાર ધંધાની પ્રાપ્તિને અનુલક્ષીને બંદરો ઉપર કસ્ટમ હાઉસના સંદર્ભે લેવામાં આવતી કાળજીનું હુબહુ વર્ણન જે.ડી. થેવનોટના પ્રવાસ વર્ણનોમાં મળે છે. જેમાં ખાસ કરીને સુરતના બંદરે તે કાળે દરિયાપારથી ઉતરતા મુસાફરોને બંદર નજીક જ કસ્ટમ હાઉસના ભવ્ય ખંડમાં લઈ જઈને દાણચોરી અટકાવવાના સંદર્ભે તેમના શરીરની નખશીખ તપાસ પળવારમાં કરવામાં આવતી હતી. તેનો ઉલ્લેખ છે. આ મુસાફરને પોતાને પણ તેના સામાનની તપાસનો અનુભવ આ રીતનો છેક જાન્યુઆરી

૧૬૬૬ માં થયો હતો. તેમના વર્ણનોમાં ગુજરાતી વેપારીઓની સાહસિકતા અને ખાનદાનીના ભરપેટ વખાણ કરેલા છે. તેમણે નોંધ્યુ છે તેમ પર્સીયાનાની રાજધાની ઈસ્કાનમાં તેમણે પંદર હજાર ગુજરાતીઓ વસતા હોવાનું જોયું હતું. તેમાંનાં ઘણાં ખરા કુટુંબ સાથે બસરા અને ઓરમુઝમાં પોતાના મકાનો સાથે સ્થાપી થયેલા હતા. અને તે વખતના મુસ્લીમ શાસકોએ ગુજરાતીઓની વેપાર સુઝના મહત્વને પારખીને તેમને કેટલાંક વિશેષાધિકારો આપ્યા હતા. ૧૬૬૬ ના નવેમ્બરમાં જે જહાજમાં થેવનોટઠ બસરાથી સુરત જવા નીકળ્યા તે જહાજમાં જ તેમની સાથે ૨૬ ગુજરાતી વાણિયાઓ મુસાફરી કરતા હતા.

વ્યાપારી પ્રવૃતિના ગુજરાતના ઉડાં મૂળનો અનુભવ લગભગ બધાં જ પરદેશી મુસાફરોને થયો છે. જોર્જ રોકસ નામના ફ્રેન્ચ ઈસ્ટ ઈન્ડીયા કંપનીના કર્મચારીએ શાણપણથી ગુજરાતના સુતરાઉ કાપડ ઉદ્યોગને તપાસવાનો અભ્યાસ કર્યો હતો. ૧૬૭૬ થી ૧૬૮૬ ના દસ વર્ષના તેના ગુજરાતના વસવાટ દરમ્યાન તેમણે નવસારી વડોદરા, પેટલાદ, બોરસદ, નડિયાદ, ધોળકા, ધંધૂકા, મહેમદાબાદ અને અમદાવાદ જેવા શહેરોમાં કાપડ વણાટ કેન્દ્રોનો બારીકાઈથી અભ્યાસ કરેલ હતો.વણાટ કામના કૌશલ્યની તો નોંધ તેમણે કરી જ છે. પરંતુ આજે ઉદ્યોગ સાહસિકતામાં બચત અને રોકાણ અંગેની જે ગણતરીઓ જોવા મળે છે તેવી ગણતરીઓ તે કાળના વણાટ કામના કારીગરોમાં જોવા મળતી હોવાનો તેમને ઉલ્લેખ કર્યો છે. કાપડમાં જોડાયેલા કામદારો બચત વૃતિમાં ખુબ કાબેલ હતા. તેમણે એમ પણ નોંધ્યુ છે કે અંક ગણિતમાં ખાસ કરીને ગુણાકાર, ભાગાકાર, સરવાળા વગેરેમાં તે કાળના ભારતના અન્ય લોકોની સરખામણીમાં ગુજરાતીઓ ખુબ જ પાવરધા હતા. અને તે કાળે બજાર જેવી જાહેર જગ્યાએ બેકીંગ પ્રવૃતિના સમાચારો અને માહિતીઓથી વાણિયાઓ એક મેકને સતત વાકેફ કરતા જોવા મળ્યા હતા.

ફ્રેન્ચ વેપારીઓના જે વિવિધ વર્ણનો છે. તેમાં સ્પર્ધાના વાતાવરણનો પણ ઉલ્લેખ છે અને આ વર્ણનોમાં એવું સ્પષ્ટ ફલિત થાય છે કે સતરમી સદીના વ્યાપાર વિશ્વમાં ગુજરાત સ્પર્ધાત્મકતામાં પણ મોખરાનું સ્થાન ધરાવતું હતું તેનું મુખ્ય કારણ તેની ચીજ વસ્તુ બનાવવાની પ્રવૃતિ જ નહી પરંતુ તે સમયતો કુશાગ્ર વણિક બુધ્ધિ ધરાવતો વ્યાપારી વર્ગ પણ હતો. આ વર્ગ આજે આપણે જેને ઉત્પાદન અને બજારી સંચાલનની પ્રવૃતિ તરીકે ઓળખીએ છીએ તે સંદર્ભમાં પણ ઘણો જ અગ્રેસર જોવા મળ્યો હતો. યુરોપની વ્યાપાર પ્રવૃતિ ઉપર તે કાળના ગુજરાતીઓની ધીરધાર સમાન બેકીંગ પ્રવૃતિઓનો વિશિષ્ટ અંકુશ જોવા મળ્યો હતો અને વ્યાપારના નિર્ણયીકરણના કોઈ પણ તબકકે ફ્રેન્ચ લોકો પણ ગુજરાતીઓને અવગણી શકતા ન હતા.

૧૭ મી સદીમાં મોગલોના શાસન કાળ દરમ્યાન હૂંડિયામણ કમાણીના સંદર્ભે પણ ગુજરાતીઓની કુશાગ્ર બુધ્ધિએ જબરૂ કૌવત બતાવ્યું હતું. આ સંદર્ભમાં વ્યાપારના રાજકુમારનું બિરૂદ પામેલા અમદાવાદના જૈન વણિક ઝવેરી શેઠ શ્રી શાંતિદાસ ઝવેરીનું નામ ખાસ ઉલ્લેખ માગી લે છે.

અમદાવાદતો શેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના જન્મ પૂર્વે પણ ઉદ્યોગ અને વ્યાપારના કેન્દ્ર તરીકે સુવિખ્યાત હતું. અને જર્મન અને ફ્રેન્ચ મુસાફરો નોંધે છે તેમ તે કાળે એશિયાના કોઈ દેશમાં કે કોઈ વ્યાપાર કેન્દ્રમાં જે જોવા

મળે તે અમદાવાદમાં ન હોય તેવું માની શકાય તેમ ન હતું. શેઠ શ્રી શાંતિદાસ ઝવેરી શરાફનો ધંધો કરતા મોગલ બાદશાહોના સંપર્કમાં આવ્યા હતા અને પછીથી એન્ટવર્પ, ફલોરેન્સ, પેરિસ અને આરબ દેશોમાં હિરાના વેપાર સંદર્ભે ખુબજ વિખ્યાત બન્યા હતા. અમદાવાદ એકમાત્ર એવું છે કે જયાં ઝવેરીવાડ તરીકે માત્ર ઝવેરીઓના વસવાટ વાળો વિસ્તાર છે. શેઠ શ્રી શાંતિદાસ ઝવેરી જહાંગીર અને શાહજહાંના દરબાર ઝવેરી હતા. તે કાળે જહાંગીર બાદશાહને તેમણે એક લાખ રૂપિયાની કીમતના હિરાનું વેચાણ કર્યું હતું. ટાવેર નૈર કે જે ફ્રેન્ચ ઝવેરી હતા તે શાંતિદાસ ઝવેરીના ધંધાકીય કટ્ટર હરીફ હોવા છતાં અંગત તરીકે સઘરાળ રહયા. ૧૬૫૨ ની એક ઘટના તાવેરનેરેજ વર્ણવેલ છે. કે જેમાં તે કાળના ગુજરાતના રાજયપાલ અને શાહજહાંના સાળા સાહીસ્તખાન સાથે બંને ઝવેરીઓ ભેગા થઈ ગયા હતા. તાવેરનૈરે વિવિધ પ્રકારના હિરાઓ બતાવીને રાજયપાલને વેચવા માટેની આખરી પળમાં હતા. તે સમયે શાંતિદાસ ઝવેરીએ કુશળતા પૂર્વક તેમની મીઠી ભાષાથી સાહીસીખાનનું દીલ જીતીને પોતાની પાસે રહેલા હીરા ખરીદવા માટે મજબુર કર્યા હતા. એટલું જ નહી એક પ્રસંગે આ ફ્રેન્ચ ઝવેરીએજ શાંતિદાસ પાસેથી આજની આપણી ભાષામાં કહીએતો સવા એકસો સતાવન કેરેટ વજનનો હીરો ખરીદયો હતો. ૧૬૨૮ માં એલીઝાબેથ રાણીએ તેમના પ્રતિનિધિ તરીકે મોકલેલા થોમસ રો નામના સદગ્રહસ્થ પાસેથી ત્રણ કિંમતી હીરાઓ ખરીદ કર્યા હતા. **એક ચોકકસ તબકકે જહાજમાં થતી માલ સામાનની હેરફેર સુરક્ષિત સ્વરૂપે થાય તે માટે અંગ્રેજ કંપનીએ બ્રિટીશ જહાંજ વાપરવાની દરખાસ્ત મુકેલી ત્યારે શાંતિદાસ ઝવેરીની આગેવાની નીચે અમદાવાદના મહાજને તેનો સવિનય અસ્વીકાર કરીને ઔદ્યોગિક સંસ્કૃતિમાં પ્રબળ રાષ્ટ્રવાદના પણ દર્શન કરાવ્યા હતા. આજે જયારે કેટલાંક સંજોગોમાં નાના નાના સ્વાર્થથી પ્રેરાઈને ગુજરાતી વ્યાપારી પેઢીઓ કેટલાંક અનઅધિકૃત માર્ગો અપનાવવાનો વિચાર કરે છે ત્યારે તેમને માટે રાષ્ટ્રવાદ અને દેશભકિતનું ઉતમ નિદર્શન ગુજરાતની આ પ્રાચીન મહાજન સંસ્કૃતમાંથી સાંપડી રહે છે.**

૧૭ મી સદીમાં વ્યાપાર અને બેકીંગના સંદર્ભમાં ગુજરાતી સંસ્કૃતિનું શ્રેષ્ઠ નિદર્શન વીરજીવોરા નામના સુરતના જૈન વણિકના અભ્યાસ માંથી પણ પ્રાપ્ત થાય છે. અલબત વીરજી વોરાના પ્રાપ્ય નથી. પરંતુ અન્ય કેટલાંક આધારોના સંદર્ભે એમ માનવામાં આવે છે કે ૧૭ મી સદીના પ્રારંભમાં વીરજી વોરાની પેઢી કાર્યરત હશે. જથ્થાબંધ વ્યાપારમાં નામના મેળવનાર આ વણિક વ્યાપારી પેઢીએ ૧૬૨૯ થી ૧૬૫૯ દરમ્યાન પીપર, સોનું, ચાંદી વગેરેનું વેચાણ કર્યાના આધારો ઈતિહાસમાં જોવા મળ્યા છે. નફાની માંગ રકમ ધિરાણ સ્વરૂપે આપવાનો વીરજી વોરાનો અભિગમ હોવા અંગેના ઉલ્લેખો પણ પ્રાપ્ત છે. ખાસ કરીને વિશાળ કદની પેઢીઓ પણ જયારે જથ્થાબંધ ખરીદી માટે ખેંચ અનુભવતી હતી ત્યારે વીરજી વોરા પાસેથી ટૂંકાગાળા માટે રકમો મેળવી હોવાના ઉલ્લેખો જોવા મળ્યા છે. તે કાળના યુરોપિયનો વીરજી વોરાને વિશ્વના ઘનાઢય વ્યકિતઓ પૈકીની એક વ્યકિત ઓળખાવતા હતા. ૧૬૬૪ માં શિવાની દ્વારા મરાઠા સૈનિકોની રેડ પાડવામાં આવી તે વીરજી વોરાની પેઢી માટે મોટા આધાત સમાન બની રહી હતી. તે પછીના સમયમાં ફરી પાછી પેઢી ઉભી થઈ

હોવાના ઉલ્લેખો જોવા મળ્યા છે. પરંતુ ૧૬૭૦ પછીના વર્ણનોમાં તેનો કયાંય ઉલ્લેખ જોવા મળતો નથી તેથી ૧૬૭૦ ના અરસામાં તેનું અવસાન થયું હોવાનું માનવામાં આવે છે.

ગુજરાતમાં વ્યાપાર ઉદ્યોગના સંદર્ભમાં જે વિવિધ જુથો નામના ધરાવતા થયા છે. તેમાં ૧૭ મી સદીના ઉતરાર્ધમાં સુરતના જ પારેખ કુંટુંબો પણ તેટલા જ પ્રતિષ્ઠીત ગણાયા છે. આ પારેખ કુંટુંબો મૂળભૂત રીતે વૈષ્ણવ વાણિયાના કુળમાંથી આવેલા માનવામાં આવે છે. આ કુંટુંબો વલ્લભાચાર્યજીના ચૂસ્ત અનુયાયી બની રહયા હતા. ગુજરાતમાં સામાજિક અને આર્થિક સંદર્ભે વિશ્વના વાણિયાઓ ખુબ જ ઉમદા દરજજો ધરાવતા હતા. પારેખ કુંટુંબો મુખ્યત્વે કરીને યુરોપની ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શરાફ અને દલાલ સ્વરૂપે વધુ કાર્યરત હતા. આ કુંટુંબો મોટાભાગે કુશળ હિસાબનીશ તરીકે ઉપસી આવ્યા હતા અને ચલણી નાણાના રૂપાંતર ના કામમાં તેમનું કૌશલ્ય વિશેષ માનવામાં આવતું હતું. યુરોપીય અને મુસ્લીમ પેઢીઓ સાથે હિસાબના સંદર્ભે પારેખ જૂથો મોટેપાયે જોડાયેલા હતા. પારેખ જૂથો પૈકી ભીમજી પારેખનું નામ વિશેષ ઉલ્લેખનીય ગણવામાં આવે છે. ભીમજી પારેખની આગવી પહેલ વૃતિને કારણે સાહસિકતા થકી ધીરધારના સંદર્ભે તેની ખ્યાતિ કંપની જગતમાં જોવા મળતી હતી. એક તબકકે પારેખ જૂથો અને વેષ્ણવ વાણીયાઓનું એટલું મોટું પ્રભુત્વ હતું કે આ કુંટુંબોએ કંપની વ્યવહારથી નાખુશ થઈને ખાસ કરીને સુરતના હાજીને સુરતનો સામુહિક બહિષ્કાર કરી ભરૂચ ચાલ્યા જવાની ચેતવણી આથી એટલું જ નહી વાસ્તવમાં સ્થળાંતર કર્યું. કે જેના કારણે રાજકીય સતાધીશોએ જૈન અને હિન્દુ પેઢીઓના ઘુટણીએ આવીને ફરી પાછા માનભેર સુરતમાં લાવવા પડયા હતા. બહુલક્ષી વ્યાપાર પ્રવૃતિઓ થકી ભીમજી પારેખે કંપની સરકારનો ભારે આદર પણ મેળવ્યો હતો. ખાસ કરીને પશ્ચિમની ટેકનોલોજીનીની આયાત કરવામાં તેની આગવી સુઝ થી રાજકીય સતાધીશો અને શહેરીવર્ગ વિશષ પ્રસન્ન હતો. તે સમયની અંગ્રેજ સરકારના કેટલાંક જવાબદાર પ્રતિનિધિઓના અસહકાર ભર્યા અને જડવલણને કારણે પશ્ચિમની ટેકનોલજીના ઉપયોગ બાબતે પૂરતા માર્ગદર્શનના અભાવે ભીમજી પારેખના કેટલાંક પ્રકલ્પો અધુરા રહયા. પરંતુ એ સંપર્કોએ ઉભયપક્ષે વ્યાપારી સંબંધોને વિકસાવવામાં મહત્વની ભૂમિકા ભજવી.

### ૪.૨.૧–B રણછોડલાલ છોટાલાલ (૧૮૨૩–૯૮)

### રણછોડલાલની પ્રયોજકીય પ્રવૃતિઓની પૂર્વભૂમિકા

કોઈ પણ પ્રયોજકની પ્રવૃતિઓ તેના સમયના સામાજિક અને આર્થિક સંદર્ભમાં થતી હોય છે. તેની પ્રવૃતિઓ સામાજિક પ્રવાહોની સાથે વણાતી ગૂંથાતી હોય છે. આ કારણથી રણછોડલાલ છોટાલાલ (૧૮૨૩–૯૮) ની પ્રયોજકીય પ્રવૃતિઓને સમજવા માટે તે સમયના અમદાવાદના સામાજિક અને આર્થિક વાતાવરણને સમજવું આવશ્યક છે. ઈ.સ. ૧૮૧૮ માં અમદાવાદ અને ગુજરાતમાં બ્રિટિશ સતાનો પાયો નંખાયો અને તેને બીજે જ વર્ષે ઈંગ્લેન્ડની મેસર્સ ગીલ્ડર ડિસોઝા એન્ડ કંપનીએ ઈંગ્લેન્ડની મિલોમાં બનતા સૂતર અને કાપડનું વેચાણ કરવા અમદાવાદમાં એક પેઢી સ્થાપી. તે કંઈ અકસ્માતરૂપ ન હતું. ત્યાર બાદ

અમદાવાદના જૈન અને વૈષ્ણવ વેપારીઓએ આ માલ વેચીને ભારે નફો પ્રાપ્ત કરવો શરૂ કર્યો. આ ઉપરાંત નગરશેઠ પ્રેમાભાઈ હીમાભાઈ, હડીસિંગ કેસરીસિંગ, મગનભાઈ કરમચંદ, દામોદરદાસ મોહનદાસ અને અંબાઈદાસ લશ્કરી જેવા અમદાવાદના વેપારીઓ અફીણ અને વ્યાજવટાની ચીલાચાલુ પ્રવૃતિઓમાં તેમની મૂડી વધારતા. બીજી તરફ બ્રિટિશ શાસકો ગુજરાતના સસ્તા કપાસની ઈંગ્લેન્ડમાં નિકાસ કરવાના ઈરાદાથી અમદાવાદ, સુરત, ભાવનગર અને ભરૂચ જેવા જિલ્લાઓમાં મોડલ ફાર્મો ઉભા કરીને કપાસની જાત સુધારવાના પ્રયાસો કરી રહયા હતાં. તેઓ કપાસ લોઢવાના, સાફ કરવાના અને તેને સારી રીતે પેકિંગ કરીને ગોઠવવાના પ્રયાસોને પણ ખેડૂત અને વેપારીવર્ગમાં લોકપ્રિય બનાવી રહયા હતાં.

## રણછોડલાલના મિલ ઉદ્યોગમાં પ્રવેશવા માટેનાં કારણો

રણછોડલાલના આ પ્રવૃતિઓથી માહિગાર હતા, કારણ કે તેમનું સંદર્ભ જૂથ (referencer group) નાગરો કે વણિકોનું નહિ પણ બ્રિટિશ અમલદારો અને વ્યાપારીઓનું બનેલું હતું. તેમણે ૧૮૪૪–૪૫ માં વિચાર કર્યો કે, "જો ઈંગ્લેન્ડ ભારતમાંથી કપાસની આયાત કરીને અને કાપડ ઉદ્યોગમાં કામ કરતા ત્યાંના મજૂરોને ભારે દરે મજુરી આપીને ભારતમાં કાપડ ઠાલવી શકે અને અઢળક નફો પણ પ્રાપ્ત કરી શકે તો હિંદમાં જ આ શકય કેમ ન બની શકે ? ગુજરાત તો કપાસનું ભડ છે. ગુજરાતમાં સારા પ્રમાણમાં વ્યાપારી મૂડી પણ છે. ગુજરાતી વ્યાપારીઓ એ ઉચ્ચ કોટિની નાણાકીય અને વ્યાપારા સંસ્થાઓ પણ વિકસાવી છે. મિલ સ્થાપ્યા બાદ સૂતર અને કાપડનું વેચાણ કરવા માટે સારોયે ભારતીય ઉપખંડ ઉપલબ્લ છે.

રણછોડલાલે મિલ શરૂ કરવા માટે મશીનરીઓનો ઓર્ડર ઈંગ્લેન્ડમાં મૂકયો અને આ કામ માટે તેમણે ઈંગ્લેન્ડમાં રહેતા પ્રખર વિદ્વાન અને રાષ્ટ્રભકત દાદાભાઈ નવરોજીનો સંપર્ક સાધ્યો. ઈંગ્લેન્ડથી યંત્રસામગ્રી (મશીનરી) દરિયાઈમાર્ગે આવવાની હતી, પણ તે અધવચ્ચે દરિયામાં વહાણની સાથે ડુબી ગઈ. સદભાગ્યે તેનો વીમો ઉતરાવ્યો હોઈ રણછોડલાલને નુકસાન થયું નહિ અને તેમણે બીજી મશીનરી માટેનો ઓર્ડર મૂકયો. આ મશીનરી ઈંગ્લેન્ડથી ખંભાત આવી અને તેને અમદાવાદમાં ખસેડવા રણછોડલાલ ખંભાત ગયા. તે સમયે રેલવેવ્યવહાર શરૂ થયો ન હતો. રણછોડલાલ આ મશીનરી બળદગાડામાં અમદાવાદ લાવ્યા. અમદાવાદના શાહપુર વિસ્તામાં તે ગોઠવવામાં આવી. ૨૬ મી મે, ૧૮૬૧ ના રોજ અમદાવાદ શહેરની આ સૌપ્રથમ મિલનું ઉદઘાટન થયું.

## રણછોડલાલ વ્યવસ્થાપક તરીકે

રણછોડલાલ કાર્યકુશળ વ્યવસ્થાપક હતા. તે જાતે જ મિલના તમામ કામકાજ ઉપર દેખરેખ રાખતા મિલ માટે જરૂરી રૂ ખરીદવું, મજૂરો અને ટેકનિકલ જ્ઞાન ધરાવતા માણસોની નિમણુંક કરવી, તયાર માલનું બજારોમાં વેચાણ કરવું તેમજ મિલના કામકાજ અંગે પત્રવ્યવહાર કરવો – આ તમામ કાર્યો ઉપર રણછોડલાલ

ઝીણવટભરી દેખરેખ રાખતા. તેમણે મિલનો વહીવટ એવો તો કરકસર અને કુશળતા પૂર્વક કર્યો કે શરૂઆતથી જ તેમની મિલ નફો પ્રાપ્ત કરતી ગઈ. તેમણે મિલનો વિસ્તાર કરીને ઉત્પાદનમાં વધારો કર્યો.

ઈ.સ. ૧૮૬૧ માં તેમણે માત્ર ૬૫ મજૂરો અને ૨,૫૦૦ ત્રાકોથી સૂતર કાંતવાનું કામ શરૂ કર્યું. પણ ૧૮૬૪–૬૫ માં તેમની મિલમાં ૧૦,૦૦૦ ત્રાકો, ૧૦૦ સાળો, ૫૧૫ મજૂરો હતા. ૧૮૯૮ માં રણછોડલાલ જયારે મૃત્યુ પામ્યા ત્યારે અમદાવાદ સ્પિનિંગ એન્ડ વીવિંગ મિલમાં ૩૩,૦૦૦ ત્રાકો અને ૬૮૯ સાળો હતી. આ કંપનીની મૂડી રૂા. ૫,૦૦,૦૦૦ થી વધીને ૧૦,૦૦,૦૦૦ થઈ હતી.

**સમાપન**

રણછોડલાલ ઉચ્ચ કોટિના પ્રયોજક અને સંચાલક હતા. તે જયારે વિદ્યાર્થી હતા ત્યારે મુંબઈ યુનિર્વસટીની શરૂઆત પણ થઈ ન હતી. પરંતુ તેમણે શાળામાં પોતાનો અભ્યાસ વધાર્યો અને અંગ્રેજી ભાષા ઉપર પ્રભુત્વ મેળવી લીધું. તે સમયે ઉંચી સરકારી નોકરી મેળવવા માટે અંગ્રેજી ભાષાનું જ્ઞાન આવશ્યક ગણાતું. રણછોડલાલ સરકારી અધિકારી હોઈ અને અંગ્રેજી ઉપરનું તેમનું પ્રભુત્વ હોઈ તેમને માટે ફુલજેમ્સ અને લેન્ડન જેવા ઔદ્યોગિક વિષયના જાણકાર સાથે પરિચય કેળવવાનું સરળ બન્યું. આવા માણસોની મદદ વગર તેઓ મિલ ઉદ્યોગ અંગેની જરૂરી માહિતી પ્રાપ્ત કરી શકયા ન હોત. આમ ફુલજેમ્સ અને લેન્ડને ચિનગારીનું કામ કર્યું હતું, તેમ કહેવામાં  અતિશયોકિત નથી.

પરંતુ રણછોડલાલ માત્ર માહિતીઓ એકત્રિત કરીને જ બેસી રહે તેવા ન હતી. તે અત્યંત મહત્વાકાંક્ષી અને મહેનતુ હોવા ઉપરાંત પાકી ગણતરીઓ કરનારા હતા. આ ગણતરીને આધારે તેમને જો લાગે કે અમુક કામ કરવા જેવું છે તો તેને તેઓ  'જળો' ની જેમ ચીટકી રહેતા. આ જ કારણથી તેમણે અનેક પ્રતિકુળ બળોનો સામનો કરીને પણ અમદાવાદમાં મિલ ઉદ્યોગનો પાયો નાખ્યો. બીજું દષ્ટાંત પણ નોંધપાત્ર છે. રણછોડલાલ અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ હતાં. એક પ્રસંગે (૧૮૮૨) જયારે તેમણે અમદાવાદમાં પાણી માટેના નળની યોજના અમલમાં મૂકી ત્યારે અમદાવાદીઓએ તેમને 'ધરમ વટલાઈ જશે' કહીને ગાળો દીધી હતી. પણ ભારે વિરોધો વચ્ચે પણ રણછોડલાલ તેમણે હાથ ધરેલી આ યોજનાને વળગી રહયા અને અમદાવાદમાં નળ અને ગટર વ્યવસ્થાને દાખલ કરીને જ તે જંપ્યા. ટૂંક સમયમાં જ આ યોજનાઓ લાભદાયી પુરવાર થઈ. તેથી જે લોકોએ તેમને શરૂઆતમાં ગાળો દીધી હતી. તે જ લોકોએ આ યોજનાઓને હોંશથી અપનાવીને તેમને માટે પ્રશંસાના ફુલો વરસાવવા શરૂ કર્યા. આ વસ્તુ સ્થિતિ રણછોડલાલના માનસિક વ્યકિતત્વની મહત્વની ખાસિયતો ઉપર પ્રકાશ નાખે છે, જે ખાસિયતો માત્ર પ્રયોજકીય દષ્ટિએ જ નહિ પણ જીવનનાં બીજાં ક્ષેત્રોમાં પણ સફળતા પ્રાપ્ત કરવા માટે જરૂરી છે. રણછોડલાલના વ્યકિતત્વની ખાસિયતો હતી ઉંચા પ્રકારની મહત્વાકાંક્ષા, મહત્વાકાંક્ષા પ્રાપ્ત કરવા માટે જરૂરી તનતોડ મહેનત, પાકી ગણતરી, પધ્ધતિસર કામ કરવાની ટેવ અને એક વાર એમ સમજાય કે અમુક કામ કરવા જેવું છે તો તે પાર ના પડે ત્યાં સુધી તેને 'જળો' ની જેમ ચીટકી રહેવાનો

સ્વભાવ.

### ૪.૨.૧–C કસ્તુરભાઈ લાલભાઈ (૧૮૯૪–૧૯૮૦)

**વ્યાપારી સંસ્કારોની અસર**

કસ્તુરભાઈ લાલભાઈ અમદાવાદના સુપ્રસિઘ્ધ નગરશેઠ કુટુંબના વંશજ હતા. તેમના પૂર્વજોમાં શેઠ શાંતિદાસ ઝવેરી, જહાંગીર અને શાહજહાન તથા મહાન મોગલ બાદશાહોના સમકાલીન હતા અને તેઓ શાંતિદાસ તરફ માનની નજરે જોતા. શાંતિદાસ ઓસવાલ જૈન જ્ઞાતિના હતા. આમ કસ્તુરભાઈમાં કૌટુંબિક તેમજ તેમની જૈન જ્ઞાતિના વ્યાપારી સંસ્કારોનું સિંચન થયું હતું. આ કુટુંબ અમદાવાદમાં સદીઓથી રહેતું હોઈ કસ્તુરભાઈમાં બાળપણથી જ અમદાવાદના વ્યાપારી સંસ્કારોની અસર થાય તે પણ સ્વાભાવિક હતું.

**લાલભાઈ દલપતભાઈ**

કસ્તુરભાઈના પિતા લાલભાઈ દલપતભાઈએ ૧૮૯૭ માં અમદાવાદમાં સરસપુર મિલની સ્થાપના કરીને મિલ ઉદ્યોગમાં પ્રવેશ કર્યો હતો. આ સમયે અમદાવાદમાં ૨૧ મિલો હતી. ત્યાર બાદ લાલભાઈએ સ્વદેશી આંદોલન દરમ્યાન ૧૯૦૫ માં બીજી એક મિલ સ્થાપી. આ મિલ તે અમદાવાદની જાણીતી રાયપુર મિલ. લાલભાઈ તેમની સંચાલનશકિત માટે જાણીતા હતા. તેમણે કરકસરથી આ બંને મિલોનો વહીવટ કરીને સારા પ્રમાણમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. પરંતુ ૧૯૧૧ માં કૌટુંબિક ઝઘડાઓને કારણે મિલોની વહેંચણી થઈ ગઈ. રાયપુર મિલની એજન્સી લાલભાઈના હાથમાં આવી. આ બનાવ પછી ટૂંક સમયમાં જ (૧૯૧૨) લાલભાઈનું અવસાન થતાં રાયપુર મિલના સંચાલનની જવાબદારી તેમના જયેષ્ઠ પુત્ર ચમનભાઈ ઉપર આવી પડી. આ સમયે કસ્તુરબાઈ ગુજરાત કોલેજમાં અભ્યાસ કરતા હતા. પિતાના મૃત્યુને લીધે તેમને કોલેજનો અભ્યાસ છોડીને માત્ર ૧૮ વર્ષની વયે મિલ ઉદ્યોગમાં જોડાવું પડયું.

**કસ્તુરભાઈ લાલભાઈ**

**શરૂઆતનાં વર્ષો**

કસ્તુરભાઈ બિનઅનુભવી અને કાચી ઉંમરના હોઈ તેમના કુટુંબના વડીલોએ તેમને સૌપ્રથમ રાયપુર મિલમાં સ્ટોરકીપર તરીકેની સામાન્ય નોકરી આપી. સ્ટોરકીપર તરીકે તે મિલના માલસામાનની હેરફેર ઉપર દેખરેખ રાખતા. ઘણી વાર તે મજૂરો અને કર્મચારીઓના પગારની સ્લીપો તૈયાર કરતા. આઠેક મહિનામાં જ તેમને રૂ ખરીદવા અંગેની જવાબદારી સોંપવામાં આવી આ કામ તેમને પસંદ પડયું. રાયપુર મિલ માટેના રૂ ની ખરીદી કરવા તેમને ગુજરાતનાં ગામડાઓમાં તેમજ રૂ નાં બજારો ધરાવતાં નગરોમાં ફરવું પડતું તેમજ રૂ ના ભાવતાલ અને ગુણવતા વગેરે બાબતો અંગે નિર્ણયો લેવા પડતા. કસ્તુરભાઈએ આ બાબતમાં નિપુણતા

પ્રાપ્ત કરી અને તે એટલે સુધી કે તે રૂ ને તેમની હથેળીમાં દબાવીને તેમજ આંગળીઓથી આમતેમ ફેરવીને રૂ ની જાત અને ગુણવતા નકકી કરી શકતા. પાછળથી જયારે મિલોના વહીવટ અને સંચાલનની જવાબદારી તેમણે સંભાળી ત્યારે તેમને આ અનુભવ ઘણો કામ આવ્યો.

**"મારો અનુભવ જેમ જેમ વધતો ગયો તેમ તેમ હું મિલોનો વહીવટ કરકસરતાથી અને પ્રામાણિકપણે કરતો ગયો. પ્રામાણિકપણાને પાયામાં રાખીને આર્થિક વ્યવહાર અને નફાની ગણતરી કરવાની નીતિ મેં અપનાવી હતી. શેરહોલ્ડરોનાં હિતોનું પૂરેપૂરું જતન કરવાની વૃતિ મેં મારી કારકિર્દીની શરૂઆતથી જ અપનાવી હતી."**

અશોક મિલ  અગ્નિ પરીક્ષામાંથી પસાર થયા બાદ ટૂંક સમયમાં જ (૧૯૨૪) એક બીજો પ્રસંગ બન્યો. ઉપર નોંધ્યુ છે તે મુજબ ૧૯૧૧ થી સરસપુર મિલનું સંચાલન કસ્તુરભાઈના કાકાઓ મણિભાઈ અને જગુભાઈ સંભાળતા રહયા. આ સંચાલન બિનકાર્યક્ષમ રીતે થતું હોવાથી સરસપુર મિલ ફડચામાં ગઈ. લાલભાઈ કુટુંબની આબરૂને બટ્ટો લાગ્યો. તેથી કસ્તુરભાઈએ કુટુંબની આબરૂ બચાવી લેવા માટે આ મિલ કંપની (તેની એજન્સી) ને ખરીદી લીધી. આમ સરસપુર મિલ તેમના સંચાલન નીચે આવી. કસ્તુરભાઈ હવે ત્રણ મિલોના માલિક બન્યા. સરસપુર રાયપુર અને અશોક. ૧૯૩૧ માં તેમણે નૂતન મિલની સ્થાપના કરી.

**અરવિંદ મિલ :**

જે વર્ષે કસ્તુરભાઈએ નૂતન મિલ સ્થાપી તે જ વર્ષે તેમણે એક બીજી મિલ ઉભી કરવાનો નિર્ણય લીધો. આ મિલ તે આજે આપણા દેશમાં જાણીતી બનેલી અરવિંદ મિલ. આ કંપની સ્થાપવા તેમણે અરવિંદ મિલ કંપનીના શેરો ઉભા કરવાને બદલે રાયપુર મિલમાંથી બચત થયેલી મૂડીનું રોકાણ કરવાનો નિર્ણય લીધો અને રાયપુર મિલના એક શેરના બદલામાં તેમણે અરવિંદ મિલનો એક બોનસ શેર કંપનીના શેરહોલ્ડરોને આપવાનું ઠરાવ્યું. આ સમયે મિલ મશીનરીના બજારમાં મંદી પ્રવર્તતી હતી. તેનો લાભ લેવા કસ્તુરભાઈ મુંબઈ ગયા અને ત્યાં મેસર્સ પ્લાટ બ્રધર્સ (ઓલ્ડહામ, ઈગ્લેન્ડ) ના એજન્ટ તરીકે ધંધો કરતા સર નેસ વાડિયા (અને કસ્તુરભાઈના પણ) ના આશ્ચર્ય વચ્ચે પ્લાટ બ્રધર્સે કસ્તુરભાઈનો ઓર્ડર માન્ય રાખ્યો. આમ ઈગ્લેન્ડ તેમજ વિશ્વના અન્ય દેશોમાં પ્રર્વતતી મંદીનો લાભ કસ્તુરભાઈએ જે રીતે અને જે ગણતરીથી ઉઠાવ્યો તે તેમની પ્રયોજકીય શકિતના નમૂનારૂપ હતું.

ઈ.સ. ૧૯૩૧ માં અરવિંદ મિલ કંપની તે સમયની દષ્ટિએ ભારે મૂડીથી શરૂ થઈ. તેની મૂડી રૂા. ૨૫,૦૦,૦૦૦ ની હતી. અરવિંદ મિલ સ્થાપવા પાછળ કસ્તુરભાઈનો આશય ઉંચી જાતના, ફાઈન અને સુપર ફાઈન, કપડાનું ઉત્પાદન કરવાનો હતો. અંબાલાલ સારાભાઈના સંચાલન નીચે કેલિકો મિલ આ પ્રકારનો ઉંચો માલ તૈયાર કરતી હતી. ભારતની ઘણી મિલો હજુ 'થેપાડા' પ્રકારના જાડા કાપડનું જ ઉત્પાદન કરતી. બીજી તરફ લોકોમાં ખાદીનું આકર્ષણ વધતું જતું હોવા છતાં ઉંચી બનાવટનો ખરીદનારવર્ગ પણ વિકસ્યો હતો.

ગાંધીજીની ખાદી લોકપ્રિય બનવા છતાં 'મેઈડ ઈન ઈંગ્લેન્ડ' ની છાપ ધરાવતી સાડીઓ અન ધોતીજોટા તેમજ કોટ–પાટલૂન માટેના માલનો ધસારો ઓછો થયો ન હતો. કાંઈક આવી ગણતરીથી કસ્તુરભાઈએ અરવિંદ મિલને 'એક પ્રતિષ્ઠિત અને કમાણી કરતી મિલ' તરીકે વિકસાવાની મુરાદ સાથે શરૂ કરી. ટૂંક સમયમાં કસ્તુરભાઈની ગણતરી સાચી ઠરી. શરૂઆતથી જ અરવિંદનો માલ ગુજરાત અને ગુજરાતની બહાર ખપવા લાગ્યો. પ્રયોજકીય દષ્ટિએ અરવિંદ મિલની સ્થાપના કરવાનો કસ્તુરભાઈનો નિર્ણય મહત્વપૂર્ણ હતો. અરવિંદ મિલ ૫૨,૫૬૦ રિંગ સ્પિંડલ (ત્રાક), ૨,૫૫૨ ડબલિંગ સ્પિંડલ અને ૧,૧૨૨ સાળોથી શરૂ થઈ. ઉચી જાતના કાપડનાં ઉત્પાદન માટે જરુરી ગણાય તેવા ડાંઈગ, બ્લીચિંગ,ફિનિશિંગ અને મર્સરાઇઝિંગ પ્લાન્ટો અરવિંદ મિલમાં નાંખવામાં આવ્યા હતા. અરવિંદ મિલની સરખામણીમાં નૂતન મિલ ઘણી સાધારણ હતી.

## અરુણ અને અમદાવાદ ન્યૂ કોટન મિલ

કસ્તુરભાઈએ ઈ.સ. ૧૯૩૩ માં અરુણ મિલ અને ઈ.સ. ૧૯૩૮માં અમદાવાદ ન્યુ કોટન મિલની સ્થાપના કરી. આમ ૧૯૩૮માં કસ્તુરભાઈ પોતાના કુટુંબોની જુદી જુદી મેનેજિંગ એજન્સી કંપનીઓ દ્વારા અમદાવાદમાં સાત મિલ કંપનીઓનું સંચાલન કરતા. સરસપુર, રાયપુર, અશોક, નુતન, અરવિંદ,અરુણ અને અમદાવાદ ન્યૂ કોટન. આ મિલોમાં તેમણે સમયાનુસાર સુધારાવધારા કર્યા હતા અને જયાં બદલવા જેવું લાગે ત્યાં નવી યંત્રસામગ્રી (મશીનરીઓ) દાખલ કરી હતી. વિસ્તૃતીકરણના આ કાર્યક્રમની સાથે સાથે સંચાલનની દષ્ટિએ તેમણે મિલોનું એકત્રીકરણ (consolidation) પણ કર્યું હતું.

## ઉદ્યોગનું વિશાખન

### અનિલ સ્ટાર્ચ પ્રોડકટસ :

૧૯૩૮ માં કસ્તુરભાઈએ સ્ટાર્ચ ઉદ્યોગ સ્થાપવાનું નકકી કર્યુ. કાપડ ઉદ્યોગમાં સ્ટાર્ચ વપરાતો હોવાથી કસ્તુરભાઈએ એ ગણતરી હતી કે તેનાથી તેમનાં મિલ ઉદ્યોગને સારું એવું પોષણ મળશે અને હિંદની બીજી ઘણી મિલોમાં પણ સ્ટાર્ચ વેચી શકાશે. ખાદ્ય પદાર્થોમાં સ્ટાર્ચ વપરાય છે. આ સમયે ભારતમાં સ્ટાર્ચ ઉદ્યોગ શરૂ નહોતો થયો.

### અતુલ પ્રોડકટસ લિમિટેડ :

કસ્તુરભાઈએ યુધ્ધ દરમ્યાન કાપડ અને સ્ટાર્ચ ઉદ્યોગમાં ભારે નફો પ્રાપ્ત કર્યો. તેમણે હવે એવો ઉદ્યોગ શરૂ કરવાનો નિર્ણય કર્યો જે જે ચીલાચાલુ ન હોય. ૧૯૪૫માં તેમણે ટેલિફોનનું ઉત્પાદન કરવાનું વિચાર્યું. તેમણે મુંબઈના બર્મા સેલની મદદથી રિફાઈનરીના સાહસમાં પડવાનું વિચાર્યુ. પણ લાંબા વિચારને અંતે તેમણે આ બંને યોજનાઓને પડતી મૂકી. ૧૯૪૬માં તેમણે કૃત્રિમ રંગ (સિન્થેટીક ડાયસ્ટાફ) ના ઉદ્યોગમાં

પ્રવેશવાનું વિચાર્યુ. આ સમયે હિંદમાં આ ઉદ્યોગ શરૂ થયો ન હતો. હિંદની આ ચીજો માટેની જરૂરિયાતો જર્મનીની આઈ.જી. ફરબેન અને ઈંગ્લેન્ડની ઈમ્પીરિયલ કેમિકલ ઇન્ડસ્ટ્રીઝ (આઈ.સી.આઈ.) જેવી આંતરરાષ્ટ્રીય કંપનીઓ પૂરી પાડતું. બીજી તરફ સિન્થેટિક ડાયસ્ટાફનો ઉદ્યોગ પાયાનો હતો. કાપડ, રસાયણ, કોલટાર, પ્લાસ્ટિક, સ્ફોટક જેવા મહત્વના ઉદ્યોગો ખીલવવામાં તે પાયાની ગરજ સારે તેવો હતો.

કસ્તુરભાઈ આ ઉદ્યોગ અંગે ચર્ચાવિચારણા કરવા અમેરિકા ગયા અને તેમણે ત્યાંની વિશ્વવિખ્યાત કંપની અમેરિકન સાયનેમાઈડ કંપનીનો સંપર્ક સાધ્યો. આ કંપનીના ઉપપ્રમુખ સીડ મોડીની ચર્ચા દરમ્યાન એવું નકકી થયું કે અમેરિકન સાયનેમાઈડ કસ્તુરભાઈની નિર્ધારિત કંપનીને ટેકનિકલ જાણકારી પૂરી પાડે તેમજ ભારતીય કંપનીમાં નાણાનું રોકાણ પણ કરે. સાયનેમાઈડ કંપનીને તેની ટેકનિકલ સેવાઓ બદલ નિર્ધારિત કંપની તરફથી દસ વર્ષ માટે તેના વેચાણના ર.૫ ટકા રોયલ્ટી મળે. આ બાબત અંગેના કરાર થતાં કસ્તુરભાઈ સ્વદેશ પાછા ફર્યા અને તેમણે રંગ ઉદ્યોગ સ્થાપવા માટેનું સ્થળ નકકી કરવા તરફ તેમનું ધ્યાન કેન્દ્રિત કર્યુ. તેની સાથે સાથે તેમણે અમેરિકન સાયનેમાઈડના સહકાર (collaboration) થી ૫ મી સપ્ટેમ્બર, ૧૯૪૭ના રોજ રૂા. એક કરોડની મૂડીથી એક કંપની પણ ઉભી કરી. આ કંપની તે આજે ભારતભરમાં પ્રસિધ્ધ થયેલી અતુલ પ્રોડકટસ લિમિટેડ. તેના પ્રથમ જનરલ મેનેજર બી.કે. મજમુદાર હતા. અતુલ પ્રોડકટસના જનરલ મેનેજર બનતાં પહેલાં તેઓ અરવિંદ મિલના મેનેજર હતા.

### ૪.૩ ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતા (સ્થાપનાકાળ પછીનો તબકકો) :–

ગુજરાતના ઔદ્યોગિક વિકાસની તવારીખ લખીએ ત્યારે ભૂતકાળની કેટલીક ઘટનાઓને લક્ષમાં રાખીએ તો જ વાસ્તવિકતા વધુ સારી રીતે આલેખી શકાય. જે તે સમયે દ્વિભાષી મુંબઈ રાજયનું ગુજરાત એક અંગ હતું. ભાષાકીય ધોરણે અલગ અલગ રાજયની રચના થઈ ત્યારે મહાગુજરાત માટેની માંગણી બુલંદ બની અને તેમાંથી ગુજરાત એક અલગ રાજય તરીકે અસ્તિત્વમાં આવ્યું. એ સમયે મુંબઈ એ આજની જેમ જ વેપાર ઉદ્યોગ માટેનું મુખ્ય કેન્દ્ર તેમજ આયાત – નિકાસ માટેનું મુખ્ય બંદર હતું. મુંબઈના વિકાસમાં ગુજરાતીઓએ ઘણો મોટો ફાળો આપ્યો છે અને મુંબઈ તેમજ તેની આસપાસ ઘણું મોટું રોકાણ કર્યુ છે એ બહાના હેઠળ મુંબઈ ગુજરાતનો ભાગ બને એવી લાગણી અને માંગણી ગુજરાતની હતી. આ શકય ન બન્યું અને મુંબઈ મહારાષ્ટ્રમાં ભળ્યું એટલે ગુજરાતને તેની આ આકાંક્ષા પૂરી ન થવાને કારણે જે માનસિક આઘાત લાગ્યો તેના પ્રતિભાવ તરીકે ગુજરાત અલગ રાજય બન્યું તે દિવસથી જ મહારાષ્ટ્ર સાથે હરીફાઈ કરીને આગળ નીકળવાની ભાવના અને એ પ્રતિસ્પર્ધામાં મહારાષ્ટ્રનો વિકાસ જેના થકી થયો હતો તે ઔદ્યોગિક અને આર્થિક વિકાસ સાથે હરીફાઈ ગુજરાત રાજયના વ્યકિતત્વમાં વણાઈ ગયેલ. આમેય રાજયના જન્મ સમયે માથાદીઠ ખેડાણલાયક જમીન એક એકર કરતાં પણ ઓછી હોય તેવા સંયોગોમાં આર્થિક વિકાસના સાધન તરીકે ઔદ્યોગિક વિકાસને આગળ કરીને ચાલવાની પરિસ્થિતિ ઉભી થાય એ સ્વાભાવિક છે.

આમ ગુજરાતના જન્મ સમયથી જ ઔદ્યોગિક વિકાસ આર્થિક વિકાસ સાધવાનું સાધન બન્યું અને ઔદ્યોગિક વિકાસ માટેની કામગીરી રાજયવ્યવસ્થામાં કેન્દ્રસ્થાને રહેતાં રાજયનું ઔદ્યોગિક વિકાસ માટેનું તંત્ર પ્રગતિશીલ અભિગમ અને ઉદાર નીતિઓ માટે જાણીતું બન્યું. ગુજરાત અલગ રાજય તરીકે અસ્તિત્વમાં આવ્યું ત્યારે અમદાવાદ તેના કાપડ ઉદ્યોગ માટે, વડોદરા અને અતુલ જેવાં સ્થળો તેના રસાયણ ઉદ્યોગ માટે, સુરત જરી ઉદ્યોગ માટે, રાજકોટ ડીઝલ એન્જિન અને ફાઉન્ડ્રી ઉદ્યોગ માટે, જામનગર પિતળના ભાગો જેવા ઉદ્યોગ માટે વિકાસકેન્દ્ર તરીકે પ્રસ્થાપિત હતાં જ. આ વિકાસકેન્દ્રો અને ત્યાંનું ઔદ્યોગિક વાતાવરણ પણ ભાવિ વિકાસના ઉદ્દીપક માટે મદદરૂપ બન્યાં એમ કહીએ તો ખોટું નથી. આ બધું હોવા છતાંય રાજયનું બે તૃતીયાંશ કરતા વધુ ઔદ્યોગિક ઉત્પાદન કાપડ તેની સાથે આનુષંગિક ઉદ્યોગોમાંથી આવતું હતું. એટલે કાપડ ઉદ્યોગ એ ગુજરાતનો મુખ્ય ઉદ્યોગ હતો એમ કહી શકાય. કાપડ ઉપરાંત ગુજરાત જરી,કાગળ,ડીઝલ એન્જિન, દવાઓ, થાન અને વાંકાનેરમાં ચિનાઈ માટીના વાસણો અને અન્ય ઉત્પાદનો, ખંભાતમાં અકીક,સંખેડામાં ફર્નિચર, જામનગરમાં પિતળના ભાગ અને આઈટમો, સુરેન્દ્રનગરમાં મશીનરી તેમજ અમદાવાદ અને વડોદરા જેવાં શહેરોમાં ટેકસટાઈલ મશીનરી અને તેના ભાગો જેવી ચીજવસ્તુઓનું મુખ્યત્વે ઉત્પાદન કરતું હતું. સુરતમાં પાવરલૂમ ઉદ્યોગના પગરણ મંડાઈ રહયા હતા અને હજુ દૂરની ક્ષિતિજે હીરાઉદ્યોગના ઉદ્યોગ થાય તેવી શકયતાઓ વર્તાતી હતી. અમદાવાદમાં ૭૪ કરતાં પણ વધુ મિલો ધમધમાટ ચાલતી હતી જેને પરિણામે કાપડઉદ્યોગનું આ મહત્વનું કેન્દ્ર ભારતના માનચેસ્ટર તરીકે ઓળખાતું હતું. ૬૦ ના દાયકાના ઔદ્યોગિક ગુજરાતનું ચિત્ર રાજયોની સ્થાપના સાથે જ એકદમ ઝડપથી પરિવર્તિત થવા માંડે તેવી જબરદસ્ત ઘટના લગભગ રાજયની સ્થાપનાની સાથે સાથે જ આકાર લઈ ચુકી હતી.

આ ઘટના એટલે વડોદરા નજીક કોઈલી ખાતે ગુજરાત રિફાઈનરીની સ્થાપના. લગભગ ગુજરાત રાજયની સ્થાપનાની સાથે સાથે જ વડોદરા ખાતેની આ રિફાઈનરીની સ્થાપના કરી ગુજરાતમાં અંકલેશ્વર અને ઉતર ગુજરાતનાં તેલ ક્ષેત્રોમાંથી આવતું ક્રૂડ ઓઈલ પ્રોસેસ કરવાની યોજના ઘડાઈ જેણે ગુજરાતના ઔદ્યોગિક વિકાસનું ચિત્ર પલટાવી નાખવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

ગુજરાત રિફાઈનરીની સ્થાપનાને પગલે પગલે આ રિફાઈનરીમાંથી ઉપલબ્ધ બનનાર નેપ્થા જેવી ફિડસ્ટોક અને બેન્ઝિન તથા અન્ય કેમિકલ ઉપર આધારિત ઈન્ડિયન પેટ્રોકેમિકલ્સ, કોમ્પ્લેકસ, ગુજરાત ટેસ્ટ ફર્ટિલાઈઝર્સ, પોલિમર કોર્પોરેશન ઓફ ગુજરાત (જેને પાછળથી ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ કું. માં ભેળવી દેવામાં આવ્યું છે), ગુજરાત પોલિબ્યુટિન્સ, પોલિકેમ વગેરે અનેક એકમો અસ્તિત્વમાં આવ્યાં. પેન્શરોના સ્વર્ગ અને મહારાજ સયાજીરાવ યુનિવર્સિટી થકી શિક્ષધામ તરીકે જાણીતી વડોદરા નગરી રાતોરાત કરવટ બદલીને દેશની એક અગ્રગણ્ય ઔદ્યોગિક નગરી તરીકે પ્રસ્થાપિત બની. એવું કહેવાય છે કે હજીરાનું ગંજાવર ઔદ્યોગિક રોકાણ થયું તે દર ચોરસ કિલોમીટર દીઠ ભારતમાં તો સૌથી વધારે હતું પણ જાપાનને બાદ કરતાં એશિયાના કોઈ દેશમાં આટલી મોટી ઘનતાનું રોકાણ થયું નથી. આ રીતે વડોદરા – નંદેસરી પટ્ટી આ સઘન રોકાણને

કારણે દેશની મુખ્ય ઔદ્યોગિક પટ્ટી બની એટલું જ નહી પણ પેટ્રોકેમિકલ્સ કોર્પોરેશન અને સંલગ્ન ઔદ્યોગિક એકમોમાંથી જે કાચો માલ ઉપલબ્ધ બન્યો તેને પરિણામે ગુજરાતમાં ડાઈઝ અને ઈન્ટરમિડિએટસથી માંડીને દવાઓ સુધીના કેમિકલ અને સંલગ્ન આઈટમોનું મોટું ઉત્પાદન શરૂ થયું. આ એકમોને પગલે પગલે ભરૂચ નજીક પાલેજ ખાતે ગુજરાત કાર્બન, ભરૂચ ખાતે નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ, ત્યાંથી થોડું આગળ જઈએ તો ગુજરાત નાયલોન્સ, અંકલેશ્વર અને પાનોલીની ઔદ્યોગિક વસાહતોમાં એશિયન પેઈન્ટસથી માંડીને ગ્લેકસો સુધીના અને યુનાઈટેડ ફોસ્ફરસથી માંડીને યુનિક ફાર્માસ્યુટિકલ્સ સુધીના દવાઓ, કેમિકલ્સ અને રંગના અનેક કારખાનાઓ, ટેકસટાઈલ, વિવિંગ ટેક્ષ્ચયુરાઈઝિંગ જેવી પ્રવૃતિ, સુરત ખાતે હજીરા નજીક ક્રિભકોનું ખાતરનું કારખાનું અને અત્યારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો પેટ્રોકેમિકલ્સ કોમ્પ્લેકસ અને એસ્સાર સ્ટીલનું જંગી સ્પોન્જ આર્યન અને અન્ય પેદાશો બનાવતું સંકુલ, ઓલપાડ ખાતે સાઈનાઈડઝ એન્ડ કેમિકલ્સ, સુરતમાં સિટુર્જિયા કેમિકલ્સ, ઉધનામાં બરોડા રેયોન્સ અને નવીન કલોરીન, અતુલ ખાતે સીબાતુલ અને અતુલના એકમો અને વાપી ઔદ્યોગિક વસાહતમાં વળી પાછા ડાયસ્ટાફ અને ઈન્ટરમિડિએટસથી માંડી દવાઓ સુધીના અનેક એકમોને કારણે વાપીથી અમદાવાદ સુધીની પટ્ટી ઔદ્યોગિક વિકાસથી ધમધમી ઉઠી. આ પટ્ટીમાં જ અંકલેશ્વર નજીક વાલિયા ખાતે ગુજરાત ગોદરેથી માંડી પેટ્રોફિલ્સ અને વાગરા ખાતે આઈ.પી.સી.એલ.નો બીજો પેટ્રોકેમિકલ્સ પ્રોજેકટ ઉપરાંત કાચથી માંડી સ્કૂટર સુધી બનાવતા અનેક નાના મોટા એકમો ઉમેરાયા. નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સનું ખાતરનું કારખાનું મેથેનોલથી માંડી ઈલેકટ્રોનિકસ સુધીના ક્ષેત્રે પ્રવૃત બન્યુ. હાલોલ અને કાલોલ ખાતેની ઔદ્યોગિક વસાહતો કાથીપુરા, મકરપુરા, સાવલી, ઝઘડિયા, નંદેસરી જેવી ઔદ્યોગિક વસાહતો અને છેક ખૂણામાં વિઠૃલ ઉદ્યોગનગર સુધી ઔદ્યોગિક વિકાસ પ્રસર્યો. આમ રાજય અસ્તિત્વમાં આવ્યું ત્યારે ઔદ્યોગિક વિકાસમાં એનો ક્રમ આઠમો હતો તેના બદલે માત્ર ત્રણ જ દાયકા જેટલા ટૂંકા સમયમાં અગ્રક્રમે આવી ઉભું છે.

ઔદ્યોગિક વિકાસની તરાહનું વિશ્લેષણ કરીએ તો મુખ્યત્વે નીચે મુજબનાં બે તારણો કાઢી શકાય તેમ છે.

(૧) રાજય અસ્તિત્વમાં આવ્યુ ત્યારે લગભગ બે તૃતીયાંશ જેટલું ઔદ્યોગિક ઉત્પાદન કાપડ અને સંલગ્ન ઉદ્યોગમાંથી આવતું હતું. આજે એ ઘટીને લગભગ ૩૩ ટકા જેટલું થયું છે. આમ છતાંય કાપડ અને સંલગ્ન ઉદ્યોગો ગુજરાતના મુખ્ય ઉદ્યોગો રહે છે અને રાજયના ઔદ્યોગિક વિકાસમાં એનો મોટો ફાળો છે એમ કહીએ તો ખોટું નથી. ગુજરાત રાજયની ૧૯૮૦ થી ૨૦૦૦ દરમિયાન પ્રવર્તતી ઔદ્યોગિક પરિસ્થિતિની સરખામણી નીચેના કોઠા–૧ માં આપી છે.

નોંધ : કૌંસમાં દર્શાવેલ આંકડા (ઉદ્યોગવાર) જે તે ઉદ્યોગની સામે કુલ ઉદ્યોગની ટકાવારી દર્શાવે છે.

ગુજરાત રાજયની સ્થાપનાના અગાઉના વરસે જે ઔદ્યોગિક ગણાતા અમદાવાદમાં કાપડની ૭૪

મિલો હતી. મોટા ઉદ્યોગમાં રોકાયેલ ૨,૯૭,૯૪૪ કામદારોમાંથી ૨,૧૮,૫૮૫ એટલે કે લગભગ ૭૫ ટકા કામદારો જિનિંગ, પ્રોસિંગ અને સુતરાઉ કાપડ ઉદ્યોગના ક્ષેત્રે જ રોજી મેળવતા હતા. ગુજરાતની સ્થાપના સમયે એટલે કે ૧૯૬૧ માં ૨૧૬૯ વધુ ઔદ્યોગિક એકમો નોંધાયેલા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર ૧૯૯૮–૯૯ ની લઘુ એકમોની સંખ્યા ૧૬૯૦૨૦ જેટલી થવા જાય છે. હાલ રાજયમાં સૌથી વધુ એકમો હોઝિયરી અને તૈયાર વસ્ત્રના ઉત્પાદન સાથે સંકળાયેલા છે. ઔદ્યોગિક ઉત્પાદનની દષ્ટિએ ૧૯૬૧ માં ગુજરાત આઠમા ક્રમે હતું જે હાલ પ્રથમ હરોળનું સ્થાન ધરાવે છે.

## ૪.૩.૧ઈન્ડસ્ટ્રીયલ એકટેન્શન બ્યુરો (ઈન્ડેક્ષ્ટ – બી) ૧૯૮૯ ડિરેકટરીનું વિશ્લેષણ

દ્વિભાષી મુંબઈ રાજયમાંથી વિભાજન સ્વરૂપે ગુજરાત રાજયની સ્થાપના થઈ તે સમયે ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાતનો સમગ્ર રાષ્ટ્રમાં ૮ મો ક્રમ હતો. તે સમયે ગુજરાતમાં અંદાજે ૨,૦૦૦ જેટલા લઘુ ઉદ્યોગો અને ૩,૦૦૦ જેટલા કારખાના અસ્તિત્વમાં હતા. આ ઉદ્યોગો મુખ્યત્વે કપાસ (સુતરાઉ) અને ખાદ્ય પદાર્થોને લગતા હતા. અને સ્થાનીયકરણે સંદર્ભમાં મોટાભાગના એકમો અમદાવાદ વડોદરા સુરત રાજકોટ ભાવનગરમાં સ્થાયી થયેલા હતા.

વર્તમાનચિત્ર તપાસવામાં આવે તો મશીનપાર્ટસ, પાયાની ધાતુઓ, રબ્બર, પ્લાસ્ટીક, રસાયણ અને રાસાયણિક પેદાશો ગુજરાતના ઔદ્યોગિક માળખના મુલ્ય ચાલકબળ તરીકે દર્શાવી શકાય તેમ છે. પ્રાથમિક દષ્ટિએ એમ કહી શકાય કે વર્તમાન તબકકે ગુજરાતમાં ભારે ટેકનોલોજી પ્રધાન અને શ્રમપ્રધાન એકમોનું એકંદર સંતુલન જોવા મળે છે.

તાકશી શોનોડા (ઈ.સ.૨૦૦૦) એક સંશોધન આધારીત વિશ્લેષણાત્મક લેખમાં યોગ્ય જણાવે છે કે ભારતમાં ઉદ્યોગ સાહસિકો અને સાહસિકતાના સંદર્ભે થયેલા અભ્યાસો પૈકીના મોટાભાગના અભ્યાસો મોટા કદના એકમો પૂરતાં અને ખુબજ ગતિશીલ એવા મારવાડી જેવા સમુદાયો પૂરતા સિમિત રહયા છે.

ગુજરાત રાજયના ઈન્ડસ્ટ્રીયલ એકસટેન્શન બ્યુરો (ઈન્ડેક્ષ – બી) ના ૧૯૮૯ માં પ્રસિધ્ધ થયેલ ઔદ્યોગિક ડિરેકટરીના આધારે તૈયાર થયેલ આ સંશોધનપત્રમાં નાનાપાયાના ઉદ્યોગોને ઘ્યાનમાં લઈને ઉદ્યોગ સાહસિકતાના આર્થિક પાસા અને સામાજિક પાસાનું ચિત્ર રજૂ કરવામાં આવેલું છે. જેમાં ઉદ્યોગોના સંદર્ભમાં વર્ગીકરણ કરીને જે તે ઉદ્યોગક્ષેત્રે કયા સામાજિક જૂથો (જ્ઞાતિ દ્વારા) કેટલા પ્રમાણમાં આર્થિક પ્રભુત્વ ધરાવે છે. તે તપાસવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે. અલબત તાજેતરના વર્ષોમાં ઈ.સ. ૨૦૦૨માં અને ઈ.સ. ૨૦૦૪ માં પણ આવી ડિરેકટરી પ્રસિધ્ધ થયેલ છે. જેની ઉપલબ્ધીના અભાવે ૧૯૮૯ અને ૧૯૯૨ ને ઘ્યાનમાં લઈને અભ્યાસો પ્રાપ્ય છે.

## ૪.૩.૨સાહસિકતા વિકાસ માટેની સંસ્થાઓ

ઉદ્યોગ  સાહસિકો–આંત્રપ્રિનિયોરનો ગુણાત્મક અને સંખ્યાત્મક વિકાસ એટલે ‘‘ઉદ્યોગસાહસિકતા વિકાસ પ્રવૃતિ’’ ઉદ્યોગાસાહસિક સમાજ, સંસ્કૃતિ અને પરિપાકરૂપ ઉદ્યોગસાહસિકતાની ક્રાન્તિનું નિર્માણ કરવાના હેતુ સાથે તેમજ પ્રવર્તમાન માન્યતા વિરૂદ્ધ ‘‘ઉદ્યોગસાહસિકતા જન્મજાત નથી પણ વિકસાવી શકાય છે’’ તેવી દ્રઢ શ્રદ્ધા સાથે ગુજરાતમાં ૧૯૭૦માં દેશમાં સર્વપ્રથમ ઉદ્યોગસાહસિકતા વિકાસની પ્રવૃત્તિ ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ (જીઆઈઆઈસી)ના ભાગરૂપે તેમજ સંલગ્ન ઔદ્યોગિક નિગમો જીએસએફસી, જીઆઈડીસી અને જીએસઆઈસીની સહાયથી શરૂ થઈ છે જે ૧૯૭૯થી ગુજરાત સરકારશ્રી તેમજ ગુજરાતના ઉપરોકત ચાર ઔદ્યોગિક નિગમો પ્રેરિત ‘‘ઉદ્યોગસાહસિકતા વિકાસ સંસ્થાન’’ અર્થાત ‘‘ધી સેન્ટર ફોર આંત્રપ્રિનિયોરશીપ ડેવલપમેન્ટ(સીઈડી)’’ ના નામે એક સ્વાયત્ત સંસ્થા સ્વરૂપે કાર્યરત છે.

**સંસ્થા :**

ધી સેન્ટર ફોર આંત્રપ્રિનિયોરશીપ ડેવલપમેન્ટ (સીઈડી) અર્થાત ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન ગુજરાત સરકારશ્રી તથા તેના ચાર ઔદ્યોગિક નિગમો દ્વારા સંચાલિત અને સોસાયટી રજીસ્ટ્રેશન એકટ હેઠળ નોંધાયેલ સ્વાયત્ત સંસ્થા છે.  ગુજરાત રાજયના ઉદ્યોગ કમિશનરશ્રી તેના ચેરમેન છે.  જયારે નિયામક મંડળના સદસ્યોમાં પ્રેષક ઔદ્યોગિક નિગમોના મેનેજીંગ ડાયરેકટરશ્રીઓ, અગ્રગણ્ય ઉદ્યોગકારો, બેન્કના ચીફ એકઝીકયુટીવ, મેનેજમેન્ટ તજજ્ઞોનો સમાવેશ થાય છે.  સંસ્થાની નાણાકીય જવાબદારી મહદઅંશે રાજય સરકારશ્રી અને પ્રેષક નિગમો દ્વારા ઉઠાવવામાં આવે છે.  સીઈડીના નિયામક તરીકે સમગ્ર સંચાલનનો દોર નિયુકત સંયુકત ઉદ્યોગ કમિશનરશ્રી હસ્તક રહે છે.  સંસ્થાની કામગીરી સમગ્ર રાજયમાં કાર્યરત છ વિભાગીય કચેરીઓ દ્વારા કરે છે.  દરેક જીલ્લા મથકે એક તાલીમઅધિકારી ઉદ્યોગસાહસિકતા વિકાસની પ્રવૃત્તિ કરે છે. સીઈડીની વડીકચેરી ગાંધીનગર ખાતે ઉદ્યોગભવનમાં આવેલ છે જેમાં સીઈડીનાં નિયામક ઉપરાંત તાલીમ, વહીવટી, સંશોધન અને વિકાસ, હિસાબી શાખાનાં શ્રેયાન અધિકારીઓ કાર્યરત છે.

**સંસ્થાનો ઉદ્દેશ :**

ઉદ્યોગસાહસિકતા વિકાસએ સીઈડીનો બૃહદ ઉદ્દેશ છે.  ઉદ્યોગસાહસિકતા ક્ષેત્રના ગહન અભ્યાસ, અનુભવ, તજજ્ઞોના સંશોધનોનો ઉપયોગકરી સીઈડીની કાર્યનિતીનું ઘડતર થયેલ છે.  ઉદ્યોગસાહસિકતા વિકાસના પરિબળો ખને પરિમાણોનો અભ્યાસ કરતા એમ જણાય છે કે ‘‘ઉદ્યોગસાહસિકતા વિકાસ એ વ્યકિતગત શકિતઓ અને ગુણો, ઔદ્યોગિક તકોની ઉપલબ્ધતા, વિવિધ કૌશલ્ય નિર્માણ, યોજનાકીય આયોજન, નાણાકીય પરિમાણો, મૂળભુત સુવિધાઓ તથા અનુરૂપ અને અનુકુલિત વાતાવરણ પર આધારિત છે’’ સીઈડીએ ઉપરોકત

પરિબળો અને પરિમાણોને ધ્યાનમાં રાખી ઉદ્યોગસાહસિકતા વિકાસની વિવિધ પ્રવૃત્તિઓ કરે છે.

**પ્રવૃત્તિઓ :**

સીઈડીની પ્રવૃત્તિઓ મુખ્ય પાંચ વિભાગમાં પૃથકૃત કરી શકાય છે જે ઉદ્યોગસાહસિકતા વાતાવરણનું સર્જન, ઉદ્યોગસાહસિકતા તાલીમ, નવસાહસિકોને સુદ્રઢ બનાવતી સંચાલનલક્ષી પ્રવૃત્તિઓ, વિકાસ અને વિસ્તૃતિકરણની પ્રવૃત્તિ, તેમજ આનુષંગિક સેવાઓ એમ કહી શકાય. આ પાંચ વિભાગ આધારીત પ્રવૃત્તિઓ નીચે મુજબ છે :

**(૧) ઉદ્યોગસાહસિકતા જાગૃતિ કાર્યક્રમ :**

ઉદ્યોગ સાહસિકતાના વાતાવરણના સર્જન માટે ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રમાં જાગૃતતા કેળવવા વિવિધ પ્રકારની ઉદ્યોગસાહસિકતા જાગૃતિ શિબિરોનું આયોજન કરવામાં આવે છે. આઈટીઆઈ, પોલીટેકનીક એન્જીનીયરીંગ, ફાર્મસી, આર્યુવેદિક, સાયન્સ, કોમર્સ, આર્ટસ તેમજ અન્ય ફેકલ્ટીના વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતા જાગૃત કરવા જરૂરીયાતલક્ષી એક દિવસીય / બે દિવસીય કાર્યક્રમો સમગ્ર રાજયમાં ચલાવવામાં આવે છે.

ઉદ્યોગ સાહસિકતા વાતાવરણ નિર્માણમાં પાયાની કામગીરી કરી શકે તેવા શૈક્ષણીક સંસ્થાઓના શિક્ષકો, અધ્યાપકો, ઈન્સ્ટ્રકટરો અને ફેકલ્ટીઓ વિગેરેને તેમના વિદ્યાર્થીઓને તેઓ યોગ્ય માર્ગદર્શન આપી શકે તે હેતુથી ત્રણ દિવસીય શૈક્ષણીક સ્ટાફ માટેની ઉદ્યોગસાહસિકતા પ્રાશિક્ષણ જાગૃતિ શિબિરોનું પણ આયોજન કરવામાં આવે છે.

**(૨) ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમ કાર્યક્રમો (સીઈડી)**

સંસ્થા ગુજરાત રાજયમાં ૭૫ થી ૮૦ ઉદ્યોગસાહસિકતા વિકાસ કાર્યક્રમો ચલાવે છે. જેને કારણે વર્ષમાં ૨૨૦૦ ઉદ્યોગ સાહસિકો વિકસાવે છે. ઉદ્યોગસાહસિકતા વિકાસ તાલીમી કાર્યક્રમો ત્રણ મોડયુલમાં વિભાજીત થયેલ છે.

**મોડયુલ I ઈડીપી :**

આ મોડયુલ મુખ્યત્વે શહેરી અને વિકસીત વિસ્તારના શકયતાલક્ષી સાહસિકો માટે હોય છે. ૬ થી ૮ અઠવાડીયાનો આ કાર્યક્રમ ખાસ કરીને પાંચ લાખ કે તેથી વધુ રોકાણ ધરાવતા ટાઈની અને લઘુઉદ્યોગો માટેનો છે કાર્યક્રમની ફી રૂા. ૩૦૦/– જેમાં અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, મહિલા, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ(બક્ષીપંચ), વિકલાંગ, નિવૃત સૈનિકો માટે ફકત રૂા. ૨૫ ની પ્રતિકરૂપ ફી રાખેલ છે.

## મોડયુલ II ઈડીપી :

આ મોડયુલ ખાસ ગ્રામ્ય અને અર્ધશહેરી વિસ્તારનાં અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને મહિલા, વિકલાંગ માટેનો છે. જેમાં પ્રતિકરૂપે રૂા. ૨૫/– ફી લેવામાં આવે છે આ તાલીમકાર્યક્રમ રૂા. ૧ લાખ કે તેથી ઓછું રોકાણ ધરાનાર એકમો માટેનો છે. ખાસ સ્વરોજગાર આધારિત મોડયુલ વિકસાવેલ છે. જેનો સમયગાળો ત્રણ અઠવાડિયાનો છે.

## મોડયુલ III ઈડીપી : (મોડયુલ II એક્ષટેન્ડેડ)

મોડયુલ III એ મોડયલ II કાર્યક્રમનું સુધારેલ મોડયુલ છે જે ખાસ કરીને અતિ નાના ટાઈની રૂા. ૫ લાખ સધીના રોકાણલક્ષી અર્ધ શહેરી અને ગ્રામ્ય વિસ્તારના ઉમેદવારો માટે આયોજીત કરેલ છે જેમાં રૂા. ૨૦૦/–ની ફીનું ધોરણ છે અને અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ (બક્ષીપંચ), મહિલા, વિકલાંગ, નિવૃત સૈનિકોની ફકત રૂા. ૨૫/– ફી છે. જેનો સમયગાળો ચાર અઠવાડીયાનો છે.

## તાંત્રિક કૌશલ્ય નિર્માણ ઈડીપી કાર્યક્રમો :

સીઈડી અન્ય તાંત્રિક તાલીમસંસ્થાના સહયોગમાં આ વિશિષ્ઠ કાર્યક્રમો ચલાવે છે હાલમાં નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેકનોલોજી (નીફટ) તેમજ સેન્ટ્રલ ઈન્સ્ટીટયુટ ઓફ પ્લાસ્ટીક (સીપેટ) સાથે મહિલા સાહસિકો માટે આ પ્રકારના ખાસ કાર્યક્રમો આયોજીત થયેલ છે. જેમાં જે તે તાંત્રિક કૌશલ્ય સાથે જરૂરીયાત લક્ષી ઉદ્યોગ સાહસિકતાની તાલીમ આપવામાં આવે છે.

## ઈન્ફોર્મેશન ટેકનોલોજી ઈડીપી :

તાંત્રિક કૌશલ્ય નિર્માણ ઈડીપી પ્રકારના ઈન્ફોર્મેશન ટેકનોલોજી આધારિત ઈડીપી કાર્યક્રમોમાં કોમ્પ્યુટર સોફટવેર અને હાર્ડવેર આધારીત ટેકનીકલ ટ્રેનીંગ અને ઈડીપી કાર્યક્રમનો સમન્વય કરી ઈન્ફોર્મેશન ટેકનોલોજી આંત્રપ્રિનિયોર વિકસાવવામાં આવે છે. આ કાર્યક્રમની ફી સમયગાળા અને જરૂરીયાત મુજબ ૨૦૦૦/– સુધીની રાખવામાં આવે છે.

## ઉદ્યોગ સાહસિકતા પ્રશિક્ષણ

ઉપરોકત બધાજ મોડયુલના તાલીમવર્ગમાં જે તે લાભાર્થીઓને અનુરૂપ ઉદ્યોગસાહસિકતા પ્રશિક્ષણ આપવામાં આવે છે. જેમાં માહિતીના સ્ત્રોતો, સંસ્થાકીય, યોજનાકીય તેમજ અન્ય માહિતીઓ, ઔદ્યોગિક

તકો અને પ્રોડકટ ગાઈડન્સ બજાર સર્વેક્ષણ, સંચાલન ક્ષમતા, પ્રોજેકટ રિપોર્ટ, પરામર્શ સેવાઓ, સિદ્ધિ પ્રેરણા શિબિર, તાલીમબાદની સેવાઓ માર્ગદર્શન તેમજ જરૂરી અનુકાર્યો સમાવેશ થાય છે જે માટે સંલગ્ન ટ્રેનર કાર્ય કરે છે.

## (૩) સંચાલન વૃદ્ધિ કાર્યક્રમો :

અમારા ઈડીપી કાર્યક્રમોના ફળ સ્વરૂપ મુર્તિમાન થયેલ સફળ નવ સાહસિકો તેમજ અન્ય લઘુ ઉદ્યોગ સાહસિકોના એકમોને સુદ્રઢ બનાવવા વિવિધ સંચાલનલક્ષી કાર્યક્રમો આ પ્રવૃતિ અંતર્ગત દરેક વિભાગમાં રાખવામાં આવે છે.

## (અ) મેનેજમેન્ટ એપ્રીશીએશન કાર્યક્રમ :

સામાન્ય રીતે એક કે બે દિવસમના આ કાર્યક્રમમાં સંચાલનના જરૂરીયાતલક્ષી વિષયો જેને ઔદ્યોગિક એસોસીએશન કે સહયોગી સંસ્થા સાથે નકકી કરવામાં આવે છે. નાણાકીય સંચાલન, બજાર વ્યવસ્થા, પડતર કિંમત, આઈએસઓ ૯૦૦૦, ટોટલ કવોલીટી મેનેજમેન્ટ, એક્ષપોર્ટ પ્રોસીજર એન્ડ માર્કેટીંગ, ટેકનોલોજી ટ્રાન્સફર એન્ડ અપગ્રેડેશન જેવા વિવિધ વિષયના તજજ્ઞો સાથે આ કાર્યક્રમ યોજવામાં આવે છે.

## (બ) માર્કેટીંગ એન્ડ ફાયનાન્સ કાર્યક્રમ :

ત્રણ દિવસીય આ કાર્યક્રમ ખાસ લઘુ ઉદ્યોગકારોને સૌથી અગત્યનાં એવા માર્કેટીંગ અને ફાયનાન્સના વિવિધ વિષય નિષ્ણાતો સાથે ત્રણ દિવસનો પાર્ટટાઈમ કાર્યક્રમ તરીકે યોજવામાં આવે છે. આ કાર્યક્રમમાં ખાસ કરીને બદલાતી પરિસ્થિતિ માર્કેટીંગ અને ફાયનાન્સમાં અકમોને સક્ષમ બનાવવા ઉત્કૃષ્ઠ તજજ્ઞોની સેવાથી આયોજવામાં આવે છે.

## ઉદ્યોગસાહસિકતા વિકાસલક્ષી અન્ય યોજનાઓઃ

ઉદ્યોગ સાહિસકોને વિકાસ અને વિસ્તૃતીકરણ તેમજ અન્ય આનુષંગિક સેવાઓ અંગેની વિધિઘ પ્રવૃતિઓ પણ સી.ઈ.ડી.નું છેલ્લા વર્ષનું નવ સ્થાન છે.

## સ્ટેપ અપ કાર્યક્રમઃ

વર્તમાન કુટિર અને અતિ નાના એકમો જે એક લાખથી ઓછું રોકાણ ઘરાવે છે. તેમને અપગ્રેડ કરી ટાઈની એકમોમાં વિસ્તૃતીકરણ અંગે જરૂરી મદદ અને માર્ગદર્શન રાજયના જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના સહયોગમાં કરે છે. દર વર્ષે વઘુ ને વઘુ કુટિર ઉદ્યોગ સાહસિકોના ઉત્થાન માટે આ પ્રવૃતિ શરૂ કરેલ છે.

**પ્રોજેકટ કન્સલ્ટન્સી સેલઃ**

સી.ઈ.ડી. એ યુનિવર્સિટીઓમાં મેનેજમેન્ટ વિભાગ સહયોગમાં કોલેજમાં અંતિમવર્ષના વિદ્યાર્થીઓ ઉદ્યોગસાહસિક તરીકે કારકિર્દી બનાવે તે માટે વ્યવસાયિક પરામર્શ માર્ગદર્શન દ્વારા અભિપ્રેરીત કરવાની પ્રવૃતિ શરૂ કરેલ છે. પ્રથમ સોપાન તરીકે સી.ઈ.ડી. જીએલએસ સેન્ટર અમદાવાદમાં શરૂ ચુકેલ છે. આજ પ્રમાણે વ્યવસાયિક પરામર્શ માર્ગદર્શન સેવાઓ એમ.એસ. યુનિવર્સિટી વડોદરા, ભાવનગર યુનિવર્સિટી , દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ખાતે શરૂ થયેલ છે.

**પોસ્ટ ગ્રેજયુએટ ડીપ્લોમા ઈન આંત્રપ્રિનિયોરશીપ એન્ડ બીઝનેસ મેનેજમેન્ટઃ**

સી.ઈ.ડી. તથા ગુજરાત લો સોસાયટી (જીએલએસ) ના સંયુકત સીઈડી જીએલએસ સેન્ટર અમદાવાદ ખાતે ૧ વર્ષનો પોસ્ટ ગ્રેજયુએટ ડીપ્લોમા ઈન આંત્રપ્રિનિયોરશીપ એન્ડ બીઝનેશ મેનેજમેન્ટનો કોર્સ શરૂ કરેલ છે. જેમાં વધુમાં વધુ ૬૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. ૧૦ બેઠકો અનુસૂચિત જાતિના અને ૧૦ બેઠકો અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે અનામત છે. એક વર્ષના આ કાર્યક્રમની ફી રૂા. ૨,૦૦૦/– રાખેલ છે.

**પ્રોજેકટ પ્રોફાઈલ સેલઃ**

ગુજરાતના સાધનો / સ્ત્રોતોની ઉપલબ્ધિ અને ઔદ્યોગિક જરૂરિયાતો, રાજયનાં બંદરોના વિકાસ, આર્થિક વિકાસ ઝોન, ખનિજ, રસાયણ તેમજ જેમ્સ જવેલરી જેવા વિવિધ સેકટરોમાં ઉભી થનાર શકયતાઓનો અભ્યાસ કરી સીઈડી દ્વારા દર વર્ષે પ્રોજેકટ પ્રોફાઈલ બનાવવામાં આવશે.

**અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ આર્ટ એન્ડ ક્રાફટ સેન્ટરઃ**

સીઈડી એ પ્રવર્તમાન નાના કુટીર ઉદ્યોગ ધરાવતા અનુસૂચિત જાતિ / જનજાતિ કારીગરો અને ટ્રેડીશનલ ક્રાફટમેનોને તેમની ઉત્પાદકતામાં વધારો, ટેકનોલોજી અપગ્રેડેશન તેમજ મૂડીરોકાણ જેવી બાબતમાં મદદ પૂરી પાડી તેમને સ્ટેપ અપ કરવા આયોજન છે. જેથી રાજયનાં લૂપ્ત થતા કલા–કસબીઓના કાર્યમાં આધુનિકરણ કરવામાં મદદરૂપ થશે. તે પ્રમાણે અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિના ઉદ્યોગકારો પણ અપગ્રેડ થશે.

**સંસ્થાના પ્રકાશનોઃ**

સીઈડીએ ઉદ્યોગસાહસિકતા ક્ષેત્રમાં ઉપયોગી વિવિધ વિષયોના પુસ્તકો પ્રકાશીત કરેલ છે. જેવા કે

સ્વરોજગારીનું સ્વયં શિક્ષણ, સત્ય જ સુંદર, સીઈડીના ઉદ્યોગસાહસિકની ડીરેકટરી વોલ્યુમ–૧ અને ૨ (અંગ્રેજી/ગુજરાતી), સીઈડીના મહિલા સાહસિકોની ડીરેકટરી (અંગ્રેજી), ઉદ્યોગસાહસિકતા માર્ગદર્શિકા, બૃહદ ઉદ્યોગ સાહસિકતા માર્ગદર્શિકા, પંચાવન ઉદ્યોગસાહસિકોની સફળગાથાઓ ''સાહસના સથવારે''. સીઈડી દ્વારા ત્રિમાસીક ''ઉદ્યોગ–પ્રેરણા–સીઈડી સમાચાર'' નિયમિત પ્રકાશીત થાય છે.

### સંસ્થાની ઉલ્લેખનીય પ્રવૃતિઓ

- સીઈડીએ ૧ આંતરરાષ્ટ્રીય અને ૨ રાષ્ટ્રીય આંત્રપ્રિનીયોરશીપ કાર્ય શિબીરોનું આયોજન કરેલ છે.
- ઈડીઆઈઆઈ અને સીડબી સાથે કોમેપ અને સીમેપ કાર્યક્રમો યોજેલ છે.
- બંધ પડેલ કાપડમીલોના કામદારો, નિવૃત સૈનિકો, વિજ્ઞાન અને ટેકનોલોજી સ્નાતકો, ખેત ઉદ્યોગ આધારિત તથા નાબાર્ડ પ્રેરિત ઈડીપી જેવા વિવિધ ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમો યોજેલ છે.
- વર્ષ ૧૯૯૯–૨૦૦૦ દરમ્યાન કુટિક અને ગ્રામ્ય ઉદ્યોગકારોને સ્ટેપ અપ કાર્યક્રમ હેઠળ ૧૦૦૦ વધુ ઉદ્યોગકારોને મદદ કરી છે.

### ભારતીય ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન (ઈડીઆઈ)

''ઈડીઆઈ'' ના ટુકા નામથી જાણીતી આ વિશ્વવિખ્યાત સંસ્થાનો પ્રારંભ ઈ.સ. ૧૯૮૩ થી થયો. આ એક સ્વાયત બિન નફાકીય સંગઠન છે. ભારતીય ઔદ્યોગિક વિકાસ બેંક (આઈડીબીઆઈ), ઔદ્યોગિક નાણાપ્રબંધ નિગમ (આઈએફસીઆઈ) ઔદ્યોગગિક ધિરાણ અને રોકાણ નિગમ (આઈસીઆઈસીઆઈ) અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયના આર્થિક સહયોગથી આ સંસ્થા કાર્યરત છે.

સંસ્થાનો મુખ્ય ઉદેશ ઉદ્યોગસાહસિકતાનું શિક્ષણ, તાલીમ અને સંશોધન હાથ ઘરવાનું છે. સંસ્થા મહત્તમ નવપ્રવર્તન થકી તાલીમ પ્રવિધિઓ, સક્ષમ ફેકલ્ટીની પ્રાપ્યતા, સલાહ ગુણવતાયુકત શિક્ષણ અને તાલીમ સાહિત્ય અર્થે સતત કાર્યરત છે.

આ સંસ્થા મુખ્યત્વે એ વિચાર સમગ્ર રાષ્ટ્રીય સ્તરે પ્રસરણ કરવા માટે પ્રયત્નશીલ છે કે ''ઉદ્યોગ સાહસિક જન્મે છે તેવુ જ નથી પરંતુ સુનિશ્ચિત દિશાના હેતુ પૂર્વકના પ્રયત્નોનું પરિણામ છે. આ વિચારને વ્યવહારમાં સંક્રાંત કરવા માટે આ સંસ્થા – સ્વરોજગારીની તકો માટે ગુણક અસરો ઉભી કરવા, તાલીમ દ્વારા સક્ષમ સાહસિકના પૂરવઠામાં વૃધ્ધી કરવા માટે, ઉદ્યોગ સાહસિકતાની તાલીમ આપનાર – પ્રશિક્ષણ કરનાર ના પૂરવઠામાં વૃધ્ધી થાય તે માટે પ્રોત્સાહનો આપવા. સંસ્થાકીય ગઠનોના પ્રયત્નોમાં ભાગીદારી, યુવાનોમાં ઉદ્યોગ સાહસિકતાનો જુસ્સો કેળવવા, ગ્રામ્ય સ્ત્રે નાના સાહસોની વૃધ્ધી, સંશોધન કાર્ય દ્વારા સાહસિકતાના

સિધ્ધાંતો અંગે નવીન જ્ઞાન અનેદષ્ટિનું પ્રસરણ અને વિકાસ, સાહસિક પ્રબંધકો નિર્માણ કરી ધંધાકીય સુધારણા, સંભવીત અને વિદ્યમાન સાહસિકોની ધંધાકીય સુસજ્જતા અને સ્થાપના અર્થે સુયોજીત સહાયક તંત્ર ગોઠવવુ, આ સઘળા હેતુઓની પરિપૂર્તી અર્થે ભારતમાં અને અન્ય વિકાસશીલ દેશોના આ પ્રકારના સંગઠનો સાથે જોડાણ કરવું.

આ બહુવિધ હેતુઓને ધ્યાનમાં લઈ સાહસિકતાને પ્રેરક અને પોષક એવા વ્યુહાત્મક તાલીમી કાર્યક્રમો પણ ઘડવામાં આવ્યા છે. આ સંસ્થાના કાર્યક્રમોમાં તાલીમાર્થી તરીકે લક્ષ્યાંકીત જૂથોમાં સંભવીત સાહસિકો, વિદ્યમાન સાહસિકો, તાલીમી શિક્ષકો, વિદ્યાર્થીઓ, શિક્ષિત બેરોજગારો, કારીગરો, મહિલાઓ, બેંકર્સ, સરકારી અમલદારો, નિવૃત નોકરીયાતો, તંત્રજ્ઞ, માર્ગદર્શક સલાહકારો, ગ્રામીણ ગરીબો, શિક્ષક–પ્રબંધકોનો મુખ્યત્વે સમાવેશ થાય છે.

સંસ્થા દ્વારા સંસ્થાકીય તાલીમી કાર્યક્રમો માટે પ્રાંતીય રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સંગઠનો, બિન સરકારી સંગઠનો શૈક્ષણિક સંગઠનો, ઔદ્યોગિક સંગઠનો, નાણાકીય સંગઠનો, ધંધાકીય સંગઠનો, સરકારી સંગઠનો, કોર્પોરેટ એકમોને લક્ષ્યાંકીત જૂથમાં આવરી લેવામાં આવે છે.

**શિક્ષણમાં સાહસિકતાઃ**

પ્રવર્તમાન શિક્ષા પધ્ધતિ મોટે ભાગે વ્યકિતની સ્વતંત્ર વિચાર શકિત–સર્જનાત્મકતા–ધંધાકીય જૂસ્સો કે વાસ્તવિક લક્ષ્યાંકને બર લાવી શકતી નથી. અક તરફ સ્વરોજગારી સ્વરૂપે ધંધાકીય તકો ઉપલબ્ધ હોય અન તે સમયે જો તે પ્રકારની જરૂરિયાતોને અનુરૂપ શૈક્ષણિક માહોલ ન હોય તો ઘણી વખત તે નિરર્થક બને છે. આથી જ વર્તમાન પેઢીની માનસિકતા ને ધંધાકીય જૂસ્સા માટે સમજ કરવાનો સમય આવી ચૂકયો છે. વ્યવહારલક્ષી શૈક્ષણિક નિપજકથી સંપન્ન એવા અભ્યાસક્રમો ટોચની અગ્રતા છે. આમ પરંપરાગત શિક્ષણ પ્રણાલીમાં ઉદ્યોગ–સાહસિકતાના શિક્ષણનો સમાવેશ એ આજની તાતી જરૂરિયાત છે.

ભારતીય ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન આ જ વિચારથી નીતી ઘડતર–અભ્યાસક્રમ–માનવ સંસાધન વિકાસ અને વ્યવહારૂ શિક્ષણ ના સંદર્ભમાં ખાસ સંશોધન ઉપર ધ્યાન કેન્દ્રિત કરેલ છે. આ હેતુથી જ આ સંસ્થાએ ૧ વર્ષની અનુસ્નાતક કક્ષાનો ખાસ અભ્યાસક્રમ શરૂ કરેલ છે. જે વર્તમાન પેઢીના યુવાનોને સ્વતંત્ર સાહસ કરવાની પ્રેરણા આપે છે. અથવા તો કૌટુંબિક ધંધાકીય સાહસમાં જોડાવા સુસજ્જ કરે છે. રાષ્ટ્રીય ફલક ઉપર આ સંસ્થાએ "ઓપન લર્નીગ પ્રોગ્રામ ઈન એન્ટરપ્રિન્યોરશીપ" શરૂ કરેલ છે જે અંતર્ગત પત્રવ્યવહાર થકી ધંધાકીય શિક્ષણ આપવા ઉપરાંત વ્યકિતગત સલાહ–માર્ગદર્શન પણ આપવામાં આવે છે. આ કાર્યક્રમને પરિણામે નવા સાહસિકોના વર્ગનો ઉદય થઈ રહ્યો છે.

**એકમલક્ષીસાહસો અને નાણાપ્રબંધઃ**

આ સંસ્થાનું બીજુ વિશીષ્ટ મહત્વનું પાસુ ગ્રામીણ વિકાસના સંદર્ભમાં કરવામા આવતી નકકર કામગીરી છે. ગ્રામ્ય વિસ્તારમાં નાના સ્વરૂપના સ્વરોજગારીના નિર્માણ થકી ગરીબી નિવારણ માટેના ચોકકસ દિશામાં પ્રયત્નો થતા રહેલા છે. આ માટે સંસ્થાએ ખાસ "ગ્રામ્ય સાહસિકતા વિકાસ કાર્યક્રમ" સ્વરૂપનું મોડલ વિકસાવેલ છે. છે ક તળીયે એટલે કે નાનામાં નાના ગામડામાં રહીને બિન સરકારી સંગઠનના ગ્રામ્ય વિકાસ સંગઠન કે અન્ય રાજયકક્ષાના સંગઠનના નેટવર્કથી ગ્રામીણ યુવાનોને સાહસિક બનાવવા માટે ખાસ કાર્યક્રમોનું આયોજન થાય છે.

આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં તાલીમ બધ્ધ સંભવીત સાહસિકોની ધિરાણની જરૂરીયાતો માટે નાની નાની સહાય મળતી રહે તે માટે તે દિશામાં કાર્યરત બિન સરકારી સંગઠનોને વધુ સજજ કરવા ખાસ તાલીમ પણ આપવામાં આવે છે. સ્વસહાય જૂથો પણ જરૂરી માળખાકીય પ્રયાસો હાથ ધરે છે. આ દિશામાં નવ યુવાનોને ખાસ પ્રોત્સાહીત કરવા માટે સંસ્થાએ "ઉત્કૃષ્ટ ગ્રામ્ય સાહસિક પ્રાશિક્ષક–અભિપ્રેરક પુરસ્કાર" અને "ઉત્કૃષ્ટ બેંકર પુરસ્કાર" સ્વરૂપના પ્રોત્સાહક પગલા પણ લીધેલ છે.

**વર્તમાન એકમોનો વિકાસઃ**

કોઈપણ વિદ્યમાન ધંધાકીય સાહસ આજે જે કક્ષાએ કાર્યરત છે ત્યાંથી વધુ ઉચ્ચ સ્તરે ચોકકસ સમયમા પહોચે તેને "વિકાસ" થયો કહેવાય. "વિકાસ" ની આ પ્રક્રિયામાં ધંધાકીય એકમનો વિસ્તાર, વૈવિધ્યીકરણ, નવી પેદાશોનો વિકાસ ખર્ચ ઘટાડો, ગુણવતા સૂધારણા વગેરેનો સમાવેશ થાય છે. કેટલાક સાહસિકો આ સઘળા તત્વોથી સૂપેરે વાકેફ હોય છે અને નિશ્ચિત દિશામાં તે પ્રકારના પ્રયત્નો થકી ભાવિ લક્ષ્યાંકો સિધ્ધ કરવા પ્રયત્નશીલ હોય છે પરંતુ એવુ જોવા મળે છે કે ઘણા સાહસિકો લક્ષ્યાંકવગર નિરર્થક પ્રયત્ન કરતા હોય છે.

આ પ્રકારના વર્તમાન સાહસિકોને વિશ્વમાં ઉત્કૃષ્ટ સાહસિકો બનાવવા માટે સંસ્થા શ્રેણીબધ્ધ તાલીમ કાર્યક્રમોનું આયોજન અને સંચાલન કરે છે. આ પ્રકારના તાલીમ કાર્યક્રમોમાં જે કૌટુંબિક સાહસો ચાલે છે તે સાહસો વધુ સક્ષમ, સઘન બને તે માટે કુટુંબના વારસદારોને તે દિશામાં આગળ વધવા જરૂરી કૌશલ્ય માટેના કાર્યક્રમો પણ પ્રયોજવામાં આવે છે. નાના–મધ્યમ કક્ષાના "પ્રબંધક" (મેનેજર) તરીકે યશસ્વી કામગીરી કરી શકે તેના દષ્ટિવંત કાર્યક્રમોનું પણ આયોજન થાય છે. ખાસ તો આ પ્રકારના મેનેજરોમાં સ્વતંત્ર સાહસની વૃતિ નિર્માણ થાય તે માટેના તાલીમી કાર્યક્રમોનું આયોજન અલગ રીતે થાય છે.

**સાહસિકતા વિકાસ સંગઠ્ન અને વિકાસ કાર્યક્રમોની સુધારણાઃ**

આજે ઉદ્યોગ સાહસિકતા વિકાસ પ્રવૃતિ વિશાળ પાયા ઉપર વિવિધ સંગઠનો દ્વારા છેક ગ્રામ્યકક્ષાએ પણ ચાલે છે. આ વિવિધ સંગઠનો જે તાલીમ કાર્યક્રમો ચાલવે છે તેમાં કાર્યરત શિક્ષકોને પ્રશિક્ષણ આપી વધુ સુસજજ અને કાર્યક્ષમ કરવા માટે પણ નિશ્ચિત પ્રકારના લાંબાગાળાના આયોજનની આવશ્યકતા છે. એટલે

કે તાલીમી સંગઠનો માટે ક્ષમતા નિર્માણ એ પણ એક મોટો પડકાર છે.

ભારતીય ઉદ્યોગસાહસિકતા વિકાસ સંસ્થા દ્વારા આ જ હેતુથી ભારતના સાત રાજયોમાં સ્વતંત્ર ઉદ્યોગ સાહસિકતા વિકાસ કેન્દ્રો સ્વરૂપના સંગઠન કરવામાં આવેલા છે. આ સિવાય પણ સંસ્થા દ્વારા દરેક રાજયોમાં તાલીમી શિક્ષકો અને મુખ્ય વહીવટી અધિકારીઓ વચ્ચે સંકલન સાધવાનો પ્રયત્ન કરે છે. તાલીમી શિક્ષકો સાથેના મિલનો પણ ગોઠવાય છે. ઉદ્યોગ સાહસિકતાના તાલીમ અને વિકાસના સંદર્ભમાં ઉત્કૃષ્ટ કૌશલ્ય માટેના સ્વતંત્ર પુરસ્કાર પણ આ સંસ્થા દ્વારા આપવામાં આવે છે.

### સાહસિકતા પર્યાવરણ અને સહાયક પધ્ધતિઃ

ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાનની પ્રવૃતિઓની સફળતા માટે શાસનનું વિધાયક ચલન, બેંકીગ સંસ્થાઓ અને અન્ય ધિરાણ સંસ્થાઓનો સહયોગ આવશ્યક છે. સાહસિકતા વિકાસ કાર્યક્રમોના આયોજન અને તે માટેના પ્રયત્નો માં એક તરફ નીતી ઘડવૈયા, અમલકર્તા વગ, સાહસિકોનો પૂરકવર્ગ સંભવીત સાહસિકોને વિશ્વાસમાં લેવાના રહે છે તો બીજી તરફ આ પ્રકારના મધ્યમ કે નાના સાહસિકોની જરૂરિયાતોને લક્ષ્યમાં લેવાના રહે છે. જેના દષ્ટિપૂર્ણ આયોજન વગરના તાલીમી કાર્યક્રમો ભાગ્યે જ સફળ થાય છે. આથી જ આ સંસ્થા દ્વારા યોગ્ય સમયે–સમયાનુસાર તાલીમ કાર્યક્રમો જરૂરી કાર્યશાળાઓ અને કાર્યસંશોધન અભ્યાસ જે આ પ્રકારના વાતાવરણને પ્રેરક અને પોષક હોય તેનું આયોજન કરવામાં આવે છે.

### નવપ્રવર્તન કેન્દ્રઃ

વિજ્ઞાન અને તકનીકી કૌશલ્ય આધારીત સાહસિકતાના નવપ્રવર્તન માટેની રાષ્ટ્રીય સુવીધા સ્વરૂપનું એકમ ભારત સરકારના સહયોગથી આ સંસ્થા ખાતે શરૂ કરવામાં અવોલું છે. ''નેશનલ સાયન્સ અને ટેકનોલોજી એન્ટરપિન્યરશીપ બોર્ડ (NSTEDB) એ ભારત સરકારના સહયોગથી ચાલતુ એકમ છે જે પ્રયોગશાળ ાઓમાં સંપન્ન થતા પ્રયોગોને ઔદ્યોગિક એકમોમાં વ્યવહારમાં સંક્રાંત કરવા માટેની સુવીધા પુરી પાડે છે. અદ્યતન સંશોધનો – પ્રવિધિઓની જરૂરી માહીતિ પૂરી પાડીને ટેકનોલોજી આધારીત સાહસિકતા વિકાસ માટેનું પ્રોત્સાહન પુરૂ પાડે છે. અહી એક 'ડેટાબેંક' ની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે સંભવીત સાહસિકોને સુયોગ્ય પ્રકલ્પ પસંદ કરવામાં અને કાર્યરત ઉદ્યોગ સાહસોને ગુણવત્તા સુધારણા માટે ટેકનોલોજીમાં સુધારણા અંગેની વિગતો પૂરી પાડે છે. આ ઉપરાંત સંશોધન–વિકાસ અર્થે સક્રીય એવી પ્રયોગશાળા અને ઉદ્યોગોને સાથે બેસાડી પ્રત્યક્ષ મંત્રણા થકી ટેકનોલોજીના સ્વીકારમાં જે ગાળો–અંતર રહે છે તે કેમ ઓછું થઈ શકે અથવા દૂર થઈ શકે તે માટેના પ્રયાસોમાં સહાયક ભૂમિકા ભજવે છે. આ દિશામાં આવશ્યકતા અનુસાર સંભવીત સાહસિકો કે કાર્યરત સાહસિકો માટે ઉચ્ચપ્રકારના ટેકનોલોજી આધારીત કાર્યશાળાઓનું પણ આયોજન કરવામાં આવે છે.

**વ્યુહાત્મક આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો :**

ઉદ્યોગ સાહસિકતાના વિકાસ અને રોકાણને લગતા નિર્ણયીકરણની પ્રક્રિયામાં ક્ષમતા નિર્માણ કે વૃધ્ધી માટે વિશ્વના વિવિધ દેશોને માટે આ સંસ્થા એક ''સંશોધન કેન્દ્ર'' નું સ્વરૂપ બનેલ છે. ઔદ્યોગિક વિકાસ માટેનુ આંતરરાષ્ટ્રીય સંગઠન ''યુનીડો'' અને ભારત સરકારના સહયોગથી આંતરરાષ્ટ્રીય કક્ષાનું આંતર પ્રાદેશિક ઉદ્યોગ સાહસિકતા અને રોકાણ માટેનું તાલીમ કેન્દ્ર'' આ સંસ્થા ખાતે જ ચાલે છે. ઉદ્યોગ સાહસિકતા અને રોકાણના વલણો તથા વૃતિમાં વૃધ્ધી થાય અને આ અંગે એશીયા, આફ્રિકા અને આરબ રાષ્ટ્રોમાં વ્યૈકિતક સાહસ ક્ષમતા અંગે જાગૃતિ આવે તેવા મુખ્ય હેતુથી આ સંસ્થા કામ કરે છે. નવા સાહસો કેમ શરૂ કરવા? ચાલુ સાહસો ને વધુ સુસજજ અને વિશાળ કેમ બનાવવા ? તેમના કુલ મૂલ્ય વૃધ્ધિ માટે શું કરી શકાય? આ અંગે જરૂરી તાલીમ માર્ગદર્શન એ આ આંતરપ્રાદેશિક કેન્દ્રનું મુખ્ય કાર્યક્ષેત્ર બની રહેલ છે. સાંપ્રતકાળના વૈશ્વિક પ્રવાહોને ધ્યાનમાં લેતા ઉદ્યોગ સાહસિકતાના વિકાસ માટેની આ સંસ્થા (ઈડીઆઈ) એક મોટી જવાબદારીપૂર્ણ ભૂમિકા નિભાવી રહેલ છે. સાહસિકતાના વૈશ્વિક સ્તરે પ્રસરણ આદાન પ્રદાનમાં સાંસ્કૃતિક વલણો અંતરાયરૂપ બનતા હોય છે. સાંસ્કૃતિક આદાન પ્રદાન અને માહિતીના સંદર્ભમાં વિસંગતતા દૂર કરી – ઓછી કરીને ભારત અને પશ્ચીમ યુરોપના સાહીસકો પરસ્પર ઉદ્યોગ ધંધાકીય સંબંધો કેળવે તે માટેની ચાવીરૂપ ભૂમિકા સંસ્થા ભજવે છે. ભારતીય ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન– વિવિધ ઉપખંડોમાં સાહસિકતાના વિકાસમાં સંલગ્ન એવી સંસ્થાઓ અને નાણાકીય સંગઠનોના વિકાસલક્ષી કાર્યક્રમોનું નિયમિત આયોજન – સંચાલન પણ કરે છે.

**ઉદ્યોગ સાહસિકતા શિક્ષણ અને વિકાસ સંશોધન કેન્દ્ર**

ઉદ્યોગ સાહસિકતાના ક્ષેત્રે પ્રવૃત તજજ્ઞો–સલાહકારો અને શિક્ષણ તથા તાલીમ સંસ્થાઓ વચ્ચે સેતુરૂપ બનવાની જવાબદારી આ સંસ્થા નિભાવી રહેલ છે. ઉદ્યોગ સાહસિકતા અંતર્ગત ઉભા થતા પ્રશ્નો જેવા કે તાલીમ પધ્ધતિ અંગે શિક્ષણ, નવપ્રવર્તન, ઔદ્યોગિક નીતિનો પ્રભાવ, ગ્રામ્ય સાહસિકતા, ધિરાણ પ્રથામાં સંશોધન અંગે આ કેન્દ્ર કોઈપણ પુછપરછ આવકારે છે અને તેના માટે યોગ્ય માર્ગદર્શન આપે છે.

ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રે પ્રવૃત સંશોધકો અને સંસ્થાઓ માટે જરૂરી નેટવર્ક ઉભુ કરવાની પ્રક્રિયા–એ આ કેન્દ્રની એક મહત્વની કામગીરી છે. ''ધ જર્નલ ઓફ એન્ટરપ્રિન્યોરશીપ'' એ આ કેન્દ્ર દ્વારા પ્રકાશીત થતુ એક વિખ્યાત સામયિક છે કે જેની પ્રતિષ્ઠા રાષ્ટ્રમાં અને વિદેશમાં ખુબ જ ઉચી છે અને દેશ પરદેશના શિક્ષણવીદો સંશોધકો આ સામયિકમાં સૌધ્ધાંતિક અને અનુભવજન્ય પાસાઓ અંગે લેખ–દ્વારા સાહસિકતા સંબંધીત માહીતિ અને મૂલ્યોના પ્રસરણમાં યોગદાન આપે છે. આ ઉપરાંત ઉદ્યોગસાહસિકતાના જ્ઞાનવૃધ્ધી અર્થે જરૂરી બૌધ્ધિક તેમજ અન્ય શૈક્ષણિક સાધનોના વિનિયોગ થકી સાહસિકતાવૃતિ –સંશોધનને ઉતેજન આપવાના હેતુથી આ

કેન્દ્ર દ્વારા ટુંકાગાળાના ખાસ ફેલોશીપ કાર્યક્રમો પણ ચલાવવામાં આવે છે.

આ ઉપરાંત કેન્દ્ર દ્વારા દર બે વર્ષે એક રાષ્ટ્રીયકક્ષાના સેમીનારનું આયોજન કરવામાં આવે છે જેમાં રાષ્ટ્રભરમાંથી આ દિશામાં ચિંતન કરનારા અને કાર્ય કરનાર તજજ્ઞો એકત્ર થઈ આ સંદર્ભના સાંપ્રતકાલીન પ્રશ્નો પ્રવાહોનું વિશ્લેષણ કરી મહત્વના નીતિ વિષયક સૂચનો અંગે માર્ગદર્શન આપે છે.

## ૪.૩.૨સાહસિકતા અને સામાજિક જૂથો :–

ટકાશી શીનોડાએ જે વિશ્લેષણ કરેલ છે. તે મુજબ ગુજરાતમાં ઉદ્યોગસાહસિકોનો જે કુલ વર્ગ છે. તે પૈકી મોટાભાના ઉદ્યોગ સાહસિકો મુખ્યત્વે કરીને પટેલ શાહ, ઠક્કર મોદી અને શેઠ અટક ધરાવતાં જૂથોમાંથી આવે છે.

વિવિધ ઉદ્યોગોના કેન્દ્રિકરણના વલણોને ધ્યાનમાં લેતા ખાદ્ય પદાર્થો, લાકડાની બનાવટો, બિન ધાતુકીય પેદાશોમાં વિશેષ કેન્દ્રીકરણ જોવા મળે છે. વિવિધ અટક જૂથોના સંદર્ભે કેન્દ્રીકરણનું આ વલણ તપાસતાં અટક જૂથોનું પ્રભુત્વ ખાદ્ય પદાર્થોમાં (૮૧.૭૫%), લાકડાની પેદાશોમાં (૭૭.૨%) બિન ધાતુકીય નીજ પેદાશમાં (૬૫.૭%) ચામડાની પેદાશમાં (૩૪.૬%), ઉન, રેશમમાં (૩૪.૭%) વસ્ત્રોમાં (૩૬.૧%) મરમ્મત સેવામાં (૪૨.૬%) અને ઈલેકટ્રીકલ મશીનરીના ભાગોમાં (૪૬%) જોવા મળેલ છે.

આ બધાં જ ઉદ્યોગોમાં મહ્દઅંશે "પટેલ" અટક ધરાવતાં જૂથનું એકંદર પ્રભુત્વ જોવા મળેલ છે. એક માત્ર તૈયાર વસ્ત્રોની બાબતમાં "પટેલ" અટક ધરાવતાં જૂથ પ્રભુત્વ ઓછું છે. તે પછીના ક્રમે મોટાભાના ઉદ્યોગોમાં "શાહ" અટક જૂથનું પ્રભુત્વ જોવા મળે છે. "પંચાલ" અટક જૂથ મુખ્ય ૮ ઉદ્યોગોમાં અગ્રીમ હરોળ માં છે. અને તે પૈકી ધાતુ મશીનરીના ઉદ્યોગમાં "પટેલ" પછીના બીજાક્રમે છે. તે પછીના અટક જૂથ મોટાભાગે "વાણીયા" અથવા તો કારીગર વર્ગની જ્ઞાતિમાંથી આવે છે. આ ડિરેકટરીમાંથી પ્રાપ્ય વિગતોનો અભ્યાસ કરતા એક રસપ્રદ તારણ એ પ્રાપ્ત થાય છે કે "મીસ્ત્રી", "સુથાર", "લુહાર" અને "પ્રજાપતિ" જેવી અટક જૂથ ધરાવતાં સાહસિકો પૈકીના મોટાભાગના સાહસિકો તેમના પરંપરાગત (વંશપરંપરાગત) ઉદ્યોગોમાં વિશેષ કાર્યરત જોવા મળે છે. સુતરાઉ કાપડ ઉદ્યોગમાં "મુસ્લીમ" સમુદાય ચિત્રમાં હોય તેવું જણાય છે. જયારે "બ્રાહમણ" કે "ક્ષત્રીય" જૂથની અટક ધરાવનારા ચામડા સીવાયના ઉદ્યોગમાં ભાગ્યે જ જોવા મળેલ છે. અને તે પણ કદમાં બહુ નાના છે.

ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતા અને સામાજિક જૂથના આંતરસંબંધોને તપાસતાં એવું પણ જોવા મળ ે છે કે એકંદર મુખ્ય વિવિધ બનાવટના ઉદ્યોગોમાં સૌથી વધુ "પટેલ" જૂથ (૨૨.૩%) કાર્યરત છે. આ "પટેલ" જૂથ વિવિધ ઉદ્યોગોના સંદર્ભમાં પરીક્ષણ કરતાં ખાદ્યપેદાશોમાં સૌથી વધુ (૫૩.૬ % અને ૩૩.૮%) બન્ને અલગ પ્રકારના ખાદ્ય પદાર્થો લાકડાની પેદાશ (૪૫.૪%) જોવા મળેલ છે. ખેત આધારીત ગ્રામ્ય શ્રેણીના આ ઉદ્યોગોએ પાટીદાર જૂથમાં ઉદ્યોગ સાહસિકતાને વિકસાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. લાકડાની પેદાશો

અને બીનધાતુકીય ખનીજ – બાંધકામ ઉદ્યોગ સાથે જોડાયેલ છે કે જેમાં પણ "પાટીદાર" જૂથ છેલ્લા બે દાયકાથી મહતમ કાર્યરત જોવા મળે છે.

ઉન, રોશમ અને સીન્થેટીક કાપડ ઉદ્યોગ એવા જોવા મળે છે કે જેમાં ચોકકસ જ્ઞાતિ જૂથોનું ઉદ્યોગ સાહસિક તરીકે પ્રભુત્વ જોવા મળેલું નથી. તૈયાર વસ્ત્રમાં પણ આ જ વલણ જોવા મળેલું છે. આ બાબત એ સૂચવે છે કે આ ઉદ્યોગોમાં ધર્મ અને જ્ઞાતિથી પર એમ સર્વને આકર્ષણ રહયું છે. તેનું મુખ્ય કારણ એ દર્શાવી શકાય કે આ ક્ષેત્રોમાં "પરંપરાગત કૌશલ્ય" અને "આધુનિક ટેકનોલોજી" સહ અસ્તિત્વ વિશેષ જોવા મળે છે. તેવી જ રીતે ઈલેકટ્રીક મશીનરી, રબ્બર, પ્લાસ્ટીક અને રાસાયણિક પેદાશોને સ્પર્શતા ઉદ્યોગો મહદઅંશે આધુનિક ટેકનોલોજી આધારિત છે. અને તેથી તેમાં ચોકકસ જ્ઞાતિ જૂથોને આકર્ષણ રહેલું નથી.

### ૪.૩.૩પછાત વર્ગોમાં ઉદ્યોગ સાહસિકતા :–

ગુજરાત રાજયમાં ઔદ્યોગિક દષ્ટિએ પછાત ગણાતાં વિસ્તારોમાં ઉદ્યોગોના આકર્ષણ માટે કરીને ખાસ યોજના જાહેર કરવામાં આવી સ્વાભાવિક રીતે આ યોજના થકી સામાજિક દષ્ટિએ અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને સામાજિક શૈક્ષણિક દષ્ટિએ પછાત ગણાતાં વર્ગોને તેનું ખાસ આકર્ષણ રહયું. ૧૯૯૧–૯૨ સુધીના ચિત્રને ઘ્યાનમાં લઈએ તો નિર્દીષ્ટ સમયગાળામાં કુલ નોંધાયેલા એકમોની સંખ્યામાં વધારો થયો. પરંતુ આ એકમોનો વૃઘ્ધિદર  ઘટેલો જોવા મળ્યો. બીજું નોંધનીય પાસું એ જોવા મળ્યું કે વિશિષ્ટ સબસીડી અને છુટછાટોની યોજનાને કારણે સાહસિકોના રોકાણનું ૪૦% થી પણ ઉચું પ્રમાણ આવા વિસ્તારોમાં જોવા મળ્યું. ત્રીજી મહત્વની બાબત એ હતી કે વિશિષ્ટ યોજનાઓ અંતર્ગત શરૂ થયેલા એકમોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક દષ્ટિએ પછાત ગણાતાં વર્ગનું પ્રમાણ ઠીક ઠીક વધતું રહયું. અલબત આ સંદર્ભમાં એ ઉલ્લેખનીય છે કે પ્રારંભિક તબકકે વિશિષ્ટ યોજના અંતર્ગત અનુસૂચિત જાતિમાં ઉદ્યોગ સાહસિકતા માટેનું જે આકર્ષણ અને વલણ જોવા   મળેલ તે ૧૯૯૬ – ૯૭ પછીના સમયમાં સરખામણીએ ઓછું જોવા મળ્યું છે. જયારે અનુસૂચિત જનજાતિમાંથી નવાં ઉદ્યોગ સાહસો માટેનું વલણ યોજના અંતર્ગત પણ પ્રથમથી ઠંડુ જોવા મળ્યું છે. અલબત સામાજિક શૈક્ષણિક પછાત વર્ગમાંથી આ યોજના અંતર્ગત નવીન સાહસો માટેનું પ્રમાણ સતત વધતું રહયું છે. હજુ પણ આ વર્ગનું પ્રમાણ વધવાની પૂરી સંભાવના દર્શાવવામાં આવે છે. વિશિષ્ટ યોજનાઓ અંતર્ગત ઉદ્યોગ સાહસિકતા માટેના વલણોમાં અનુસૂચિત જાતિ કે જનજાતિની સરખામણીમાં મહિલાઓનું ક્ષેત્રે પ્રમાણ વધતું રહયું હોવાનું જોવા  મળે છે.

### ૪.૩.૪ઉદ્યોગ સાહસિકતા અને ભૌગોલિક વિભાગીકરણ :–

ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસના વલણોને ભૌગોલિક સંદર્ભે તપાસવામાં આવે તો તેમાં નીચેની બાબતો ખાસ નોંધનીય માલુમ પડે છે. (૧) સ્થાપના કાળ પછીનાં પ્રારંભિક તબકકામાં અમદાવાદ

વડોદરા રાજકોટ અને સુરત જેવા કેન્દ્રો મુડી કરણ અને નવાં એકમોના સંદર્ભમાં પ્રભુત્વ ધરાવતાં હતા. (૨) જે વલણ લગભગ તેટલાં જ અંશે આજે પણ યથાવત જોવા મળે છે. ભૌગોલિક સંદર્ભે ઉદ્યોગ સાહસિકતાની તરેહમાં છેલ્લા દાયકામાં નોંધનીય ફેરફારો અવશ્ય જોવા મળે છે. પરંતુ આ ફેરફારો થકી પણ પરંપરાગત મથકોનું પ્રભુત્વ ઓછું થયેલું જોવા મળતું નથી. જે પ્રમાણ લગભગ ૪૬% જેવું થવા જાય છે. (૩) ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતાને અને સામાજિક જૂથોને સહ સંબંધથી તપાસવામાં આવે તો અમુક ચોકકસ સામાજિક જૂથો ખાસ કરીને અનુસૂચિત જાતિ અને જનજાતિ ના સાહસિકો મહદ અંશે પછાત વિસ્તારોમાં વધુ કેન્દ્રીત થયેલ છે. જે પૈકી હરિજન ઉદ્યોગ સાહસિકોનું પ્રમાણ ઘણાં ખરાં ભાગે સૌરાષ્ટ્ર અને કચ્છમાં વિશિષ્ટ જોવા મળ્યું છે. જયારે સ્વાભાવિક રીતે જ અનુસૂચિત જનજાતિનાં સાહસિકો મોટે ભાગે આદિવાસી વિસ્તારમાં વધુ કેન્દ્રિત થયેલા છે. સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના સાહસિકો ભૌગોલિક સંદર્ભે સમગ્ર રાજયમાં વિશેષ વિભાજિત થયેલા છે. અને તેમાંનાં બહુ થોડા ટકાના સાહસિકો પછાત ગણાતાં જિલ્લાઓમાં
કેન્દ્રિત થયેલાં છે.

## ૪.૪ ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમની ભૂમિકા

ઉદ્યોગ સાહસિકતાના પોષણ અને વિકાસને માટે જે વિવિધ તત્વોની ચર્ચા કરવામાં આવે છે. તેના સંદર્ભમાં ગુજરાતમાં ચિત્રને તપાસવું રસપ્રદ છે. તાજેતરમાં હાથ ધરવામાં આવેલા એક સર્વેક્ષણ અહેવાલમાં ઔદ્યોગિક આર્થિક પ્રવૃતિઓના સંદર્ભમાં દેશના સૌથી મુકત રાજયોની યાદીમાં ગુજરાતનો મોખરાના રાજય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. (બીઝનેસ સ્ટાન્ડર્ડ તા.)

એક તરફ રાજયની રાજકીય ગતિવિધીઓ અને તેનાં પગલે પગલે નિષ્પન્ન થયેલ પરિસ્થિતિએ ગુજરાતનાં ઉપક્રમશીલતાંનાં સંદર્ભમાં વૈશ્વિક ફલક ઉપર કેટલાંક પ્રશ્નો ઉભાં કર્યા છે. તો બીજી તરફ કેટલાંક પ્રસાર માધ્યમોનાં અપ પ્રચારનાં મારાને ખાળીને દુરસુ દુરથી રોકાણકારોને ઉદ્યોગ ઈજ્જન આપવા માટેના પ્રયાસોની હારમાળા પણ દેખાય છે. નવરાત્રી જેવા ઉત્સવોને મુડીકરણના સંદર્ભે વાણિજિક સ્વરૂપે મુકવાનો પ્રયત્ન અને હવે પછી પતંગ ઉત્સવને તે સંદર્ભે ચિત્રિત કરવાનો પ્રયત્ન આ દિશાનું એક મહત્વનું પગલું છે. ઉદ્યોગ સાહસિકતાના વિકાસના સંદર્ભમાં ગુજરાતીઓ વેપાર વણજના સંદર્ભમાં પરાપૂર્વથી પ્રભુત્વ ધરાવે છે, તેમ કહેવું,માનવું, તેમાં કોઈ હરકત ન હોઈ શકે, પરંતુ પેઢી દર પેઢીનું આ પ્રભુત્વ કાયમ અકબંધ રહેશે, અને ધંધા ઉદ્યોગ ગુજરાતનું કાયમી ગૌરવ બની રહેશે, તેવી માન્યતા કદાચિત અતિવિશ્વાસથી ભરેલી છે. આ સંદર્ભમાં ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસની સમસ્યાઓનો પરિચય લેવો જરૂરી છે.

### ૪.૪.૧ શિક્ષણ :–

ઉદ્યોગ સાહસિકતાના વિકાસને માટે શિક્ષણ એક પૂર્વ શરત બનેલ છે. આર્થિક વિકાસમાં મોખરે

ગણાતાં ગુજરાતમાં શિક્ષણનો વ્યાપ અને ગુણવતાં સંદર્ભે હજી ઘણી તૃટિઓ જોવા મળે છે. દુખદ આશ્ચર્યજનક હકીકત એ છે ઈ.સ. ૨૦૦૧ ના જન સંખ્યાના પ્રાથમિક અહેવાલોમાંથી પ્રાપ્ય વિગતો મુજબ છેલ્લા દાયકામાં ગુજરાતમાં અક્ષર જ્ઞાનના પ્રમાણમાં આગલાં દાયકાની સરખામણીમાં વૃધ્ધિદર ઘટવા પામ્યો છે. ભારતનાં મુખ્ય ૨૫ રાજયોમાં ગુજરાત ૧૫ મો ક્રમ ધરાવે છે. સામાન્ય રીતે વિકાસના સંદર્ભમાં પછાતના જૂથોમાં જે રાજયો ગણવામાં આવે છે તેને "બીમારૂ" (બિહાર, મધ્યપ્રદેશ,રાજસ્થાન અને ઉતરપ્રદેશ) ને ઓળખવામાં આવે છે. તે પૈકીના મધ્યપ્રદેશ અને રાજસ્થાન જેવાં પ્રાંતોમાં છેલ્લા દશકામાં ગુજરાત કરતાં અક્ષર જ્ઞાનનાં પ્રમાણમાં વધારે સારો દર જોવા મળ્યો છે. શિક્ષણને માટે જરૂરી ભૌતિક માળખાકીય સુવિધાઓનું પ્રમાણ વધુ સારું હોવા છતાં આ પ્રકારનાં મંદ વલણો ચિંતાજનક છે. શિક્ષણના જ સંદર્ભમાં સાક્ષરતાના દર કરતાં પણ વધુ મોટો પ્રશ્ન શાળામાંથી ઉઠી જવાના ગુણોત્તરનો છે. એટલે કે અભ્યાસ અધૂરો મૂકનારાના બાળકોનું પ્રમાણ ગુજરાતમાં વિકસિત રાજયની સરખામણીએ ઘણું ઉચું છે. ઉદ્યોગ સાહસિકતાના સંદર્ભે અપેક્ષિત ટેકનીકલ શિક્ષણનો વ્યાપ છેલ્લા પાંચ વર્ષમાં વધવા પામ્યો છે. પરંતુ આ વ્યાપનું પ્રમાણ મહારાષ્ટ્ર, તમિલનાડુ, કર્ણાટક જેવા રાજયોની સરખામણીમાં ઘણું ઓછું છે. તાજેતરના પ્રાપ્ત થતાં સંકેતો એવું સુચવે છે. કે ઈજનેરી શિક્ષણ માટેનો ઉત્સાહ વાસ્તવમાં મંદ થયો છે. ગુજરાતની સારી ગણાતી સંસ્થાઓમાં પ્રવેશ સહજ અને સરળ બન્યો છે. કારણ કે પૂરવઠાની સરખામણીમાં માંગ ઓછી જોવા મળેલ છે. નજીકનાં ભવિષ્યનાં સંદર્ભમાં વિચાર કરવામાં આવે તો ગુજરાત માટે ઉદ્યોગ સાહસિકતા અને વિકાસના સંદર્ભે બીજી ચિંતાની હકીકત એ છે કે દશમું ઉતીર્ણ થયાં પછી વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ માટે ઉત્સુક વિદ્યાર્થીઓનું પ્રમાણ છેલ્લા બે વર્ષમાં સતત ઘટતું રહયું છે. આ હકીકતો એમ સૂચવે છે કે આધુનિક વિજ્ઞાન આધારિત ઉદ્યોગ માટેનો મૂળ વર્ગ માનવ સંશાધનના સંદર્ભમાં ગુજરાતમાં સરખામણીએ બહુ ધીમી વૃધ્ધિ પામે છે અને અથવા કેટલાંક ક્ષેત્રોમાં નકારાત્મક પણ જોવા મળે છે.

સામી તરફ એવો તર્ક આપવામાં આવે છે કે મેન્યુફેકચરીગ ક્ષેત્રમાં સેવા ક્ષેત્રે માંગ વધતી રહી છે. વ્યાવસાયિક કૌશલ્યની ભૂખ વધી હોવાને કારણે બજારી કરણ અને વિજ્ઞાપનમાં સેવાકીય ક્ષેત્રોમાં અથવા તો તે સંદર્ભમાં સંચાલન સેવાના ક્ષેત્રે માંગ ઉતરોતર વધતી રહી છે. સંખ્યાત્મક વલણો અલબત આ હકીકતને અનુમોદન આપે છે. પરંતુ અહી પણ ઉલ્લેખનીય મુદો એ છે કે સંચાલન ક્ષેત્રની વિશિષ્ટ ગણાય તેવી સંસ્થાઓમાં કે વિદ્યાશાખાઓમાં ગુજરાતીઓનો પ્રવેશ પર પ્રાંતની સરખામણીમાં ઘણો ઓછો છે. સંચાલન વિજ્ઞાનનું શિક્ષણ આપતી સંસ્થાઓ વધી છે. તેમાં પ્રવેશ માટે ઉત્સુક વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધી છે. પરંતુ બદલાતાં જતાં પ્રવાહોનાં પ્રેક્ષ્યમાં ઉદ્યોગ સાહસિકતાને ઈજન આપે તે પ્રકારનાં સંચાલન કૌશલ્ય માટે સુસજજતાં તે વધુ કપરો પ્રશ્ન બન્યો છે. અહી ફરીથી કેવળ ડીગ્રીને ઉદ્યોગ સાથે જોડવાનો નાતો શરૂ થતો રહયો છે. જે કેટલાંક પાયાનાં પ્રશ્નો તરફ અંગૂલી નિર્દેશ કરે છે.

ઉદ્યોગ સાહસિકતા માટે આવશ્યક કહી શકાય તે પ્રકારનાં પ્રત્યાયનની ક્ષમતા બાબત પણ ગુજરાત

ઘણું ઉદાસીન હોવાનું જોવા મળેલ છે. મે ૨૦૦૪ ના મધ્ય ભાગમાં ઈન્ફર્મેશન ટેકનોલોજી ક્ષેત્રની બે વિખ્યાત અને માતબર કંપનીઓ સોફટવેર એન્જીનીયરની ભરતી માટે અમદાવાદ ખાતે આવેલ તે સમયે ગુજરાતની ઈન્ફર્મેશન ટેકનોલોજીનું શિક્ષણ આપતી અગ્રણી પંદર સંસ્થાઓનાં ૨૦૫ નવોદિત સ્નાતકો ઈજનેરો પસંદગી અર્થે એકત્ર થયેલ. જે પૈકી કેવળ આઠ ઈજનેરોને બન્ને કંપનીઓ પસંદ કરેલ. દુખદ હકીકત એ છે કે આ કંપનીઓનાં અધિકારીઓએ આ અંગેનો ખુલાસો કરતાં જણાવેલ છે. પસંદગી અર્થે આવેલ યુવાનોના ઈજનેરી કૌશલ્ય અંગે અમને સંપૂર્ણ સંતોષ થયેલો છે,અને પર પ્રાંતના યુવાનોની સરખામણીમાં આ યુવાનો ગુણવતાના સંદર્ભે બિલકુલ સક્ષમ પણ જોવા મળ્યાં છે. પરંતુ ધંધાકીય સ્પર્ધાઓમાં ટકી રહેવાનું આવશ્યક પ્રત્યાયન કૌશલ્ય (કોમ્યુનીકેશન સ્કીલ) માં ગુજરાતનાં યુવાનો ઘણાં જ નબળાં પુરવાર થયેલાં જણાયા છે. આજે ઉદ્યોગ જગત જે ભાષાને સ્વીકારે તે અંગેની ક્ષમતાં ગુજરાતના યુવાનોમાં ખૂબ ઓછી જોવા મળી છે. તાજેતરમાં વિપ્રો કંપનીએ ગુજરાતમાં આઉટ સોર્સીગના સંદર્ભમાં ત્રણસો કરોડના રોકાણની સંભાવનાને નકારી કાઢેલ છે. તે માટે પણ કોમ્યુનીકેશન સ્કીલ માટેની નબળી કડીને જવાબદારી ગણેલ છે.

### ૪.૪.૨સંશોધન અને વિકાસ :–

ઉદ્યોગ સાહસિકતાના વિકાસના સંદર્ભમાં નવ પ્રવર્તનના વાણિજયીકરણને આગવું મહત્વ છે. ઉદ્યોગ સાહસિકતાના વિકાસને ભારતમાં અને એશીયામાં મોખરાની કહી શકાય તેવી સંસ્થાઓ ગુજરાતમાં અલબત છે. પરંતુ આ સંસ્થાઓ થકી કે અન્ય ઔદ્યોગિક ગૃહોમાં કે વિશ્વ વિદ્યાલયોમાં નુતન પ્રવાહોને અનુરૂપ સંશોધન અને વિકાસને માટે અપૂરતું માળખું જોવા મળ્યું છે. ખાસ કરીને ઉત્પાદન કે વેચાણ સેવાઓના નવિનીકરણમાં વિશિષ્ટ કૌશલ્ય લાવીને તે દિશામાં સ્વરોજગારી માટેના બહુ મોટા આકર્ષણો ગુજરાતમાં ખાસ ઉભાં થયાં નથી. અહી શિક્ષણની મર્યાદા જવાબદાર તો છે જ પરંતુ સંશોધન અને વિકાસને માટે જરૂરી માનસિકતાનો અભાવ પણ તેટલો કારણભૂત છે. વળી શિક્ષણ સંશોધન વિકાસ અને ધંધા ઉદ્યોગ વચ્ચેના સંકલનમાં પણ જોવા મળતી ખામીઓને કારણે ઉદ્યોગ સાહસિકતાને ઓછું પોષણ મળી રહયું હોવાનું લાગે છે.

### ૪.૪.૩અનિશ્ચતાઓ :–

છેલ્લા એક દશકામાં ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતાની પ્રવૃતિને જે નબળો પ્રતિસાદ મળ્યો છે તેમાં એક મહત્વનું પરિબળ જ અનિશ્ચતાઓનું છે. ખાસ કરીને પ્રાકૃતિક અનિશ્ચતાઓના વાતાવરણને પણ ઉદ્યોગકારોની માનસિકતાને વધતે ઓછે અંશે અવશ્ય અસર કરેલ છે. ઉપરા ઉપરી દુષ્કાળ વાવાઝોડું અને વિનાશક ધરતી કંપ પછી નવાં સાહસો માટેનું જોખમ વધતું જતું હોય તેવું જણાય છે. પ્રાકૃતિક અનિશ્ચતાઓએ અંદાજપત્રીય સમતુલાને અસર કરી છે. જેના પરિણામે નવાં ઉદ્યોગ ધંધાઓ માટેનો એકંદર આકર્ષણ ભૂતકાળની સરખામણીમાં ઘણું ઓછું મળ્યું છે. અનિશ્ચતાઓના આવરણમાં નવ પ્રવર્તનની પ્રવૃતિને પણ ધકકો પહોંચે છે.

**૪.૪.૪નાણાપ્રબંધ :–**

ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસના સંદર્ભે નાણાપ્રબંધનો પ્રશ્ન વિશેષ ઉપસી આવે છે. બેકીગ સંસ્થાઓ મોટા ઔદ્યોગિક ગૃહોને માટે અને તે પછી સંગઠીત વ્યાવસાયિક કૌશલ્યના ક્ષેત્રમાં ધીરાણ અર્થે જેટલો ઉદાત સરળ અને વિધાયક અભિગમ અપનાવે છે. તેની સરખામણીમાં છુટક વેપાર કે વિવિધ સેવાઓનું નાના પાયે વેચાણ કરનારા વર્ગને માટે નાણા પ્રબંધ માટે ઉદાર વલણ જોવા મળતું નથી. વાસ્તવમાં આજે સેવા બજારમાં પ્રત્યક્ષ વેચાણનું પ્રમાણ વધતું રહયું છે. છુટક નાનો વેપાર કરનારો વર્ગ સતત વધતો જાય છે. આ વર્ગને બહુ મોટી મુડીની આવશ્યકતા નથી. પરંતુ આ વર્ગની તરલતા ક્ષમતાના ધોરણોને ચકાસીને જ ધીરાણ આપવાની નાણાંની સંસ્થાઓની નીતિ પ્રતિગામી જણાય છે. જોખમનું પ્રમાણ નાણા સંસ્થાઓને મોટા ઉદ્યોગોમાં ઓછું જણાય છે અને છુટક સેવાઓમાં વધુ જણાય છે. જયારે વાસ્તવિકતા એ છે કે અર્ધ શહેરી અને શહેરી વિસ્તારોમાં બાકી ધિરાણ વસુલાત ટકાવારીનું પ્રમાણ મોટા ઉદ્યોગોનું વધુ છે. છુટક સેવાઓવાળા વર્ગમાં બાકી દેવાનું પ્રમાણ મોટા ઉદ્યોગોની સરખામણીમાં ઓછું જોવા મળ્યું છે. તેથી તે અંગે વધુ વિધાયક વલણની આવશ્યકતા છે.

**૪.૪.૫ કેન્દ્રીકરણ અંગે સામાજિક વલણ**

ગુજરાતમાં ઉદ્યોગ ધંધાઓ માટેની ભૂખ વધી છે પરંતુ અન્ય વૈકલ્પિક રોજગારીની તકના અભાવે વેપાર ઉદ્યોગ તરફ ઢળનારો વર્ગ વધતો રહયો છે. એક વર્ગ સામાજિક દષ્ટિએ ગ્રામ્ય વિસ્તારોમાંથી ઉપસી આવ્યો છે. કે જેને બદલાતાં સામાજિક મૂલ્યોને કારણે ના છુટકે ખેતીના વિકલ્પે ધંધા ઉદ્યોગ તરફ ગતિ કરી છે. આ વર્ગની કૌશલ્ય ક્ષમતા અંગે શંકા ન કરીએ તો પણ ઈચ્છાશકિતનાં સંદર્ભમાં એકાગ્રતા અને મકકમતાનો અભાવ જોવા મળે છે. આવો વર્ગ સંખ્યામાં થોડો નાનો હશે. પરંતુ આંધળુકીયા સાહસ કરવાની આ વર્ગની ભૂખને કારણે નકકર અને ચોકકસ કહી શકાય તેવાં વ્યાપારી સાહસોને બદલે કામચલાઉ કેન્દ્રો ઉભાં કરવાનું વલણ એ એકંદર ઉદ્યોગ સાહસિકતાના તંદુરસ્ત વિકાસને માટે બાધક છે. આવું વલણ એ લાંબા ગાળાના વિધાયક વિકાસના સંદર્ભે નકારાત્મક પણ પરિણામ લાવી શકે છે. ખેતીની સાથે પૂરક સંદર્ભે આગળ આવેલો વર્ગ વેપાર ઉદ્યોગમાં પ્રમાણમાં વધુ એકચીતે કાર્યરત છે. પરંતુ સામાજિક સંબંધોની અનિવાર્યતાની દષ્ટિએ ધંધાકીય સાહસ માટેના પ્રયત્નો એ અવિચારી અને ઉતાવળીયું પરિણામ લાવી બની રહયું છે.

સમાજના પરંપરાગત ઢાંચામાં બહેનોની હિસ્સેદારી આર્થિક ક્ષેત્રે પણ ચોકકસ પ્રમાણમાં સ્થાન સ્વરૂપે જોવા મળે છે. ખેતીપ્રધાન સમાજમાં સેંકાઓથી કૃષિ મજૂરીના સંદર્ભમાં પશુપાલનના સંદર્ભમાં મહિલાઓની ભૂમિકા હંમેશા ચાવીરૂપ જોવા મળી છે. નિયતકાલીન ઘરકામ ઉપરાંતની આ જવાબદારી નિભાવતા બહેનોની આર્થિક ઉત્પાદકતામાં ભાગ્યે જ નોંધ લેવાતી રહી છે. ત્યારે આજે તો આર્થિક પ્રવૃતિમાં થતાં જતાં ક્ષેત્રીય

રૂપાંતર, શહેરીકરણ, શિક્ષણપ્રચાર પ્રસાર, પ્રસારણ માધ્યમોનું અતિ ક્રમણ વધતાં જતાં ઉપભોકતાવાદ વગેરે કારણોસર આર્થિક સાધનો આવક ઉભી કરવામાં બહેનોના પ્રયત્નથી સમ્મીલનની જરૂરિયાત પણ જણાય છે અને વિકાસની પ્રક્રિયાના ભાગરૂપે માનસિકતામાં આવેલા બદલના પરિણામે પણ બહેનો "કમાણી" ની પ્રવૃતિને પ્રાધાન્ય આપવા લાગી છે. આમ હળવે હળવે બહેનો કેવળ "ગૃહમોરચા" ને જ વળગી ન રહેતા પરંપરાગત ઢાંચાને મહતમ પ્રમાણમાં અકબંધ રાખીને પણ આર્થિક મોરચે પ્રવેશ કરી રહેલ છે. આ વાસ્તવિકતા પ્રવાહોને ધ્યાનમાં લઈને વેપાર દેશ ઉદ્યોગ ક્ષેત્રે બહેનોના વલણને જોવા જાણવાનો તેના તરફ અંગૂલી નિર્દેશ કરવાનો એક નાનકડો પ્રયત્ન પણ અહી કરવામાં આવેલ છે.

## ૪.૫ ગુજરાતમાં ઉદ્યોગ સાહિસકતા – તજજ્ઞોની ટિપ્પણી

ગુજરાતમાં ઉદ્યોગ સાહિસકતાના જે વલણો જોવા મળ્યા છે. તેની પશ્ચાદભૂમાં કયા પરીબળો જવાબદાર છે. અને અથવા તેની ગતિને અવરોધક કયા તત્વો છે કે જેનું ધંધાકીય વર્તુળોએ ખાસ ધ્યાન રાખવાનું છે. તે અંગે ધંધાકીય ક્ષેત્રે જેમણે બહોળો અનુભવ કરીને ખાસ્સી એવી પ્રતિષ્ઠા મેળવી છે. તેવા ધંધાર્થીઓ, ઉદ્યોગપતિઓ અને કેટલાક સનદી અધિકારીઓના આ અંગેના મંતવ્યનો સારભાગ અહીં રજુ કરેલ છે.

### ૪.૫.૧ ધંધાકીય જુસ્સાની આગવી હરોળ.

દેશની કુલ વસ્તીના ૫% જનસંખ્યા ધરાવતું ગુજરાત રાજયમાં, વપરાશમાં ૧૦%, નિકાસમાં ૧૬% અને મુડીબજારમાં ૩૦% નું પ્રભુત્વ ધરાવે છે. આ એવુ રાજય છે કે જયાં પરદેશની માતબર સંસ્થાઓએ ધંધાકીય સંદર્ભમાટે પ્રથમ પંકિતની પસંદગી કરી હોય. યુનીડોના પ્રતિનિધિ મંડળે થોડાક વર્ષો અગાઉ ગુજરાતની મુલાકાત લીધી હતી ત્યારે યોગ્ય જ કહ્યું હતુ કે વાસ્તવમાં ભારતમાં એક માત્ર રાજય એવું છે જયાં જાહેર સાહસો, ખાનગી સાહસો, સંયુકત સાહસો ઉપરાંત સહકારી સાહસોને પણ યશસ્વી પ્રતિષ્ઠા મળી છે તેથી જ ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાતને ભારતના અનુકરણીય રાજયોમાંનું એક ગણવામાં આવે છે.

**મુકેશભાઈ પટેલ** કે જેઓ ગુજરાત ચેમ્બરના ભૂતપૂર્વ અધ્યક્ષ રહી ચૂકયા છે. અને એશીયાની વિખ્યાત કહી શકાય એવી સંચાલનની સંસ્થા અમદાવાદ મેનેજમેન્ટ એશોશીયેશનના પણ અધ્યક્ષ રહી ચૂકયા છે. તેઓએ ગુજરાતની ઉદ્યોગ સાહસિકતાને માટે ધંધાકીય જુસ્સાને મુખ્યત્વે કારણરૂપ ગણાવેલ છે. તેઓ યોગ્ય રીતે જણાવે છે કે ગુજરાતી સાહસિકોમાં કૌશલ્ય અને સુઝ ઉપરાંત સાહસિકતાની જે સ્વયંવૃતિ છે તે જ તેમને ભારતમાં અને ભારત બહાર આગવી પ્રતિષ્ઠા અપાવે છે. હકીકતમાં ભારતની બહાર રહેતા બિન નિવાસી ભારતીયોમાં પાંચ મીલીયનથી પણ વધુ સાહસિકો દુનિયાભરની અંદર એક યા બીજા ક્ષેત્રમાં સંપતિ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી રહ્યા છે. પૂર્વ આફ્રિકા કે દક્ષિણ આફ્રિકા, ઈંગ્લેડ કે અમેરીકા, ફીઝી મોરેશીયસ સર્વ દેશોમાં ગુજરાતીઓએ કુશળતા પૂર્વક પગપેસારો કર્યો છે.

ગુજરાતીઓ પાસે જે દ્રષ્ટિ છે તે દ્રષ્ટિનો મહતમ ધંધાકીય ઉપયોગ તેઓએ ગુજરાતમાં કર્યો છે તેના કરતા પણ વધુ ગુજરાતની બહાર કર્યો છે. આજે ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતાનું જે નેતૃત્વ જોવા મળે છે. તેના મૂળ કસ્તુરભાઈ લાલભાઈ અને ડો. વિક્રમ સારાભાઈ જેવા સાહસિકોમાં પડેલા છે. શાંતિપ્રિય ગુજજુ ભાઈઓ તરીકે જાણીતા ગુજરાતીઓ તેમના વિધાયક રચનાત્મક અને સૌજન્યશીલ અભિગમને કારણે સમૃદ્ધિને માટેના દ્વાર ખોલતા રહે છે. ગુજરાતના ધંધારીઓની માનસિકતાનો અભ્યાસ કરવામાં આવે તો તેમાં મુખ્યત્વે દુરંદેશીતા અને શાણપણ પ્રથમ નજરે ઉપસી આવે છે. તાજેતરના કેટલાક કોમી વૈમન્સયના અપવાદરૂપ વર્ષોને બાદ કરતાં એકંદરે ગુજરાત શાંતિના પાયા ઉપર ટકી રહેલુ છે.

પરંપરાગત પ્રભુત્વના ક્ષેત્રો કાળક્રમે ઘસાતા ગયા તો પણ ગુજરાતીઓની મુળ સાહસિકતાએ ક્ષેત્રીય પરિવર્તનો થકી તેમની ધંધાકીય પ્રતિષ્ઠાને અકબંધ રાખી છે. કાપડ, રસાયણ, ઔષધી, ઈજનેરી માલ સામાન પછી ખાદ્ય અને પ્રક્રિયાન્વિત ખાદ્ય પદાર્થોમાં પણ ગુજરાત સફળતાના શિખર સર કરી રહ્યું છે. યગલ્લામાં કૃષિક્ષેત્રના ધિરાણનું પ્રમાણ નીચુ જોવા મળેલ છે. કૃષિક્ષેત્રના ધિરાણનું પ્રમાણ નીચુ જોવા મળેલ છે.ગુજરાતના કેટલાક ઔદ્યોગિક ગૃહો જેવા કે નિરમા, કેડીલા, કોર, ટોરેન્ટ, અરવિંદ, અશીમા, અદાણી, બકેરી જેવા જુથોએ તાજેતરના છેલ્લા દાયકાઓમાં સક્ષમતાથી બહુરાષ્ટ્રીય કંપનીઓને પડકાર કર્યો છે. ગુજરાતની આ ક્ષમતાને ધ્યાનમાં લઈને જ ગુજરાતમાં ઈ.ડી.આઈ., એ.એમ.એ. કે આઈ.આઈ.એમ. જેવી સંસ્થાઓ કાર્યરત થઈ છે. ભારતના ઈન્ફર્મેશન ટેકનોલોજીના વિખ્યાત કેન્દ્રો, હૈદરાબાદ, બેંગલોર, ચેન્નઈ વગેરેની સરખામણીમાં ગુજરાત અલબત્ત હજી થોડુક ધીમુ જોવા મળ્યું છે. પરંતુ એકંદરે ગુજરાતની સમૃદ્ધિ અને ગુજરાતના ભવિષ્યનું સુકાન ઉદ્યોગ સાહસિકતાના શિરે રહેશે તેમ કહી શકાય.

### ૪.૫.૨

શાસકીય વહીવટના ભાગરૂપે ધંધાકીય ક્ષેત્રના વિકાસને દીર્ઘકાલીન માર્ગદર્શન આપીને ગુજરાતના કેટલાક વરિષ્ઠ અધિકારીઓ ધંધાકીય ક્ષેત્રની સેવા કરતા થયા છે. આ અધિકારીઓ પૈકીના એક **શ્રી એસ.કે.શેલત** છે. તેઓ યોગ્ય જણાવે છે કે ગુજરાતીઓ ધંધાકીય સંદર્ભે બહાર ગયા છે તેમાં તેમની પહેલવૃતિ એટલે કે અન્ય સાહસિકોની સરખામણીમાં વહેલા પહોંચી જવાની વૃતિએ મહત્વનો ભાગ ભજવ્યો છે. આજે તો વધુ ઉજજવળ ભવિષ્યની અપેક્ષાએ, વધુ ઉંડા ખેડાણની વૃતિથી ગુજરાતીઓ સર્વત્ર જઈ રહ્યા છે. પરંતુ રાષ્ટ્રમાંથી એકંદરે શ્રમની ગતિશીલતાનું પ્રમાણ ઓછુ હતુ તે તબકકે પણ ગુજરાતીઓ અચુક બહાર ગયા છે. પ્રારંભિક તબકકે ગુજરાતમાં કસ્તુરભાઈ લાલભાઈ, મંગળદાસ, નવનીત શોધન વગેરે થકી મજબુત પાયો ઔદ્યોગિક ક્ષેત્રનો નાખવામાં આવ્યો હતો. **સમાજમાં ઉદ્યોગ સાહસિકતાની વૃતિને પોષક મુખ્યત્વે ૯ તત્વો દર્શાવવામાં આવે છે. જેમાં નાણાંકીય સહાય, સરકારી નીતિ, સરકારી કાર્યક્રમો, શિક્ષણ અને તાલિમ, સંશોધન અને વિકાસ, વાણિજયીક માળખુ, આંતરીક બજારનું ખુલ્લા પણું, ભૌતિક**

**માળખાની પ્રાપ્યતા, સામાજિક સાંસ્કૃતિક ધોરણો વગેરે ગણાવી શકાય. આ સઘળા સંદર્ભમાં સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારને બાદ કરતાં ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતા વિશેષ સ્વરૂપે ફાલી ફુલી છે.**

ગુજરાતને મળેલી સફળતાનું કારણ ગુજરાતીઓમાં રહેલી જોખમ ઉઠાવવાની વૃતિ છે. કોઈપણ પ્રકારે સ્થિર થવા માટે જરૂરી બધા જ જોખમો ગુજરાતીઓએ જે તે સમયે ઉપાડયા છે. આ ઉપરાંત ગુજરાત સરકારની સંસ્થાકીય નીતીઓ જેવી કે જી.આઈ.ડી.સી., જી.એસ.એફ.સી., જી.આઈ.આઈ.સી. વગેરેનો સમાવેશ થાય છે. ઈન્ડેક્ષ–બી દ્વારા ગુજરાતના ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન મળે અને પરસ્પર ઘનિષ્ઠતા વધે તે માટે જરૂરી ડીરેકટરી બહાર પાડવામાં આવે છે. આ ઉપરાંત ઉદ્યોગ સાહસિકતા વિકાસ કેન્દ્ર દ્વારા સાહસિકતાને પોષણ મળે તે પ્રકારના કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. **ગુજરાતને માટે મુખ્ય પ્રશ્ન આવનારા દિવસોમાં સ્પર્ધાત્મક કૌશલ્યનો છે. નવીનીકરણની વિશિષ્ટ પ્રવિધિઓ દ્વારા ગુજરાતના ઉદ્યોગ સાહસિકોએ ખર્ચમાં અસરકારક રીતે નિયંત્રણ લાવીને બજારમાં પ્રભુત્વ પ્રસ્થાપિત કરવું પડશે. આ સંદર્ભમાં નિરમા ઉત્કૃષ્ટ ઉદાહરણ છે કે જેણે સર્ફ, અને હિન્દુસ્તાન લિવર જેવી કંપનીઓને પણ બજારમાં હંફાવી છે. આજે તો પરદેશમાં સ્થાથી થયેલા ગુજરાતીઓ પણ ઈન્ફર્મેશન ટેકનોલોજીના ક્ષેત્રે ગુજરાતને વૈજ્ઞાનિક તીર્થ બનાવવા બુધ્ધિગમ્ય પુજારીઓના પરિવેશમાં સેવાર્થે ગુજરાતમાં ફરી પાછા ફરવા ઉત્સુક જણાઈ રહ્યા છે. (એસ.કે.સેલત,ભૂતપૂર્વ મુખ્ય સચિવ, ગુજરાત રાજય).**

**૪.૫.૩**

પરદેશમાં અર્થશાસ્ત્રનું ઉચ્ચશિક્ષણ મેળવીને ગુજરાતમાં સ્થાયી થયેલા શ્રી વી.જી.પટેલ આજે ઉદ્યોગ સાહિસકતાના ક્ષેત્રે ગાંધીનગર ખાતે આવેલ વિશ્વવિખ્યાત સંસ્થાનું નેતૃત્વ સંભાળી રહ્યા છે. એક વખતના કેન્દ્રીય વાણિજય મંત્રી શ્રી મનુભાઈ શાહના પ્રગમનશીલ નેતૃત્વ અને વિધાયક માર્ગદર્શન સાથે શ્રી વી.જી. પટેલે ગુજરાતની ધરતી ઉપર સ્વરોજગારીની વૃતિની થકી ઔદ્યોગીક એકમોનું સામ્રાજય પ્રસ્થાપિત થાય અને આ માટે હંમેશા ચાવીરૂપ માર્ગદર્શન મળતુ રહે એ હેતુથી ઈ.ડી.આઈ. ભારતીય ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાનની સ્થાપના કરવામાં આવી હતી. પ્રથમ ત્રણ વર્ષમાં ૧૦૦૦ જેવા નવોદિત સાહસીકોને સહાય આપવામાં આવી હતી. આજે તો આ સંસ્થાએ વિશ્વમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. ધંધાકીય સંગઠનો અને બિન સરકારી સંગઠનોના સહયોગમાં રહીને નવયુવાન ઉદ્યોગ સાહસિકોને વિવિધ ક્ષેત્રના સંદર્ભમાં તાલીમ થકી સુસજજ કરવા માટેનું મહા અભિયાન કાયમી સ્વરૂપમાં આ સંસ્થા થકી ચલાવવામાં આવે છે. આ ઉપરાંત સ્નાતક થયેલા હોય તેવા યુવાનોને માટે ઉદ્યોગ સાહિસીકતા માટેનો અનુસ્નાતક કક્ષાનો બે વર્ષનો વ્યાવસાયિક અભ્યાસક્રમ પણ ચલાવવામાં આવે છે.

**આ બધુ હોવા છતાં શ્રી પટેલ યોગ્ય જણાવે છે કે છેલ્લા દોઢ દાયકાથી ગુજરાતમાં ઉદ્યોગ**

**સાહસિકતાના વિકાસને માટે મુડી પ્રબંધના માળખામાં શિથિલતા અને મર્યાદાઓ જોવા મળી છે. આ મર્યાદાઓ ખાસ કરીને ધિરાણને લગતી મર્યાદાઓએ ઉદ્યોગ સાહસિકતાના તકને રૂંધી નાખેલ છે.**

૪.૫.૪

**શ્રી અનંગ લાલભાઈ** મનેજીંગ ડાયરેકટ, અરવિંદ પ્રોડકટસ લીમીટેડ અને અધ્યક્ષ અમદાવાદ ટેક્ષટાઈલ મીલ્સ એશોશીએશન. શ્રી અનંગ લાલભાઈએ ગુજરાતની ઉદ્યોગ સાહસિકતાનો ચીતાર તેના ઐતિહાસિક સંદર્ભે અને આધુનિક પ્રવાહોને ધ્યાનમાં રાખીને આપ્યો છે. **તેઓ જણાવે છે કે જયારે જયારે ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાતમાં કટોકટી ઉદ્ભવી છે ત્યારે અહીંના સાહસિકોએ અચુક તેનું હીર બતાવ્યુ છે. કાપડ ઉદ્યોગના સંદર્ભમાં અમદાવાદને એક સમયે ઈંગ્લેન્ડનું માંચેસ્ટર ગણવામાં આવતુ હતુ આ કાપડ ઉદ્યોગ જેમ જેમ ઘસાતો ગયો તેમ તેમ એવી માન્યતા પ્રબળ થતી હતી કે ગુજરાતનું ઔદ્યોગીક અર્થકારણ અને ખાસ કરીને અમદાવાદ શહેરનું અર્થકારણ સમુળગુ ભાંગીને ભુકકો થઈ જશે. પરંતુ છેલ્લા દોઢ દાયકામાં જે ઝડપથી અમદાવાદી અને ગુજરાતી સાહસિકોએ કરવટ બદલીને નવી ક્ષિતીજે પર્દાપણ કર્યુ છે તે સ્પષ્ટ દર્શાવે છે કે ગુજરાતમાં કોઈ એક ઉદ્યોગ નબળો પડવાથી ઉદ્યોગ સાહસિકતા કે તેની વૃતિ ખતમ થતા નથી. તેઓની દષ્ટિએ ગુજરાતની ઉદ્યોગ સાહસિકતા ખરેખર અભ્યાસ માંગી લેતો ઉંડો વિષય છે. તેઓએ આ સંદર્ભમાં ગુજરાતની ઉદ્યોગ સાહસિકતાને સમજાવવા માટે સુંમીટરના વલણોને આગળ ધર્યા છે. જેમાં ખાસ કરીને નવ પ્રવર્તનનો મહિમા ગાવામાં આવ્યો છે. તેઓના મતે સ્થાપીત એકમોનો વિસ્તાર વૈવિધ્યીકરણ, જોડાણ, વગેરેનો જો અભ્યાસ કરવામાં આવે તો કાં તો પેદાશનું નવ પ્રવર્તન અથવા તો બજારનું નવ પ્રવર્તન મુખ્યત્વે કારણભુત રહ્યા છે. તેઓએ કે.એલ.ગિલ્લાનના શહેરી ઈતિહાસોના અભ્યાસને લગતા ગ્રંથનો સંદર્ભ ટાંકીને જણાવ્યું છે કે ભારતના કોઈપણ ધોરણનો સંદર્ભમાં અમદાવાદ સુખી સમૃધ્ધ હોવાથી વધુને વધુ લોકો આ શહેર તરફ ખેંચાય છે. ગુજરાતમાં ધંધા અને ઉદ્યોગક્ષેત્રે સામાજિક રીત રિવાજો અને પધ્ધતિઓ પણ મહત્વનો ભાગ ભજવ્યો છે.** આજે સર્વસામાન્ય સમજ એવી છે કે ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતા કેટલાક જુથ પુરતી સીમીત છે. આ સંદર્ભમાં ફ્રેંચ વિદ્વાન અને મહાન મુસાફર અબ્બે દુબોઈસના ૧૯ મી સદીના લખાણોનો હવાલો આપીને જણાવવામાં આવ્યું છે કે ૧૯ મી સદીમાં ગુજરાતમાં વેપારને અવરોધક કોઈ સામાજિક સંસ્થાકીય પરિબળો હતા નહીં અને તે સમયમાં ગુજરાતના બ્રાહ્મણો પણ ધંધાકીય ક્ષેત્રે આગવું મહત્વ ધરાવતા હતા. લાલભાઈ અને સારાભાઈ જુથે પણ ગુજરાતના ઔદ્યોગિક માળખાને સુગ્રથિત કરવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. એક જમાનામાં સારાભાઈ જૂથની કેલીકો મીલ દુનિયામાં ડંકો વગાડતી હતી.

અલબત તેઓ ગુજરાતની ઉદ્યોગ સાહસિકતાના સંદર્ભમાં એક મહત્વની મર્યાદા તરફ પણ અંગુલિ નિર્દેશ કરે છે. તેમના મતે વૈશ્વિવીકીકરણના માહોલમાં સ્પર્ધાત્મકતાના સંદર્ભમાં ગુણવત્તાયુકત નવ પ્રવર્તનની દિશામાં ગુજરાતીઓની પ્રગતિ ધણી ધીમી જોવા મળે છે. આ સંદર્ભમાં તા. ૭ ઓગષ્ટ ઈ.સ. ૨૦૦૦ માં ધી ટાઈમ્સ ઓફ ઈન્ડીયામાં પ્રસિધ્ધ થયેલ ભારતીય ઉદ્યોગ મંડળના એક ટીકાત્મક લેખને સાંકળવામાં આવ્યો છે. ખાસ કરીને દુર સંચારના ક્ષેત્રમાં ભારતના અન્ય પ્રાંતો ની સરખામણીમાં ગુજરાતમાં જોવા મળતી પ્રગતિ નો દર ધણો ધીમો એન ચિંતિત જોવા મળ્યો છે. શ્રી અનંગભાઈ એમ જણાવે છે કે ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતાના ક્ષેત્રે વિચારશકિતને પોષણ આપે તે પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓ ખોલવામાં આવે તે જરૂરી છે. ગુજરાતના સાહસિકો જે કંઈ સ્પર્ધાત્મક પેદાશ તૈયાર કરે તે વધુ બજારગમ્ય બની રહે તે પ્રકારની સંસ્થાકીય સુવિધાઓ કેળવવા ઉપર તેઓએ ભાર મુકયો છે.

### ૪.૫.૫ શ્રી સુનિલ પારેખ

ભારતીય ઉદ્યોગ મંડળના ગુજરાત વિભાગના ડાયરેકટર, શ્રી સુનિલભાઈ પારેખ એવો અભિપ્રાય આપે છે કે સંપત્તિ અને સામ્રાજય માટેની ગુજરાતીઓની મહત્વાકાંક્ષા તેમને ધંધાકીયક્ષેત્રે સફળતાની સીડી ઉપર લઈ ગયેલ છે. ગુજરાતીઓ સંપત્તિના સર્જનનો વિનિયોગ પણ કૌટુંબિક પ્રવાસ, ધર્મસ્થાન પ્રવાસ માં કરતા રહેલા છે. કે જેના થકી પરોક્ષ રીતે પણ ધંધાકીય સાહસને પોષણ મળે છે. સામાન્ય ગુજરાતી પણ આજે ઈશ્વરથી ભીરૂ અને સખત મહેનત કરવા વાળો છે. કર્મની ફલાનીતામાં શ્રધ્ધેયતા રાખતો ગુજરાતી શકય તેટલા બિન કાનુની કે અવૈધાનિક રસ્તાઓથી તેની જાતને દુર રાખે છે. આજે પણ અમેરીકા કે યુરોપના દફતરે ગુનાઓની જે નોંધ થયેલી જોવા મળે છે તેમાં ભાગ્યે જ કોઈ ગુજરાતી જોવા મળે છે. તેઓનું એવુ માનવુ છે કે, સંપત્તિનું સામ્રાજય ઉભુ કરવામાં વ્યસ્ત ગુજરાતી ધંધાકીય નીતિમતા ને પણ જાળવી રાખે છે. ગુજરાતમાં જે સાહસિકતાના વલણો જોવા મળ્યા છે તેમાં કૌટુંબિક પરંપરાઓને પણ એક આગવું સ્થાન છે અને ખરેખર આ પરંપરાઓએ ગુજરાતને સેવાકીય ચક્રમાંથી ધંધાકીયચક્રમાં ગોઠવી આપેલ છે. તેઓ એક વાત સુપેરે નોંધે છે કે તાજેતરના દાયકાઓમાં ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતાનું વલણ ધીમુ અને શિથીલ બન્યું છે. આજે દક્ષિણ ભારતમાં જે ત્વારે ઉદ્યોગસાહસિકતાનો વિકાસ થયેલો જોવા મળ્યો છે તેની સરખામણીમાં ગુજરાતના નવ યુવાનો પ્રમાણમાં પીછે હટ કરતા હોય તેવું જોવા મળ્યું છે.

૪.૫.૬

**શ્રી યતિન્દ્ર શર્મા,** અધ્યક્ષ, કે.એચ.મશીનરી અને અમદાવાદ મેનેજમેન્ટ એશોસીઅશન. શ્રી યતિન્દ્ર શર્મા મુળ ગુજરાતી નથી પરંતુ ગુજરાત ના રહેણાંકનો બહોળો અનુભવ છે. ગુજરાતના દીર્ઘકાલીન સંપર્કો અને સંબંધોને જાણ્યા અને સમજયા પછી તેઓ એવી માન્યતા ઉપર આવ્યા છે કે ગુજરાતના સાહસિકોમાં અન્ય પ્રાંતના સાહસિકોની સરખામણીમાં કેટલી આગવી વિશેષતાઓ છે. ખાસ કરીને ધંધાકીય સાહસો પણ સમાન ધ્યેય રાખી અને એક સાથે ચલાવવાનો ગુજરાતીઓનો અનુભવ અનન્ય અને આશ્ચર્યજનક છે. તેઓ આ દિશામાં કેડીલા, ટોરન્ટ, લાલભાઈ જૂથ, અમુલ વગેરેના દ્રષ્ટાંતો આપે છે.

**સતત સંઘર્ષ અને મથામણ કર્યા પછીની ધંધાકીય સફળતા માટેનો ગુજરાતીઓનો અભિગમ તેમની દ્રષ્ટિએ મહત્વનું પરિબળ છે. ખાસ કરીને સ્પર્ધાત્મકતાના માહોલમાં પણ ધંધાકીય સહયોગની ભાવના ગુજરાતના ધંધાકીય સાહસોને અન્યની સરખામણીમાં એક આંગળી ટોચ ઉપર મુકી દે છે. નાણાંના મુલ્યને સમજવાનો ગુજરાતીઓનો દ્રષ્ટિકોણ તેમને સ્પર્ધામાં ટકાવી રાખવા માટેનો અજબ જુસ્સો આપે છે.** કોર હેલ્થકેર તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. આજે પણ ડાઈઝ, રસાયણ, તૈયાર વસ્ત્રો, ડીટરજન્ટસ, ઔષધી, પ્લાસ્ટીક, દુધ પેદાશો, હીરાના આભુષણો વગેરે ગુજરાતની સાહસિકતાનો ઉતમ પરિચય પુરો પાડે છે. ધંધાકીય સફળતાને ચરમ સીમાએ પહોંચવા માટે ગમે તે પ્રકારના જોખમો ખેડવાની મનોવૃતિ ગુજરાતીઓના લોહીમાં પડેલી છે. અને તેથી જ આજે ગુજરાત ના ઉદ્યોગપતિઓ ગુજરાત કરતાં પણ ગુજરાતની બહાર અનન્ય જુસ્સાથી અને તત્પરતાથી પ્રગતિ કરતા રહેલા છે. શ્રી યતિન્દ્ર શર્મા એક વાતની બહુ વ્યવસ્થિત નોંધ લે છે કે પ્રારંભિક તબકકાથી ગુજરાતમાં ઉદ્યોગસાહસિકતાના સંદર્ભમાં જે નેતૃત્વ પુરુ પાડવામાં આવ્યું છે. તેના કારણે ગુજરાતમાં ઉભો થયેલો સંસ્થાકીય માહોલ કદાચીત ભારતના કોઈ અન્ય શહેરોમાં તેટલી માત્રામાં પ્રગાઢ રીતે અસરકારક જોવા મળ્યો નથી. દા.ત. એક માત્ર અમદાવાદમાં ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ (આઈ.આઈ.એમ.), અમદાવાદ ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીયલ રીસર્ચ એસોસીએશન (અટીરા), ફીઝીકલ રીસર્ચ લેબોરેટરી (પી.આર.એલ.) અને એ.એમ.એ. (અમદાવાદ મેનેજમેન્ટ એસોશીએશન) તો આણંદમાં અમુલના પગલે પગલે ગુજરાત કો ઓપરેટીવ મીલ્ક માર્કેટીંગ ફેડરેશન, નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ, વોટર એન્ડ લેન્ડ મેનેજમેન્ટ ઈનસ્ટીટયુટ, ઈન્ટરનેશનલ વોટર મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ તો વડોદરામાં વડોદરા મેનેજમેન્ટ એસોસીએશન, વડોદરા પ્રોડકટીવીટી કાઉન્સીલ, ભાવનગરમાં સેન્ટ્રલ સોલ્ટ અને મરીનરી રીસર્ચ સેન્ટર વગેરે ઉલ્લેખનીય ઉદાહરણો છે.

સૌરાષ્ટ્રના નાનકડા એવા મોરબીમાં ૧૯૮૯ની જળ હોનારત પછી જે સ્વરૂપમાં ઔદ્યોગિક વિકાસ આકાર પામ્યો અને ખાસ કરીને ઈલેકટ્રોનીક ઉપકરણોમાં અજંતા કવાર્ટઝ અને ઓરપેટના નામે જે પ્રતિષ્ઠા એકમે મોરબીને આપાવી છે તે વિશ્વના ઈતિહાસમાં નોંધનીય બનેલ છે. **જેમ ધંધાકીય સાહસ માટેનું જોખમ લેવાની મનોવૃતિ છે, ધંધાકીય સહયોગનું વલણ છે, તેમ નવીનીકરણ માટેનું સમર્પણ પણ**

છે. તેથી જ ગુજરાત આગામી વર્ષોમાં ભારતને વિશ્વના પ્રથમ ત્રણ રાષ્ટ્રોમાં સ્થાન અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

૪.૫.૭

ડો. મુકેશ પટેલ, ડાયરેકટર, ટેકનો કોમ્પલેક્ષ. શ્રી મુકેશ પટેલ ગુજરાતના સાહસિકોની વૃતિ અને વલણોને જુદા જ સંદર્ભે તપાસે છે. તેઓના મતે ગુજરાતના ધંધાર્થીઓ મોટે ભાગે વ્યાપરી પ્રવૃતિઓમાં વધુ દિલચસ્પી અને કુશળતા ધરાવે છે. બહુ ઓછા ગુજરાતીઓ ભારે ઉદ્યોગો કે પાયાની સેવાઓરૂપી ક્ષેત્રમાં જંપલાવતા જોવા મળેલા છે. એટલે કે તેઓના મતે ગુજરાતીઓની સફળતા નું ગાણું નિશ્ચિત પ્રકારના ધંધાઓ પુરતુ સીમીત છે કે જે સુરક્ષાના કોચલા હેઠળ ટકી રહેલ છે. આજે જયારે ખુલ્લા મેદાનમાં સ્પર્ધાનો સમય આવ્યો છે ત્યારે પેદાન નવ પ્રવર્તન થકી પેદાશના મુલ્યમાં વૃધ્ધિ કરીને પર્યાવરણીય અને આર્થિક રીતે ગુજરાતને નવુ જ બનાવવાની બાબતમાં ગુજરાતીઓની માનસિકતા તેટલી માત્રામાં કેળવાઈનથી. જો ગુજરાતે ઔદ્યોગિક વિશ્વમાં સામ્રાજયનું વાતાવરણ ટકાવવું હશે તો ઈન્ફર્મેશન ટેકનોલોજી આધારીત સેવાકીય પેદાશોના ક્ષેત્રમાં ઝંપલાવવું પડશે. ગુજરાતીઓએ પરંપરાગત સ્વરૂપમાં સાહસોનું જે વિસ્તરણ કર્યુ છે. તેમાં નૌસર્ગિક અને ભૌતિક સમતુલાના તત્વોને ધ્યાનમાં લેવામાં આવ્યા નથી અને તેની પરંપરાગત માનસિકતાને કારણે ઔદ્યોગિક ગુજરાતની જીવનશૈલીમાં પણ વિશ્વના આધુનિક પ્રવાહોની સરખામણીમાં પણ હજી ધણી રૂઢી ચુસ્તતા અથવા બંધિયાર પણું જોવા મળે છે.

૪.૫.૮

નયન પરીખ, ચેરમેન, સી.આઈ.આઈ., શ્રી નયન પરીખ નોંધે છે કે મુળભુત રીતે ગુજરાતીઓ નાણાંકીય સ્થિરતા અને સમૃધ્ધિને જીવનની સફળતા માટેનો પ્રાથમિક માપદંડ ગણે છે. અને તેથી જ આર્થિક દરજજો પ્રાપ્ત કરવા ગુજરાતીઓ કૌટુંબિક ધંધાને વિશેષ પ્રાધાન્ય આપે છે. તેઓ એમ પણ નોંધે છે કે આજના વિશ્વને અનુરૂપ સેવાકીય ક્ષેત્રો માટે આવશ્યક જે બુદ્ધિ કૌશલ્ય અને તેનો હકારાત્મક વ્યવહારૂ વિનિયોગ આ બંને સંદર્ભમાં ગુજરાતીઓ હજુ ધણા પાછળ છે. અને તેથી પરંપરાગત સાહસોને પણ જ વિશેષ પોષણ મળે છે. ગુજરાત પાસે માર્ગની સમૃદ્ધી અન્ય પ્રાંતની સરખામણીમાં વિજળીની સમૃદ્ધિ તેમના જમા પાસા છે. પરંતુ ઈન્ફર્મેશન ટેકનોલોજી જેવી બૌધ્ધિક સેવાના ક્ષેત્ર માટે ભૌતિક ધન કરતાં બુદ્ધિધનની વધુ આવશ્યકતા છે. એટલે કે ગુજરાતે એ દિશામાં વ્યાવસાયિક શિક્ષણને વધુ સુગ્રથિત કરવાની તાકીદે આવશ્યકતા છે. એક હકીકત ગુજરાતના યુવાનોએ ન ભુલવી જોઈએ કે સેવા કે ઉદ્યોગનુ હવે પછીનું બજાર પ્રત્યાયનના કૌશલ્યને જ

**પ્રાધાન્ય આપશે અને તે માટે અંગ્રેજી નું શિક્ષણ અનિવાર્ય બની રહેશે.**

**૪.૫.૯**

**શ્રી રતનપ્રકાશ ગુપ્તા,** અધ્યક્ષ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ. શ્રી ગુપ્તા નું મંતવ્ય એવુ છે કે ગુજરાતીઓના લોહીમાં ધંધાની સુઝ, વ્યાવસાયિક વલણ અને ખંત પડેલા છે. આ આનુવંશિકતાના ગુણોને કારણે ગુજરાતીઓ તેમના વિધાયક સ્વભાવથી મૈત્રીપૂર્ણ વ્યવહારથી, વેપારધંધામાં ચોતરફ આગળ વધતા રહ્યા છે. વિકાસના દરના સંદર્ભમાં પણ ધંધાને માટે વિશેષ સાનુકૂળતા હવે પછીના દસકામાં ગુજરાતમાં જોવા મળે તેમ છે. આ બધાનું સુયોગ્ય સંકલન અસરકારક નેતૃત્વ થકી થાય તે ખાસ જરૂરી છે.

**૪.૫.૧૦**

**શ્રી ઈન્દ્રવદન પરમાર,** અગ્રણી ધારાશાસ્ત્રી. અર્થકારણ, શિક્ષણ, રાજકારણ કે ટેકનોલોજી કોઈપણ ક્ષેત્રમાં ગુજરાતીઓની હાજરી ની નોંધ આજે વિશ્વના દેશમાં લેવાય છે. ગુજરાતીઓ સફળ વ્યાપારીઓ જ છે એવુ નહી પરંતુ કુશળ સેવાર્થી પણ છે. બજારના પ્રવર્તમાન વલણોને પારખીને તકનો લાભ લેવામાં તો માહિર છે જ પરંતુ સાથો સાથ સમાજના વંચિતોના જુથની ઉપેક્ષા ભુલથી પણ ગુજરાતી વ્યાપારીઓ કરતા નથી. ગુજરાતમાં રહેલ પ્રાકૃતિક સંશાધન, જરૂરી ભૌતિક માળખાકીય સુવિધાઓને ધંધાકીય હેતુથી પ્રયોજવા માટે ગુજરાતીઓ સતત ધ્યાન કેન્દ્રિત કરતા રહેલા છે કયારેક શાસનની નીતીમાં ત્રુટી જોવા મળતી હોય તો પણ વેપારીઓ તેને આગવી રીતે ગોઠવીને ધંધાકીય રથ ઝડપથી ચાલતો કરી દે છે આ બાબતો જ ગુજરાતની ઉદ્યોગ સાહસિકતાની આવતીકાલની ઉજવળ નિશાની છે.

**૪.૫.૧૧**

**શ્રી રાજીવ દેસાઈ,** એકઝીકયુટીવ ડાયરેકટર, અમદાવાદ સ્ટોક એકસચેન્જ. શ્રી રાજીવ દેસાઈના મત પ્રમાણે ગુજરાતીઓ અદમ્ય જીજ્ઞાસા વૃતિ ધરાવે છે. સતત સહીષ્ણુ છે અને દુરંદેશીતા દાખવે છે આ ત્રિવિધ તત્વોના સમન્વયને કારણે ગુજરાત પૂર્વ અને પશ્ચિમ બંનેના વ્યાપાર સબંધોનું કેન્દ્રધામ છે. આજે તો ધંધાકીય પેઢી, વારસાઈ સમૃદ્ધિને કુશળતા પૂર્વક ભોગવી રહેલ છે પરંતુ આવતીકાલના ગુજરાતને માટે હજુ પણ ગુજરાતના વ્યાપારીઓએ ધંધાકીય પ્રતિબધ્ધતા બતાવવી પડે તેમ છે, ગુજરાતના કાનુની માળખાને ક્ષતિ રહીત કરવું પડે તેમ છે. નૈતિક મુલ્યોના નવસંસ્કરણની પણ આજે તાકીદે આવશ્યકતા છે. જો આ બાબતોની સુપેરે કાળજી લેવામાં આવે તો ગુજરાત આવતીકાલના ઉદ્યોગ સાહસિકો માટેનું સુવર્ણ ધામ બની શકે તેમ છે.

## ૪.૬ પ્રકરણ સાર :

ધંધા અને ઉદ્યોગના સંદર્ભે ગુજરાતી ભાઈઓ સારા વિશ્વમાં ખ્યાતિ ધરાવે છે. ગુજરાતીઓની સાહસિકતા લોકો સાથે હળીમળી જવાની વૃતિ અને વિકાસ માટેની ભૂખ આ સઘળા પરીબળોને ધ્યાનમાં લઈને જ કવિશ્રી ખબરદાર જેવાએ કહેલુ કે, ***"જયાં જયાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદા કાળ ગુજરાત".***

આમ, ગુજરાત ધંધાકીય દ્રષ્ટિએ ખૂબ જુનુ ઐતિહાસિક ભાથુ ધરાવે છે. ૧૬મી સદીથી શરૂ કરી ૨૧ મી સદીના આરંભમાં ગુજરાતના ઈતિહાસમાં ઉદ્યોગ સાહસિકોની ભૂમિકા ટોચની જોવા મળે છે. માત્ર કમાણી અને બચત સ્વરૂપે જ નહી પરંતુ ઉમદા એવા સાંસ્કૃતિક મૂલ્યોને ટકાવવામાં પણ આ ઉદ્યોગ સાહસિકો આજ દિવસ સુધી પાછળ રહ્યા નથી. આવી નોંધ ચીન, યુરોપ, આરબ દેશો વગેરેના અહી આવેલા પ્રવાસીઓએ અને સંશોધન વિદ્વાનોએ પણ તેમના ગ્રંથોમાં કરી છે.

રણછોડલાલ અંબાલાલ થી શરૂ કરીને આજના રમણભાઈ મોદી, પંકજભાઈ પટેલ કે મુકેશભાઈ અને અનીલભાઈ અંબાણી સુધીના સાહસિકોની વિકાસયાત્રામાં કોઠાસૂઝ, દૂરંદેશીતા, સાહસિકતા, નવિનીકરણની ભૂખ, માનવ પરખ શકિત વગેરે બાબતો જોવા મળી છે. પછાતવર્ગોમાં પણ હળવે હળવે સાહસિકતાની આ સુવાસ પ્રસરતી ગઈ છે. વળી, ગુજરાતનું એ ગૌરવ છે કે ઉદ્યોગ સાહસિકતાનાં વિકાસને લગતા સંસ્થાકીય ઉપક્રમોનું જન્મસ્થાન ગુજરાત રહ્યું છે તેથી જ ભારતીય ઉદ્યોગ સાહસિકતાનું પારણું અમદાવાદ છે તેમ આજે પત્રકારો પણ ઓળખાવે છે. આમ, છતાં આજે ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતાને પડકારરૂપ કેટલાક અવરોધક પરીબળો પણ આકાર પામતા રહ્યા છે જેમાં ખાસ કરીને પૂર્વગ્રહયુકત રાજકીય માનસિકતા, જડતાપૂર્વકની અમલદારશાહી, શિક્ષણને પરીણામે વધતી સુવાડપ વગેરે મુખ્ય ગણાવી શકાય. આ અવરોધોને પાર કરવા માટે પ્રબળ રાજકીય ઈચ્છાશકિત અને સાહસિકોની અડગ પ્રતિકાર ક્ષમતાનો સુમેળ થવો જરૂરી છે.

## સંદર્ભ સુચિ :–


1. મંજુલાબેન દવે :– ગુજરાતની પ્રાદેશિક આર્થિમ ભૂગોળ ગુજરાત ગ્રંથનિર્માણ બોર્ડ અમદાવાદ
2. P.C. Jain (Ed.) Hand Book for New ENTREPRENEURS (E.D.I.- HAT Gandhinagar (oxford University Press - 1998) Government of Guajrat
3. Non Resident - Gujarati Foundation :- Beyond Boundries
   A historical perspective, The Times of India publication January 2004
4. Kamlendra Kanvar :-Icons of Guajrat Industries stories of Rare grit and enterprise

## પ્રકરણ – ૫ : મહિલા ઉદ્યોગ સાહસિકતા


૫.૧ પ્રાસ્તાવિક

૫.૨ ભારતમાં મહિલા ઉદ્યોગ સાહસિકતા

૫.૩ અવૈધિક શિક્ષણ અને મહિલાઓ માટે ઉદ્યોગ સાહસિકતા

૫.૪ કાર્ય

૫.૫ મહિલા ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહક પરીબળો

૫.૬ તાજેતરના વલણો

૫.૭ મહિલા ગૃહ ઉદ્યોગ લિજ્જત પાપડ – પરિચય

૫.૭.૧ પ્રસ્તાવના

૫.૭.૨ સંગઠનનું તત્વજ્ઞાન

૫.૮ મહિલા ઉદ્યોગ સાહસિકતા – કેટલાક અભ્યાસો

૫.૯ મહિલા ઉદ્યોગ સાહસિકતા તાલીમ – એક દ્રષ્ટિપાત

૫.૧૦ ભારતમાં સ્ત્રી વ્યવસાય સાહસિકો

૫.૧૧ સરકારની ભૂમિકા

૫.૧૨ નવોદિત મહિલા ધંધાકીય સાહસિકો

૫.૧૩ પ્રકરણ સાર

## ૫.૧ પ્રાસ્તાવિક :

એકવીસમી સદીના આરંભે આજે સમાજના સર્વક્ષેત્રોમાં જાતિગત ભેદભાવો હળવે હળવે નાબૂદ થતાં જાય છે. તો બીજી તરફ "સ્ત્રી" જાતિ તરફના પરંપરાગત અભિગમનું પ્રભુત્વ વધતાં ઓછા અંશે જોવા પણ મળે છે. અનુભવવા પણ મળે છે. વિકસીત દેશોમાં વિકાસની પ્રક્રિયામાં સ્ત્રીઓની હિસ્સેદારી પુરૂષોની હિસ્સેદારીની સરખામણીમાં બહુ જ ઓછી નથી. જયારે વિકાસશીલ (અલ્પવિકસીત) દેશોમાં ખાસ કરીને એશિયાના દેશોમાં બહેનોની ભાગીદારીતા ભાઈઓની સરખામણીમાં ઘણી ઓછી જોવા મળે છે. આંતરરાષ્ટ્રીય સંગઠનો અને તેની વિવિધ સંસ્થાકીય પાંખો દ્વારા વિશ્વભરમાં નારીશકિતના અભ્યુદય માટે તેની ક્રિયાશીલતા માટે વ્યાપાક પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. આ વિવિધ પ્રકારના સંગઠીત પ્રયાસોના પરિણામે બહેનોના એકંદર વિકાસને અવરોધક એવા પરિબળો જેવા કે શિક્ષણ, આરોગ્યની દિશામાં નોંધપાત્ર સુધારાઓ જોવા મળેલા છે.

સમાજના પરંપરાગત ઢાંચામાં બહેનોની હિસ્સેદારી આર્થિક ક્ષેત્રે પણ ચોકકસ પ્રમાણમાં સ્થાન સ્વરૂપે જોવા મળે છે. ખેતીપ્રધાન સમાજમાં સેંકાઓથી કૃષિ મજૂરીના સંદર્ભમાં પશુપાલનના સંદર્ભમાં મહિલાઓની ભૂમિકા હંમેશા ચાવીરૂપ જોવા મળી છે. નિયતકાલીન ઘરકામ ઉપરાંતની આ જવાબદારી નિભાવતા બહેનોની આર્થિક ઉત્પાદકતામાં ભાગ્યે જ નોંધ લેવાતી રહી છે. ત્યારે આજે તો આર્થિક પ્રવૃતિમાં થતાં જતાં ક્ષેત્રીય રૂપાંતર, શહેરીકરણ, શિક્ષણપ્રચાર પ્રસાર, પ્રસારણ માધ્યમોનું અતિક્રમણ વધતાં જતાં ઉપભોકતાવાદ વગેરે કારણોસર આર્થિક સાધનો આવક ઉભી કરવામાં બહેનોના પ્રયત્નથી સમ્મીલનની જરૂરિયાત પણ જણાય છે અને વિકાસની પ્રક્રિયાના ભાગરૂપે માનસિકતામાં આવેલા બદલના પરિણામે પણ બહેનો "કમાણી" ની પ્રવૃતિને પ્રાધાન્ય આપવા લાગી છે. આમ હળવે હળવે બહેનો કેવળ "ગૃહમોરચા" ને જ વળગી ન રહેતા પરંપરાગત ઢાંચાને મહતમ પ્રમાણમાં અકબંધ રાખીને પણ આર્થિક મોરચે પ્રવેશ કરી રહેલ છે. આ વાસ્તવિકતા પ્રવાહોને ધ્યાનમાં લઈને વેપાર દેશ ઉદ્યોગ ક્ષેત્રે બહેનોના વલણને જોવા જાણવાનો તેના તરફ અંગૂલી નિર્દેશ કરવાનો એક નાનકડો પ્રયત્ન પણ અહીં કરવામાં આવેલ છે.

## ૫.૨ ભારતમાં મહિલા ઉદ્યોગ સાહસિકતા :

ભારત સરકારના ૧૯૭૭ ના અહેવાલમાં સ્પષ્ટ રીતે દર્શાવેલ છે તે મુજબ "કોઈપણ ધંધાકીય સાહસ કે જેમાં ઓછામાં ઓછા ૫૧% થી વધુ મૂડીગત હિત સ્વતંત્ર મહિલાનું હોય અને તે સાહસમાં ઓછામાં ઓછી ૫૧% જેટલી રોજગારી બહેનોને પ્રાપ્ત હોય તે ધંધાકીય સાહસને "મહિલા ધંધાકીય સાહસ" તરીકે ઓળખાવી શકાય. અલબત ભારત સરકારે નકકી કરેલ રોજગારીના પ્રમાણના નિર્દેશક નો બહેનો દ્વારા સંગઠીત વિરોધ કરવામાં આવેલ છે. ભારતીય સમાજનો પરંપરાગત ઢાંચો, શિક્ષણનું મર્યાદિત પ્રમાણ બહેનોની સ્વયં રૂઢીગત માનસિકતા જેવા કારણોસર ધંધા ઉદ્યોગ ક્ષેત્રે બહેનોએ પશ્ચિમના દેશોની તુલનામાં ઘણી ધીમી પ્રગતિ કરી

છે. ડો. ગુપ્તા અને ડો. શ્રી નિવાસને "એન્ટર પ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન ઈન્ડીયા" નામના પુસ્તકમાં આ સંદર્ભમાં વિસ્તૃત સમાલોચના કરેલ છે. આંતર રાષ્ટ્રીય શ્રમ સંગઠનના પ્રસિધ્ધ થયેલા અહેવાલને ટાંકીને તેઓ જણાવે છે કે વિશ્વની કુલ જન સંખ્યામાં ૫૦% જેટલી બહેનો છે. વિશ્વનાં કુલ કામના કલાકોમાં ૨/૩ જેટલા કલાકોનું કામ બહેનો કરે છે અને વિશ્વની કુલ આવકના માત્ર ૧૦% તેમને મળે છે જયારે વિશ્વની કુલ સંપતિના માલિકીના સંદર્ભમાં બહેનોની માલિકીની સંપતિનું પ્રમાણ ૧% થી પણ ઓછું જોવા મળે છે. અનેકવિધ પ્રકારના સામાજિક પૂર્વગ્રહો અને અવરોધોને ઓળંગીને પણ ભારતીય સમાજમાં બહેનોએ પણ તેમની અંતર્ગત સાહસિકતા અને કોઠાસુઝથી આર્થિક ક્ષેત્રે ઝંપલાવેલ છે. આજે બહેનોનું આર્થિક ક્ષેત્ર પણ માત્ર અથાણા મસાલા કે પાપડ પૂરતું સિમિત ન રહેતાં અન્ય ક્ષેત્રોમાં ખેડાણ વધેલું છે આમ છતાં હજી આજે એવી માન્યતા પ્રબળ રીતે પ્રવર્તમાન છે કે જે ક્ષેત્રોમાં સ્પર્ધાત્મક રીતે પુરૂષ વર્ગની હાજરી મર્યાદિત હોય છે તેવા ક્ષેત્રોમાં જ રહેવાનો પહેલ કરવાનું કે આગળ વધવાનું પસંદ કરે છે.

સ્વતંત્ર ભારતનાં ખાસ કરીને છેલ્લાં છોઢ બે દાયકાથી આ ચિત્રમાં ખાસ્સો સુધારો જોવા મળે છે. આઠમી પંચવર્ષીય અંદાજ એવો હતો કે ભારતનાં કુલ નાના પાયાના ધંધાકીય સાહસોમાં ૯% જેટલા સાહસો બહેનોની માલિકીના હતા જયારે વીસમી સદીના અંતે તે પ્રમાણ વધીને ૨૦% ની આસપાસ હોવાનું ધારવામાં આવે છે.

એકવીસમી સદીના આરંભે વિવિધ ધંધાકીય ક્ષેત્રોમાં બહેનોએ પોતાનું આગવું કૌશલ્ય પ્રસ્થાપિત કરેલ છે. ભૌતિક ચીજવસ્તુનું ઉત્પાદન હોય કે સેવા ક્ષેત્ર, નાણાકીય સેવાનું સંચાલન હોય કે મનોરંજન સેવાનું પ્રસારણ કરવાનું હોય આક્રમકતા દર્શાવવાની હોય કે સૂકુમારતા સર્વક્ષેત્રોમાં સર્વ રીતે બહેનોનું આધિપત્ય દીવા જેવું સ્પષ્ટ જોવા મળે છે.

## ૫.૩ અવૈધિક શિક્ષણ અને મહિલાઓ માટે ઉદ્યોગ સાહસિકતા

મહિલાઓનો વિકાસ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રો સુધી પથરાયેલો એક સભર અને સંકલિત ખ્યાલ છે. આયોજિત વિકાસના ૫૦ વરસોમાં ભારતમાં સ્ત્રીઓના ઉત્કર્ષ માટે ઘણું કરવામાં આવ્યું છે. કાયદાકીય રીતે પણ મહિલાઓને સંરક્ષણ પૂરૂં પાડવામાં આવ્યું છે. સાતમી યોજનામાં તો મહિલાઓમાં શ્રધ્ધા પ્રગટાવી તેમને પોતાના વિકાસ માટે તેમજ સ્વાવલંબી બનવા માટે જાગૃત કરવાનું વલણ રખાયું છે.

આઝાદ ભારતમાં સત્ય, ન્યાય, સમાનતા અને બંધુત્વના ચાર પાયા ઉપર આપણું આ રાજય બંધારણ અને રાજય નીતિ નિર્ભર છે. રાષ્ટ્રના બંધારણમાં મહિલાઓને માનભર્યુ સ્થાન આપવામાં આવ્યું છે. સૈકાઓથી થઈ રહેલી તેમની અવગણનાનો અને પરંપરાગત પ્રણાલિકાઓની તેમની સામે સમાજમાં પેદા થયેલા પૂર્વગ્રહનો પ્રતિકાર કરવા રાજય બંધારણે પણ તેઓને અધિકાર આપ્યા છે.

સમાજના આર્થિક અને સામાજિક ક્ષેત્રમાં મહિલઓનો વિકાસ એ એક ઘનિષ્ઠ અને કેન્દ્રિત વિચાર છે.

છતાં ગરીબી, નિરક્ષરતા અને પછાતપણે કારણે આરોગ્ય, શિક્ષણ અને રોજગારી જેવા આર્થિક અને સામાજિક ક્ષેત્રોને સ્ત્રીઓના સર્વાંગી વિકાસ માટે ખાસ અગત્યના ક્ષેત્રો ગણવામાં આવે છે. આ હેતુને મધ્યવર્તી વિચાર તરીકે ગણીને આપણા ઘણા બધા ઉત્સાહી નેતાઓએ શ્રી બળવંતરાય મહેતાના નેતૃત્વ હેઠળ ભાવનગરમાં ૨૩ મી જુલાઈ ૧૯૨૫ ના રોજ શ્રી ભાવનગર કેળવણી મંડળની સ્થાપના કરી. છેલ્લાં ૭૩ વરસોથી મહિલાઓને શિક્ષણ આપવું અને તેમને આર્થિક રીતે પગભર કરવા માટેનું કાર્ય સ્ત્રી કેળવણી મંડળમાં કરવામાં આવે છે. મંડળ દ્વારા પૂર્વ પ્રાથમિક કક્ષાથી માંડી પોસ્ટ ગ્રેજયુએટ સ્તરની શિક્ષણ આપતી છ સંસ્થાઓ કાર્યરત છે. આખા દેશમાં સ્વૈચ્છિક મહિલા સંસ્થાઓમાં મહિલાઓ માટે કાર્ય કરતી આ એક માત્ર સુંદર સંસ્થા છે. ૧૬ સપ્ટેમ્બર, ૧૯૮૮ ના રોજ મંડળનું પુનઃ નામાભિકરણ કરવામાં આવ્યું. 'શ્રીમતી આર. ડી. ગાડી સ્ત્રી કેળ વણી મંડળ', અને તે દિવસથી જ જાણીતા સમાજસેવક અને શિક્ષણશાસ્ત્રી શ્રી દીપચંદભાઈ ગાડી એ આ મંડળને માર્ગદર્શન આપવાનું શરૂ કર્યુ. મહિલાઓને અવૈધિક શિક્ષણ આપવાના મહત્વને ધ્યાનમાં લઈ શ્રી એમ.સી. ભટ્ટ આ મંડળ સાથે જોડાયા. શ્રી એમ. સી. ભટ્ટ, પ્રખર નાણાશાસ્ત્રી, ભારત સરકારના કેપિટલ ઈસ્યૂના ભૂતપૂર્વ નિયંત્રક, વિશ્વ સંઘમાં સલાહકાર અને સામાજિક સેવા માટે કાકા સાહેબ ગાડગીલ એવોર્ડ પ્રાપ્ત કરનાર સમાજસેવક છે.

શ્રી એમ.સી. ભટ્ટે પોતાના કુટુંબીઓ અને મિત્રો પાસેથી નાણાં ઉભા કરીને તેમના સ્વર્ગસ્થ માતા અને પિતાની યાદમાં ૨ જૂન, ૧૯૯૨ માં અવૈધિક શિક્ષણ અને મહિલાઓ માટે ઉદ્યોગ સાહસિકતા માટેનું 'શ્રી અને શ્રીમતિ સી. આર. ભટ્ટ કેન્દ્ર' શરૂ કર્યુ. આ કેન્દ્રમાં વય, જાતિ, ધર્મ, પરિણીત છે કે અપરિણીત એનો ખ્યાલ રાખ્યા વગર સામાજિક, આર્થિક ક્ષેત્રે મહિલાઓની ઉત્કર્ષ માટે કામ કરવાનો આ કેન્દ્રનો હેતુ છે.

આ કેન્દ્રના મુખ્ય હેતુઓ જોઈએ તો, ગ્રામ્ય અને શહેરી મહિલાઓ આવક અને રોજગારી ઉભા કરવાના સાધનો પૂરા પાડી અને શિક્ષણ આપીને મહિલાઓનો દરજ્જો ઉંચો લઈ જવો.

આર્થિક ક્ષેત્રના જુદા જુદા વિભાગોમાં મજૂર તરીકે મહિલાઓ બહુ મોટો ફાળો ભજવે છે. જેમ કે ખેતી, ગૃહઉદ્યોગો વેપાર અને વાણિજય, હસ્તકલા કારીગરી. આ બધાના કારણે મહિલાઓ માટેના ઉદ્યોગ સાહસિકતાના વિકાસના કાર્યક્રમોને આ કેન્દ્રનો મુખ્ય ધ્યેય રાખવામાં આવ્યો છે. મહિલાઓની ઉદ્યોગ સાહસિક પ્રવૃતિને કારણે આર્થિક ક્ષેત્રે તેમની ભૂમિકા સબળ, વધુ ઉત્પાદનક્ષમ બની શકશે. મહિલાઓનું જીવનસ્તર સુધારવા અવૈધિક શિક્ષણના કાર્યક્રમો પણ ગોઠવવામાં આવે છે. દરેક સંસ્થાઓમાં કામ કરતી મહિલાઓને તેમના સેવાકાળ દરમ્યાન ઉદ્યોગ સાહસિકતાના સઘન તાલીમ કાર્યક્રમો મળતા રહે.

## ૫.૪ કાર્ય :

ઉપરોકત યોજનાઓને સહાયભૂત થવા માટે રૂઢિગત અને આધુનિક અભ્યાસક્રમો આપવામાં આવ્યા છે. બેબીસીટીગ, નર્સીગ, મહિલા ઉદ્યોગ સાહસિકતા, આધુનિક વસ્ત્ર ડિઝાઈન, વિવિધ કાર્ય કુશળતા, ઘરના

બજેટમાં યોગ્ય આયોજન, કોમ્પ્યૂટર કાર્યક્રમ, ઓફિસ મેનેજમેન્ટ, ડેવલપમેન્ટ અને આર્થિક રીતે પછાત મહિલાઓ માટે વિશિષ્ટ કાર્યક્રમ.

આ કેન્દ્ર સાથે ઈન્ટરનેશનલ સેન્ટર ફોર આંત્રપ્રિનિયોરશીપ એન્ડ કેરીયર ડેવલપમેન્ટ, ઈન્ડસ્ટ્રીયલ બેંક ઓફ ઈન્ડિયા, ગુજરાત વિમેન્સ ઈકોનોમિકસ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ., ડિસ્ટ્રીકટ પંચાયત, ભાવનગર યુનિવર્સિટી, સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર, ભાવનગર જિલ્લાના ઉદ્યોગ અને સેન્ટર ફોર સોશ્યલ વેલ્ફેર ફોર વિકર સોસાયટી જેવી આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને સ્થાનિક સંસ્થાઓ જોડાયેલી છે.

સ્ત્રીઓની રોજી કમાવાની શકિત વધારી શકાય તે માટે સામાજિક, આર્થિક કાર્યક્રમો પરત્વે આ કેન્દ્રમાં ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે અને સ્ત્રીઓને પોતાનામાં શ્રધ્ધા અને વિશ્વાસ જન્મે તે માટે રોજગારી, શિક્ષણ, આરોગ્ય, પોષણ, વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રોમાં બહુવિધ અને બહુલક્ષી વલણ અપનાવવામાં આવ્યું છે.

## ૫.૫ મહિલા ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહક ગણી શકાય એવા કેટલાંક પાયાના પરિબળો નીચે મુજબ દર્શાવી શકાય.

(૧) એકંદર જનસમાજમાં જાતિ સભાગ્યતા સંવેદના સમજ વગેરેનું મહત્વ વધતું ગયું છે. આજે તે કારણથી જ ભારતીય સમાજમાં મહિલાઓ સંદર્ભે મહત્વના ફેરફારો જોવા મળેલા છે. જેમ કે ૧૯૯૧ માં મહિલાઓના સાક્ષરતા દરનું પ્રમાણ લગભગ ૪૦% હતું તે વધીને ઈ.સ. ૨૦૦૧ ની જનસંખ્યાના અહેવાલ મુજબ તે આંક ૫૪% જેવો થવા જાય છે. સાક્ષરતા દરનો આ વધારો શિક્ષણ માટેના બદલાયેલા વલણનું પ્રતિબિંબ પાડે છે. આ સાક્ષરતા દરના વલણને મજબુત કરે તેવું બીજું પરિબળ છે. ઉચ્ચશિક્ષણ અને વ્યવસાયલક્ષી શિક્ષણમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓમાં બહેનોનું પ્રમાણ ૩૩.૩% હતું. જે વધીને ઈ.સ. ૨૦૦૧ માં ૪૦% જેવું થયું હતું. આ પ્રકારના શિક્ષણના વ્યાપના કારણે બહેનોના સામાજિક આર્થિક સ્વાતંત્ર્યની માત્રામાં ઉલ્લેખનીય વધારો થયો છે.

ચેન્નાઈ સ્થિત સોફટવેર ટેકનોલોજી પાર્કના ડાયરેકર રાજલક્ષીના જણાવ્યા મુજબ મહિલાઓ રોજગારીની દષ્ટિએ સૌથી વધુ માત્રામાં આઈ ટી અને આઈ ટી ઈ એસ જેવા ક્ષેત્રમાં પ્રવેશેલ છે. રાજલક્ષીના એક સર્વેક્ષણમાં દર કંપનીઓનું સર્વેક્ષણ કરવામાં આવેલું હતું. આ ૧૨ કંપનીઓનું સર્વેક્ષણ કરવામાં આવેલું હતું. આ દર કંપનીઓના સર્વેક્ષણ પૈકી ૯ કંપનીઓમાં જાતિ ગુણોતર પ્રમાણ ૧:૨:૫ અને ૧:૫ જોવા મળેલ. ઈન્ફોસીસ કંપનીના બીપીઓ એકમમાં ૪૫% જેટલી મહિલાઓ છે. આ ઉપરાંત ઇન્ફોસીસ વીપ્રો એચસીએલ ટેકનોલોજી સન માઈક્રોસીસ્ટમ અને ઓરેકલ ઈન્ડીયા જેવી કંપનીઓમાં દર ૫ કર્મચારીઓમાંથી ૧ મહિલાની ભરતી હોય છે.

આ સીવાય વર્તમાન સમયમાં નાણાકીય સેવાબજારમાં અને ઔષધી તેમજ બાયોટેક ક્ષેત્રમાં પણ મહિલાઓનું વિશેષ આકર્ષણ જોવા મળેલ છે. રેનબેકસી લેબોરેટરીના માનવસંસાધન અધિકારીના જણાવ્યા મુજબ કંપનીના કુલ કર્મચારીઓમાં ૧૮% મહિલાઓ છે.

ઈન્ફર્મેશન ટેકનોલોજી, નાણાકીય સેવા કે ઔષધીય ક્ષેત્રોમાં મહિલાઓનું આકર્ષણ વધતું ગયું છે. તે માટે મુખ્યત્વે એવું જોવા મળેલ છે કે આ સઘળા ક્ષેત્રોમાં માનવ સંસાધનના સંદર્ભે વધુ પ્રગતિશીલ અભિગમ જોવા મળતો હોય છે. ઘણા માનવસંસાધન અધિકારીઓ એક બાબત એકમત છે કે પુરૂષ કર્મચારીઓની સરખામણીમાં મહિલા કર્મચારીઓ કે મહિલા અધિકારીઓ વધુ સ્થિર અને વફાદાર હોય છે.

ઈન્ફર્મેશન ટેકનોલોજી થકી નોકરી માટેની ધંધાકીય સેવા પૂરી પાડનાર બે મોટા કેન્દ્રોમાં એવું જોવા મળેલ છે કે આર્થિક પ્રવૃતિઓમાં મહિલાઓની ઉત્સુકતાનું પ્રમાણ ખુબ જ ઝડપથી વધતું જાય છે. ઈ.સ. ૨૦૦૩ ના વર્ષમાંના ઉકી કોમ સંસ્થા દ્વારા મહતમ સેવાક્ષેત્રને આવરી લેતી લગભગ ૨,૦૦,૦૦૦ જગ્યાઓ ભરવામાં આવી હતી. તે પૈકી ૭૦,૦૦૦ બહેનો હતી. મોન્સ્ટર કોમ નામના એકમ પાસે ચાર વર્ષ અગાઉ વ્યવસાય વાંચ્છુક કુલ સંખ્યા પૈકી ૨૫% બહેનોનું પ્રમાણ હતું.

બીઝનેસ ટુડે ના સપ્ટેમ્બર ૨૦૦૪ ના ભારતમાં ધંધાકીય ક્ષેત્રે મહિલાઓના પદાર્પણ અંગેના એક ખાસ વધારાના એકમો ભારતીય ઔદ્યોગિક ક્ષેત્રમાંથી પસંદ કરેલા ૨૫ જેટલા બહેનો કઈ રીતે ઔદ્યોગિક સાહસમાં યશસ્વી કામગીરી કરી રહેલ છે તેનું અવલોકન કરેલ છે.

થર્મેકસ કંપનીના વરિષ્ઠાધિકારી અનવ રાજ "અનુઆગા" છે. ૮૩૦ કરોડનું ઉર્જા અને પર્યાવરણીય ઈજનેરી ઉદ્યોગનું પુનઃસ્થિત એકમ છે. જેના અધ્યક્ષ તરીકે મહતમ બોજ વહન કરતાં રહેલાં છે. માત્ર કુલ ધંધાનું કદ બમણું કરવા માટે કે નફો ૩ ગણો કરવા માટે નહિં પરંતુ પુનઃ શહેરના સૌદર્ય ની માવજત અને વૃધ્ધિ માટે તેમજ સામાજિક જવાબદારીના ભાગરૂપે કંપનીના કુલ નફાનો ૧% ભાગ ખર્ચ કરવાના ધ્યેયને કારણે પણ તેઓને એકમને પ્રતિષ્ઠા અપાવી છે. ૬૨ વર્ષની ઉંમરે કંપનીના નિયત બોજ ઉપરાંત "આકાંક્ષા" નામના બિન સરકારી સંગઠન થકી ઝુંપડપટ્ટી અને શેરીના બાળકોને શિક્ષણઆપવાના કામમાં પણ અચુક સમય ફાળવે છે.

નાણાબજાર મૂડીબજારમાં અગ્રેસર જે.પી. મોર્ગન ઈન્ડીયા કંપનીના મેનેજીંગ ડાયરેકટરની જવાબદારી વેદિકા ભંડારકર સંભાળી રહેલા છે. પ્રસારમાધ્યમાંથી પ્રમાણમાં અલિપ્ત હોવા છતાં છેલ્લા ૧૪ વર્ષથી વ્યાપારી એકમના નાણાકીય સેવાના ઉજજવળ ભાવી વિષે સતત ચિંતીત રહીને કાર્ય કરે છે. ધંધાકીય ક્ષેત્રે ઉછીની મૂડીથી જોખમ લેનાર કંપનીઓને માટે ધીરધાર કરનારાઓમાં વિશ્વસનીયના ઉભી કરવામાં તેમના કૌશલ્યની ભારોભાર પ્રશંસા થાય છે.

ધી હિંદુસ્તાન ટાઈસ્સ લિમિટેડના વાઈસ ચેરમેનમાં આરૂઢ શોભના ભારતીય પ્રીન્ટ મીડીયાના ક્ષેત્રેમાં પ્રથમ પ્રત્યક્ષ વિદેશી મુડી કરણ માટે હેન્ડરસન ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સાથે સહયોગ સાધવાનું શ્રેય જાય છે.

પ્રિન્ટ મિડિયામાં વિવિધ શ્રેણી પૂર્તિઓના સંદર્ભમાં નવપ્રવર્તન કરવામાં પણ તેમનું નામ મોખરાનું ગણવામાં આવે છે.

જમ્બો ગ્રુપના ઉપાધ્યક્ષ તરીકે વી એમ. છાબરીયા જવાબદારી સંભાળી રહયા છે. ઈ.સ. ૨૦૦૩–૦૪ ના ગત નાણાકીય વર્ષ દરમ્યાન શો વેલેસના કુલ વેચાણમાં ૨૦% વૃધ્ધિ થઈ હતી તો તેનો વેરો ભર્યા પૂર્વેનો નફો અઢીગણો વધારે થયો હતો. હાલમાં આ ગ્રુપ કુલ રૂા. ૯,૨૦૦ કરોડનું અંદાજવામાં આવે છે. ઉત્પાદકતામાં અભિવૃધ્ધિને પ્રોત્સાહક એવું વળતરનું નવનિયોજીત માળખું અને તેમની આગવી દષ્ટિનું પરિણામ છે. સભાસદોના મૂડીકરણની જવાબદારી પરત્વે સંપૂર્ણ સભાનતા સાથેના સામાજિક ઉતરદાયીત્વ માટે તેઓ સતત પ્રવૃત અને ચીતીત જોવા મળેલ છે.

કાઈનેટીક એન્જીનીયરીંગ ગ્રુપને ધંધાકીય વિકાસના મધ્યકાળના સંક્રાંતિકરણ પછી નવીન તબકકામાં લઈ જવા માટે ઉત્સુક એવા સુલજની મોટવાણી આ સાહસના જોઈન્ટ મેનેજીંગ ડાયરેકટર છે. હોન્ડા જૂથ સાથેથી છુટા થયા બાદના તબકકામાં વૈવિધ્યીકરણની દિશામાં મોટર સાયકલના ઉત્પાદન સાથે પ્રવેશ કરેલ છે. સુલજજાના નેતૃત્વ હેઠળ કાઈનેટીકના વરિષ્ઠ સંચાલનમંડળની ટીમને હિંમતભેર ૪૦ થી નીચેની કરવાનું સાહસ ધંધાકીય વિશ્વમાં સંચાલન સંદર્ભે જબરૂ સાહસ ગણાવાય છે.

આઈસીઆઈ બેંકના જોઈન્ટ મેનેજીંગ ડાયરેકટરનો હોદો સંભાળતા લલીતા ગુપ્તા વૈશ્વિકીકરણના તબકકામાં બેંકને વૈશ્વિક બનાવવા માટેના ધંધાકીય પ્રયાસોનું સંચાલન કરતા રહેલા છે. તેમના માર્ગદર્શન અને સાહસિક દોરવણી હેઠળ આજે આ એકમની સબસીડી પર કહી શકાય તેવા એકમો યુ.કે. કેનેડા, બહેરીન, સીગાપુરમાં કાર્યરત છે.

ધંધાકીય વિસ્તરણના સંદર્ભે મહિલાના ૧૫ દિવસ ભારતની બહાર ફરે છે. તેમની મદદમાં ૧૭ જુદી જુદી સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતાં દેશના ૭૦ જેટલા સહાયકોની ટીમ છે. આઈસીઆઈસીઆઈના બોર્ડમાં સૌપ્રથમ પ્રતિનિધિત્વ મેળવનાર આ મહિલાના પગલે પગલે હાલમાં અન્ય ૩ મહિલાઓ પણ બોર્ડ પ્રતિનિધિત્વ સંભાળે છે.

કવિતા હરીનું નામ ઔદ્યોગિક જગતમાં વિશિષ્ટ રીતે લેવાય છે. ભારતીય મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગના પ્રથમ મહિલા સીઈઓ તરીકે તેમનું નામ ઔદ્યોગિક જગતમાં આદરપાત્ર બનેલ છે. હાલમાં આઈએનજી વ્યસાયા મ્યુચ્યુઅલફંડની નવીન યોજનાઓને ઓપ આપવાના કામમાં મહતમ સમય ફાળવતાં રહયાં છે. જેવાં લાંબાગાળાના માનવીયસંબંધો સાથે ધંધાને ઉજજવળ કરવાની પૂર્ણ તક રહેલી છે. તેવા શહેરમાં તેવા ધંધાકીય ક્ષેત્ર તરીકે મુંબઈને તેઓએ પસંદગી આપી છે અને તેથી અન્ય દરખાસ્ત હોવા છતાં મુંબઈમાં સ્થાયી થયા છે. હાલમાં તેઓ રૂા. ૧૮૦૦ કરોડના ભંડોળની જવાબદારી સંભાળે છે. અને જેની ક્ષમતા નજીકના ભવિષ્યમાં રૂા. ૪૦૦૦ કરોડ કરવાની તેમની અપેક્ષા છે. તેઓ વિજ્ઞાપન કરતાં સંબંધો થકી બજાર વૃધ્ધિના વિચારને પ્રધાનતા આપે છે.

એચડીએફસી બેંક ખાનગીક્ષેત્રે નાણાબજર મુડીબજારમાં મોટું પ્રભુત્વ ધરાવનારી સંસ્થા છે. આ સંસ્થાના એકઝીકયુટીવ ડાયરેકટર રેણુકનાકની દોરવણી રાહબરી હેઠળ ગત વર્ષમાં આ સંસ્થા દ્વારા ૧૨૬૯૭ કરોડનું ધીરાણ કરાવામાં આવેલું જે તેના આગલાં વર્ષની સરખામણીમાં ૨૮ ટકા વધારે હતું. જે અંદાજે ૪૦% બજારહિસ્સો ધરાવે છે. બેંકીગ ઉદ્યોગમાં નોનપર ફોર્મીંગ એસેટસ (એનપીએ) ના સંદર્ભમાં ૦.૮૯ સાથે એચડીએફસી બેંક મોખરે છે.

ઈન્વેસ્ટમેન્ટ બેંકીગમાં ભારતીય જગતમાં નૈના લાલ કિડવાઈનું નામ પ્રથમપંકિતમાં ગણાય છે. એચએસબીસીના નાયબસીઈઓ તરીકે તેઓ એચએસબીસીના નિયંત્રણ વિભાગ અને સામાજિક તંત્રની મર્યાદામાં રહીને વિશિષ્ટ પ્રભુત્વ સ્થાપીત કરવા સતત પ્રવૃત છે. આજે એચએસબીસી શાળાક્ષેત્રે એકમલક્ષી ધીરાણ, ગ્રામ્યદતક, જળસંચય, મહિલા સશકિતકરણની દિશામાં જે કઈ પ્રદાન કરે છે. તેમાં કિડવાઈનું દષ્ટિપૂર્ણ માર્ગદર્શન મહત્વની ભૂમિકા ભજવે છે. વ્યવહારમાં પ્રમાણમાં કઠોર અને દક્ષ એવા કિડવાઈ હોવા છતાં ટાટા, રિલાયન્સ એવી બીરલા, વોકહાર્ડથી કંપનીઓ પણ તેમના સહાયકારી અભિગમ ને ભારે આદરથી જોવે છે.

## ૫.૬ તાજેતરનાં વલણો

વિકાસની પ્રક્રિયા સમૂળગી હોય છે કોઈપણ વર્ગના વિકાસને સ્પર્શતા પ્રશ્નો આ સમગ્રલક્ષી પ્રક્રિયાના ભાગ તરીકે જોવા જરૂરી છે. અને તે સંદર્ભમાં પ્રશ્નોના ઉકેલ માટે સઘન પ્રયાસો જરૂરી છે. સાતમી પંચવર્ષીય યોજનામાં આર્થિક વિકાસમાં મહિલાઓના સુગ્રથન માટે ખાસ પ્રકરણ ફાળવવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે વિકાસના સર્વ કાર્યક્રમોમાં મહિલાઓને લક્ષ્યાંકીત જૂથ તરીકે વિશિષ્ટ સ્થાન આપવું અને તે અનુરૂપ વિવિધ પ્રકારના તાલીમવર્ગનું આયોજન કરવું આ સંદર્ભમાં મહિલાઓની હાડમારી દૂર થાય તેમની ક્ષમતા ઉત્પાદકતા વૃધ્ધિ થાય તે પ્રકારની સુયોગ્ય ટેકનોલોજીનો વિકાસ થાય તેવુ વાતાવરણ નિર્માણ કરવું રાજયકક્ષાએ બજાર સહાય પૂરી પડે તેવાં પ્રયત્નો કરવા આર્થિક સ્તરે નિર્ણયીકરણની પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારી વધે તે સઘળી બાબતો ઉપર ભાર મુકવામાં આવેલો છે.

ભારત સરકારની તથા વિવિધ રાજયોની ઔદ્યોગિકનીતિમાં બહેનો સ્વતંત્ર પણે નાના પાયાના એકમો કરી શકે તે પ્રકારના ઉત્પાદન અને પ્રક્રિયાલક્ષી તાલીમી કાર્યક્રમો ચલાવવા ખાસ ભલામણ કરવામાં આવી છે. મહિલા ઉદ્યોગ સાહસિકતાના વિકાસ માટે બહુ મોખીયા વ્યુહની આવશ્યકતા છે. બહેનો તેમના પરંપરાગત ધંધામાંથી બહાર નીકળીને પડકારયુકત અને આર્થિક રીતે વળતરયુકત પ્રવૃતિઓ માટે સુસજ્જ થાય તેવું પર્યાવરણ નિર્માણ થાય તે માટેના પ્રયત્નો બેંકો અને અધિકૃત નાણાકીય સંસ્થાઓ મહિલા સાહસિકોને માટે અગ્રતાના ધોરણે ધીરાણ પુરૂ પાડે સરકાર દ્વારા વહીવટી પ્રક્રિયા સરળ બનાવાય તે ખાસ જરૂરી છે.

વાસ્તવમાં વૈશ્વિક સ્તરે યુનો દ્વારા, યુનીડો દ્વારા આર્થિક પ્રવૃતિમાં મહિલાઓની ભૂમિકા ઉપર ખાસ ભાર મૂકતા સુત્રાત્મક પ્રકલ્પો કાર્યક્રમો છેક ૧૦૭૫ થી આપવામાં આવેલા છે. એશીયન અને પેસિફિક સેન્ટર

ફોર ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી" દ્વારા મહિલા ઉદ્યોગસાહસિકતાના વિચારને પ્રોત્સાહીત કરતાં તેના પ્રસરણ માટેના ખાસ કાર્યક્રમો ચલાવવામાં આવે છે. આર્થિક સુધારાના વલણોના કારણે હળવે હળવે આર્થિક પ્રવૃતિના સ્વરૂપ સંદર્ભે મહિલાઓનું ચિત્ર બદલાતું રહયું છે.

વર્તમાન તબકકે પ્રાથમિક ક્ષેત્ર સાથેનું મહિલાઓનું અવલંબન પણ ઘટતું રહયું છે. ઈ.સ. ૨૦૦૧ માં પ્રાથમિક ક્ષેત્રમાં આ પ્રમાણ ૬.૧૦ ટકા ઉદ્યોગ ક્ષેત્રમાં આ પ્રમાણ ૨.૭૮ % અને સેવા ક્ષેત્રમાં ૩0% જોવા મળ ેલું છે. આમ છેલ્લા દાયકામાં પ્રાથમિક ક્ષેત્રે રોકાયેલાં મહિલા શ્રમિકોના પ્રમાણમાં ૧૪.૬૨ ટકાનો ઘટાડો થયેલો છે. ભારતના એકંદર ચિત્રના સંદર્ભમાં ગુજરાત રાજયમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં અને વિવિધ ક્ષેત્રોમાં વ્યવસાયી બહેનોનું ટકાવારી પ્રમાણ નીચે પ્રમાણે જોવા મળેલું છે.

૧૯૮૦ માં જાહેર ક્ષેત્રે રોકાયેલા કુલ કામદારો પૈકી ૧૨.૮૬ ટકા મહિલા કામદારો હતા. ૧૯૮૦ માં આ ટકાવારી પ્રમાણ વધીને ૧૪.૩૬ ટકા જેવું થયું હતું. ૨૦૦૧ ના વર્ષના અંતે તે પ્રમાણ ૧૪.૭૯ ટકા થયેલું હતું. આમ ૧૯૮૦ ના દાયકાની સરખામણીમાં ૧૯૮૦ થી ૨૦૦૦ ના દાયકા દરમિયાન તુલનાત્મક રીતે જાહેર ક્ષેત્રમાં વ્યવસાયી બહેનોનું ટકાવારી પ્રમાણ ઓછું વધ્યું છે. આનું મુખ્ય કારણ સરકારની બદલાયેલી નીતિને ગણાવી શકાય. જાહેરક્ષેત્રની જેમ અલબત ખાનગી ક્ષેત્રમાં પણ ૧૯૮૦ માં ૭.૬૮% ૧૯૯૦ માં ૯.૩૯ અને ૨૦૦૧ માં ૮.૭૮ ટકા જોવા મળેલું હતું.

ગુજરાત રાજયમાં ગ્રામ્ય વિસ્તારમાં ખેતીક્ષેત્રે પોતાની માલીકી ધરાવતાં હોય તેવા બહેનો અને અન્ય વ્યવસાયમાં હોય તેવા બહેનો ૧૯૯૬ માં અનુક્રમે ૫૦.૪૮ ટકા અને ૨૬.૩૦ ટકા જોવા મળેલા હતાં. શહેરી વિસ્તારોમાં આર્થિક પ્રવૃતિ સાથે સંકળાયેલા બહેનોનું પ્રમાણ ગ્રામીણ ક્ષેત્રની સરખામણીમાં થોડું વધારે જોવા મળ્યું હતું. અલબત ભૂતકાળની સરખામણીમાં શિક્ષણના સંદર્ભે બહેનોમાં જે નોંધપાત્ર પ્રગતિ જોવા મળી છે. તેની અપેક્ષાએ વ્યવસાય ક્ષેત્રમાં બહેનોના પ્રમાણમાં તેટલો વધારો થયો નથી. આ વલણ દેશનાં મોટાભાગના રાજયોમાં જોવા મળેલ છે.

સમગ્ર ભારતમાં જે ખાસીયત બહેનોના ઉદ્યોગ સાહસિકતા સંદર્ભે જોવા મળે છે તે જ મોટાભાગે ગુજરાતમાં જોવા મળે છે એટલે કે ગૃહઉદ્યોગોમાં દા.ત. પાપડ અથાણા– મસાલા બનાવટ વેચાણ વગેરેમાં અને શહેરી અર્ધ શહેરી વિસ્તારોમાં બ્યુટી પાર્લર પ્લે હાઉસ કે શિક્ષણના અન્ય ક્ષેત્રોમાં બહેનો સ્વતંત્ર સાહસિક રૂપે બહાર આવતાં રહયાં છે. અલબત જનસંખ્યા, ભારતની જનસંખ્યાના કુલ શ્રમિકોકે વિશ્વના અન્ય દેશોમાં જોવા મળતાં પ્રવાહોની સરખામણીએ આ પ્રમાણ સંખ્યાત્મક રીતે બહુ ઓછું જોવા મળે છે.

મૂળભૂત રીતે સામાજિ સાંસ્કૃતિક પરંપરા જે એકંદર ઉદ્યોગ સાહસિકતાને પણ બાધક નીવડે છે તે મહિલા ઉદ્યોગ સાહસિકતા માટે વિશેષ બાધક જોવા મળે છે. સમાજના વિવિધ વર્ગ સાથે બહેનોને સીધો સંપર્ક રહે અને તે પ્રકારના આદાન પ્રદાનની પ્રક્રિયા ચાલુ રહે તે હજી આજે અંશતઃ બંધનોના કારણે અને અંશતઃ

બહેનોના સ્વભાવની મર્યાદાને કારણે ઓછું સંભવીત બનેલ છે. પિતૃપ્રધાન કુંટુંબ પરંપરા કરતાં પણ બહેનોના સહજ ઉછેરની પધ્ધતિમાં ગૃહકાર્ય કુંટુંબજીવનને હજી પણ ભારતીય સમાજમાં અગ્રતા હોવાથી ઔદ્યોગિક ક્ષેત્રે મહિલાઓનું પ્રમાણ ઉલ્લેખનીય રીતે ઓછું જોવા મળે છે.

## ૫.૭ મહિલા ગૃહ ઉદ્યોગ – લીજ્જત પાપડ ; પરિચય

### ૫.૭.૧ પ્રસ્તાવના :

સમાજમાં જયારે જુદી જુદી વ્યકિતઓ સંગઠીત થઈને નિશ્ચીત દિશામાં ચોકકસ પ્રકારના હેતુ પૂર્વકના પ્રયત્નો કરે ત્યારે કંઈક નવું આકાર પામે છે. આ ભાવનાને કોઈ જાતી સાથે સીધો સંબંધ નથી. પુરૂષની સરખામણીમાં મહિલાઓની એ મનોવૈજ્ઞાનિક ખાસીયત રહી છે કે તેમાં આનુવંસિકતાના ગુણો અને સાંસ્કૃતિક વાતાવરણમાંથી મળતાં તત્વોને તેઓ સહજ રીતે વ્યવહારમાં સંક્રાંત કરે છે અને એ પ્રમાણે તેમના જીવન ઘડતર માટે તેઓ પ્રયત્નશીલ રહે છે. જયારે બહેનો સ્વયંભુ સશકિતકરણની પ્રક્રિયામાં અભિ કરતાં (એજન્ટ) ની ભૂમિકા માટે ક્રિયાશીલ થાય ત્યારે તેનું એક જુદુ જ દર્શન સમાજને સાંપડે છે. આ સંદર્ભમાં "શ્રી મહિલા ગૃહઉદ્યોગ લિજ્જત પાપડ" સંસ્થાનો પરિચય પ્રેરક અને અનુકરણીય છે.

### ૫.૭.૨ સંગઠનનું તત્વ જ્ઞાન

શ્રી મહિલા ગૃહ ઉદ્યોગ લિજ્જત પાપડનો વિધિવત પ્રારંભ ૧૯૫૯ થી થયો. ૧૫ મી માર્ચ ૧૯૫૯ ના રોજ મુંબઈના ગીરગાવ વિસ્તારના લોહાણા નિવાસની ચાલમાં સાત મહિલાઓએ સંગઠીત થઈને આ સંગઠનનો પ્રારંભ કર્યો. સામુહિક માલિકીની ભાવના સંગઠનના તત્વ દર્શનના પાયામાં સમાયેલ છે. સાત બહેનોનું સ્વૈચ્છિક પણે રચાયેલું આ એક સંગઠન નફા કે નુકસાની ને વહેંચીને સાથે રહેવા માટે કરવામાં આવ્યું. સ્વાભાવિક રીતે જ સ્વૈચ્છિક એવા આ સંગઠનમાં પ્રારંભિક તબકકે જોડાયેલા બહેનોને ઉત્પાદન અને વહેંચાણ વૃધ્ધિ દ્વારા વેપાર વૃધ્ધિનો સ્પષ્ટ ઉત્સાહ જણાતો હતો. સૈધ્ધાંતિક રીતે આ સંગઠન ગાંધીજીના વાલીપણાના સિધ્ધાંતને અનુરૂપ જોવા મળ્યું છે. જેમાં સંપતિની માલિકી સમાજની રહે છે. અને ધંધો એ સેવાકીય પ્રવૃતિનું નવતર સ્વરૂપ હોય છે. લિજ્જત પાપડના સંગઠનમાં પણ આ વિભાવના પ્રાથમિક તબકકે જ સ્પષ્ટ કરવામાં આવી હતી અને વખતોવખત વિવિધ સભાઓમાં આ હકીકતનો પુનરોચ્ચાર કરવામાં આવતો હતો.

જસવંતી પોપટ, પાવતી થોડાણી, ઉજ્જમબેન કુંડલિયા, બાનુંબેન તન્ના, લાભુબેન ગોકાણી,જયાબેન વિઠ્ઠલાણી અને એક બહેન (જેનું નામ પ્રાપ્ય નથી) આ બહેનોએ આ સંગઠનનો પ્રારંભ કર્યો હતો. જસવંતીબેન પોપટની તેમાં મુખ્ય ભૂમિકા હતી કે જેઓને હજુ બે પૂર્વે જ ઈકોનોમીક ટાઈમ્સ ગ્રુપ દ્વારા ઔદ્યોગિક સંગઠન થકી સમાજસેવા માટેનો પુરસ્કાર આપવામાં આવેલ છે.

લક્ષ્મીદાસભાઈના નામના એક લોહાણા સદગૃહસ્થ તે કાળે પાપડ વહેચવાના ધંધામાંથી રૂા. ૮૦ ની નુકસાની કરેલ આ જાણી સમજીને લોહાણા ચાલની આ બહેનો સંગઠિત થઈ અને તે જ મકાનના અગાસી ઉપર પાપડ વણવા એકત્ર થવાં લાગી અને ભૂલેશ્વરના તેમના એક જાણીતા વેપારીને આ પાપડ બનાવીને વેચાણ માટે આપતાં હતા. થોડા જ સમયમાં તેમણે રૂા. ૮૦ ની નુકસાની ભરપાઈ કરીને કામકાજને ગતિશીલ કર્યો.

૧૯૫૯ થી શરૂ થયેલ આ સંગઠનમાં પ્રારંભિક તબકકે રોજે રોજનો આવક અને ખર્ચનો હિસાબ રાખવામાં આવતો હતો અને જે દિવસે હિસાબની કામગીરી અપૂર્ણ રહે તો બીજા દિવસે ધંધાકીય કામકાજ બંધ પણ રાખવામાં આવતું હતું. આજે આપણે જેને ધંધાકીય એકમની પરિભાષામાં રોજમેળ કાચુ સરવૈયું, પાકુ સરવૈયું કહીએ છીએ. તે બધી જ કામગીરી અલબત તે સમયે પણ થતી હતી. પરંતુ મુંબઈ જાહેર ટ્રસ્ટ ધારા અન્વયે જે હિસાબી જોગવાઈ અનિવાર્ય હોય તેનો પ્રારંભ ૧૯૯૬–૯૭ થી શરૂ થયો. પ્રારંભિક તબકકે સંસ્થાની પ્રવૃતિઓનો વિસ્તાર કોઈજ ઔપચારિકતા વગર, લેખિત પ્રક્રિયા વગર થતો હતો. જુલાઈ ૧૯૬૬ માં સોસાયટી ધારા હેઠળ નોધણી કરવામાં આવી. ૧૯૬૬ માં તે સમયનાં ખાદી અને ગ્રામોદ્યોગ પંચના અધ્યક્ષ ઉચ્છરંગભાઈ ઢેબરની દેખરેખ, માર્ગદર્શન અને દોરવણી હેઠળ ખાદી અને ગ્રામોદ્યોગ પંચના નોંધાયેલા માન્ય એકમોમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો અને ત્યારબાદ શ્રી મહિલા ગૃહ ઉદ્યોગ લિજ્જત પાપડ તરીકે કાનૂની નામાભિધાનથી સંસ્થા કાર્યરત થઈ.

આજે આ સંગઠન ભારતભરમાં ખુબ ખ્યાતી ધરાવતું સંગઠન છે ખાસ કરીને મહિલાઓને રોજગારી આપવાના સંદર્ભમાં તેમજ મહિલાઓના ગૌરવપ્રદ જીવન માટેના પ્રયત્નો માટે આ સંગઠન વિશેષ ખ્યાતી ધરાવે છે. જયોતિબેન નાયક જે હાલમાં આ સંગઠનના અધ્યક્ષા છે. તેઓ દસ વર્ષની ઉંમરના હતા ત્યારથી પાપડ વણવાના કામથી આ સંગઠનમાં જોડાયેલા છે. એ સમયે આખો દિવસ પાપડ વણવાનું કામ કરીને જયોતિબેન રાત્રિ શાળામાં અભ્યાસ કરવામાં જતાં હતા અને રાત્રિ શાળામાંથી એસ.એસ.સી. ની પરીક્ષા પસાર કરી હતી. ૧૫ વર્ષની ઉંમરે તેઓ સંગઠનના સ્ટોરકીપર તરીકે કામ કરતાં હતાં.

આ સંગઠનની મુખ્ય વિશેષતા એ છે કે સંગઠનમાં સભ્ય તરીકે માત્ર મહિલાઓ છે જે કેટલાંક ભાઈઓ હિસાબી વિભાગમાં કે બસ ડ્રાઈવર તરીકે જોડાયેલા છે તે માત્ર પગારદાર કર્મચારીની ભૂમિકામાં છે. આજે આ સંગઠન અત્યંત વ્યવહારૂ ભૂમિકામાં નવસર્જનની ક્ષમતા સાથે સશકિતકરણની દિશામાં આગળ વધી રહેલું સંગઠન છે. આ સંગઠનની જે શાખાઓ છે તેના સંચાલિકા તરીકે સભ્યબહેનો પૈકીના જ એક બહેનને નીમવામાં આવે છે હવે ૧૮ વર્ષથી નાની ઉંમરની બહેનોને સભ્યપદ આપવામાં આવતું નથી. સંગઠનની શાખાઓનું સંમેલન થાય ત્યારે સંચાલિકા જેમને જવાબદારી આપે તે બહેને શાખાનું પ્રતિનિધિત્વ કરીને સંચાલકીય સંમેલનમાં જવાનું હોય છે. બધી જ શાખાઓમાં અને મુંબઈ ખાતેની વડી કચેરીમાં પણ રોજિંદી રોકડ રકમનો બેંક સાથે વહીવટ બહેનો જ કરતાં રહયા છે. પ્રત્યેક્ષ શાખાએ સ્વકીય કૌશલ્યથી વહીવટ ચલાવીને શાખાને પગભર કરવાની જવાબદારી રહે છે. આમ હોવાને કારણે જે તે શાખાની ઉત્પાદન ક્ષમતા જાળવી રાખવા માટેનો

પ્રયત્ન પણ તે શાખાના બહેનો આપમેળે કરે છે. જો ગુણવતાના ધોરણોના સંદર્ભમાં જે તે શાખા વર્ષના અંતે ખોટમાં જાય તો સભ્ય બહેનોને પાપડ વણવાની મજૂરીની રકમ આપવાપાત્ર રકમને બદલે ઓછી ચુકવવામાં આવે છે અને તેથી ઉલટું જો શાખાને નફો પ્રાપ્ત થાય તો પાપડ વણવાની રકમ સભ્ય બહેનો વચ્ચે વધુ પ્રમાણમાં વેચાય છે. અહી ઉલ્લેખનીય એ છે કે જે તે શાખામાં જોડાયેલ સભ્ય બહેનો બધાં જ ને એક સરખી રકમ ચુકવવામાં આવે છે. આ સંદર્ભમાં કોઈ જ પ્રકારનો દરજ્જાગત ભેદભાવ રાખવામાં આવતો નથી. સામાન્ય રીતે સવારના ૫ વાગ્યાથી શાખાઓની કામગીરી શરૂ થાય છે અને મોટા શહેરોમાં સંગઠનની બસો બહેનોને ઘરે લેવા જાય છે. દરરોજની ચુકવણી કરવામાં આવે છે. બહેનો સાંજે ઘરે જાય ત્યારે પાપડ વણવાનો સઘળો મસાલો લઈને જાય છે અને બીજે દિવસે પાપડ તૈયાર કરીને લાવે છે. આ સંદર્ભમાં કાચા માલનું વિતરણ પેકેજીંગ ચુકવણી વગેરે કામો માટે પણ નકકી કરેલા બહેનોને જવાબદારી ફાળવી દેવામાં આવે છે. આજે આપણે જેને બજારીકરણની પ્રક્રિયા કહીએ છીએ તે પ્રક્રિયા પણ આ મહિલા સંગઠનમાં પધ્ધતિસર રીતે અમલમાં મુકાયેલી છે. અને સંસ્થા પ્રાદેશિક અખબારો રેડિયા અને દુરદર્શનમાં પણ સ્પોન્સરશીપ થકી જાહેરાતો આપે છે. ૧૯૮૪ માં સ્વીડનથી આવેલા બાર બહેનોએ લિજ્જત પાપડની મહિલા શાખાઓને જુદા જુદા જૂથમાં બેસીને સંસ્થાકીય અભિવૃતિ માટેના સ્વૈચ્છિક પ્રયત્નોની પધ્ધતિ સમજાવી હતી.

લિજ્જત પાપડ સંગઠનની મોટી વિશેષતા એ છે કે સામાજીક ઉતરદાયિત્વના ક્ષેત્રે પણ જવાબદારી પૂર્વકની ભૂમિકા નિભાવી રહેલ છે. પછાત વિસ્તારોમાં પ્રાથમિક શાળા હોબી સેન્ટર તો મધ્યમ વર્ગના બહેનોમાં ટાઈપીગ રસોઈકામ સીવણકામ ભરતગુંથણ વગેરેના વર્ગોનું આયોજન પણ કરે છે. વાલોદ જેવા ગામડાની અંદર છેક ૧૯૭૯ માં મુખ્ય રસ્તાને જોડતો પાકો રસ્તો બનાવવામાં આવેલ હતો. ભૂકંપ સમયે મહારાષ્ટ્ર લાતુર જીલ્લાના ચીચોડી ગામમાં પુનવર્સનની કામગીરી ઉત્કૃષ્ટ અને યશસ્વી રીતે કરી હતી. તો ૨૦૦૧ કચ્છના ધરતીકંપ પછી પણ પુનવર્સનની કામગીરીમાં સંગઠનની સેવા નોંધપાત્ર રહી હતી. સ્વચ્છતા અભ્યાન ઉપરાંત આરોગ્ય સેવાના ક્ષેત્રોમાં સંસ્થાનું પ્રદાન બહુમૂલુ જોવા મળ્યું છે. સાક્ષરતા અભ્યાન ઓરિસ્સાના ગામડાઓમાં આ સંગઠન ખૂબ જ કુશળતાથી ચલાવ્યું છે.

માનવીય સંગઠન તરીકે કેટલીક સહજ મર્યાદાઓ પણ આ સંગઠનની કાર્યપધ્ધતિમાં જોવા મળેલ છે કે જેના કારણે કેટલીક વખત પરસ્પરના વિવાદના પ્રશ્નોનો ઉકેલ પણ કરવામાં આવે છે. અહી બહેનો જ કર્મચારી સંચાલિકા કે સંગઠકની ભૂમિકામાં હોવાથી સામાન્ય વ્યવહારમાં જોવા મળતાં કર્મચારી સંચાલનનાં પાયાના પ્રશ્નનો અલબત અહીં જોવા મળતાં નથી. અલબત વહેંચણીની સમાનતા હોવા છતાં કયાંક કેટલીક અન્યાયને લગતી ફરિયાદો જોવા જાણવા મળે છે. પરંતુ સંગઠનનો વ્યાપ અને સ્વરૂપના સંદર્ભમાં તે નગન્ય ગણાવી શકાય. વળી, કારખાના ધારા અન્વયે નોંધણી એકમ હોવાથી તેના સંબંધના મળતાં કેટલાંક લાભો પણ આ મહિલા કર્મચારીઓને મળતાં નથી. આ કેટલીક મર્યાદા હોવા છતાં વર્તમાન અધ્યક્ષા જયોતિબેન નાયક જણાવે છે તેમ ભારતના ૪૦ હજાર જેટલાં મહિલા સભાસદો અને તેમના કુંટુંબોને સલામત અને સ્વસ્થ જીવન

આપવામાં લિજ્જત પાપડ પાયાની ભૂમિકા ભજવે છે. એક સમયના લિજ્જતના અધ્યક્ષા રુક્ષ્મણીબેન પવારને સમાજના કાર્ય ઉત્કૃષ્ટ પ્રદાન બદલ સમ્માનિત કરવામાં આવે છે.

આજે જયારે મહિલાઓ સ્વાશ્રયના સંદર્ભ કટિબધ્ધ બનીને કામે લાગ્યા છે ત્યારે આ સંગઠન સશકિતકરણની દિશામાં આગવી પહેલ સમાન છે. સહકારીતાના ધોરણે સંગઠિત થઈને આર્થિક ઉત્કર્ષ માટેનો કેવડો મોટો પ્રયાસ થઈ શકે છે તેનું ઉતમ દષ્ટાંત આ સંગઠન આપણને પૂરૂ પાડે છે.

## ૫.૮ મહિલા ઉદ્યોગ સાહસિકતા

### સુલોચના નાડકર્ણી :– (૧૯૮૩)

પૂણે શહેરના સામાજિક આર્થિક સર્વેક્ષણ અભ્યાસ હાથ ધરવામાં આવેલ અભ્યાસમાં મહિલા ઉદ્યોગ સાહસિકતાના વિષયને ખાસ ધ્યાનમાં લેવામાં આવેલ. છેક ૧૯૬૯માં પુણે શહેરમાં ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ ડેવલપમેન્ટ એન્ડ રીસર્ચ દ્વારા સમગ્ર મહારાષ્ટ્ર રાજયના ૧૫૦ જેટલા મહિલાઓ માટે વિશિષ્ટ કાર્યશાળાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યશાળામાં ભાગ લીધેલા કેટલાક બહેનો ઉપરાંત અન્ય તજજ્ઞો સાથે રૂબરૂ મુલાકાતો દ્વારા પૂણે અને આસપાસના મહિલા ઉદ્યોગ સાહસિકતાના વલણો અંગેનો અભ્યાસ ૧૯૮૧–૮૨ના સમયગાળા દરમિયાન કરવામાં આવેલ. ૭૫ જેટલા મહિલા સાહસિકોનો આ અભ્યાસ અંતર્ગત સંપર્ક કરવામાં આવેલ હતો. આ પસંદ કરવામાં આવેલ ૭૫ મહિલાઓને મુખ્યત્વે ૧૫ જેટલા વિભાગમાં વિભાજીત કરવામાં આવેલ જેમાં ઈજનેરી, ઈલેકટ્રોનીકસ, ફેબ્રીકસ, ખાદ્ય, તૈયાર વસ્ત્ર, મરઘા બતકા ઉછેર, હસ્ત ઉદ્યોગ, નર્સરી, રમકડા, સાબુ, પ્લાસ્ટીક સામાન, ઔષધી, પેઈન્ટીગ તેમજ પરચુરણ ઉદ્યોગોનો સમાવેશ થતો હતો. ૭૫ પૈકીના ૧૮ જેટલા ઉત્પાદકીય ચીજવસ્તુના ઉદ્યોગ સાથે અને ૫૭ જેટલા વપરાશી ચીજવસ્તુના ઉદ્યોગ સાથે જોડાયેલ હતા. આ અભ્યાસમાં ઉત્પાદકીય ચીજવસ્તુના ૧૮ જેટલા મહિલાઓ પૈકી ૮૩ ટકા બહેનો ધંધાકીય કુટુંબના હતા જયારે ૫૭ જેટલા બહેનોના ૬૩ ટકા બહેનો ધંધાકીય કુટુંબના હતા. ૭૫ પૈકી ૫૧ બહેનોના પતિ અથવા પિતા ધંધા સાથે સંલગ્ન હતા. મોટા ભાગના બહેનોના પતિ કે પિતા સુશિક્ષિત હતા. આ બહેનોને પોતાનુ કુટુંબ નાનુ હતુ. મોટા ભાગના બહેનોને પ્રારંભિક તબ્બકે વધુમાં વધુ સંઘર્ષનો અનુભવ થયો હતો. જે પૈકીના ૧૮ બહેનો એવા હતા કે જેમને ધંધાકીય સંદર્ભે કોઈજ પ્રકારનો અનુભવ ન હોવા છતા પ્રારંભિક તબ્બકાની સમસ્યાઓમાંથી સરળતાથી પાર થઈ શકયા હતા. આ મહિલાઓ પૈકીના ૮૦ ટકા બહેનોએ ગૃહસ્થી મહિલા અને ઉદ્યોગ સાહસિક એમ બેવડી ભૂમિકાનો સ્વિીકાર કર્યો હતો અને લગ્ન જીવનને પણ ધ્યેય તરીકે સ્વિકારેલ હતુ. અલબત આ મહિલાઓ પૈકીના ૬૦ ટકા મહિલાઓના મત મુજબ જો પરિણિત મહિલાના પતિનો વ્યવસાય બદલીપાત્ર હોયતો તેવા બહેનોને સાહસિકતાના પ્રયત્નો અથવા તો નાના સાહસને સંકેલી લેવુ પડે છે. ઉપરાંત પરિણિત મહિલા હોવાના નાતે બહેનોએ ધંધાકીય સાહસની પસંદગીમાં પ્રથમથી જ કાળજી રાખવી જોઈએ.

ભૂમિકા સંઘર્ષના પ્રશ્નોની સમજ મહિલા સાહસિકોએ પ્રશ્નથી જ કેળવવી જોઈએ અને તદ અનુરૂપ જ સાહસની પસંદગી કરવી જોઈએ. અલબત મહિલાઓની ઉપક્રમશીલતા પુરૂષોની રોજી ઉપર તરાપ મારે છે તે દલીલ ૭૫ ટકા જેટલા બહેનોને અસ્વીકાર્ય હતી.

આ અભ્યાસમાં મહિલા સાહસિકોના પ્રશ્નો મુખ્યત્વે બે પ્રકારના જોવા મળ્યા હતા. કેટલાક પ્રશ્નો સામાજિક વલણથી પ્રશ્નો છે. જેમાં સમાજનુ એકદંરે મહિલા સાહસિકો માટેનુ વલણ નો બીજી તરફ સ્થિતિ લક્ષી પ્રશ્નો જેમાં સાહસિકતાના સંદર્ભમાં જે ક્ષેત્ર જે સ્થળે સાહસની પસદંગી કરે તે સ્થળની કામની સ્થિતિનો પ્રશ્ન મુજબ છે. આ સદંર્ભમાં પ્રસ્તુત અભ્યાસમાં એવુ સ્પષ્ટ જોવા મળેલ કે, મોટા ભાગે મધ્યમ વર્ગના બહેનોના વલણો સાહસિક બન્યા પછી પણ પરંપરાગત વધુ જોવા મળેલ છે. જયારે જે કુટુંબમાં મહિલા સાહસિતા માટે સાનુકૂળ વ્યવસાયિક કારકીર્દીને આવકાર્ય ગણવામાં આવે છે. ભારતીય સમાજમાં ગૃહિણીના મૂળ આદર્શને અગ્રીમતા હોવાથી જયાં સુધી ''બાળ સંભાળ'' અંગે નકકર સ્વરૂપના વૈકલ્પિક સંસ્થાકીય વ્યવસ્થા ન ગોઠવાય. ત્યાં સુધી પ્રશ્નો જટીલ રહેવાના. જેમ સામાન્ય સંજોગોમાં અન્ય પુરૂષ સાહસિકોને તાલીમ પ્રબંધ, નણા પ્રબંધના બજાર પ્રાપ્યતા જે પ્રશ્નો મુંઝવે છે. તેવા જ પ્રશ્નો આ મહિલા સાહસિકોને પણ મુંઝવે છે. પરંતુ આ બધાજ પ્રશ્નોની અપેક્ષાએ એક વિશિષ્ટ પ્રકારનો પ્રશ્ન બેવડી ભૂમિકાનો પ્રશ્ન મહિલા સાહસિકોને ખાસ મુંઝવે છે. (સંદર્ભ– ''વિમેન એન્ટરપ્રિન્યોસ–સાંસીયો ઈકોનોમીક સ્ટડી ઓફ પુણે''–મે ૧૯૮૩–ટાઈમ્સ ઓફ ઈન્ડીયા)

જી. કુમાર (''વિમેન એન્ટરપ્રિન્યોસી–ડેવલપમેન્ટ ઈન ઈન્ડીયા–ધી ઈકોનોમીક ટાઈમ્સ–એપ્રીલ ૨૯–૧–૧૯૮૬)

શ્રી જી કુમારે ભારતના કેટલાક વિસ્તારોમાં (પ્રાંતોમાં) મહિલા ઉદ્યોગ સાહસિકતાના સંબંધમાં થયેલી પ્રગતિ અને જોવા મળતા વલણોનો અભ્યાસ કર્યો હતો. સામાજિક કલ્યાણની વિવિધ યોજનાઓના ભાગરૂપે મહિલાઓની ઉન્નતી અર્થે જે પ્રયત્નો સમયાનુસાર હાથ ધરવામાં આવેલા તે પૈકીના એક ઉદ્યોગ સાહસિકતા સંબંધી છે.

આંધ્રપ્રદેશમાં મહિલાઓના વિકાસ કાર્યક્રમોના સંદર્ભમાં છેક ૧૯૭૫ થી ઉદ્યોગ સાહસિકતા અંગેના પૃથ્થક પ્રયત્નોની કડી સાંપડે છે. ખાસ કરીને આ દિશામાં સંસ્થાકીય ગઠનોને વિશેષ મહત્વ આપવામાં આવ્યુ હોય તેવુ જોવા મળે છે. આંધ્રપ્રદેશ મહિલા સહકારી નાણા પ્રબંધ નીગમ તે એક મહત્વનુ કદમ હતુ. વિવિધ આર્થિક પ્રવૃતિઓના ક્ષેત્રોમાં બહેનો વિશેષ માત્રામાં જોગવાઈ શકે તેવા ક્ષેત્રોમાં મહિલાઓની હિસ્સેદારી વધે અને તે દ્વારા મહિલાઓ વ્યવસાયિક કામગીરી થકી ઉત્પાદકતાના ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરે તેવા હેતુથી આ નિગમની રચના કરવામાં આવી હતી. મહિલાઓ જે ક્ષેત્રમાં પદાર્પણ કરે તેવા ક્ષેત્રોને બહોળા પ્રમાણમાં પ્રસિદ્ધિ આવી. તે ચીજવસ્તુઓના ઉત્પાદનના બજારી કરણ અંગે વિજ્ઞાપન પ્રદર્શિત વિગેરે સહિતના આ પ્રયત્નો આ સંસ્થાકીય ગઠનોના વિશાળ હેતુઓમાં સમાવી લેવામાં આવેલ.

સંગઠીત સ્વરૂપે માન્ય આર્થિક પ્રવૃતિઓ દ્વારા નારિ ગૌરવના પ્રતિસ્થાનને આ નિગમે પડકાર યુકત કામગીરી સમયને તે દિશામાં નકકર પ્રયત્નો દ્વારા તે ધ્યેયની પરિપૂર્તી માટે વિશેષ કાળજી લેવામાં આવી હતી. તે કાળે (૧૯૮૬) આ સંગઠન જેવુ એક અન્ય સંગઠન ''સેવા'' કાર્યરત હતુ. જેમાં તે સમયે ૧૦,૬૬૭ મહિલા સભ્યો નોંધાયેલા હતા અને સુચારૂ વહિવટ માટે ચુંટાયેલા એવા ૧૫૩ મહિલા સભ્યોનુ બોર્ડ પણ કાર્યરત હતુ. આ સંગઠનની સક્રિયતાની તીવ્રતામાં આજે ઉલ્લેખનીય વધારો થયેલો જોવા મળે છે.

જી. કુમારના અભ્યાસમાં આવોજ બીજો દાખલો દક્ષિણના જ તામીલનાડુ રાજયનો છે. તામીલનાડુ વિસ્તારમાં બહેનો ખેતી ક્ષેત્રે સખત મજૂરી કરતા જોવા મળ્યા હતા. કૌશલ્ય પૂર્વકના ખંતથી જો ખેતીની માવજત કરવામાં બહેનો ઉત્સાહ દાખવતા હોયતો આવા બહેનોના આ જૂસ્સાને પ્રોત્સાહીત કરવાના હેતુથી ચોકકસ પ્રકારના પ્રયત્નો કરવામાં આવ્યા.

બહેનો ખેતીના સંદર્ભે ઘણો સમય તદ્દન બેરોજગાર પણ જોવા મળતા હતા. આથી તામીલનાડુના કોઈમ્બતોર જિલ્લાના ''માતનાર સંગમ'' અને ''સત્ય મંગલમ'' તાલુકાએ આયોજિત વિકાસના ભાગરૂપે વિસ્તરણ સેવાના કાર્યક્રમો હેઠળ મહિલાઓને પોષણ યુકત આહાર થકી તેમની સક્ષમતા વધે તે પ્રકારના કાર્યક્રમો હાથ ધર્યા. આ વિસ્તારમાં પશુપાલનના ક્ષેત્રે બહેનો વિશેષ સક્રિય જોવા મળેલ. હરિયાળી ક્રાંતિના પ્રારંભિક તબકકા થકી બીજા તબકકામાં શ્વેત ક્રાંતિ સમયે ઈરોડ તાલુકામાં પશુપાલકો તરીકે ભાઈઓની સરખામણીમાં બહેનો વધુ સંખ્યામાં જોવા મળતા હતા. જંતુનાશક દવા વિવિધ સુવિધાના સંદર્ભમાં વિવિધ પ્રકારની જાળવણીની કામગીરીમાં બહેનોની ઉધમશીલતાને પારખીને તે વિસ્તારમાં કાર્યરત કૃષિ વિશ્વવિદ્યાલય દ્વારા વિસ્તરણ સેવાના ભાગરૂપે બહેનો માટે આ દિશાના ખાસ કહી શકાય તેવા તાલીમ વર્ગનુ આયોજન કરવામાં આવેલ હતુ.

### ૫.૯ મહિલા ઉદ્યોગ સાહસિકતા તાલીમ એક દષ્ટિપાત :–

ઈ.સ. ૧૯૭૬માં ચંડીગઢમાં કાર્યરત એવા લઘુઉદ્યોગ સેવા સંસ્થાન દ્વારા સૌ પ્રથમ કહી શકાય તેવા સુગ્રથીત તાલીમ વર્ગનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. લગભગ ૬૦ જેટલા પરિણિત તેમજ યુવાન અપરિણિત બહેનોને એક સપ્તાહની તાલીમ આપવામાં આવી હતી. આ પૈકીના ૭૦ ટકા થી વધુ બહેનો શિક્ષિત હતા. તાલીઆર્થી મહિલાઓમાં ૩ શારિરિક રીતે અપંગ બહેનોનો પણ સમાવેશ થતો હતો. મિણબતી, સાબુ, કપડા ધોવાનો પાવડર, ભરત ગુંથણ, ફર્નીચરની મરમ્મત, ખાદ્ય પદાર્થોની જાળવણી જેવા ઉદ્યોગોથી સુવાહીતગાર કરીને સંદર્ભે તેઓને મુખ્યત્વે તાલીમ આપવામાં આવેલ.

ગુજરાતમાં ઈ.સ.૧૯૭૫ થી ૭૭ના ગાળામાં બે નાના તાલીમી કાર્યક્રમો મહિલાઓ માટે ભાવનગર અને અમદાવાદમાં યોજવામાં આવેલ. આ બન્ને નાના તાલીમ કાર્યક્રમોને મળેલ વ્યાપક પ્રતિસાદથી પ્રોત્સાહિત થઈને ગૃહ ઉદ્યોગના સંદર્ભે બહેનોના તાલીમ વર્ગનું આયોજન ઈ.સ. ૧૯૭૮માં અમદાવાદ ખાતે ફરીથી

કરવામાં આવેલ હતુ. આ તાલીમ વર્ગની વિશેષતા એ હતી કે તાલીમાર્થી બહેનો પૈકીના ૨/૩ થી પણ વધુ તેઓને નાના નાના સાહસોમાં રહેલી આંટી ઘુટી જટિલતા જાણવા સમજવા અને તેને સુલટાવવાની વિવિધ પ્રક્રિયાઓમાં વિશેષ ઉત્સાહ બતાવ્યો હતો.

રાજયના ચાર મહત્વના નાણા નિગમના સંયુકત ઉપક્રમે ૯૦ દિવસ માટે યોજાયેલ તાલીમ કાર્યક્રમ માટે અગાઉથી આપેલ વિજ્ઞાપનના સંદર્ભમાં ૧૭૮ આવેદનપત્રો ભરાવ્યા હતા. જે પૈકીના ૭૩ બહેનોને પસંદગી અમે બોલાવવામાં આવેલ અને તેમાંથી ૩૧ બહેનોને તાલીમ માટે પસંદ કરવામાં આવ્યા હતા.

તાલીમ માટે પસંદ કરવામાં આવેલા ૩૧ બહેનો પૈકી ૬ બહેનો ઘરઆંગણે અથવા વસાહતમાં નાના એકમો માટે ઉત્સુક હતા. ૬ બહેનો બ્યટી પાર્લર શરૂ કરવા ઈચ્છતા હતા. ૭ બહેનો તૈયાર વસ્ત્રોમાં, ૪ બહેનો છાપકામ અને ૨ બહેનોને મશાલા વિષયક બાબતોમાં આગળ વધવાની તૈયારી ઈચ્છા હતી. તાલીમાર્થી બહેનોની બે વિશેષતાઓ જોવા મળી હતી. ૧. આ તાલીમાર્થી બહેનો પૈકી મોટાભાગના શિક્ષિત હતા. કુશળ તા ધરાવતા હતા અને ૨. કેટલાક બહેનોને કૌટુંબિક વાતાવરણ ધંધા કે વ્યપારની પ્રવૃતિ માટે વિશેષ પ્રોત્સાહક હતુ.

આ તાલીમાર્થી બહેનો કૌશલ્યના સંદર્ભે ઓછી ઉણપ ધરાવતા હતા. પરંતુ ધંધાકીય પાસાઓની સર્વગ્રાહીતા અંગે તેઓ પાસે ઓછુ જ્ઞાન હતુ અને થોડી નકકર દિશા સુઝનો અભાવ હતો. મોટા ભાગના બહેનોને હિસાબી આંટીઘુટી, વ્યવસ્થાપન, કાચા માલની પ્રાપ્યતા, ઉત્પાદન નિયંત્રણ, વ્યાપાર સંબંધી કાનૂની પાસાઓની ખુબજ મર્યાદિત માહિતિ જોવા મળી હતી.

તાલીમના સમયગાળાના પ્રથમ ૬૦ દિવસમાં ભાવિ પ્રકત્વો અંગેની નકકર દરખાસ્તો તૈયાર કરવામાં બહેનો પ્રશંશનીય રીતે આગળ વધેલી જોવા મળી હતી. લગભગ બધાજ તાલીમાર્થી બહેનોમાં સામાન્ય રીતે મહિલાઓમાં વ્યવસાયિક બાબતો અંગે જે સંકોચ કે ક્ષોભ જોવા મળતા હોય તેનો બિલકુલ અભાવ હતો. તે પણ તેમનુ મોટુ જમા પાસુ હતુ. વળી બધાજ તાલીમાર્થી બહેનોના પ્રતિસાદમાં એક સામ્યતા એ પણ જોવા મળી હતી કે ''ગૃહકાર્યના થાક કે કંટાળાને દૂર કરવાના ઓછો કરવાના હેતુથી નહી પરંતુ સ્વકૌશલ્ય શૈક્ષણિક સજજતાને ઉત્પાદકીય હેતુથી પ્રયોજવાના સંદર્ભે તેઓ ધંધાકીય સાહસમા આગળ વધવા માગતા હતા.

સ્ત્રીઓમાંના વ્યાવસાય–સાહસિકતા વિકાસને સ્ત્રીઓની આર્થિક અધિકાર સંપન્નતા માટેનો સંભવિત અભિગમ લેખી શકાય. વ્યાવસાય–સાહસિક તરીકેનું સ્ત્રીનું સ્થાન માત્ર કામદાર સ્ત્રી કરતાં આર્થિક રીતે વધુ શકિતવંત છે, કારણકે તેની માલિકી તેને ઈસ્કામત (અને જવાબદારી) નું નિયંત્રણ જ બક્ષતી નથી, તેને નિર્ણયો લેવાનું સ્વાતંત્ર્ય પણ આપે છે અને આ કારણે તેનો સામાજિક મોભો પણ સારી પેઠે ઉન્નત થાય છે. તદ્‌પરાંત, વ્યવસાય–સાહસિકતા દ્વારા સ્ત્રી પોતાને માટે આવક ઊભી કરે છે એટલું જ નહિ, વિસ્તારની અન્ય સ્ત્રીઓ માટે પણ રોજગારી ઊભી કરે છે.

વ્યવસાય–સાહસિકતા જટિલ અને બહુઆયામી ઘટના છે. આર્થિક સુધારાઓ પછી ભારતીય

શ્રમબજારોમાં—ક્ષેત્રોમાં—કામદારની લાયકાત, કામનાં સ્વરૂપો અને કામ માટેના કરારોના સંદર્ભે ઘણાં પરિવર્તનો થયાં છે. આ પરિવર્તનોએ ભારતીય અર્થક્ષેત્રે વ્યવસાય—સાહસિકતાની રૂપરેખા તથા મહત્વમાં વૃદ્ધિ કરી છે. વ્યાવસાયિક અને સંચાલકીય કામોમાં સ્ત્રીઓની વૃદ્ધિ થઈ હોવા છતાંય વ્યવસાય—સાહસિકમાં લૈંગિક ભેદ મહત્વનો રહ્યો છે.

ભારતમાં, સ્ત્રીઓની વ્યવસાય—સાહસિકતાને માત્ર પ્રાસંગિક વ્યવસાય—સાહસિકતા માનવાને બદલે અનિવાર્ય વ્યવસાય—સાહસિકતા માની શકાય.

સ્ત્રીઓની માતૃત્વની સવિશેષ જવાબદારી તથા કુટુંબની આવકમાં પૂરક બનવામાં તેમનાં વલણ વ્યવસાય—સાહસિક પ્રવૃતિઓમાં વધુ પ્રેરણા આપે છે.

## ૫.૧૦ ભારતમાં સ્ત્રી વ્યવસાય—સાહસિકો :

ભારતમાં ઘણી ઓછી સ્ત્રી વ્યવસાય—સાહસિકો મોટા વ્યવસાયિક સાહસોમાં છે. તેઓ મુખ્યત્વે લઘુ ઉદ્યોગ ક્ષેત્ર સાથે જ સંકળાયેલી છે.

લઘુ ઉદ્યોગ ક્ષેત્રમાં ભાગ લેતી સ્ત્રીઓનું ત્રણ પ્રકારે વિભાજન થઈ શકે –

– વ્યવસાય—સાહસના માલિક તરીકે સ્ત્રી
– વ્યવસાય—સાહસના સંચાલક તરીકે સ્ત્રી
– કામદારો તરીકે સ્ત્રી

લઘુ ઉદ્યોગ ક્ષેત્રની માલિકી અંગે એમ કહી શકાય કે એક કે વધુ વ્યવસાય—સાહસિક સ્ત્રીઓ દ્વારા સંચાલિત થતું યોગ્ય કાર્યક્ષત્ર અથવા જેમાં તેની/તેમની વ્યકિતગત કે સંયુકત શેર મૂડી ભાગીદારો/શેર ધારકો/પ્રાઈવેટ લિમિટેડ કંપનીના ડિરેકટરો/સહકારી મંડળીના સભ્યો તરીકે ૫૧ ટકાથી ઓછી ન હોય તે ' સ્ત્રી સાહસ' કહેવાય.

ભારત સરકારના લઘુ ઉદ્યોગ ક્ષેત્રના વિકાસ કમિશનર દ્વારા થયેલી લઘુ ઉદ્યોગ ક્ષેત્રની ત્રીજી જનસંખ્યા ગણતરી પ્રમાણે એમ અંદાજાયું છે કે સ્ત્રી સાહસોની કુલ સંખ્યા ૧૦,૬૩,૭૨૧ છે અને તે સમગ્ર દેશની કુલ લઘુ ઉદ્યોગ ક્ષેત્રની સંખ્યાના ૧૦.૧૧ ટકા છે. આમાંથી લગભગ ૧૩ ટકા નોંધાયેલા લઘુ ઉદ્યોગ ક્ષેત્રમાં છે અને બાકીના ૮૭ ટકા બિનનોંધાયેલા ક્ષેત્રમાં છે. ખરેખર, સ્ત્રીઓ દ્વારા સંચાલિત થતા સાહસોનો અંદાજ હતો ૯,૯૫,૧૪૧ (એટલેકે કુલ લઘુ ઉદ્યોગ ક્ષેત્રના ૯.૪૬ ટકા). તેમાંના મોટા ભાગના (૮૮.૫ ટકા) બિનનોંધાયેલા ક્ષેત્રમાં છે. લઘુ ઉદ્યોગ ક્ષેત્રમાં સ્ત્રી કામદારોની કુલ સંખ્યા ૩૩,૧૭,૪૯૬ છે (એટલે કે કુલ રોજગારીના ૧૩.૩૧ ટકા). બિનનોંધાયેલા લઘુ ઉદ્યોગ ક્ષેત્રમાં કુલ રોજગારીના ૧૨.૪૮ ટકા જેટલા સ્ત્રી રોજગારીના હિસ્સાની તુલનામાં નોંધાયેલા લઘુ ઉદ્યોગ ક્ષેત્રમાં તે ૧૫.૮૧ ટકા છે.

રોજગારીના સંદર્ભે સ્ત્રી સંચાલિત એકમોનો હિસ્સો ૭.૧૧ ટકા છે. એક લાખ રૂપિયા રોકાણ કરેલા

સ્ત્રી સંચાલિત એકમોમાં રોજગારીનો હિસ્સો ૨.૪૯ ટકા.

### ૫.૧૧ સરકારની ભૂમિકા :

સમાજ–પરિવર્તન તથા વિકાસના માધ્યમ તરીકે સ્ત્રીઓને અધિકાર સંપન્ન બનાવવાની અનેક પ્રવૃતિઓ દસમી પંચવર્ષીય યોજના (૨૦૦૭–૦૭)એ ચાલુ રાખી છે. આ હેતુસર ત્રિવિધ પ્રયુકિતઓયુકત વિશિષ્ઠ ક્ષેત્ર અપનાવ્યું છે.

### (૧) સામાજિક અધિકાર સંપન્નતા :

સર્વ પ્રત્યે સરળ અને સમાન અભિગમમાર્ગની જોગવાઈ કરવા ઉપરાંત સ્ત્રીઓના વિકાસની વિવિધ સકારાત્મક નીતિઓ અને કાર્યક્રમો દ્વારા પ્રોત્સાહક વાતાવરણ ઉત્પન્ન કરવું કે જેથી સ્ત્રીઓ તેમની સંપૂર્ણ શકિતમત્તા જાણવા સમર્થ બને.

### (૨) આર્થિક અધિકાર સંપન્નતા :

સર્વ શકિતશાળી સ્ત્રીઓને સ્વતંત્ર અને આત્મવિશ્વાસુ બનાવવાના અંતિમ ધ્યેય સહિત આગળ –પાછળની કડીઓ સાથે તાલીમ, રોજગારી અને કમાણીની પ્રવૃતિઓની જોગવાઈની ખાતરી આપવી.

### (૩) લૈંગિક ન્યાય :

સર્વ પ્રકારના લૈંગિક ભેદભાવોને દૂર કરવા અને આમ રાજકીય, આર્થિક, સામાજિક, નાગરિક, સાંસ્કૃતિક વગેરે ક્ષેત્રોમાં માત્ર તેમના અધિકારની રૂએ નહિ પણ સાચેસાચી રીતે અધિકારો અને મૂળભૂત સ્વતંત્રતા પુરૂષો સાથે સમાનપણે આનંદવાની, ભોગવવાની છૂટ સ્ત્રીઓને આપવી. સ્ત્રીઓને અધિકાર સંપન્ન બનાવવા સરકાર નીચેના પગલાં લે છે :

(૧) અન્ય વિકાસ ક્ષેત્રોમાંથી સ્ત્રીઓને ફાળાના/લાભોના ૩૦ ટકા મળે તેવી ખાતરી કરવવા વિમેન કોમ્પોનન્ટ પ્લાન સ્ત્રી ઘટક યોજનાની ખાસ પ્રયુકિત અપનાવવી.

(૨) સ્ત્રીઓને જાત મહેનત કરતા સમૂહમાં સંયોજિત કરી, તેમને નોકરી કરવાની અને કમાણીની સભાનતા તાલીમ, રોજગાર દ્વારા આપી, તેમને નાના સાહસિકો સાથે ભેળવવા. આ માટે ભારતીય મહિલા યોજના જે પુનર્યોજિત થઈ સંકલિત બની છે તે અને ગ્રામીણ સ્ત્રીની અધિકાર સંપન્નતા અને વિકાસ યોજના જેવા કાર્યક્રમો આરંભાયા છે. નવમી પંચવર્ષીય યોજનાનું ધ્યેય હતું ૫૦,૦૦૦ સમૂહો ઊભી કરવાનું. તેને બદલે લગભગ આઠ લાખ સ્ત્રીઓને લાભ આપતાં ૩૭,૦૦૦થી વધુ સમૂહો સ્થપાયા હતાં.

(૩) તેમને આર્થિકપણે સ્વતંત્ર અને આત્મવિશ્વાસુ બનાવે એટલું જ નહિ, પણ તેમને કામમાં સક્રિયપણે ખૂંપવે તેથી, આવનાર અદ્યતન વ્યાપારમાં અનિવાર્ય તેવી પ્રયુકિતઓથી સ્ત્રીઓને સજજ કરવી, અને

(૪) નાના અને અતિ નાના ક્ષેત્રોમાં સ્ત્રી વ્યવસાય–સાહસિકો માટેની વિકાસશીલ બેંક સ્થાપવી અને તે દ્વારા ધિરાણ મેળવવાની તક વધારવી. રાષ્ટ્રીય મહિલા કોશ જેવી યોજનાની આ હેતુસર જ વૃદ્ધિ કરાઈ છે.

અનુગામી આર્થિક સુધારાઓના આ યુગમાં સ્ત્રીઓની અધિકાર સંપન્નતા ગરીબી દૂર કરવા અને અર્થતંત્રના સંપૂર્ણ વિકાસ માટે મહત્વની છે. સામાજિક અધિકાર સંપન્નતા દૂરગામી ઘટના હોવાથી સ્ત્રીઓની આર્થિક અધિકાર સંપન્નતા પર ભાર મૂકવાની અનિવાર્યતા છે. એક વાર સ્ત્રીઓ આર્થિક રીતે સ્વતંત્ર થશે કે તેઓ કુટુંબ તથા સમાજમાં અધીન રહેતાં બંધ થશે. વ્યવસાય–સાહસિકતા વિકાસ અથવા કમાઉ વ્યવસાય એજ સ્ત્રીને અધિકાર સંપન્ન કરવાનો સુગમ ઉકેલ છે. સ્ત્રી વ્યવસાય–સાહસિકોને સહન કરવા પડતા અવરોધોને ખ્યાલ માં રાખીને સ્ત્રી વ્યવસાય–સાહસિકતાના વિકાસ વિભાગે નિમ્નલિખિત મુદ્દાઓ સૂચવ્યા છે :

– સ્ત્રી વ્યવસાય–સાહસિકોએ નાનો પ્રારંભ કરવો જોઈએ પણ વિચાર વિશાળ હોવો જોઈએ. એક વાર પ્રાથમિક અવરોધો ઓળંગાય કે તેઓ પડકારોનો સામનો કરવા તથા જોખમ ઉઠાવવા વધુ આત્મવિશ્વાસુ બનશે. પાછળથી તેમના વ્યવસાયની ક્ષિતિજો વિસ્તારવી શકય છે.
– સાહસ પ્રારંભતાં પહેલાં થોડું પૂર્વજ્ઞાન કે થોડી પ્રયુકિત હોવી જોઈએ.
– પ્રારંભ કરતાં પહેલાં શકયતા તથા જોખમપાત્રતાનો અભ્યાસ કરવો જોઈએ.
– પ્રારંભ માટે થોડી મૂડી હોવી બહેતર.
– ઉપલબ્ધ સંસાધનો (માનવીય અને ભૌતિક બન્ને)નો સરળતાથી ઉપયોગ કરવો જોઈએ.
– વિશિષ્ટ એજન્સીઓને (સંસ્થાઓને) ઉત્પાદન વેચવા આપી શકાય. પ્રારંભ કરવા માટે લાંબા સમયથી અસ્તિત્વ ધરાવતી કંપની સાથેનો સહકાર હંમેશાં બહેતર.
– જો વ્યકિતગત સાહસ સ્પષ્ટ ન હોય તો સ્ત્રીઓ જાત મહેનત કરતાં જૂથો કે સહકારી મંડળીઓ રચી શકે.

## ૫.૧૨ નવોદિત મહિલા ધંધાકીય સાહસિકો

(૧) અમદાવાદની એચ.એલ. કોલેજમાં અભ્યાસ કરતાં કરતાં માત્ર રૂા. ૧૫૦૦ ના માસિક વેતનથી સિલાઈકામ દ્વારા કારકીર્દિનો પ્રારંભ કરનાર યુવાન મહિલા ધંધાકીય સાહસિક દિપાલીબહેનનું નામ આજે અમદાવાદના આંગણેથી સુરત, વડોદરા, મુંબઈ, વારાણસી, જયપુર – રાજકોટ ઉપરાંત યુ.એસ.એ., યુ.કે., અને દક્ષિણ આફ્રિકામાં ગુંજે છે. ખાસ કરીને ઉચ્ચ મધ્યમ વર્ગ, શ્રીમંત વર્ગની નવોઢાઓ તેમના ડ્રેસ ડિઝાઈનના સંદર્ભમાં દિપાલીબહેન (જહાઆરા ફેશન સ્ટુડીયો) તેમના ખાસ ગ્રાહકો છે. હજી માત્ર ઈ.સ. ૨૦૦૪ માં જ અધિકૃત કહી શકાય તેવા ફેશન સ્ટુડીયોનો અમદાવાદમાં પ્રારંભ કરેલ છે. આજે રખીયાલ, કાળુપુર તથા જુહાપુરા જેવા વિસ્તારમાં તેમના વર્કશોપ આવેલા છે. જેમાં અંદાજે ૪૫ થી ૫૦ કારીગરો કામ કરે છે. મુળ ભુત રીતે ધો. ૬ઠ્ઠામાં પ્રાથમિક શાખાના વિદ્યાર્થીની હતા ત્યારે તેમણે સૌ પ્રથમ ડ્રેસ જાતે સીવેલ ત્યારથી જ

તેમનો આ શોખ કેળવાતો રહેલો છે જે ઉતરોતર આગળ વધતા આજે તેમને પ્રતિષ્ઠીત ધંધાકીય સાહસિકના દરજજા સુધી લઈ ગયેલ છે. તાજેતરમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મહિલા સાહસિકોને પુરસ્કૃત કરવામાં આવેલા તેમાં તેઓનો પણ સમાવેશ થતો હતો. અત્યાધુનિક ઈ.બીઝનેસ ટેકનોલોજીના માધ્યમનો ઉત્કૃષ્ટ ઉપયોગ તેઓ તેમના ધંધાકીય સાહસમાં કરતાં રહેલા છે. વ્યવસાયે ફેશન જર્નાલીસ્ટ એવા તેમના પતિ શ્રી હેમલભાઈ સાથે તેઓ ધંધાકીય ભાગીદાર બન્યા પછી બંનેએ જીવનમાં પણ ભાગીદારી સ્વરૂપે ઝંપલાવેલ છે. આજે અમદાવાદના મોટાભાગના પ્રતિષ્ઠીત ઔદ્યોગિક જુથોના પરિવારની યુવાના દીકરીઓ પત્નીઓ તેમના ખાસ ગ્રાહકો ગણાય છે. ફેશન ડિઝાઈન ઉપરાંત તેઓ સારા તાલીમબધ્ધ સંગીતકાર અને ભારત નાટય શાખાના નૃત્યાંગના તરીકે પણ કૌશલ્યપૂર્ણ કારકીર્દિ ધરાવે છે.

(૨) મુળ પરંપરાગત (રૂઢીગત) ગુજરાતી વાણીયાકુટુંબમાં જન્મેલ અને ઉછેર પામેલ જીજ્ઞાબહેન શાહનું નામ પણ આજે ફેશન ડિઝાઈનની દુનિયામાં ધંધાકીય સાહસના સંદર્ભે ખુબજ આદરથી લેવાય છે. 'રાવે' ના ધંધાકીય સાહસ સ્વરૂપે વિખ્યાત પેઢી છેલ્લા ૬ વર્ષથી ફેશન ડિઝાઈનના સંદર્ભમાં કાર્યરત છે. ઈ.સ. ૧૯૯૯ માં ફેશન ડિઝાઈનની સુવિખ્યાત સંસ્થા નેશનલ ઈન્સ્ટીટયુટ ફોર ફેશન ડિઝાઈનમાંથી અભ્યાસ પૂર્ણ કરીને તુરંત જ ધંધાકીય સાહસનો પ્રારંભ કરેલ છે. આજે ઘર આંગણે અને પરદેશના ડિઝાઈન હાઉસોને આ સંદર્ભે જરૂરી પુરવઠો પુરો પાડવાના ક્ષેત્રમાં ખુબ જ જહેમત પુર્વક કામ કરી રહયા છે. તદન અશિક્ષિત કારીગરો અને ધંધાકીય કુશળ ડિઝાઈનર્સ વચ્ચે સેતુરૂપ કામગીરીમાં તેઓ તેમની વ્યવહાર કુશળતાનો ઉપયોગ કરતાં રહેલા છે. આ નાણાકીય વર્ષના અંતે 'રાવે બુટીક' ને કંપની સ્વરૂપે સ્થાપીત કરવાના પ્રયાસો ચાલી રહેલા છે. હાલમાં તેમના વિખ્યાત ગ્રાહક પેઢીઓમાં સુનીલ શેટ્ટીનું 'મીસ ચીફ', ભારતમાં ચેઈન સ્ટોર્સ 'ઓગાન' મુંબઈમાં બ્રીચ કેન્ડી નજીકનું 'કેન્ડી' અને મુંબઈમાં પ્રેમસન્સ વિસ્તારમાં 'ઈટનીયા' વિગેરે મુખ્ય ગણાવી શકાય. નજીકના જ ભવિષ્યમાં બ્રાઝીલ, અમેરિકા અને મધ્યપૂર્વના દેશોમાં નિકાસ સંબંધોથી આ પેઢી જોડાઈ રહેલ છે. માનેકા ગાંધીના અહિંસા પીસ સિલ્ક સાથે પણ વિતરણ સંબંધે કરાર બધ્ધ થયેલ છે.

(૩) કૌટુંબિક વાતાવરણ અને ઘડતર વ્યકિતના આર્થિક ઉપક્રમશીલતામાં મહત્વનો ભાગ ભજવે છે. ૩૯ વર્ષના આશાબેન દવે અભ્યુદય સીન્થેટીકના નિયામક છે. તેઓ કહે છે કે કઠોર પરિશ્રમનો કોઈ જ વિકલ્પ નથી. તેમના પિતાજી દિલ્હીની એક કંપનીમાં કામ કરતાં હતાં અને ૧૯૮૭ માં સુરત ખાતે તેમની બદલી થઈ. પિતાશ્રીના પગલે પગલે યાર્ન મેન્યુફેકચરીંગ અંગે સાહસનો તેમણે નિર્ણય કર્યો. ૧૯૮૯માં પ્રતિમાસ પાંચ ટનની કેપેસીટી સાથે ૩૪ લાખના રોકાણથી આ સાહસનો પ્રારંભ થયો અને આજે પ્રતિમાસ વીસ ટન ઉપરાંતની ક્ષમતા ધરાવે છે. દઢ નિશ્ચય અને અડગ મનોબળથી ગમે તે વાતાવરણમાં સ્થિર થઈને કામ કરી શકાય છે. તે સંદર્ભમાં આશા બેનનો જાત અનુભવ ઉલ્લેખનીય છે. સુરતમાં બદલી થઈ તે વેળાએ એમ.એસ.સી. માં પ્રવેશની

કામગીરી પૂર્ણ થઈ હોવાથી મંત્ર સંસ્થામાંથી બી.એસ.સી. ટેકનોલોજીનો અભ્યાસ શરૂ કર્યો અને આ અભ્યાસક્રમમાં ભણતાં બે હજાર છાત્રો વચ્ચે તે એકમાત્ર મહીલા હતાં. પ્રાથમિક તબકકે માનસિક અકળામળ ને કારણે અભ્યાસ છોડવાનો નિર્ણય કર્યો હતો પરંતુ તેમના માતા–પિતા તેમના વિશ્વાસ ઉભો કર્યો અને બે વર્ષનું શિક્ષણ પૂર્ણ કર્યુ. ત્યારબાદ એમ.બી.એ. નો અભ્યાસ પણ પૂર્ણ કર્યો. નજીકના ભવિષ્યમાં ટોચના ઉદ્યોગપતિઓ સાથે મુલાકાત કરી સાહસિકતાની નવીન તકો વિશે જાણકારી મેળવી અને નવી પેઢીની બહેનોને ઉદ્યોગ સાહસિકતાના રસ્તે લાવવા માટે તેઓ કૃત નિશ્ચયી છે. ઉદ્યોગોની સામાજીક જવાબદારીને તેઓ સ્વીકારે છે અને આવનારા દિવસોમાં વૃધ્ધ અને અસહાય લોકો માટે કાયમી સ્વરૂપની નકકર યોજના મૂર્તિમંત કરવા સક્રિય છે.

(૪) સંયુકત કુંટુંબમાં રહીને કુંટુંબની વેપાર ધંધાની શાખને વિસ્તારવા માટે નાની ઉંમરની મહિલા પણ નકકર કામ કરી શકે છે. તેનું એક ઉજજવળ ઉદાહરણ અમદાવાદના શ્રેયાબેન લાવસી પાસેથી પ્રાપ્ત થાય છે. પ્રમાણમાં નાની ઉંમરે, કોલેજના બીજા વર્ષના અભ્યાસકાળમાં જ શ્રેયાબેનના લગ્ન સંયુકત વણિક કુંટુંબમાં થયા. નિયત ગૃહકાર્ય ઉપરાંત ધંધાકીય જવાબદારીઓને પાર પાડવાની તેમની ધગશ તેમને આગળ લઈ છે. અમદાવાદ શહેરમાં વિખ્યાત રેમન્ડ કંપનીનો શોરૂમ અને કંપનીના સોલ સેલીગની ભૂમિકામાં શ્રેયાબેન ખુબ જ યશસ્વી ગણાય છે. કુંટુંબની મહિલાઓ સાથે દરરોજ બપોરના ૪ થી ૬ નો સમય અચુક રીતે તેઓ ગાળે છે. સવારના સાડા પાંચથી દિનચર્યાનો પ્રારંભ કરનાર શ્રેયાબેન વિશ્વના બનાવથી સુપેરે વાકેફ રહે છે. ધંધાકીય સંદર્ભે વિવિધ વર્ગના ગ્રાહકોને સાંભળી તેમની લાગણી માંગણી ધ્યાનમાં સંચાલનમાં વખતો વખત આપમેળે જરૂરી ફેરફારો પણ કરે છે. તેઓને વિશ્વાસ છે કે સંયુકત કુંટુંબની આ વ્યાપારી સાહસ યાત્રા તેમના બંને સંતાનો પણ વણથંભી જારી રાખશે.

### ૫.૧૩ પ્રકરણ સાર :

વિકાસની પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારીને આજે શાસ્ત્રીય સંદર્ભે પણ મૂલવવાનાં પ્રયત્નો થતા રહેલા છે. ભારતમાં અને ગુજરાતમાં મહિલાઓ પણ કેવળ ઘર ન સંભાળતાં બહારની પ્રવૃતિઓમાં પણ અગ્રેસર જોવા મળેલ છે. ઐતિહાસીક રીતે પણ એવુ જોવા મળ્યુ છે કે સાહસીકોનાં જીવનમાં આવેલા સંઘર્ષોમાં બહેનોએ નિર્ણાયક ભૂમિકા ભજવીને સ્થિરતા લાવવાનાં પ્રયત્નો કર્યા છે. આ પ્રયત્નો વૈધાનિક સ્વરૂપના પણ જોવા મળ્યા છે. ઘર–ઘરમાં ગુંજતુ નામ લિજજત પાપડ એ વાસ્તવમાં મધ્યમ કક્ષાની કહેવાતી અશિક્ષિત બહેનોની કોઠાસૂઝ અને સહીયારી મહેનતું પરીણામ છે. આ સિવાય પણ બહેનોને અલગ રૂપે તાલીમ આપીને પણ આર્થિક ભૂમિકા માટેની જવાબદારી માટે પ્રવૃત કરેલા જોવા મળે છે. આજે તો ભારતમાં અને ગુજરાતમાં એવા નામાંકિત બહેનો છે કે જેઓ ભર યુવાનીના પ્રારંભકાળમાં જ તેમના ગૃહસ્થાશ્રમની સાથે સાથે ધંધાકીય એકમોને પણ ખૂબ જ કૌશલ્યપૂર્ણ માવજતથી શણગારતા રહેલા છે. કેટલાક કાનૂની અને સામાજિક પરીબળો આ દિશામાં હજી અંતરાયરૂપ છે પરંતુ મહિલાઓની સંગઠન ક્ષમતા આ અંતરાયોને નજીકના ભવિષ્યમાં દૂર કરી શકશે. તેમ અવશ્ય કહી શકાય.

**સંદર્ભસૂચી :**

1. સુલોચના નાડકર્ણી :– વિમેન એન્ટરપ્રિન્યોર સોસીયો ઈકોનોમીક સ્ટડી ઓફ પુણે ટાઈમ્સ ઓફ ઈન્ડીયા મે– ૧૯૮૩

2. જી. કુમાર વિમેન એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન ઈન્ડીયન ધી ઈકોનોમીક ટાઈમ્સ એપ્રીલ ૨૯, ૧૯૮૬

3. Business India :- Women in Indian Business special Issue November-2004

# પ્રકરણ – ૬

# ઉદ્યોગ સાહસિકતા– સર્વેક્ષણ અને પૃથ્થકકરણ


૬.૧ સર્વેક્ષણની ભૂમિકા

૬.૨ સાહસિકોનો પરિચય

૬.૩ પ્રાથમિક સર્વેક્ષણ અને પૃથ્થકરણ

૬.૪ પ્રકરણ સાર

# પ્રકરણ – ૬

# ઉદ્યોગ સાહસિકતા– સર્વેક્ષણ અને પૃથ્થકકરણ

## ૬.૧ સર્વેક્ષણની ભૂમિકા

ઉદ્યોગ સાહસિકતા મુળ જન્મ જાત ગુણ છે. તેવી સમજના અનુસંધાને અને તેના પ્રતિવાદ રૂપે રજુ થયેલા સિધ્ધાંતોના અનુસંધાને ઉદ્યોગ સાહસિકતાના ઈતિહાસની કેટલીક કડીઓ મેળવ્યા બાદ આ પ્રકરણમાં આપણે કેટલાંક ઉદ્યોગ સાહસિકો બહુ મોટા ગજાનાં ન હોવા છતાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારમાં આપમેળે સાહસિકતાથી આગળ આવેલા છે. તે પૈકીના કેટલાંકનો સંક્ષિપ્ત પરિચય મેળવીશું.

## ૬.૨ સાહસિકોનો પરિચય

સામાન્ય રીતે જે સમજ વ્યાપક રીતે પ્રવર્તમાન છે. કે ધરતીનો ખેડૂ સાહસિકતાનો પણ ખેડૂ છે. આ માન્યતાને અનુમોદન મળે તેવા સંખ્યાબંધ દષ્ટાંતો સૌરાષ્ટ્રની મહેનત કસ ખેડુ પ્રશ્નમાંથી મળી આવે છે. મુળ ખેતી કરતાં કરતાં આપબળે મહેનત અને સાહસના સમન્વયથી કોઠાસૂઝને કામે લગાડીને આજે બજારમાં કોઈપણ ટોચનું શિક્ષણ મેળવેલ નાગરીક જે સંપતિ કે દરજ્જો ધારણ કરે છે તેટલો જ અથવા તો તેના કરતાં પણ વધુ દરજ્જો ધારણ કરતાં હોય તેવા કેટલાંક સાહસિક ઉદ્યોગપતિઓના કે ધંધાર્થીઓના શબ્દચિત્ર મુલાકાતની ફલશ્રુતિ રૂપે અત્રે પ્રસ્તુત છે.

(૧) હાલમાં જામનગરમાં સ્થાયી થયેલા **શ્રી પ્રભુદાસભાઈ ભેંસદડિયા** મુળ **શિવા** ગામના તાલુકો **ભાણવડ**ના વતની છે. જેમના પિતા અને ભાઈઓ કેવળ ખેતી ઉપર નિર્ભર છે અને હતા તેવા શ્રી પ્રભુદાસભાઈ લૌકિક કહી શકાય તેવું ઔપચારિક શિક્ષણ ન મેળવ્યું હોવા છતાં જામનગરમાં સૌપ્રથમ ઓઈલ મિલથી ધંધાકીય સાહસનો પ્રારંભ કર્યો. સ્પર્ધાત્મકતા મુડીની અછત સંચાલન ક્ષમતાથી મર્યાદા જેવા વિવિધ કારણોસર પ્રાથમિક તબકકે સફળતા મેળવ્યા પછી આ ક્ષેત્રમાં ધીમે ધીમે નબળાં પડતાં ગયા પરંતુ નિષ્ફળતાના કારણે હિંમત હારવાને બદલે તેઓએ સાહસિકતાને વધુ કામે લગાડેલ અને જામનગર ખાતે નવા ધંધાની શોધ શરૂ કરી અને તેમને નવા ધંધા તરીકે ટાયર રીમોલ્ડના ધંધાને પસંદ કરી ઉદ્યોગ સાહસિકતા દાખવી પોતાની કૌટુંબિક આર્થિક બળ મળતાં અને ભાઈઓ અને કુંટુંબના સભ્યોની મદદથી ટાયર રીમોલ્ડના પાંચ કારખાના સ્થાપ્યા. જે સૌરાષ્ટ્રના જુદા જુદા વિસ્તારો જેવા કે ઉપલેટા, કોડીનાર, ઉના, તાલાલા, રાજકોટ જેવા શહેરોમાં ટાયર રીમોલ્ડના એકમોની સ્થાપના કરી. જેમાં દરેક જગ્યાએ પોતાના કુંટુંબના એક એક વ્યકિતને એકમની જવાબદારી સોંપી સામુહિક પ્રગતિ કરી. રાજકોટ ખાતે ટાયર રીમોલ્ડના કાચા માલની ખરીદી અને અન્ય ટાયર રીમોલ્ડના

એકમોને પણ કાચા માલના વેચાણની શરૂઆત કરી ટાયર રીમોલ્ડની મશીનરી બનાવવાનું એકમ શરૂ કર્યુ.

સામાન્ય રીતે પરંપરાગત પધ્ધતિથી ચાલતા સાહસો પેદાશ વૈવિધ્ય ધરાવતાં નથી તેવી પણ એક વ્યાપક સમજ છે. ઔદ્યોગિક સંચાલનની પરિભાષામાં જેને વૈવિધ્યકરણ કહેવામાં આવે છે તે પણ કોઠાસુઝ ભરેલાં સાહસિકો કરતાં રહયાં છે તેનું પણ ઉત્કૃષ્ઠ ઉદાહરણ પ્રભુદાસભાઈ પાસેથી જાણવા મળે છે. ખેતીમાંથી આવેલ અધીશેષને ટાયર રીમોલ્ડના ક્ષેત્રમાં રોકયા પછી શહેરીની આસપાસ મિલ્કતોની લે–વેચમાં ધ્યાન કેન્દ્રીત કરીને તેનો અધિશેષ આજે જામનગર શહેરમાં હોટેલ ઉદ્યોગમાં પદાર્પણ કરી વાપરેલ છે. **વિવિધ** નામથી જાણીતી હોટેલ શહેરના મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગના ઘરનાઓ માટે ખુબ જાણીતી બનેલી છે. સાહસની આ વણથંભી પ્રગતી હવે સૌરાષ્ટ્રના સીમાડા ઓળંગીને કચ્છમાં પ્રવેશેલ છે. કે જયાં તેમણે **ઓસ્ટ્રેલિયન કોકને પ્રોસેસ** કરવાનું એક નવું જ સાહસ શરૂ કરેલ છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે આ વિવિધ સાહસો કેવળ કૌટુંબિક સાહસનું જ ઉદાહરણ છે જેમાં માત્ર કુંટુંબના પોતાના જ સભ્યો સંચાલકીય જવાબદારીઓ સંપૂર્ણ રીતે નીભાવી રહેલા છે. અને કેવળ કૌટુંબીક ભાગીદારી સ્વરૂપની ધંધાકીય મિલ્કતોનું એક ઉત્તમ ઉદાહરણ આ સ્વરૂપે જોવા મળે છે. સાહસિક શ્રી પ્રભુદાસભાઈના પોતાના સંતાનો પણ આ સાહસોની ગુંથણીમાં રોકાયેલા છે અને વડીલોનું માર્ગદર્શન તેમજ કોઠાસુઝથી ધંધાના વિકાસને માટે પ્રતિબધ્ધ છે. **ઓછામાં ઓછું ઔપચારિક શિક્ષણ અને કોઈ જ પ્રકારની અધીકૃત તાલીમ ન હોવા છતાં એક માતબર ધંધાકીય એકમ તરીકે જામનગર શહેરમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલ છે.**

(૨) **શ્રી ખીમજીભાઈ ગોજીયા** મુળભુત રીતે **આહીર જ્ઞાતી**ના વંશજ છે. અને સામાન્ય રીતે આહીર જ્ઞાતી પશુપાલનને બાદ કરતાં બાંધકામ ડેરી ઉદ્યોગ કે ટ્રાન્સપોર્ટ જેવા વ્યવસાયમાં વધુ જોવા મળે છે. પરંતુ શ્રી ખીમજીભાઈ ગોજીયા માતબર ખેડુ હોવાથી ખેતીમાંથી પ્રાપ્ત થયેલ અધિશેષને ખેત આધારીત પ્રક્રિયા નવીન ઉદ્યોગમાં રોકવાની પહેલ તેમણે ઘણાં વર્ષો અગાઉ કરી મુળ જામનગર જીલ્લાના ભાટીયાના શ્રી ખીમજીભાઈએ જામનગર શહેરમાં **ગોજીયા ઓઈલ મીલ** શ્રી ધંધાકીય સાહસનો પ્રારંભ કર્યો. ધંધાકીય ગણતરીમાં કાબેલ અને સાહસના સુત્રધાર શ્રી ખીમજીભાઈએ **ગોજીયા ઓઈલ મીલ**ને પ્રગતિના પ્રથમ પગથિયા તરીકે ઓળ ખાવેલ છે. કેમકે ગોજીયા ઓઈલ મીલના સફળ અનુભવ પછી **રમેશ ઓઈલ મીલ** નામે બીજી ઓઈલ મીલ પણ તેઓએ જામનગરમાં શરૂ કરી અને આજે તેઓ ત્રણ ઓઈલ મીલના સફળ સુકાની તરીકે જામનગર વર્તુળ માં મોટી નામના ધરાવે છે. **ધંધાકીય સુઝ હોવા ઉપરાંત માનવીય સંબંધોની તેમની મીઠી માવજતને કારણે ધંધાકીય વર્તુળમાં આજે ઉચ્ચ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલ છે અને ઓઈલ મીલના ધંધાકીય સંગઠનમાં તેઓએ આગવું કૌવત બતાવીને ખુબ સારી ખ્યાતિ મેળવી છે.** તેમના કુંટુંબીજનો પણ આજ ક્ષેત્રને વધુ ઉંડાણથી ખેડવા માટે કટીબધ્ધ છે.

(૩) મુળ **આંમરણ પંથકના શ્રી ગણેશભાઈ કાસુન્દ્રા જામનગર** શહેરના **બ્રાશપાર્ટના** એકમોના ખુબ આદર ભર્યુ સ્થાન ધરાવે છે. મુળ ખેડુત કુંટુંબમાંથી આવતાં ગણેશભાઈ સાધારણ શિક્ષણ ધરાવતાં છે.

સતત મહેનત કરવાની નેમ, કશુંક નકકર કરવાની ધગશ અને ખુમારીવાળી પ્રકૃતિને કારણે ખેતીમાંથી હળવે હળવે બહાર આવી ધંધાકીયક્ષેત્રે બ્રાશપાર્ટના ધંધામાં તેઓએ ઝંપલાવ્યું. સૌપ્રથમ બ્રાશકામની મજુરીમાં તનમન પરોવ્યાં. જાણીતા ઔદ્યોગિક એકમમાં મજુરી કરીને બ્રાશપાર્ટની ઝીણામાં ઝીણી વિગતોથી વાકેફ થયા. ચીજવસ્તુની બનાવટ ઉપરાંત કાચામાલની ખરીદી અને વેચાણ બજાર અંગેની પણ પુરતી સમજણ મેળવી લીધી અને સમય આવ્યે મજુરીને તીલાંજલી આપી એક સ્વતંત્ર સાહસનો પ્રારંભ કર્યો. ધંધામાં આવતાં ચઢાવ ઉતારથી ચલિત થયા વગર એકધારી આ દીશામાં મહેનત જારી રાખી અને આજે એકાગ્રતા અને ખંતના પરિણામે નાના એકમ તરીકે પણ મોટી નામના મેળવી છે. એક કાળે મજુરી કામ કરતા શ્રી ગણેશભાઈ આજે જરૂર પડે મજુરી પણ કરીલે છે. પણ તેની સાથો સાથ પોતાની માલીકીની જ ભઠ્ઠીમાં ધાતુને ઓગાળી ઘાટ પાડી તૈયાર કરવા ઉપરાંત વેચાણ સંચાલનનું પણ સઘળું કામકાજ તેઓ કરતાં રહેલાં છે. આજના કોર્પોરેટ કલ્ચરમાં પેઢીનો વધતો જતો ખર્ચ એ સૌને માટે ચિંતાનો વિષય છે ત્યારે શ્રી ગણેશભાઈની આગવી સુઝ અને કૌશલ્યને કારણે ઓછા ખર્ચ વધુ વેપાર કરવાની તેમની પધ્ધતિએ સમગ્ર વ્યાપાર વર્તુળમાં ચાહના ઉભી કરી છે.

(૪) કુંટુંબમાં અનુભવવા મળતી આર્થિક મર્યાદાઓ વ્યકિતને નવી જ દિશા તરફ લઈ જાય છે. રાજકોટ જીલ્લાના ગોંડલ નજીકના વાસાવડના સતાણી કુંટુંબમાં છ ભાઈઓ દસ વીઘા જમીન ઉપર ઉપર ગુજરાન ચલાવે, જે એકદમ મુશ્કેલ પરિસ્થિતિ હતી. કુંટુંબના સૌથી મોટાભાઈ આ પરિસ્થિતિ પામીને વાસાવડ ગામ છોડી રાજકોટમાં મજુરી અર્થે આવ્યા. આજથી ત્રણ દાયકા પહેલાં રાજકોટમાં લેથ મશીનનું કામકાજ પુરબહારમાં ચાલતું હતું ત્યારે લેથ કામથી તેમણે પ્રારંભ કર્યો. મોટાભાઈની સાથે તેમના નાના ભાઈ જોડાયા અને સખત મજુરી કરી. ચાર–છ વર્ષ મજુરી કર્યા બાદ સ્વતંત્ર એવા લેથ મશીનથી ધંધાકીય સાહસનો પ્રારંભ કર્યો. ધીમે ધીમે આગળ વધતાં પચ્ચાસથી વધુ લેથ મશીનો વસાવ્યા. ૧૯૯૧ માં કૌશલ્ય પૂર્ણ કામગીરીથી તે સમયમાં ભાગ્યે જ કોઈને પરિચય હતો તેવી ટેકનોલોજી તેમણે વિકસાવી. સી.એન.સી. મશીનનો પ્રારંભ કર્યો તે સમયે તેમના આગળ શરૂઆતના તબકકે તેમણે આઠથી દસ મશીનો વસાવ્યા. **આજે સમગ્ર કુંટુંબ રાજકોટની અટીકા ખાતેની વસાહતમાં બે થી ત્રણ સ્વતંત્ર એકમો દ્વારા જે મુળે સતાણી ઈન્ડસ્ટ્રીઝના નામથી પરિચિત છે અને ઔદ્યોગિક વર્તુળમાં ખુબ જ મોટી ચાહના ધરાવે છે. ઉલ્લેખનીય એ છે કે પ્રમાણમાં નજીવી મુડીથી મજુરી કરતાં કરતાં ધંધાકીય સાહસમાં ઝંપલાવનાર આ કુંટુંબના છ પૈકી એક પણ ભાઈ માધ્યમિક શિક્ષણ પણ પૂરૂં કરેલા નથી. પરંતુ ધંધાકીય કાબેલીયતમાં પર પ્રાંતમાં પણ તેમની ગણના થાય છે.**

(૫) ખેતીક્ષેત્રે વસતારી કુંટુંબ હોય અને પ્રમાણમાં ટુંકી જમીન હોય ત્યારે રોજીરોટી માટે સાહસ કર્યાના જે દષ્ટાંતો સૌરાષ્ટ્રમાં જોવા મળે છે તે પૈકીનું બીજું ઉલ્લેખનીય નામ મુળ **મવડી** ગામના **જસમતભાઈ સોરઠીયા**નું છે. રોજીરોટી માટે ૧૬–૧૭ વર્ષની કુમળી વયે મવડીથી રાજકોટ આવી લોઢાના મશીનોની હેરાફેરી કરવાનું મજૂરી કામ એ તેમના સાહસનો પ્રાથમિક તબકકો ત્યારબાદ કારખાનાઓમાં બેસી બારીકાઈથી અવલોકન કરી

આપમેળે વિવિધ યંત્રોમાં વપરાતાં વાલ્વગોલા જેવા નાના ઉપકરણ બનાવવાની કામગીરીનો તેમણે પ્રારંભ કર્યો. પ્રાથમિક તબકકે મજુરી કામ પણ જાતે કરી ક્રમશઃ નાના કારીગરો રાખી તેમને આ અંગેનું માર્ગદર્શન આપી અને **શૈલેષ ઈન્ડસ્ટ્રીઝ**ના નામે એક સ્વતંત્ર એકમ તરીકે તેમણે રાજકોટની ઔદ્યોગિક વસાહતમાં પ્રભુત્વ મેળવ્યું. **સાત ચોપડીથી વધુ જેમણે શિક્ષણ મેળવ્યું નથી એવા જસમતભાઈ સોરઠીયા આજે ભારતીય રેલ્વેને, ઈન્ડીયન એરફોર્સને, બાંગ્લાદેશની રેલ્વેને તેમજ દુબઈની ઔદ્યોગિક પેઢીઓને આ વાલ્વ તૈયાર કરી તેની ઉપયોગીતા અને મહત્વ સમજાવી અને નિકાસ કરતાં રહેલા છે. રાષ્ટ્રીયકક્ષાના એવોર્ડ પણ તેઓ મેળવી ચુકયા છે. તેમના બંને સંતાનો પણ આ જ વ્યવસાયમાં આજે નકકર પ્રગતિ કરતાં રહેલા છે.**

(૬) કોઠાસુઝ સાહસિકતા અને હૈયાની હામ એવડી મોટી શકિત ઉભી કરે છે તેનું ઉદાહરણ એટલે લાભુબહેન. અંદાજે ૮૫ વર્ષ પહેલા કલાપી નગર લાઠી પાસેના ૫૦૦ માણસની વસ્તીવાળા ગામમાં જન્મે એક સ્ત્રી પાંચ વર્ષની ઉંમરે ભાઈઓ સાથે મુંબઈ ગઈ. ૮૦ વર્ષ પહેલાના મુંબઈના જીવનમાં ભણતર કરતા ગણતર – ચણતર ઉપર ધ્યાન વધુ હતુ. મુંબઈના વાતાવરણમાં એક સ્ત્રી જીવન જરૂરી વસ્તુ અને રસોઈમાં ધ્યાન કેન્દ્રિત કરે તે સ્વાભાવીક હતુ.

મરી મસાલા એ રસોઈનું હાર્દ ગણાય. મુંબઈના તે વખતના જીવનમાં મરચું, હળદર, ધાણાજીરૂ માટે ઘરે મહારાષ્ટ્રીયન બાઈઓને બોલાવી ખારણી દરતામાં ખાંડીને ઘરની જરૂરિયાત પુર્ણ થાય. લાભુબહેનની સાહસિક દ્રષ્ટિમાં મરી મસાલા એક વિશિષ્ટ બાબત બની. લગ્ન પછી છેક મુંબઈથી સૌરાષ્ટ્રના નાનકડા આટકોટ ગામમાં સાસરે આવવાનું થયું ૧૮–૧૯ વર્ષની ઉંમરના લાભુ બહેનના પતિ અનંતરાયભાઈ ને ૬૦ વર્ષ જુની કરીયાણાની એક નાનકડી દુકાન. વસ્તાર મોટો, આવક મર્યાદિત અને દુકાન નાની, લાભુબહેનની સાહસિક મનોવતિ અને આંતર સુઝને કારણે તેમણે તે વર્ષોમાં પતિને દરખાસ્ત કરી કે હું મરચા ના મસાલાનું ઉત્પાદન કરાવું અને તમે મુંબઈમાં તેનું વેચાણ કરવા જાવ. આ દરખાસ્તને તે સમયે અનુમોદન મળતા જ સ્ત્રી મજુરો રોકીને મસાલાનું ઉત્પાદન શરૂ થયુ.

આટકોટથી જસદણ બળદગાડીમાં મસાલા નો માલ મોકલવામાં આવ્યો. ત્યાંથી રેલ્વેમાં બુકીગ થાય. માલ મુંબઈ દાદાર સ્ટેશને પહોંચે અને અનંતરાયભાઈ માલ છોડાવી મુંબઈમાં ઘેર ઘેર ફરીને વેચાણ કરે. ઘર બેઠા ચોખ્ખો સારો માલ વ્યાજબી ભાવે પહોંચાડવાનો સિદ્ધાંત તે પાયાનો સિદ્ધાંત બન્યો. મસાલાનું વેચાણ વધતુ ગયુ. ઉત્પાદન વદ્ધિની જરૂરીયાત ઉભી થઈ. તે સમયે આંતર સુઝથી હાથ ઘંટીનો ઉપયોગ શરૂ કર્યો. સમય જતાં તેમાં આધુનિકરણ થયું. ઘંટીમાં બેરીંગ બેસાડીને શ્રમીકોનો શ્રમ હળવો કરવામાં આવ્યો. મજુરી પણ વધી.

૧૯૬૧ના વર્ષમાં આટકોટથી રાજકોટ સ્થળાંતર થયુ. રાજકોટના હાર્દ સમા ધંધાકીય વિસ્તારમાં ઉત્પાદનની શરૂઆત કરી. વેચાણની તક વિસ્તત થઈ. શહેરી ગ્રાહકોને નજર સામે રાખી તે પ્રકારે ઉત્પાદન

કરી ઘર બેઠા ચોખ્ખો માલ મળે તેની કાળજી લેવામાં આવી. જેના પરીણામે વિશ્વસનીયતામાં વધારો થયો. સાહસિકતાની ક્ષિતિજો વિસ્તરી ૧૯૯૫ સુધી આજી ઔદ્યોગિક ઝોનમાં અને ૧૯૯૬ થી મેટોડા ઔદ્યોગિક વસાહતમાં આધુનિક પધ્ધતિથી ઉત્પાદન શરૂ કર્યુ. પલ્વરાઈઝર મશીનના ઉપયોગથી ગુણવત્તાને નવો જ ઓપ મળ્યો. લાભુબહેનનું દેહાવસાન બે વર્ષ પૂર્વે થયુ. આજથી પાંચ વર્ષ પહેલા એ વદ્ધ ઉંમરે મસાલાની જરૂરીયાત સાથે તેઓને સ્વાદીષ્ટ અથાણાં પણ શહેરી ગ્રાહકોને પહોંચે તેવો વિચારી આવ્યો. આ માટે ઘરના અથાણા બનાવનાર કુટુંબોમાં અથાણાનો  મસાલો બનાવી અને બજારમાં મુકવાનો તેમનું ક્રિયાત્મક  સુચન આજે સફળ સાહસ બનેલ છે. રોયલ, ડીલકસ, રેગ્યુલર, સુપર, ધોલર, કાશ્મીરી વગેરે વિશિષ્ટ સ્વાદના મરચાની જાત આજે સૌરાષ્ટ્ર ગુજરાત જ નહીં પરંતુ ભારત અને ભારતની બહાર પણ અદાણી બ્રાન્ડના નામે વેચાય છે. હળદર, હિંગ, મેથી વગેરેમાં પણ આજ પ્રકારની વિવિધતા જોવા મળે છે. અદાણી ફુડ પ્રોડકટ ઉપરાંત સહયોગી પેઢી અદાણી બ્રધર્સ આજે બજારમાં માતબર નિકાસકાર પેઢી તરીકે પણ નામના ધરાવે છે. યુ.એસ.એ., યુ.કે., સુદાન, ઘાના, ન્યુઝીલેન્ડ, સ્વીડન અને ઝાંબીયામાં આજે જે અદાણી બ્રધર્સની નામના છે તેમાં લાભુબહેનના છ સંતાનો આત્યંતિક નિષ્ઠા, કૌશલ્ય અને સહકાર્યથી કામ કરે છે. પરંતુ બધાજ ભાઈઓ એકી અવાજે કહે છે કે  અદાણી બ્રધર્સના મુળમાં  માતુશ્રી લાભુબહેનની કુનેહભરી દ્રષ્ટિ, સાહસિકતા અને પિતાનો અથાગ પરિશ્રમ મુખ્ય કારણભુત છે.

## વિભાગ ૬.૩ પ્રાથમિક સર્વેક્ષણ અને પૃથ્થકકરણ

પ્રસ્તુત વિભાગમાં રાજકોટ અને જામનગર શહેરની નજીકના વિસ્તારમાં ઉદ્યોગ સાહસિક તરીકે જેઓ આજે નામના ધરાવે છે. તે પૈકીના કુલ ૨૦ ઉદ્યોગ સાહસિકોની પ્રાથમિક મુલાકાત લઈ અને સર્વેક્ષણના ભાગ રૂપે તેમની સાથે થયેલ વાતચિતોમાંથી જ મેળવેલ વિગતોને નીચેના કોષ્ટક સ્વરૂપે રજુ કરવામાં આવેલ છે.

રાજકોટ શહેરના દસ અને જામનગર શહેરના દસ એમ કુલ મળીને ૨૦ ઉદ્યોગ સાહસિકોની મુલાકાતને આધારે આ કોષ્ટકો તૈયાર કરેલ છે.

**કોષ્ટક : ૪:૨:૧**

**સર્વેક્ષણકૃત એકમોનું સ્થાપનાકાળના સંદર્ભમાં વર્ગીકરણ**

| સ્થાપનાકાળ | એકમોની સંખ્યા |
|---|---|
| **૧૯૭૫ પૂર્વેના સાહસો** | ૪ (૨૦%) |
| **૧૯૭૫ થી ૧૯૮૫ના કાળના સાહસો** | ૮ (૪૦%) |
| **૧૯૮૫ થી ૧૯૯૫ ના કાળના સાહસો** | ૬ (૩૦%) |
| **૧૯૯૫ પછીના સમયના સાહસો** | ૨ (૧૦%) |
| **કુલ** | ૨૦ (૧૦૦%) |




કોષ્ટક : ૧

ઉપરના કોષ્ટક એકમાં સર્વેક્ષણકૃત ૨૦ ઔદ્યોગિક એકમોને તેમના સ્થાપના કાળના અનુસંધાને ચાર વિભાગમાં વર્ગીકૃત કરેલ છે જે સાહસો ૩૦ વર્ષથી પણ વધુ જુના છે. તેવા અને છેલ્લા દસકામાં શરૂ થયા હોય તેવા સાહસોને ધ્યાનમાં લઈ આ ચાર વિભાગ પાડવામાં આવ્યાં છે.

કોષ્ટક નં. ૧ માંથી ફલીત થાય છેકે સર્વેક્ષણકૃત ૨૦ પૈકીના ચાર એકમો (૨૦%) ૩૦ વર્ષથી પણ વધુ પુરાણા એટલે કે ૧૯૭૫ ના વર્ષ પૂર્વેના સાહસો છે. જયારે છેલ્લા દસકામાં શરૂ થયેલા બે સાહસો ૧૯૭૫ થી ૧૯૮૫ ના દસકા દરમ્યાન શરૂ થયેલા જોવા મળ્યાં હતા. જે સર્વેક્ષણકૃત સાહસોના ૪૦% થવા જાય છે. જયારે ૧૯૮૫ થી ૧૯૯૫ દરમ્યાન નોંધાયેલા સાહસો ૬ (૩૦%) જોવા મળ્યાં છે. આમ સર્વેક્ષણકૃત સાહસો પૈકી ૧૨ જેટલા એકમો એટલે કે ૬૦% એકમો ૨૦ વર્ષથી પણ વધુ જુના કાર્યરત જોવા મળ્યાં છે. જયારે ૧૯૯૫ પછીના દસકામાં નવા નોંધાયેલા એકમો સૌથી ઓછા જોવા મળ્યાં છે.

**કોષ્ટક : ૨**

**સાહસિકોનું શૈક્ષણિક સ્તરના સંદર્ભમાં વર્ગીકરણ**

| શૈક્ષણિક સ્તર | એકમોની સંખ્યા |
|---|---|
| નિરક્ષર | ૨ (૧૦%) |
| કેવળ અક્ષરજ્ઞાન | ૪ (૨૦%) |
| નોનમેટ્રીક | ૭ (૩૫%) |
| મેટ્રીકથી સ્નાતક | ૫ (૨૫%) |
| સ્નાતકોત્તર | ૨ (૧૦%) |




કોષ્ટક : ૨

આ કોષ્ટકમાં સર્વેક્ષણકૃત ઔદ્યોગિક એકમોના માલિકો એટલે કે ઉદ્યોગ સાહસિકોના પોતાના અભ્યાસને આધારે શૈક્ષણિક સ્તરના સંદર્ભમાં વર્ગીકરણ કરવામાં આવેલ છે.

જેમાં મુખ્યત્વે ઉદ્યોગ સાહસિકોને ૫ વિભાગમાં વહેંચી નાખવામાં આવેલ છે. તદ્દન નિરક્ષર અને સ્નાતકથી પણ વધુ અભ્યાસ કર્યો હોય તેવી શ્રેણીમાં ઉદ્યોગ સાહસિકો સમાન સંખ્યામાં – ૨ (૧૦%) જોવા મળ્યાં છે. જયારે લગભગ મેટ્રીક સુધીનો અભ્યાસ કર્યો હોય તેવા સાહસિકો સૌથી વધુ સંખ્યામાં – ૭ (૩૫%) જોવા મળ્યાં છે. મેટ્રીકથી સ્નાતકની શ્રેણીમાં – ૫ (૨૫%) સાહસિકો જોવા મળ્યાં છે. જયારે માત્ર ૪ (૨૦%) સાહસિકો અક્ષરજ્ઞાન ધરાવતાં જોવા મળ્યાં છે. ઔદ્યોગિક સાહસોના સ્થાપનાકાળ અને સાહસિકોના અભ્યાસને સાથે ધ્યાનમાં લઈએ તો એવું સ્પષ્ટ ફલિત થાય છે કે ૨૦ વર્ષ પુર્વે શરૂ થયેલા ૧૨ પૈકી ૬ સાહસોના માલિકો નિરક્ષર અથવા અક્ષરજ્ઞાન ધરાવતાં જોવા મળ્યાં હતા. જયારે છેલ્લા દસકામાં શરૂ થયેલ બંને સાહસોના માલિકો સ્નાતકથી પણ વધુ અભ્યાસ કરેલા જોવા મળેલ હતા. અભ્યાસનું એકંદર ચિત્ર તપાસતાં સ્પષ્ટ થાય છે કે સર્વેક્ષણકૃત ૨૦ પૈકીના ૧૩ (૬૫%) માત્ર મેટ્રીક સુધીનો અભ્યાસ કરેલ જોવા મળ્યો છે. જયારે સ્નાતક કે તેથી વધુ અભ્યાસ કરેલા ૭ (૩૫%) જોવા મળ્યાં છે. આમ ઉદ્યોગ સાહસિકતા લૌકીક અભ્યાસના સંદર્ભમાં ખાસ્સું પ્રભુત્વ ધરાવે છે. તેવી માન્યતાને અહીં સમર્થન મળતું નથી.

**કોષ્ટક :૩**

**ઉદ્યોગ સાહસિકતાની તાલીમ સંદર્ભમાં સાહસિકોનું વર્ગીકરણ**

| શિક્ષણ અને તાલીમ | **એકમની સંખ્યા** |
|---|---|
| **અશિક્ષિત અને બિનતાલીમી** | ૬ (૩૦%) |
| **અશિક્ષિત અને તાલીમી** | – |
| **શિક્ષિત અને બિનતાલીમી** | ૧૧ (૫૫%) |
| **શિક્ષિત અને તાલીમી** | ૩ (૧૫%) |
| કુલ | ૨૦ (૧૦૦%) |




કોષ્ટક : ૩

ઉપરના કોષ્ટકમાં સર્વેક્ષણકૃત ઉદ્યોગ સાહસિકો જે તે ધંધામાં તાલીમ સાથે જોડાયેલા છે કે તાલીમ વગર સાહસમાં ઝંપલાવેલ છે. તેનું ચિત્ર રજુ કરેલ છે. શિક્ષણ અને અશિક્ષિત સાહસિકોને તાલીમ અને બિનતાલીમી એમ કુલ ચાર વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે. કોષ્ટકમાંથી સ્પષ્ટ રીતે ફલિત થાય છે કે કુલ ૨૦ પૈકીના ૧૭ (૮૫%) સાહસિકો કોઈપણ પ્રકારની તાલીમ વગર અને પણ ઔદ્યોગિક સાહસનું સુકાન સંભાળી રહયા છે. આ બિન તાલીમી ૧૭ સાહસિકો પૈકી ૬ સાહસિકો જે નિરક્ષરની કક્ષામાં અથવા તો માત્ર અક્ષરજ્ઞાનની કક્ષામાં આવે છે અને શિક્ષિત ગણાય છે તેવા ૧૪ પૈકીના ૧૧ સાહસિકો બિન તાલીમી જોવા મળ્યાં છે. શિક્ષણ અને તાલીમ સાથે સાહસનું સુકાન સંભાળતા હોય તેવાં માત્ર ત્રણ (૧૫%) સાહસિકો જોવા મળ્યાં છે. આમ આ કોષ્ટક ઉપરથી ફલિત થાય છે કે ધંધાકીય સાહસમાં તાલીમનો અભાવ બાધક નિવડતો નથી.

## કોષ્ટક : ૪

## સર્વેક્ષણકૃત ઉદ્યોગ સાહસિકોનું વયજુથ પ્રમાણે વર્ગીકરણ

| વયજુથ | સાહસિકોની સંખ્યા |
|---|---|
| ૨૬ થી ૩૫ વર્ષ | ૩ (૧૫%) |
| ૩૫ થી ૪૫ વર્ષ | ૬ (૩૦%) |
| ૪૫ થી ૫૫ વર્ષ | ૭ (૩૫%) |
| ૫૫ વર્ષથી મોટા | ૪ (૨૦%) |
| કુલ | ૨૦ (૧૦૦%) |




કોષ્ટક : ૪

આ કોષ્ટકમાં સર્વેક્ષણકૃત ઉદ્યોગ સાહસિકોને તેમની વયના અનુસંધાને જુદા જુદા ચાર વિભાગમાં વર્ગીકૃત કરેલ છે. લઘુતમ વયવિભાગ ૨૬ થી ૩૫ વર્ષનો છે અને ૫૫ વર્ષથી મોટી ઉમરનાં ઓનો વિભાગને મોટામાં મોટો વિભાગ છે. કોષ્ટકમાંથી પ્રતિબિંબિત થાય છે કે ૪૫ થી ૯૫ ની વયજુથમાં સર્વેક્ષણકૃત ૨૦ પૈકીના સૌથી વધુ ૭ (૩૫%) સાહસિકો જોવા મળે છે. જ્યારે ૨૦ પૈકીના – ૬ (૩૦%) ૩૫ થી ૪૫ ની વયજુથના જોવા મળ્યાં છે. ૫૫ વર્ષથી મોટી ઉમરનાં ૪ (૨૦%) સાહસિકો જોવા મળ્યાં છે.

વય મર્યાદાને અને સાહસના સ્થાપના કાળને પણ સ્પષ્ટ સહસંબંધ જોવા મળ્યો છે. જેમ કે ૧૯૭૫ પૂર્વે શરૂ થયેલા ૪ સાહસોના સંચાલકો જ ૫૫ થી વધુ વયના જોવા મળ્યાં છે. અને ૨૬ થી ૩૫ વર્ષની વયના નોંધાયેલા ૩ સાહસિકો પૈકીના ૨ છેલ્લા દસકામાં શરૂ થયેલા સાહસના સંચાલકો છે તેવી જ રીતે ૫૫ વર્ષથી

મોટી ઉંમરના ૪ સાહસિકો પૈકીના ૨ તદન નિરક્ષર અને ૨ કેવળ અક્ષરજ્ઞાન ધરાવતાં હોય તેવાં માલુમ પડયા છે તેથી કાળ પ્રમાણ અભ્યાસ અને વયના સહસંબંધો મોટાભાગે વિધાયક સ્વરૂપના અને પરંપરાગત સ્વરૂપના માલુમ પડે છે.

**કોષ્ટક નં. ૫**

**સર્વેક્ષણકૃત ઉદ્યોગસાહસિકોનું જ્ઞાતીજુથ પ્રમાણે વર્ગીકરણ**

| જ્ઞાતીજુથ | સાહસિકોની સંખ્યા |
|---|---|
| પટેલ | ૯ (૪૫%)ઘ |
| વાણિયા | ૫ (૨૫%) |
| સા.શૈ.પછાત વર્ગ | ૪ (૨૦%) |
| અન્ય | ૨ (૧૦%) |
| કુલ | ૨૦ (૧૦૦%) |



કોષ્ટક : ૫

પ્રસ્તુત કોષ્ટકમાં સર્વેક્ષણકૃત ઉદ્યોગ સાહસિકોને તેમની જ્ઞાતિના અનુસંધાને વર્ગીકૃત કરવામાં આવેલ છે. મુલાકાતોમાંથી જાણવા મળેલ બાબતોને ધ્યાનમાં લઈને કુલ ૪ માસ જુથ દર્શાવવામાં આવેલ છે જે પૈકી બે જ્ઞાતિ જુથો આજે જેને સામાજિક દષ્ટિએ ઉજળીયાત ગણવામાં આવે છે તેમણે એક જેને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત છે તેમાં ગણવામાં આવેલ છે બાકીના સઘળાને અન્ય જુથમાં દર્શાવેલ છે.

કોષ્ટકને આધારે પૃથ્થકકરણ રૂપે નીચેનું ચિત્ર ઉપસી આવેલ છે. ૨૦ પૈકીના સૌથી વધુ સાહસિકો ૯ (૪૫%) પટેલ જ્ઞાતિના જોવા મળ્યાં છે. ૫ (૨૫%) વાણિયા જ્ઞાતિના જોવા મળ્યાં છે. સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગનાં ૪ (૨૦%) જોવા મળેલ છે.

ઈન્ડેક્ઝટ 'બી' ની પ્રથમ ડીરેકટરીમાં જે ચિત્ર જોવા મળેલ છે. લગભગ તેવું જ ચિત્ર રાજકોટ અને જામનગરની મુલાકાતમાં જોવા મળેલ છે. જેમાં પટેલ જ્ઞાતિનું પ્રભુત્વ એક સામાજિક જુથ તરીકે ધંધાકીય ક્ષેત્રમાં સ્પષ્ટ જોવા મળેલ છે. અહીં એક રસપ્રદ ઉલ્લેખનીય બાબત એ પણ જોવા મળેલ છે કે પટેલ જ્ઞાતિના ૯ સાહસિકો જોવા મળ્યાં છે. તે બધાં જ એક અપવાદને બાદ કરતાં ૧૯૮૦ પછીના જોવા મળ્યાં છે. એટલે કે ખેતીમાંથી સ્વતંત્ર ધંધાકીય સ્વરૂપમાં ક્ષેત્ર બદલના વલણો છેલ્લા બે દસકામાં વિશેષ નોંધાયેલા જોવા મળ્યાં છે જયારે ૨૦ પૈકીના જે ૫ સાહસો વાણિયા જ્ઞાતિના જોવા મળ્યાં છે તે ૫ પૈકીના ૪ સૌથી વધુ જુના એટલે કે ૩૦ વર્ષથી પણ વધુ જુના જોવા મળ્યાં છે. વળી પટેલ જ્ઞાતિના ૯ સાહસિકો પૈકી ૪ સાહસિકો કેવળ અક્ષરજ્ઞાન ધરાવનારા માલુમ પડયા હતા. સામાજિક શૈક્ષણિક પછાતવર્ગનું પ્રતિનિધિત્વ હોય તેવાં જે ચાર સાહસિકો જોવા મળ્યાં છે તે પૈકીના બે આહિર જ્ઞાતિના અને બે ગુર્જર સુથાર મિસ્ત્રીના જોવા મળેલ છે. આમ આ વર્ગ પણ પરંપરાગત ધંધાકીય જુથમાં જોડાયેલ માલુમ પડેલ છે.

**કોષ્ટક : ૬**

**સર્વેક્ષણકૃત સાહસોનું પ્રાથમિક મુડીકરણના સંદર્ભમાં વર્ગીકરણ**

| મુડીકરણ | સાહસોની સંખ્યા |
|---|---|
| **રૂા. ૨૫ લાખથી ઓછું** | ૧૦ (૫૦%) |
| **રૂા. ૨૫ લાખથી વધુ રૂા. ૫૦ લાખથી ઓછું** | ૭ (૩૫%) |
| **રૂા. ૫૦ લાખથી વધુ રૂા. ૧ કરોડથી ઓછું** | ૨ (૧૦%) |
| **રૂા. ૧ કરોડથી વધુ** | ૧ (૫%) |
| **કુલ** | ૨૦ (૧૦૦%) |




કોષ્ટક : ૬

ઉપરના કોષ્ટકમાં સર્વેક્ષણકૃત સાહસોનું પ્રાથમિક મુડીકરણના સંદર્ભમાં વર્ગીકરણ કરવામાં આવેલ છે. મુલાકાતમાંથી પ્રાપ્ત થયેલ વિગતોને આધારે પ્રાથમિક મુડીકરણના પ્રમાણને ચાર વિભાગમાં વર્ગીકૃત કરેલ છે જેમાં લઘુતમ પ્રમાણ રૂા. ૨૫ લાખથી પણ ઓછા પ્રમાણનું છે. મહતમ પ્રમાણ રૂા. એક કરોડથી પણ વધુ રોકાણનું છે. અહી કોષ્ટકમાંથી જે ચિત્ર જોવા મળે છે. તે મુજબ બધાં જ સાહસો આજની તારીખે પણ નાના પાયાના એકમોની શ્રેણીમાં આવે છે. ૨૦ પૈકીના ૧૦ (૫૦%) રૂા. ૨૫ લાખથી પણ ઓછા રોકાણથી શરૂ થયા હોય તેવું જોવા મળ્યું છે. ૭ એકમો (૩૫%) ૨૫ લાખ વધુ પણ ૫૦ લાખથી ઓછા મુડીકરણવાળા જોવા મળ્યાં છે. ૨ એકમો (૧૦%) રૂા. ૫૦ લાખથી વધુ એક કરોડથી ઓછા મુડીકરણવાળા જોવા મળ્યાં છે . માત્ર એક (૫%) એક કરોડથી વધુ મુડીકરણ વાળું જોવા મળેલ છે. ૨૫ લાખથી ઓછું પ્રાથમિક મુડીકરણ હોય તેવાં જે દસ એકમો જોવા મળ્યાં છે. તે પૈકીના ચાર ૩૦ વર્ષથી વધુ જુના અને ૨૦ વર્ષથી જુના જોવા મળ્યાં છે. રાજકોટ અને જામનગર બંને શહેરોમાં સર્વેક્ષણકૃત એકમો પૈકીના લઘુતમ મુડીકરણ ધરાવતાં એકમો સમાન સંખ્યામાં (૫) પાંચ જોવા મળેલ છે. એક કરોડથી વધુ મુડીરોકાણ ધરાવતું નાના પાયાનું જે એકમ મુલાકાતમાં જોવા મળેલ છે તે જામનગર શહેરમાં જોવા મળેલ છે.

**કોષ્ટક : ૭**

**સર્વેક્ષણકૃત એકમોનું કામદારોની સંખ્યાના સંદર્ભમાં વર્ગીકરણ**




**કોષ્ટક : ૭**

કોષ્ટક નંબર ૭ માં સર્વેક્ષણકૃત એકમો પૈકી ભિન્નભિન્ન એકમોને મુડીકરણના શ્રેણીના સંદર્ભમાં રજુ કરવામાં આવેલ છે. કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ સર્વેક્ષણકૃત ૨૦ સાહસિકો પૈકી ૩ (૧૫%) એવા જોવા મળ્યાં છે કે જેમને કુલ મુડીકરણમાં ૭૦% થી પણ વધુ સ્વકીય મુડીનું રોકાણ કરેલું અને માત્ર ૩૦% માટે બાહય આધાર રાખેલ – ૮ એકમો (૪૦%) એવા જોવા મળેલ છે કે જેમાં કુલ મુડીકરણ પૈકી ૪૦% થી ૭૦% જેટલી મુડી સ્વકીય મુડી હોય ને બાકીની મુડી માટે બાહય અવલંબન હોય જયારે કુલ ૨૦ પૈકીના – ૯ (૪૫%) એકમો જોવા મળ્યાં છે. કે જેમાં ૭૦% થી વધુ મુડી ઉછીની મુડી હોય અને માત્ર ૩૦% મુડી જ સ્વકીય મુડી જ હોય. આમ અહીં એ ચિત્ર પણ સ્પષ્ટ થાય છે કે નાના પાયાના એકમોમાં ઝંપલાવનાર પરંપરા ગત રીતે મુડી સંદર્ભે પણ વધુ સાહસિકતા ધરાવતાં હોય છે.

**કોષ્ટક : ૮**

**શ્રમીકોની ગુણવતાના સંદર્ભમાં વર્ગીકરણ**

| ૮૦% થી વધુ અકુશળ શ્રમિકો | ૮૦% થી ઓછા પણ ૫૦% થી વધુ અકુશળ શ્રમિકો | ૫૦% થી ઓછા અકુશળ શ્રમિકો |
|---|---|---|
| ૧૦ | ૭ | ૩ |
| (૫૦%) | (૩૫%) | (૧૫%) |




કોષ્ટક : ૮ અને ૯ સાથે

ઉપરના કોષ્ટકમાં સર્વેક્ષણકૃત એકમોમાં કામ કરતાં કામદારોની સંખ્યાનું ચિત્ર જુદા જુદા ત્રણ વિભાગમાં દર્શાવેલ છે. દસથી ઓછા શ્રમિકો ધરાવતાં હોય તેવાં ૨૦ પૈકીના – ૧૧ એકમો (૫૫%) જોવા મળ્યાં છે. દસથી વધુ પણ ૨૫ થી ઓછા શ્રમિકો ધરાવતાં હોય તેવા – ૭ (૩૫%) એકમો જોવા મળ્યાં છે. જયારે બે વધુ એકમો માત્ર એવા જોવા મળ્યાં છે કે જેમાં ૨૫ થી ધવુ કામદારો કામ કરતાં માલુમ પડયા છે. આમ જેમની મુલાકાત લેવામાં આવી છે તેવા સાહસો મુડી અને શ્રમના સંદર્ભમાં વાસ્તવમાં નાના પાયાના એકમો સ્વરૂપે કાર્યરત હોય તેવું જોવા મળ્યું છે. કોષ્ટક નંબર ૯ માં શ્રમિકોના આ ચિત્રનું કુશળતાના સંદર્ભમાં વર્ગીકરણ રજુ કર્યુ છે. જેમાં દર્શાવ્યા મુજબ મુલાકાત લીધી છે તેવાં ૨૦ પૈકીના ૧૦ (૫૦%) એકમો એવા જોવા મળ્યાં છે કે જેમાં કામ કરતાં શ્રમિકોના ૮૦% થી પણ વધુ શ્રમિકો અકુશળ છે. સાત એકમો – ૭ એકમો (૩૫%) એવા જોવા મળ્યાં છે કે જેમાં ૫૦% થી વધુ શ્રમિકો અકુશળ જોવા મળ્યાં છે. જયારે ત્રણ – ૩ (૧૫%) એકમોમાં અકુશળ શ્રમિકોનું પ્રમાણ ૫૦% થી પણ ઓછા જોવા મળેલ છે.

## કોષ્ટક : ૯

## ઉદ્યોગ સાહસિકોનું આજીવિકાના મુળ સ્ત્રોતના સંદર્ભમાં વર્ગીકરણ

| મુળસ્ત્રોત | સાહસિકોની સંખ્યા |
|---|---|
| ખેતી | ૮ (૪૦%) |
| નોકરી | ૩ (૧૫%) |
| કૌટુંબિક ધંધો | ૯ (૪૫%) |
| કુલ | ૨૦ (૧૦૦%) |



## કોષ્ટક : ૧૦

## સર્વેક્ષણકૃત સાહસોનું સંચાલન પધ્ધતિના સંદર્ભમાં વર્ગીકરણ

| સંચાલન પધ્ધતિ | એકમોની સંખ્યા |
|---|---|
| સંપૂર્ણ પરંપરાગત | ૧૩ (૬૫%) |
| અંશતઃ વ્યાવસાયિક | ૬ (૩૦%) |
| સંપૂર્ણ વ્યાવસાયિક | ૧ (૦૫%) |
| કુલ | ૨૦ (૧૦૦%) |




**કોષ્ટક : ૧૦**

આ કોષ્ટકમાં ઉદ્યોગ સાહસિકો કે જેમની મુલાકાત લેવામાં આવી છે તેમને તેમની આજીવિકાના મુળ શ્રોતના સંદર્ભમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે. આ વર્ગીકરણ મુખ્યત્વે ત્રણ પ્રકારનું કરવામાં આવેલ છે. જેમાં મુળ ખેતીમાંથી હાલ ઉદ્યોગ સાહસ ધરાવતાં હોય તેવાં છુટક નોકરીમાંથી હાલ ઉદ્યોગ સાહસ ધરાવતાં હોય તેવાં અને મુળ કૌટુંબિક ધંધામાંથી હાલ ઉદ્યોગ સાહસ ધરાવતાં હોય તેવા એમ ત્રણ વિભાગ પાડવામાં આવ્યાં છે. કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ મુળ ખેતીમાંથી હાલ ઔદ્યોગિક ક્ષેત્રે ઝંપલાવ્યું હોય તેવા ૮ સાહસો (૪૦%) જોવા મળ્યાં છે. જયારે કૌટુંબિક વિકસાવીને સાહસ ચલાવતાં હોય તેવાં ૯ એકમો (૪૫%) એકમો જોવા મળ્યાં છે. જયારે માત્ર ૩ સાહસો (૧૫%) જોવા મળ્યાં છે કે જેમના વડીલો છુટક નોકરીમાંથી ગુજરાત ચલાવતાં હોય. અહી પણ એક બીજો સહસંબંધ ફલીત થાય છે કે મુળ ખેતીમાંથી ઉદ્યોગમાં ઝંપલાવેલ ૮ સાહસો (૪૦%) છેલ્લા

૨૦ વર્ષના સમય ગાળામાં થયેલા છે એટલે કે ખેતીમાંથી ધંધાકીય સાહસો તરફનું વણલ છેલ્લા બે દસકામાં વધુ જોવા મળ્યું છે જયારે કૌટુંબિક ધંધાને વિકસાવતાં હોય તેવાં ૯ એકમો (૪૫%) અને બધાં જ ૧૯૮૫ પુર્વેના બાર એકમો પૈકીના જોવા મળ્યાં છે. જ્ઞાતિગત રીતે પટેલ દ્વારા સંચાલિત સાહસો બધાં જ ખેતીમાંથી સાહસ તરફ વળેલ છે. જયારે વાણિયા જ્ઞાતિના બધાં જ મુળ કૌટુંબિક ધંધાનું પ્રતિનિધિત્વ કરતાં જોવા મળ્યાં છે. આમ વર્ણ આધારીત ધંધાકીય સમાજ રચના આજે પણ મોટાભાગે પ્રભુત્વ ધરાવે છે.

**કોષ્ટક : ૧૧**

**એકમોની પેદાશના બજારીકરણની રીતના સંદર્ભમાં એકમોનું વર્ગીકરણ**

| પધ્ધતિ | એકમોની સંખ્યા |
|---|---|
| **વિજ્ઞાપન પધ્ધતિ** | ૬ (૩૦%) |
| **વ્યકિતગત સંપર્ક** | ૯ (૪૫%) |
| **બંનેનો મિશ્ર** | ૫ (૨૫%) |
| **કુલ** | ૨૦ (૧૦૦%) |




કોષ્ટક : ૧૧

અહી ૨૦ સાહસોની મુલાકાત લીધા પછી તેમને સંચાલન પધ્ધતિનાં સંદર્ભમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે જે ઔદ્યોગિક એકમો આજે પણ પરંપરાગત પધ્ધતિથી ચાલે છે તેવા સંપૂર્ણ વ્યાવસાયિક સંચાલન ધરાવતાં હોય તેવા અને અંશતઃ વ્યાવસાયિક સંચાલન ધરાવતાં હોય તેવાં એમ ત્રણ વિભાગમાં સર્વેક્ષણ એકમોને વહેંચવામાં આવેલ છે. કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ ૨૦ પૈકીના – ૧૩ એકમો (૬૫%) સંપૂર્ણ પરંપરાગત પધ્ધતિથી ચાલતા હોય તેવા એકમો જોવા મળ્યાં છે. – ૬ એકમો (૩૦%) ક્રમશઃ વ્યવસાયિક સંચાલન તરફ ઢળી રહયા હોય તેવા જોવા મળેલ છે જયારે માત્ર – ૧ એકમ (૦૫%) સંપુર્ણ વ્યવસાયિક સ્વરૂપનું જોવા મળેલ છે. ૧૯૯૫ પછીના જે બે એકમો સર્વેક્ષણમાં માલુમ પડયા છે તે પૈકીનું એક એકમ સંપૂર્ણ વ્યવસાયિક છે. જયારે ૧૯૮૫ પહેલાંના બધાં જ એકમો આજે પણ પરંપરાગત સંચાલન સ્વરૂપના જોવા મળ્યાં છે.

**કોષ્ટક : ૧૨**

**નવીનિકરણ અંગે ઉદ્યોગસાહસિકોની સમજ મુજબનું વર્ગીકરણ**

| માન્યતાનો પ્રકાર | એકમોની સંખ્યા |
|---|---|
| (૧) નવીનીકરણ જરૂરી છે | ૧૨ (૬૦%) |
| (૨) ખાસ જરૂર નથી | ૬ (૩૦%) |
| (૩) બિલકુલ જરૂર નથી | ૨ (૧૦%) |
| કુલ | ૨૦ (૧૦૦%) |




કોષ્ટક : ૧૨

પ્રસ્તુત કોષ્ટકમાં સર્વેક્ષણકૃત એકમો દ્વારા તેમના ઉત્પાદનના બજારીકરણમાં કઈ પધ્ધતિનો વધારે આધાર લેવામાં આવે છે. તે સંદર્ભમાં સર્વેક્ષણકૃત એકમોનું વર્ગીકરણ કરવામાં આવેલ છે. જેમાં ઉત્પન્ન માલના વેચાણ માટે વિજ્ઞાપન પધ્ધતિનો આશરો લેતાં હોય તેવા ૨૦ પૈકીના – ૬ (૩૦%) એકમો જોવા મળ્યાં છે. જયારે – ૯ એકમો (૪૫%) વ્યકિતગત સંપર્કને વેચાણના માધ્યમને ઉપયોગમાં લેતા હોય તેવા માલુમ પડયા છે અને ૫ એકમો (૨૫%) વિજ્ઞાપન અને વ્યકિતગત સંપર્ક બંનેનો આધાર લેતા હોય તેવા જોવા મળેલ છે.

**કોષ્ટક : ૧૩**

**સ્પર્ધાત્મકતાની સમજ સંદર્ભમાં વર્ગીકરણ**

| | |
|---|---|
| સ્પર્ધાત્મકતાનથી ફાયદો થાય છે. | ૧૨ (૬૦%) |
| સ્પર્ધાત્મકતાથી નુકશાન થાય છે. | ૦૬ (૩૦%) |
| સ્પર્ધાત્મકતાનો ખાસ અનુભવ નથી. | ૦૨ (૧૦%) |




કોષ્ટક : ૧૩

ઉપરના કોષ્ટકમાં મુલાકાત દરમ્યાન ઉદ્યોગ સાહસિકો નવિનીકરણના સંદર્ભમાં કઈ માન્યતા ધરાવે છે. તે વિગતનું ચિત્ર રજુ કરેલ છે. મુલાકાત લેવા છે તેવા ૨૦ એકમોને જુદા જુદા ત્રણ પ્રકારમાં આ સંદર્ભે વર્ગીકૃત કરેલ છે. જે પૈકી કોષ્ટક ઉપરથી માલુમ પડે છે કે – ૧૨ ( ૬૦%) એકમો ઉત્પાદનમાં નવિનીકરણની જરૂર હોવાં ઉપર ભાર મુકતા માલુમ પડયા છે. જયારે ૬ એકમો (૩૦%) નવિનીકરણની ખાસ જરૂર ન હોય તેવું જણાવતાં માલુમ પડયાં છે તો ૨ એકમો (૧૦%) નવિનીકરણની બિલકુલ જરૂર ન હોય તેવું માને છે. નવિનીકરણ અને વિધાયક વલણ ૧૯૮૦ના સમય પછીના ગાળામાં શરૂ થયેલા સાહસોમાં જોવા મળ્યું છે. જયારે બહુ જ જુના સાહસો નવિનીકરણ અંગે પ્રમાણમાં અવઢવમાં જોવા મળ્યાં છે.

## કોષ્ટક : ૧૪

## સર્વેક્ષણકૃત એકમોનું મુડી સ્ત્રોત સંદર્ભમાં વર્ગીકરણ

| મુડીસ્ત્રોત | એકમોની સંખ્યા |
|---|---|
| (૧) ૭૦% થી વધુ સ્વકીયમુડી | ૩ (૧૫%) |
| (૨) ૪૦% થી ૭૦% થી સ્વકીય મુડી | ૮ (૪૦%) |
| (૩) ૭૦% થી વધુ ઉછીની મુડી | ૯ (૪૫%) |




કોષ્ટક : ૧૪

આ કોષ્ટકમાં ૨૦ એકમોની મુલાકાત દરમ્યાન પ્રવર્તમાન સ્પર્ધાત્મકતાના ચિત્ર અંગે વિગતો જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો જેને નીચેના સ્વરૂપે કોષ્ટીકરણ કરેલ છે. ૨૦ પૈકીના – ૧૨ (૬૦%) એકમોએ સ્પર્ધાત્મકતાથી ફાયદો થયો હોય તેવું દર્શાવેલ છે ૬ (૩૦%) એકમોએ સ્પર્ધાત્મકતાથી નુકશાન થયું હોય તેવું દર્શાવેલ છે જયારે ૨ (૧૦%) એકમોએ સ્પર્ધાત્મકતા અંગે કોઈ ચોકકસ અભિપ્રાય ન આપતાં તટસ્થ રહેવાનું પસંદ કરેલ છે.

## ૬.૪ પ્રકરણ સાર :

મુલાકાતો અને સર્વેક્ષણને ધ્યાનમાં લેતા એક હકીકત એ ઉપસી આવી છે કે સ્થાનીક કક્ષાએ એટલે કે એકંદરે સૌરાષ્ટ્રમાં જે ઉદ્યોગ સાહસિકતા જોવા મળી છે તે મોટાભાગે નાના પાયાના સ્વરૂપે છે. ગુજરાતનાં અન્ય વિસ્તારોની સરખામણીમાં અહી ખૂબ જ નાના એકમો આવેલા છે. આપમેળે મજૂરીમાંથી સાહસિક બનેલા મોટી સંખ્યામાં જોવા મળે છે. સાધન ક્ષમતા અને આવશ્યક કૌશલ્યના અભાવે પરંપરાગત પધ્ધતિથી અહી સાહસિકો વિશેષ કામ કરે છે. આજે પણ વ્યવસાયીકરણ માટેનો આગ્રહ કે રૂચિ ઓછા જોવા મળે છે. અને છેલ્લા દાયકાનાં ઉતરાર્ધમાં સ્પર્ધાત્મકતા વધવાને કારણે આર્થિક પ્રગતિ આવા સાહસોની ખોડંગાતી હોય તેવુ પણ જોવા મળ્યુ છે. ખર્ચમાં કાપ મૂકવા છતાં બજારીકરણની મર્યાદાને કારણે સ્થાનીક કક્ષાએ ઘણા સાહસિકો મંદીનો સામનો કરતા રહેલા જોવા મળે છે.

# પ્રકરણ – ૭

# મહત્વના તારણો અને સૂચિતાર્થો


૭.૧ તારણો

૭.૨ મહત્વના સૂચનો

૭.૩ પ્રકરણ સાર

# પ્રકરણ – ૭
# મહત્વના તારણો અને સૂચિતાર્થો

## ૭.૧ તારણો

### ૭.૧.૧

દ્વિતિયક સ્ત્રોતના આધારે એટલું સ્પષ્ટ થાય છે કે મુળભુત રીતે વેપાર ધંધા માટેનું સાહસ એ ગુજરાતની પરાપૂર્વની લાક્ષણિકતા છે. ઐતિહાસિક દસ્તાવેજો પણ એ હકીકતને સમર્થન આપે છે કે ઉદ્યોગ સાહસિકતા મુળભુત રીતે ગુજરાતની પારંપરીક વિશેષતા છે. પરંતુ ગુજરાત રાજયની સ્થાપના પછીના તબકકામાં ગતિ અને દિશાના સંદર્ભે જે તીવ્રતા અને વૈવિધ્ય જોવા મળેલ છે. તેના ઉપરથી એમ કહી શકાય કે ઉદ્યોગ સાહસિકતાનો વિકાસ સ્વાતંત્ર્યોતર તબકકામાં વિશેષ જોવા મળેલ છે. પ્રાથમિક સર્વેક્ષણ અને મુલાકાતમાં પણ જે જાણવા મળેલ છે. તે મુજબ મેન્યુફેરચરીગ કે સવોક્ષેત્રના ઉદ્યોગો એ સ્વતંત્રતા પછીના વિકાસની કુલ પ્રવૃતિઓના ભાગરૂપે વધુ જોવા મળેલ છે. વ્યાપાર ધંધાની પ્રવૃતિઓ બહુ જુના કાળથી ચાલી આવે છે. પરંતુ આપણે જેને "ઉદ્યોગ" ની વ્યાખ્યાયા ગણીએ છીએ તેવા ઉદ્યોગો અલબત સ્વતંત્રતા પૂર્વે પણ ગુજરાતમાં હતા પણ તે મર્યાદિત સ્વરૂપે અને મર્યાદિત સ્થળોએ હતા.

### ૭.૧.૨

સામાન્ય રીતે જયારે ઉદ્યોગ સાહસિકતાનો વિચાર કરવામાં આવે છે ત્યારે નવીનીકરણને તેની સાથે જોડવામાં આવે છે અને તેથી નવીનીકરણની પ્રક્રિયા માટેનો પ્રજાકીય ઉત્સાહ ઉદ્યોગ સાહસિકતાને વેગ આપે છે. તેવી માન્યતા પ્રવર્તે છે. **પરંતુ ઐતિહાસિક લખાણો તેમજ રાજકોટ જામનગરમાં નાના ઉદ્યોગોની પ્રત્યક્ષ મુલાકાતમાં એ સ્પષ્ટ થયું છે કે જેને આપણે વિશિષ્ટ ઈજનેરી કૌશલ્ય કહીએ છીએ તે અથવા તો તકનીકી કૌશલ્ય કહીએ છીએ તેની જરૂર નાના સાહસોમાં જોવા મળતી નથી. કોઠાસુઝથી મશીનરી – પાર્ટસને વિકસાવવામાં સૌરાષ્ટ્રના કારીગરોએ કાઠુ કાઢયું છે તેમ સ્પષ્ટ જોવા મળે છે.** આજની તારીખે મશીનરી બ્રાસપાર્ટસ વોચકેઈસ પોટરી ઉદ્યોગ વિગેરેમાં પરંપરાગત કોઠાસુઝ અને હૈયા ઉકલતથી ધંધાકીય પ્રતિષ્ઠાન વિકાસ પામ્યા હોય તેવા મોટા ભાગના જોવા મળેલ છે. ઔદ્યોગિક સંચાલનના કૌશલ્ય માટેનો આગ્રહ છેલ્લા દશકામાં અલબત વધતો રહયો છે પરંતુ તે પણ મેન્યુફેકચરીગના ક્ષેત્રમાં તો બહુ જ ઓછી માત્રામાં જોવા મળે છે. **બજારીકરણ કે હિસાબી પ્રક્રિયામાં પણ પરંપરાગત જ્ઞાન ઉપરનું અવલંબન વધુ જોવા મળે છે તેથી ઉદ્યોગ સાહસિકતા એ ઉચ્ચ પ્રકારના તકનીકી કૌશલ્ય અને**

**શિક્ષણનું પરિણામ છે તે ઉત્કલ્પના દ્વિતિયક સ્ત્રોતથી પ્રાપ્ય વર્ણનો અને પ્રાથમિક સર્વેક્ષણના પૃથ્થકકરણને ચકાસતાં યથાર્થ કરે છે.**

**૭.૧.૩**

ઉદ્યોગ સાહસિકતાના વિકાસને અસર કરતાં વિવિધ પરિબળો પૈકીનું એક મહત્વનું પરિબળને નાણાકીય પરિબળ છે. વ્યાવસાયીક સંચાલન ક્ષેત્રે માતબર એકમો પ્રવેશ પામે છે આ એકમો માટે આજે ઔદ્યોગિક મુડી પ્રાપ્યતા અર્થે જોખમ ભંડોળ પણ અસ્તિત્વમાં આવેલ છે. વિશિષ્ટ નાણાકીય સંસ્થાઓ પણ આ સંદર્ભમાં પહેલાંની સરખામણીમાં વધુ સક્રીય જોવા મળેલ છે પરંતુ ઉદ્યોગ સાહસિકતાને વ્યાપક રીતે તપાસવામાં આવે તો ગુજરાતમાં જંગી મુડીકરણ ધરાવતાં એકમો ઓછા અને ઓછી મુડીથી ચાલતા સાહસોનું પ્રમાણ વધારે છે. સ્પર્ધાના આ સમયમાં નાણાકીય સંસ્થાઓની કાર્યપધ્ધતિ કે જોખમ મુડી માટેની સંસ્થાઓનો અભિગમ નાના નાના સાહસોને માટે તેટલો સાનુકૂળ નથી. મુડી સર્જનની માંગ તુલનાત્મક રીતે વધી છે. નવીનીકરણની પ્રક્રિયાને કારણે ઉત્પાદન સાધનોની કિંમત વધવાને કારણે મુડી માટેની માંગનું પ્રમાણ વધ્યું છે. આ માંગ વૃધ્ધિની અપેક્ષાએ તે માટેના પુરવઠામાં તેટલો વધારો જોવા મળેલ નથી. **આથી ઉદ્યોગ સાહસિકતાના વિકાસમાં મુડી સર્જનનો પ્રશ્ન અપ્રસ્તુત છે તેવી ઉત્કલ્પના વાસ્તવમાં આજે પણ યથાર્થ છે કેમ કે વૈવિધ્યીકરણ માટે બજારીકરણના પ્રક્રિયામાં સુધારા માટેની પ્રક્રિયા ખર્ચાળ છે નાના એકમોની નાણાકીય શાખ અંગેના ધીરાણ સંસ્થાઓના વલણમાં હજી નોંધપાત્ર સુધારો જોવા મળતો નથી. તેથી મુડીસર્જનનો પ્રશ્ન આજે પણ ભુતકાળ જેટલો જ પ્રસ્તુત છે.**

**૭.૧.૪**

ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતાનું વિસ્તરણ અલબત જોવા મળે છે. કુલ સાહસોની સંખ્યાને ધ્યાનમાં લેતાં અને ધંધાકીય સાહસોના સ્વરૂપમાં જોવા મળતી વિવિધતાને ધ્યાનમાં લેતા ૧૯૬૦ થી ૧૯૮૦ ના તબકકાની સરખામણીમાં ૧૯૮૦ થી ૧૯૯૦ દાયકામાં સાહસિકતામાં નોંધપાત્ર વૃધ્ધિ જોવા મળે છે. છેલ્લા દાયકામાં આવેલા આર્થિક સુધારાઓને કારણે સ્પર્ધાના ધોરણો અને સ્વરૂપમાં થયેલા ફેરફારો તેમજ વૈશ્વીકીકરણના બદલાયેલા પ્રવાહોના કારણે નાના સાહસોના પ્રસરણમાં અલબત મંદગતિ જોવા મળે છે. વ્યાવસાયીકરણની સ્પર્ધામાં નાના નાના સાહસોની મર્યાદાઓ છતી થઈ છે જેના કારણે મેન્યુફેકચરીંગ ક્ષેત્રમાં ઔદ્યોગિક સાહસોના પ્રસરણમાં અલબત મંદ ગતિ જોવા મળે છે. પરંતુ સેવાક્ષેત્રે નાના નાના ધંધાકીય સાહસો માટેની બજારમાંગ ખુલ્લી થતાં તે દિશામાં પ્રવાહ ફેંકાતો હોય તેવું જોવા મળે છે. પરંતુ નિશ્ચિત પ્રકારની માનસિકતાના કારણે પણ ધંધાકીય સાહસોની ગતિને ધકકો લાગે છે. વળી કૌશલ્ય આધારીત વિવિધ સેવાઓની માંગ વધતાં તે દિશામાં પણ પ્રવાહ ઝડપી થયેલ છે. **જેથી ગુજરાતમાં છેલ્લા દશકામાં ઉદ્યોગ સાહસિકતાના પ્રસરણ**

**સંદર્ભે મંદ ગતિ જોવા મળે છે તે ઉત્કલ્પનામાં અંશતઃ તથ્ય જોવા મળે છે.**

## ૭.૧.૫

ભારતીય સમાજમાં આજે પણ પુરૂષ પ્રધાન સમાજરચના ડોકીયું કરે છે. પુરૂષ પ્રધાન સમાજ રચનામાં મોટાભાગે બહેનો ગૃહીણી સ્વરૂપે વધુ ક્રિયાશીલ હોય છે. આજની પરિભાષામાં આપણે જેને "વ્યાવસાયિક મહિલા" તરીકે ઓળખીએ છીએ તેવી બહેનોની સંખ્યા ઓછી છે. બહેનોમાં શિક્ષણના પ્રમાણમાં ભુતકાળ કરતાં આજે ઘણાં મોટા પ્રમાણમાં સુધારો જોવા મળેલ છે. પરંતુ શિક્ષીત બહેનો પણ મોટા ભાગે નોકરી અર્થે વધુ ઝંપલાવે છે. શિક્ષિકા, નર્સ, જેવા વ્યવસાયોમાં આજે પણ બહેનોનું આધિપત્ય વિશેષ જોવા મળે છે. ભણેલી યુવાન બહેનો પૈકીની થોડી બહેનો માર્કેટીગની દિશામાં પ્રવૃતિ થઈ હોય તેવું જોવા મળે છે. પરંતુ સ્વતંત્ર વેચાણ કે ઉત્પાદનની પ્રવૃતિમાં સક્રિય હોય તેવી મહિલાઓનું પ્રમાણ તુલનાત્મક રીતે ઓછું જોવા મળ ે છે. નીમ્ન મધ્યમ વર્ગના બહેનો ક્ષેત્રમાં પ્રવૃત થયેલા જોવ મળે છે તો ઉચ્ચ વિશિષ્ટ શિક્ષણ મેળવેલ બહેનો સૌદંર્ય પ્રસાધન, ફેશન ડિઝાઈન જેવા સ્વતંત્ર વ્યાવસાયોમાં પ્રવેશ કરે છે. પરંતુ બહેનોની સંખ્યા, બહેનોના શિક્ષણનું પ્રમાણ વગેરેની અપેક્ષાએ બહેનો હજી પણ સ્વતંત્ર ધંધાકીય સાહસોમાં ઝંપલાવવા માટેની માનસિકતા ઓછી ધરાવતાં હોય તેવું જોવા મળે છે. પ્રાથમિક સર્વેક્ષણ તેમજ દ્વિતિયક માહીતી સ્ત્રોતના આધારે ઉદ્યોગ સાહસિકતાના સંદર્ભમાં બીજા ઉલ્લેખનીય મુદાઓ નીચે પ્રમાણે તારવી શકાય.

## ૭.૧.૬ ક્ષેત્રીય પરિવર્તન :

છેલ્લા દશકામાં ઉદ્યોગ સાહસિકતાના ક્ષેત્ર સ્વરૂપમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળેલ છે. પરંપરાગત મેન્યુફેકચરીગ ઉદ્યોગોના સ્થાને સેવાક્ષેત્રની શ્રેણીમાં આવતાં નાના નાના સાહસોનું પ્રમાણ સતત વધતું જોવા મળે છે. જેમ કે શિક્ષિત યુવાનો આજે પ્લે હાઉસ કોચીગ કલાસ ટેલી માર્કેટીગ, બ્યુટીપાર્લર, ડાયલ સર્વીસ વગેરે જેવા નાના નાના ધંધાકીય સાહસોમાં ઝંપલાવતાં જોવા મળે છે. પ્રમાણમાં ઘણી ઓછી મુડીએ ઓછામાં ઓછી વહીવટી પળોજણથી આ સાહસો કરી શકાય છે વળી અસંગઠીત ક્ષેત્રે રોજગારીના વેતનદર જેટલું વળતર અને કયારેક તેથી વધુ વળતર પણ આવા સાહસોમાં મળતું હોવાથી આવા સાહસોનું પ્રમાણ વધતું રહેલું છે. ફાસ્ટફુડ આ સંદર્ભમાં ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. તેમાં ખાસ કરીને નવા સ્વરૂપે વહન સ્વરૂપમાં સરળતાથી ચાલી શકે તેવા ફાસ્ટ ફુડ એન્ટરોની બોલબાલા વધતી રહી છે. તેવી જ રીતે ઓટો મીકેનીક સેન્ટરો પણ ધીમે ધીમે વધતાં રહેલા છે.

### ૭.૧.૭ સેવાક્ષેત્રમાં બજાર નવપ્રવર્તન :

બજારનવપ્રવર્તનની પ્રક્રિયાએ નાના સાહસિકોને વધુ કાર્યક્ષમ બનાવેલ છે, અને તેમની માંગમાં તેના કારણે વધારો થતો રહેલો છે. દા.ત. ઓટોમિકેનીક હેન્ડીકીટ અને મોબાઈલ સાથે ફરતા થયાં છે. કોલ કરવાથી ઘેર અથવા જે તે સ્થળે સેવા આપવા પહોંચી જાય છે તેવી જ રીતે ગેસ મિકેનીક, વેલ્ડર, પ્લંબર જેવા સ્વતંત્ર સાહસિકો પણ આ પ્રકારની સેવાથી બજાર નવપ્રવર્તન થકી તેમની માંગમાં વધારો કરતાં રહેલા છે. મોટા શહેરોમાં મહાનગરોમાં જયાં ખાસ કરીને વિભકત કુંટુંબોમાં બંને જણા વ્યવસાયમા છે. તેવા ઘરમાં ઓર્ડર મુજબનું શાકભાજી પહોંચાડવાવાળો વર્ગ પણ શરૂ થયો છે. ગઈકાલના રસોઈયાઓએ પણ હળવે હળવે આજની "કેટરીંગ" સર્વીસમાં તેમનું રૂપાંતર કરવાનું શરૂ કરેલ છે.

### ૭.૧.૮ આધુનિકતા :

નાના કે મોટા પણ લગભગ પ્રત્યેક પ્રકારના સાહસોમાં આજે આધુનિકતાનો સંચાર જોવા મળે છે. વાતચીની ઢબ બીલીંગની પધ્ધતિ, પૈસાની લેતી દેતી વગેરેમાં નવીન પ્રક્રિયાનો પ્રારંભ સ્પષ્ટ જોવા મળે છે. સંપર્ક સુત્ર તરીકે "મોબાઈલ" હવે સ્વતંત્ર સાહસિકો નાના નાના હોય તો પણ રાખવા લાગ્યા છે. તો ઘર સુધીની સેવાની ઉપલબ્ધી માટે આધુનિક દ્વિચક્રી વાહનો, ઉપકરણો માટેની આકર્ષક કીટસ વગેરે બાબતો માટેનો આગ્રહ આજે વધતો રહેલો છે. માંગ વૃધ્ધિ માટે આધુનિકતાને જુના સાહસિકો પણ સ્વીકારવા ફેરફારો પણ કરવા લાગ્યા છે. દા.ત. કરીયાણાના દુકાનદારો શહેરના પોશ વિસ્તારમાં નવીન આધુનિક પધ્ધતિના "શોરૂમ" પ્રકારથી જ ધંધો ચલાવતાં થયા છે. દેશી ગંધીયાણું કે ઓસડીયાનો વેપાર કરતી મુળ અમદાવાદમાં માણેક ચોકમાં આવેલ પેઢી એલીસબ્રીઝ પંચવટી વિસ્તારમાં "જવેલરીશોપ" જેવો શોરૂમ ધરાવે છે. જમીન લે વેચનો ધંધો કરનાર પોતાના સંપર્ક સ્થાનોને "બજાર" નું રૂપ આપવા લાગ્યા છે. નવા આકાર પામતા શૈક્ષણિક સંકુલોમાં "રીસેપ્શનીસ્ટ" સ્વરૂપે સ્વાગત સેવાર્થે બહેનોની નીમણુંક અને "વેઈટીંગ હોલ" જેવી સુવિધાઓ પણ આપવા લાગ્યા છે.

### ૭.૧.૯ સામાજિક સેવાઓમાં પદાર્પણ :

પરંપરાગત સમાજરચનામાં જેને સંપૂર્ણ સામાજિક સેવા તરીકે ઓળખવામાં આવે છે અને તે અનુરૂપ જ જે બાબતોને ગણવામાં આવે છે તેવા સામાજિક સેવાના ક્ષેત્રોમાં પણ **"ધંધાકીય સાહસ"** નું સ્વરૂપ દિન પ્રતિદિન વિકસતું રહયું છે. **"મેરેજ બ્યુરો"** તેનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. પરંપરાગત જીવનશૈલી મુજબ વડીલો દ્વારા કૌટુંબિક પરિચયથી નિર્માણ પામતાં સામાજિક સંબંધોની બાબતને આજે "ધંધાકીય સ્વરૂપે" ખુબ જ મોટો આવકાર મળેલ છે. અખબારો અને સામયિકોમાં તેથી જ લગ્નવિષયક વિજ્ઞાપનના ખાસ વિભાગો આકર્ષક યોજનાઓ સાથે ચાલતાં રહેલા છે. આરોગ્ય સેવા સમાજ સેવા અને માનવ સેવા સ્વરૂપે ઓળખાય છે.

**પરંતુ આજે "આરોગ્ય સેવા" માં વ્યાવસાયિક પ્રતિષ્ઠાનનો અભિગમ આકાર પામેલ છે.** તેથી મોટા મોટા શહેરોમાં તે પ્રકારના ઉપક્રમો ખુબ જ ઝડપથી વિકાસ પામતાં જાય છે. એક સમયે વાડિલાલ – સીવીમ અને લલ્લુભાઈ ગોરધનદાસ હોસ્પીટલ એટલે અમદાવાદના મુખ્ય આરોગ્ય કેન્દ્રો ગણાતાં આજે આરોગ્ય સેવાની બદલાયેલી રૂપ નીતિના કારણે **રાજસ્થાન, ક્રિષ્ના શાલ હોસ્પીટલ અને એપોલો જેવા પ્રતિષ્ઠાનો આકર્ષક વિજ્ઞાપન સાથે બજારમાં આરોગ્ય સેવા અર્થે કાર્યરણ છે,** પરંપરાગત બ્રાહમણના લૌકિક કર્મકાંડોને પણ વ્યાવસાયિક પ્રતિષ્ઠાન સ્વરૂપમાં રૂપાંતરીત થતાં આજે જોવા મળે છે.

### ૭.૧.૧૦ શહેરીકરણ :

ઉદ્યોગ સાહસિકતાને જરૂરીયાતના સ્વરૂપે મહત્વ મળવા લાગ્યું છે અને તેવી જ ગ્રામ્ય વિસ્તારોમાંથી યુવાનો સ્થળાંતર કરીને શહેરમાં વસવાટ કરતાં થયા છે. આ વર્ગ નાના નાના ધંધાકીય સાહસોમાં પ્રવૃત થયેલ છે. આવો વર્ગ શહેરમાં સ્થાયી થવાનું વલણ ધરાવે છે. જેના કારણે કુલ માંગમાં વૃધ્ધીજન્ય વલણો જોવા મળેલા છે. આ સમગ્ર પ્રક્રિયાએ શહેરીકરણને વેગ આપેલ છે.

શહેરીકરણની આડઅસરરૂપે શહેરની નજીકના ગામડાઓમાં પણ વાતાવરણમાં નોંધપાત્ર ફેરફારો જોવા મળેલા છે. આજે શહેરથી નજીક આવેલા ગ્રામ્ય કેન્દ્રો શહેરના સીધા સંપર્કને કારણે ધંધાકીય કેન્દ્રો બનતા ગયા છે. જેમ કે છુટક વેચાણ સાથે જોડાયેલો એક મોટો વર્ગ આજે નજીકના ગામડાઓમાં "બજાર માંગ" સ્વરૂપે જોડાયેલો છે. સીઝનલ ધંધો કરનાર વર્ગ ગામડાઓ સાથે ઘરોબો રાખે છે તો ગ્રામ્ય વિસ્તારમાં વિકાસની ભુખ જાગૃત થતાં શહેરની શિક્ષણ સંસ્થાઓ ગ્રામ્ય વિસ્તારોમાંથી વાહનસુવિધા દ્વારા બાળકોને આકર્ષવાનો પ્રયત્ન કરે છે. આ સઘળી બાબતો ધંધાકીય ક્ષિતિજે નવી તકોનું સર્જન કરે છે.

### ૭.૧.૧૧ નકારાત્મક આડઅસરો :

ઉદ્યોગ સાહસિકતા માટે જેમ જેમ આકર્ષણ વધતું જાય છે. જરૂરીયાત વધતી જાય છે. તેમ તેમ નવો વર્ગ ઉતરોતર વિવિધ ધંધાકીય સાહસોમાં પ્રવેશ કરે છે. આ નવો વર્ગ વૈકલ્પિક રોજીના અભાવે ના છુટકે ધંધા તરફ વધે છે તો ગ્રામ્ય વિસ્તારમાંથી આવનારો વર્ગ સામાજિક સંબંધોના બદલાયેલા સમીકરણોના કારણે પણ ધંધામાં ઝંપલાવે છે કેટલાંક વધુ પૈસા કે મોભાથી આકર્ષાઈને પણ ધંધાકીય ક્ષેત્રમાં ઝંપલાવે છે. આ વર્ગ પૈકીના મોટા ભાગના યુવાનો પાસે ચોકકસ દષ્ટિનો અભાવ હોય છે. પુરતો અનુભવ હોતો નથી. મુડીની ખેંચ ધરાવતા હોય છે. સ્પર્ધાત્મક વાતાવરણમાં ટકી રહેવાનું કૌશલ્ય કે ક્ષમતાના અભાવે આવા નાના નાના ધંધાદારી સાહસોના બાળમરણ થાય છે અથવા તો આવો વર્ગ દેવાના વિષચક્રમાં ઉતરોતર ફસાતો જાય છે. જેના પરિણામે સામાજિક સ્થિરતામાં જોખમ ઉભું થાય છે. કેટલાંકને શહેરીકરણમાં સ્થિર થવાની અનુકુલનશીલતા

ન હોવાથી તે પણ વિવિધ મર્યાદાઓનો ભોગ બને છે. સુરત જેવા શહેરમાં પાવરલુમના ક્ષેત્રમાં ઉભી થયેલી કટોકટીથી સામાજિક અસ્થિરતાના સંખ્યાબંધ કિસ્સાઓ નોંધાયા છે. તેવી જ રીતે હીરાના ક્ષેત્રમાં ઝંપલાવનાર સૌરાષ્ટ્રના યુવાનો પૈકીના તીવ્ર આર્થિક કટોકટીના કારણે બિસ્માર હાલતમાં જોવા મળેલા છે. આ સમગ્ર પ્રક્રિયામાં નાણાકીય સંસ્થાઓએ પણ જયાં જયાં જે ક્ષેત્રમાં પુરતી તકેદારી વગર ઝંપલાવેલ છે તેવી સંસ્થાઓ તીવ્ર કટોકટી અનુભવતી હોય તેવું જોવા મળેલ છે.

શહેરી વિસ્તારોમાં પરંપરાગત કૌટુંબિક સાહસોમાં નવી પેઢીમાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યા બાદ પ્રબંધકે કે ચીફ એકઝીકયુટીવ ઓફીસર બનવાની ઈચ્છાઓએ તે સાહસોને અસ્થિર કર્યા હોય અથવા તો સાહસો નબળાં પડતાં હોય તેવું જોવા મળેલ છે.

સ્વતંત્ર ધંધાકીય સાહસોના વિકાસમાં કેટલાંક કિસ્સાઓમાં શાસનની નીતિમાં આવતાં પરિવર્તનોએ પણ વિપરીત અસરો ઉભી કરી છે. ખાસ કરીને પર્યાવરણીય મૂલ્યોની જાળવણીના સંબંધે કરવામાં આવતાં કાનુનો કે લાદવામાં આવતાં નિયમનોના કારણે ધંધાકીય સાહસોનો વિકાસ અવરોધાનો હોય તેવું પણ જોવા મળેલ છે. તદ્દ્ન નાના પણ પરંપરાગત સ્વરૂપના સાહસ તરીકે જ દા.ત. ઈંટ ઉત્પાદકો હાલમાં આ અંગેના નિયમનોનો સામનો કરતાં રહેલા છે. રંગ રસાયણના નાના નાના એકમો, પ્લાસ્ટીકના ખાસ કરીને પાતળાં (વજનમાં એકદમ હલ્કા) પ્લાસ્ટીકના ઉત્પાદકો પણ આવી જ મુશ્કેલી અનુભવી રહયા છે. પ્રક્રિયાન્વીત ખાદ્ય પદાર્થોમાં પણ ઉત્પાદકો કેટલાંક નિયમનો અને અમલદારશાહીનો ભોગ બનતાં રહેલા છે. બાંધકામને લગતાં નિયમનોમાં થતાં વારંવારના ફેરફારો પણ વિપરીત અસર કરતાં જોવા મળે છે. પ્રદુષણના પ્રશ્નોના કારણે ત્રીચક્રી ઓટોરીક્ષાના જૂના મોડેલ્સ (૧૯૯૪ પૂર્વેના) હોય તેને રદ બાતલ ગણવાનાં નિયમના આકરા અમલના કારણે રીક્ષા ચાલકોના વ્યવસાયને પણ મોટા શહેરોમાં ખતરો ઉભો થયો છે.

### ૭.૨ મહત્વના સૂચનો :

ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતાની ઐતિહાસિક ભૂમિકા અને સાંપ્રતકાલીન પ્રવાહોને ઘ્યાનમાં લેતાં તેના વિકાસ અંગે જે કેટલાંક મહત્વના મુદાઓ ઘ્યાનમાં આવે છે કે જે બાબત પુખ્ત વિચારણાના અંતે જો ક્રમશઃ અમલીકરણ કરવામાં આવે તો વિકાસની ગતિ અને દિશામાં નોંધપાત્ર સુધારો થઈ શકે તેમ છે તેવા કેટલાંક મુદાઓ સુચન સ્વરૂપે નીચે મુજબ રજૂ કરી શકાય છે.

### ૭.૨.૧

**ઉદ્યોગ સાહસિકતા વિકાસ કેન્દ્રો દ્વારા ચાલતાં તાલીમી કાર્યક્રમો સંખ્યાત્મક અને ગુણાત્મક બંને સંદર્ભે પુનઃ વિચારણા માંગે છે.** આવા કાર્યક્રમોનો વ્યાપ વધે તે માટે પ્રચારાત્મક અભિગમન જરૂર છે. પછાત વિસ્તારોમાં, તાલુકા મથમ સુધી આવા કાર્યક્રમોને લઈ જવાની વિશેષ આવશ્યકતા છે. દા.ત. ભુકંપ

પછીના પુનઃવસનના ભાગરૂપે કચ્છમાં વિશેષ ધ્યાન કેન્દ્રીત કરી તેનાં સંદર્ભમાં કાર્યક્રમો આપવામાં આવ્યા છે તે થઈ શકે તેમ છે. ખાસ કરીને સ્થાનિક વર્ગમાં સાહસિકતાના સિંચન માટે જરૂરી વિશ્વાસનું વાતાવરણ ઉભું કરવામાં તાંત્રિક સહયોગ અપેક્ષીત છે.

**તાલીમી કાર્યક્રમો માત્ર તાલીમ પૂરતાં સિમિત ન રહેતાં જો તેના અનુકાર્ય રૂપ યોજનાઓ માટે પૂરતી તકેદારી અને કાળજી લેવામાં આવે તે ખાસ જરૂરી છે.** મોટા ભાગના કાર્યક્રમોમાં જયાં અનુકાર્ય રૂપી માવજત નથી મળતી ત્યાં કાર્યક્રમો માત્ર લક્ષ્યાંક પૂર્તી રૂપી જ બન્યાં હોય તેવું જોવા મળેલ છે. માટે આ સંદર્ભમાં ખાસું કરીને નાણાકીય સવલતો, ટેકનોલોજી અવલંબન, નિકાસ – આયાત પ્રક્રિયા વગેરે બાબતોના અનુકાર્ય થકી આ કાર્યક્રમોને વધુ વેગવાન અને સફળ કરી શકાય તેમ છે.

**૭.૨.૨**

પરંપરાગત વ્યાપારી મહાજનો અને સ્વૈચ્ચિક સંગઠનો એ પણ આ દિશામાં પહેલા કરવાની જરૂર છે. ઘણાં ગુજરાતીઓ એવા છે કે જેમના ગુજરાતમાં અને ગુજરાત બહારના સ્થાપિત એકમો રાષ્ટ્રમાં અને પર રાષ્ટ્રમાં ખ્યાતી ધરાવે છે. તેમને બહોળો સંચાલકીય અનુભવ છે. તેમના કૌશલ્યનો લાભ સ્થાનિક અર્ધ શિક્ષીત કે શિક્ષીત યુવાનોને મળે અને આ પ્રસ્થાપીત એકમોને આનુષંગિક સેવા એકમો અથવા તો સ્વતંત્ર અન્ય એકમ માટે આ પેઢી તૈયાર થાય તે માટે આ એકમોએ હાથ લંબાવવાની જરૂર છે. **અલબત, રિલાયન્સ કે નીરમા દ્વારા ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે મહત્વના અભ્યાસક્રમો એક અલાયદી યુનિવર્સિટી સ્વરૂપે શરૂ થયેલ છે. પરંતુ મધ્યમ કક્ષાના યુવાનોનો એક બહુ મોટો વર્ગ છે. જે કદાચીત આવા ઉચ્ચ કક્ષાના તકનીકી અભ્યાસક્રમો સુધી ન પહોંચી શકે તેમને માટે નાના નાના સાહસો ઉપક્રમશીલતા માટે માર્ગદર્શન અર્થે હજી લંબાવવાની જરૂર છે.**

**સ્વૈચ્છિક સંગઠનો પર્યાવરણનું રક્ષણ, ગરીબી નિવારણ, વંચિતોના વિકાસની દિશામાં આજે મહતમ કાર્યરત છે. આ પ્રકલ્પોના ભાગરૂપે રોજગારવૃધ્ધિના કાર્યક્રમોને આ સંગઠનોએ આમેજ પણ કરેલા છે. પરંતુ ઉદ્યોગ સાહસિકતા ધંધાકીય સાહસ માટેના આંતરિક અને બાહય તત્વો ઉપર પ્રત્યક્ષ ધ્યાન કેન્દ્રીત કરીને કાર્યરત હોય તેવાં સંગઠનો ઓછા છે. તેથી આ દિશામાં સ્વૈચ્છિક સંગઠનો ક્રિયાશીલ બની શકે તેમ છે. સરકારી સંસ્થાઓના સહયોગથી ઉચ્ચ શિક્ષણથી સંસ્થાઓના સહયોગથી આ પ્રકારના ટૂંકાગાળાના અભ્યાસક્રમો તાલીમી કાર્યક્રમો હાથ ધરવામાં આવે અને તે પછીના અનુકાર્યરૂપી માર્ગદર્શન કેન્દ્રો ખંડ સમય પૂરતા પણ જો શરૂ કરવામાં આવે તો ધંધાકીય સાહસ માટેના સાનુકૂળ વાતાવરણ નિર્માણની દિશામાં મહત્વનું કદમ ગણાશે.**

૭.૨.૩.

નાણાકીય સંસ્થાઓએ તેમના પરંપરાગત અભિગમમાં વધુ સ્થિતિ સ્થાપક થવાની જરૂર છે. ખાસ કરીને નાના નાના સાહસિકોને ઓછી કાર્યશીલ મુડીની આવશ્યકતા હોય છે. પરંતુ આટલી મુડીની પણ ખેંચ અનુભવતા સાહસિકો ઘણી મોટી સંખ્યામાં હોય છે. તેમની આ તકલીફના નિવારણ માટે બેંકોએ નાણાકીય સંસ્થાઓએ વધુ વિધાયક વધુ સ્થિતિ સ્થાપક વલણ અપનાવવાની જરૂર છે. **વસુલાતના સંદર્ભમાં પૂરતી કાળજી રાખી, પ્રશ્નોનો એકમોનો અભ્યાસ કરી નિયમોમાં બાંધછોડ કરીને પણ આવા એકમોને આવા ઉદ્યોગ ધંધાને માટે વધુ સાહસિકતાથી નિર્ણયો લેવાની આવશ્યકતા છે અને તેના પગલે પગલે બજારના સંદર્ભમાં જરૂર જણાયે વ્યાજના દરમાં પણ ફેરફાર કરવા જોઈએ.**

૭.૨.૪

આજે સ્પર્ધાના વાતાવરણમાં ધંધાકીય સાહસોના વિકાસ માટે પરસ્પરના વ્યવહારો ધંધાકીય પત્રવ્યવહારો  પ્રત્યાયનના સંદર્ભમાં વિશેષ કાળજી થાય તે પ્રકારે બોલચાલ માટે પત્ર વ્યવહારની ધંધાકીય અભિવ્યકિત માટે સુસજજતા કેળવાય તે બાબતની કાળજી વિશેષ જરૂરી છે. આ સંદર્ભમાં "બજારમાંગ" ને અનુરૂપ "કૌશલ્ય નિર્માણ" માટેનો પ્રયત્ન જરૂરી છે. પરંપરાગત લીલાઢાળ પધ્ધતિથી કામ ન કરતાં વિવિધ પ્રકારના સાહસોને આવશ્યક તેવાં પત્ર વ્યવહારો પ્રક્રિયાઓ, પ્રવિધિઓ અંગે અલાયદા માર્ગદર્શન તાલીમની આવશ્યકતા છે.

૭.૨.૫

સામાજિક ઢાંચામાં અને પરંપરાગત માનસિકતામાં પરિવર્તનની તીવ્ર આવશ્યકતા છે. જયાં સુધી સલામતીનું ભૂત સવાર હશે ત્યાં સુધી ધંધાકીય સાહસ માટેની માનસિકતા નિર્માણ થશે નહી. એક મર્યાદિત વર્ગને બાદ કરતાં આજે મોટા ભાગના શિક્ષિતો સ્વતંત્ર વ્યવસાયને બદલે તાબેદારીવાળી નોકરી પસંદ કરે છે. આમ થવાથી ધંધાકીય સાહસ માટેની વૃતી જ ધીમે ધીમે ક્ષીણ થતી જાય છે. સમાજમાં "નોકરીયાત" ને મળેતો "દરજ્જો" પણ "વેપાર" કરતાં ઉંચો હોવાથી સાહસવૃતિ છતાં, ક્ષમતા છતાં મોટો વર્ગ સ્વતંત્ર સાહસમાં ઝંપલાવવાને બદલે "નોકરી" પસંદ કરે છે. આથી સમાજમાં ધંધાકીય સાહસિકો તરફના એકંદર અભિગમમાં સુધારાની આવશ્યકતા છે. આજે ગ્રામ્ય વિસ્તારમાંથી જમીન વેંચીને પ્રમાણમાં ઓછા વેતનની પણ નોકરી મેળ વવા માટેની વૃતી વધતી ગઈ છે જે સાહસિકતાની મૂળ વૃતી ઉપર કુઠરાઘાત છે તેથી સમાજના સુત્રધારો સામાજિક સંબંધો વેળાએ પણ ધંધાકીય સાહસ માટેના અભિગમને જો યોગ્ય પ્રાધાન્ય આપે તો તે દિશામાં નોંધપાત્ર ફરક થઈ શકે તેમ છે.

૭.૨.૬

યુવા પેઢીના સાહસિકોને હળવા મળવાથી એક ઉલ્લેખનીય મર્યાદા ધ્યાનમાં આવી છે જે સાહસિકોએ વિચારવાની જરૂર છે. પારિભાષિક રીતે જેને અનુભવના આકલનનો અભાવ તરીકે ઓળખી શકાય તેવુ તત્વ આજે જોવા મળે છે. એટલે કે જુની પેઢીના સાહસિકોએ સંઘર્ષના સમયે જે માર્ગ અપનાવેલા તે પૈકીના કેટલાક રસ્તાઓ આજે પણ અપનાવી શકાય તેવા છે. જેમ કે, ચીજવસ્તુની બનાવટમાં કે સેવાની રજુ કરવાની રીતમાં નાના–મોટા ફેરફારો જુની પેઢી જે રીતે કરી શકે તેના સંદર્ભમાં નવી પેઢી કેવળ ઉપલબ્ધ માર્ગોનો જ વિચાર કરે છે. એટલે કે મૌલિક અભીગમથી બજારીકરણના વિકાસ માટેનો પ્રયત્ન ઓછો થાય છે તે વધારવાની જરૂર છે.

૭.૨.૭

ઉદ્યોગ સાહસિકોમાં સાહસિકતાનાં વિકાસને માટે પરસ્પર જે આંતરક્રિયાઓ થવી જોઈએ તેનો લગભગ અભાવ જોવા મળ્યો છે. જે બાબત નવોદિત સાહસિકોએ ખાસ ધ્યાનમાં લેવાની છે. સ્પર્ધાત્મક વાતાવરણમાં ટકી રહેવા માટે ધંધાકીય રહસ્યોને અકબંધ રાખવા તે એક બાબત છે પરંતુ એક ઉદ્યોગ તરીકે તેના વિકાસ અને વિસ્તારનો વિચાર કરવા માટે અથવા તો તેમાં વિવિધતા લાવવા માટે પરસ્પર સાહસિકો મળે, નાના પાયે પણ કાર્યશાળાઓનું આયોજન થાય અને શૈક્ષણિક સંસ્થાઓ સાથેનો તેમનો અનુબંધ ઉભો થાય તો માંગ અને પુરવઠા વચ્ચેની અસમતુલાને પણ દુર કરી શકવા માટેનું વાતાવરણ નિર્માણ થાય.

૭.૨.૮

સંસ્થાકીય સંકલન પણ સુધારી શકાય તેવો પુરતો અવકાશ જોવા મળે છે. આજે શહેરોમાં અને નગરોમાં સામાજિક સંસ્થાઓ સ્વરૂપે રોટરી કલબ, લાયન્સ કલબ, જાયન્ટસ કલબ, જેસીઝ વગેરે કાર્યરત છે. આ સંગઠનો વિકાસની દિશામાં વિધાયક પ્રકલ્પો પણ રજુ કરે છે. પરંતુ રોજગાર ક્ષમતાની વૃધ્ધિના સંદર્ભે નવોદિત પેઢીમાં સાહસિકતાનું સિંચન થાય અને કૌશલ્ય નિર્માણ થાય તે માટેના ટૂંકા ગાળાના પરંતુ સતત ચાલુ હોય તેવા વર્ગો જો સંકલન દ્વારા આ સંસ્થાઓ ચાલુ કરે તો તેને ઘણો મોટો આવકાર મળી શકે તેમ છે. જેમ આરોગ્ય સુધારણાની દિશામાં આવા સંગઠનો જયા જરૂર છે ત્યાં સેવાર્થે પહોચ્યા છે તેવી જ રીતે નાના નાના મથકોમાં પણ નાના નાના જૂથોને નિયમિત સ્વરૂપે સાહસિકતા નિર્માણ અંગે માર્ગદર્શન અને માવજત મળે તેવા પ્રયત્નો આવકાર્ય છે.

## ૭.૩ પ્રકરણ સાર :

ઉદ્યોગ સાહસિકતા એક વૈચારિક તાકાતનું પ્રદર્શન છે જેમ સમાજમાં નૈતિક મૂલ્યો વધુ ને વધુ ઉંડા જાય તે માટે સાંપ્રદાયિક ધોરણે વ્યાપક પ્રયત્નો થતા રહેલા છે. તેવી જ રીતે આ નૈતિક મૂલ્યોને સાશ્વત રાખવા માટે આર્થિક સ્થિરતાના ભાગરૂપે ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહિત કરવાના વિચારને આજે વધુને વધુ વેગ આપવાની જરૂર છે. આ સાહસિકતા મનોવૈજ્ઞાનિક આર્થિક, સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક અને અન્ય કેટલાક પરીબળો ઉપર અવલંબીત છે. પરંતુ વિશ્વના જુદા જુદા દેશોનાં વિકાસમાં સાહસિકતાએ ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવી છે તેવુ સ્પષ્ટ જોવા મળ્યુ છે. પશ્ચિમના દેશોની સરખામણીમાં એશીયાઈ દેશો ખાસ કરીને દક્ષિણ એશીયાના દેશો પ્રમાણમાં પાછળ હોય તેવુ સહુ કોઈ અનુભવે છે. પરંતુ ભારતનો અને ગુજરાતનો આર્થિક ઈતિહાસ એવો સ્પષ્ટ અંગુલી નિર્દેશ કરે છે કે અહી ઉદ્યોગ સાહસિકતા વિકાસના પાયામાં સમાયેલી છે. પરાધીનતા વખતે પણ જાત મહેનતથી કોઠાસૂઝને આધારે ઔદ્યોગિક સાહસ માટેનો પાયો અહી નંખાયો હોય તેવુ જોવા મળ્યુ છે. સ્વતંત્રતા પછી તો શ્રેણીબધ્ધ પ્રયત્નો આ દિશામાં થયા હોય તેવુ જોવા મળે છે. સરકાર અને અન્ય આર્થિક સંગઠનો જેમ જેમ આ દિશામાં વધુ પ્રવૃત થયા તેમ તેમ સાહસિકતાના વિચારને વેગ પણ મળ્યો છે. ખરેખર તો માંગના અનુસંધાને પુરવઠાની પ્રાપ્યતાનો વિચાર જેમ જેમ થવા લાગ્યો તેમ તેમ સાહસિકતાને પુષ્ટિ મળી છે. આ દિશામાં જ્ઞાતી, ધર્મ કે જાતી હવે ભુતકાળ જેવા અવરોધક પરીબળો રહ્યા નથી. સાહસીકોની આજે એક ચોકકસ આભા ઉભી થઈ છે. સંચાલનની પરીભાષામાં જેને રોલ મોડેલ કહેવામાં આવે છે તેવા સાહસિકો પણ દુનીયાને માટે રોલ મોડેલ હોય તેવા આજે ભારત અને ગુજરાતમાંથી ઉભા થયેલા જોવા મળે છે.

ખાસ કાળજી એ લેવાની રહે છે કે જેમ સાંસ્કૃતિક વિકાસ માટે ઐતિહાસિક સિધ્ધિઓનું ગાણુ ગાઈને તે સિધ્ધીઓનો વિધાયક વિનિયોગ કરવામાં આપણે કાં તો નિષ્ફળ રહ્યા છીએ અથવા તો શિથિલ રહ્યા છીએ તેવુ સાહસિકતાના વિકાસની બાબતમાં ન જોવા મળે અને ભવ્ય સાહસિકોના ભવ્ય ભૂતકાળને વાગોળતા બેસી ન રહેતા આવનારા પડકારોને સામનો કરવા માટેની વ્યૂહાત્મક પ્રતિબધ્ધતા આજની યુવાપેઢીમાં ઉભી થાય અને તે સંદર્ભે ઉષ્માપૂર્ણ સહયોગ તંત્રનો, નાણા સંસ્થાઓનો અને પરંપરાગત મહાજનોનો મળી રહે તે ખાસ ધ્યાનમાં લેવાની જરૂર છે. બદલાતા જતા વાતાવરણમાં સાહસિકતાને પણ શ્રમ સંસ્કૃતિ સાથે જોડીને તેના મૂળીયામાં રહેલ આત્મગૌરવ અને સન્માન જો આ સાહસીકતાને માટે પણ ઉભા કરવામાં આવે તો ઉજજવળ ભાવી માટે આપણો ઈતિહાસ ઘણુ મોટુ ભાથુ પુરૂ પાડે છે.

## –:: સંદર્ભ સુચિ ::–


1. Peterkilby - Entrepreneurship and Economic Development The Free press New York
2. Robert lekachman :- A history of Economic ideas, universal Book stall, Delhi, 1967
3. Joseph A. Schumpiter :- The theory of Economic Development Harward university press cambridge 1934
4. David C. McClleland, The Achieving society, D van Nostrand USA 1961
5. James Berna - Industrial Entrepreneurship, in Madras state Asia publising House, Bombay
6. Harvey Lebenstein - Economic Development and economic growth Chapman and Hall Gd. London 1957
7. Chanleswilson - the Entrepreneur in the industrial Revolution in Britain Reprinted in B.E. Supple (Ed.) The Experience in Economic growth New York 1963
8. Hisrich & Peters - Entrepreneurship
9. Siner A. David - Entrepreneurial Megabuks
10. B.C. Tandon -Environment and Entrepreneur
11. S. Singh - Entrepreneurship for Economic Growth
12. V. Desai - Dynamics of Entrepreneurial Development
13. **એવર્ટ હેગન :**(મૂળ : જી.એફ.પાયાનેકના લેખ, " ધી ડેવલોપમેન્ટ ઓફ એન્ટરપ્રીન્યોરશીપમાંથી ઉદધ્રુત. અમેરિકન ઈકોનોમિક રીવ્યુ મે ૧૯૬૨)
14. **એ. ઓ. હર્ષમેમ :**(પ્રાપ્તિ સ્થાન : જી.એફ.પાયાનેક ધી ડેવલોપમેન્ટ ઓફએન્ટરપ્રીન્યોરશીપ અમેરિકન ઈકોનોમિક રીવ્યુ મે ૧૯૬૨)

15. **ફીરોઝ લી. મેઢોરા :** (ફીરોઝ મેઢોરા એન્ટરપ્રીન્યોરશીપ ઈન ઈન્ડીયા પોલિટીકલ સાયન્સ કવાર્ટરલી નંબર ૪ સપ્ટેમ્બર ૧૯૬૫ પાનાનંબર ૫૫૮ – ૫૫૯)

16. **લેમ્બ :**(લેમ્બ : એપ્રાઈઝલ ઓફ ઈન્ડીયન બિઝનેશ કોમ્યુનીટીઝ પાના નં. ૧૦૧ થી ૧૦૩ –૧૯૬૩)

17. **એન્ડ્રયુ બિમર :** (એન્ડ્રયુ બિમર ધી સેટીગ ઓફ એન્ટરપ્રીન્યોરશીપ ઓફ ઈન્ડીયા કવાર્ટલી જર્નલ ઓફ ઈકોનોમિકસ. નવેમ્બર ૧૯૫૫ પાના નં. ૫૫૩ થી ૫૭૬)

18. **મેક્રોરી :** (મેક્રોરી કેઈસ સ્ટડીઝ ઈન લેટન્ટ ઈન્ડસ્ટ્રીયલ પોટેન્શીયલ : પ્રાપ્તી સ્થાન પીટરકીલબી સંપાદીત એન્ટરપ્રીન્યોરશીપ એન્ડ ઈકોનીમીક ડેવલોપમેન્ટ પાના. ૨૫૮)

19. **કલીંગ ડી :** (કલીગ – ઓફસ્ટીકાસ ટુ એન્ટરપ્રીન્યોરશીપ પાના નં. ૦૪–૦૫)

20. **ડી.આર ગાડગીલ :** (ડી.આર. ગાડગીલ : મોર્ડન ઈન્ડીયન બિઝનેશ કલાસ પાના નં.૧૬)

21. **શ્રી નિવાસ :** (શ્રી નિવાસ : મોબિલીટી ઈન ધ કાસ્ટ સીસ્ટમ પાના નં. ૧૯૪ થી ૧૯૬ પ્રાપ્તી સ્થાન પીટર કીલ્બી એન્ટરપ્રિનિયોરશીપ એન્ડ ઈકોનોમીક ડેવલોપમેન્ટ ૧૯૭૧ મેકમિલન કેનેડા લીમીટેડ પાના નં. ૩૦૬)

22. **શ્રી એન. પી. સીંઘ :–** "એનજી ઓ'સ ફાયર પ્લે ટુવાર્ડઝ ડેવલપીગ એન્ટરપ્રીન્યોરશીપ ઈન એશીયા" એશીયન એન્ટરપ્રીન્યોર ઓટમ નવી દિલ્હી (વોલ્યુમ ૨–નં.૨ ૧૯૯૨)

23. **ડી.એસ. લેન્ડેસ :–** ["ધી અનબાઉન્ડ પ્રોમેથ્યુઅસ ટેકનોલોજીકલ ચેઈન્જ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ ઈન વેસ્ટર્ન યુરોપ ફ્રોમ ૧૭૫૦ ટુ ધ પ્રેઝન્ટ" કેમ્બ્રીજ યુનિવર્સિટી પ્રેસ કેમ્બ્રીજ પાના નં. ૧૭૪]

24. **બી.એફ. હોઝલીટઝ :–** [સોશીયોલોજીકલ આસ્પેકટસ ઓફ ઈકોનોમીક ગ્રોથ ફ્રી પ્રેસ ગ્લેન્સો ઈલીનો ઈ.સ. ૧૯૬૦]

25. **એ.એચ. કોલે :–** [બીઝનેસ એન્ટરપ્રાઈઝ ઈન ઈટસ સોશીયલ સેટીંગ હાર્વર્ડ]

26. **ફીરોઝ બી. મેઢોરા :– [**એન્ટરપ્રિન્યોરશીપ ઈન ઈન્ડીયા પોલિટિકલ સાયન્સ કવાર્ટરલી–I ૩૦, ૧૯૬૫ (૧૯૬૫)]

27. **શર્મા આર. એ. :–** ["એન્ટર પ્રિન્યોરલ ચેન્જ ઈન ઈન્ડીયન ઈન્ડસ્ટ્રી" સ્ટર્લીંગ પબ્લીશર્સ નવી દિલ્હી ૧૯૮૦ પાના નં. ૧૯૧ થી ૧૯૩]

28. **એસ. એસ. ખાન્કા :–** ["એન્ટરપ્રિન્યોરલ ડેવલપમેન્ટ" એસ.ચાંદ એન્ડ કંપની પાના. ૫૭]

29. **ટી. એસ. પપોલા અને આર. ટી.તીવારી :–** ઈમ્પેકટ ઓફ કન્શેશનલ ફાઈનાન્સ ઓન ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ ઓફ બેકવર્ડ એરીયાઝ (એ સ્ટડી ઈન ઉતર પ્રદેશ લખનૌ) ગીરી ઈન્સ્ટીટયૂટ ઓફ ડેવલપમેન્ટ સ્ટડીઝ (મીમીયો ૧૯૮૧ પાના નં. ૧)

30. **પી.સી. જૈન :–**["ડેવલપીગ ફસ્ટ જનરેશન એન્ટરપ્રીન્યોર્સ ઈન્ડીયન એકસપીરીયન્સ" બત્રા અગ્રવાલ (સંપાદીત) એન્ટરપ્રિન્યોરશીપ એન્ડ સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ ન્યુ પોટેન્શીયલ્સ દિપ અને દિપ પબ્લીકેશન ઈ.સ. ૨૦૦૧ દિલ્હી પાના નં. ૧૭ થી ૨૭]

31. **ડી.વી. અવસ્થી :–** [ફોસ્ટરીગ એન્ટરપ્રિન્યોરશીપ એમોંગ એન્જીનીયરીગ સ્ટુડન્ટસ ઈનધ પોસ્ટ લીબરલાઈઝેશન એરા" બત્રા અગ્રવાલ સંપાદીત "એન્ટરપ્રિન્યોરશીપ એન્ડ સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝ ન્યુ પોટેન્શીયલ્સ દિપ અને દિપ પબ્લીકેશન ૨૦૦૧ દિલ્હી પાના નં. ૭૩ થી ૮૩]

32. **એસ.એસ.રંધાવા :–** [ન્યુ ચેલેન્જીસ ઓફ એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન ઈન્ડીયા શર્મા અને ધામેની (સંપાદીત) 'ઈન્ડીયન એન્ટરપ્રીન્યોરશીપ થીયરી એન્ડ પ્રેકટીસ અભિષેક પબ્લીશર્સ દિલ્હી ૨૦૦૨ પાના નં. ૧૨૧ થી ૧૩૦]

33. **પ્રા. આનંદ ડો.મેનન અને ડો. શર્મા :–** ["એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ એ મોડેલ બેઈઝડ ઓન ઈન્ડીયન ટ્રેડીસન્સ" શર્મા અને ધામેની (સંપાદીત) ઈન્ડીયન એન્ટર પ્રિન્યોરશીપ થીયરી એન્ડ પ્રેકટીસ અભિષેક પબ્લીશર્સ દિલ્હી ૨૦૦૨ (પાના નં. ૧૭૫ થી ૧૮૩)]

34. **વી. શ્રીમાળી :–** ["ચેન્જીસ ઈન ઈમર્જીગ એન્વાયરમેન્ટ એન્ડ ચેલેન્જીસ ટુ હયુમન રીસોર્સ મેનેજમેન્ટ ઈન એન્ટરપ્રિન્યોરલ વેન્ચર" શર્મા ધામેની (સંપાદીત) ઈન્ડીયન એન્ટર પ્રિન્યોરશીપ થીયરી અને પ્રેકટીસ અભિષેક પબ્લીશર્સ દિલ્હી પાના ર. ૨૦૯ થી ૨૧૩]

35. **દિનેશ અવસ્થી :–** [રિસન્ટ ચેન્જીસ ઈન ગુજરાત ઈન્ડસ્ટ્રી ઈસ્યુઝ એન્ડ ઈવિડન્સ ઈકોનોમીક અને પોલિટિકલ વિકલી ઓગષ્ટ ૨૬ થી ૨ સપ્ટેમ્બર ઈ.સ. ૨૦૦૦ (પાના નં. ૩૧૮૩ થી ૩૧૯૨)]

36. **તકશી શીનોદા :–** [ઈન્સ્ટીટયુશનલ ચેન્જ એન્ડ એન્ટરપ્રીન્યોરલ ડેવલપમેન્ટ એસ.એસ. આઈ. સેકટર ઈકોનોમીક અને પોલીટીકલ વિકલી ઓગષ્ટ ૨૬ થી સપ્ટેમ્બર ૨, ૨૦૦૦ (૩૨૦૫ થી ૩૨૧૪)]

37. **બર્ના જે. એસ. :–** [ઈન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રિન્યોરશીપ ઈન મદ્રાસ સ્ટેટ લંડન એશીયા પબ્લીશીગ હાઉસ ૧૯૬૦ (પાના નં. ૪૨ થી ૪૪ ૮૩ થી ૮૬)]

38. **કલીગ :–** (ઓબસ્ટેકલ્સ ટુ એન્ટરપ્રિન્યોરશીપ (પાના નં. ૪–૫) પીટર કિલ્લી "એન્ટરપ્રિન્યોરશીપ અને ઈકોનોમીક ડેવલપમેન્ટ" ધ ફ્રી પ્રેસ ન્યુયોર્ક પાના નં. ૩૦૧ માંથી ઉધ્ધૃત)

39. **ઈરાવતી કર્વે :–** [હિન્દુ સોસાયટી એન ઈન્ટરપ્રીટેશન સંગમ પ્રેસ પ્રાઈવેટ લિમિટેડ પૂના પાના નં. ૯૪,૯૫]

40. **બાલ્ડ વીન :–** [ઈન્ડસ્ટ્રીયલ ગ્રોથ ઈન સાઉથ ઈન્ડીયા – કેઈસ સ્ટડીઝ ઈન ઈકોનોમીક ડેવલપમેન્ટ (ફ્રી પ્રેસ ન્યુયોર્ક ૧૯૫૯)]

41. **સીંધ :–** ["એસેટઝ કન્સર્નીગ ટાઈપ્સ ઓફ એન્ટરપ્રિન્યોરશીપ" પીટર કિલ્લી એન્ટરપ્રિન્યોરશીપ એન્ડ ઈકોનોમીક ડેવલપમેન્ટ ફ્રી પ્રેસ ન્યુયોર્ક માંથી ઉધ્ધૃત]

42. **પીટર કિલ્લી :–** ["એન્ટરપ્રિન્યોરશીપ અને ઈકોનીમીક ડેવલપમેન્ટ" ફ્રી પ્રેસ ન્યુયોર્ક ૧૯૫૯ (પાના નં. ૩૧૩ થી ૩૧૫)]

43. **પુલક મિશ્રા અને રમાકાન્ત પૃષ્ટિ :–** [ડેવલપીગ એન્ટરપ્રીનયોરશીપ ઈન ઈન્ડીયા યોજના વોલ્યુમ ૪૭ ડિસે. ૨૦૦૩ (પાના નં. ૧૫ થી ૧૮)]

44. **ડો. ભીમપ્પા એ. :–** [એન્ટરપ્રીનયોરશીપ ઈન એગ્રીકલ્ચર યોજના વોલ્યુમ ૪૭ ડિસે. ૨૦૦૩ (પાના નં. ૧૯,૨૦])

45. **સૈફ સીદિકી :–** ["રૂરલ ઈન્ટરપ્રીનયોરશીપ એન્ડ પોવર્ટી એલીવિએશન પ્રોગ્રામ્સ" યોજના વોલ્યુમ ૪૭ ડિસે. ૨૦૦૩]

46. **સી. જયંથી :–** [વિમેન એન્ટરપ્રીનયોર્સ ઈન ધ ન્યુ વેવ ઈકોનોમીક ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજના વોલ્યુમ ૪૭ ઓગષ્ટ ૨૦૦૩]

47. **એસ. એસ. ખાનકા :–** [એથીકલ એન્ટરપ્રીનયોરશીપ ચેલેન્જીસ અને રીવોર્ડ યોજના વોલ્યુમ ૪૭ જુલાઈ ૨૦૦૩ (પાના નં. ૧૯ થી ૨૨)]

48. **વી.વી. રંગનાથન** – ["ધ નેસેસીટી ઓફ ઓર્પોર્ચ્યુનીઝમ" – બીઝનેસ સ્ટાન્ડર્ડ (તા.૨૯/૧૦/૨૦૦૨) મૂળ **"ગ્લોબલ એન્ટરપ્રીનીયોરશીપ મોનીટર"** ૨૦૦૧ ના સર્વેક્ષણનો સાર ભાગ]

49. **મકરંદ મહેતા :–** (બ્રિટીશ સંસ્થાનવાદ હેઠળનું ભારત ગુજરાત ગ્રંથનિર્માણ બોર્ડ

50. **ગીતા પીરામલ :–** ("બીઝનેસ મહારાજા", પેંગ્વીન)

51. **વસંત દેસાઈઃ–** (એન્ટરપ્રિન્યોરલ ડેવલપમેન્ટ – હિમાલય પબ્લીસીગ હાઉસ)

52. **પીટર કિલ્લી :–** (એન્ટરપ્રિન્યોરશીપ એન્ડ ડેવલપમેન્ટ ફ્રી પ્રેસ ન્યુયોર્ક)

53. **એસ. એસ. ખાન્કા :–** (એન્ટરપ્રિન્યોરલ ડેવલપમેન્ટ એસ. ચંદ પબ્લીકેશન)

54. **શર્મા અને ધામેજા :–** (ઈન્ડીયન એન્ટરપ્રિન્યોરલશીપ (થીયર) એન્ડ પ્રેકટીસ) અભિષેક પબ્લીકેશન દિલ્હી

55. મંજુલાબેન દવે :– ગુજરાતની પ્રાદેશિક આર્થિમ ભૂગોળ ગુજરાત ગ્રંથનિર્માણ બોર્ડ અમદાવાદ

56. P.C. Jain (Ed.) Hand Book for New ENTREPRENEURS (E.D.I.- BHAT Gandhinagar (oxford University Press - 1998) Government of Guajrat Non Resident.

57. Gujarati Foundation :- Beyond Boundries A historical perspective, The Times of India publication January 2004

58. Kamlendra Kanvar :-Icons of Guajrat Industries stories of Rare grit

59. સુલોચના નાડકર્ણી :– વિમેન એન્ટરપ્રિન્યોર સોસીયો ઈકોનોમીક સ્ટડી ઓફ પુણે ટાઈમ્સ ઓફ ઈન્ડીયા મે– ૧૯૮૩

60. જી. કુમાર વિમેન એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન ઈન્ડીયન ધી ઈકોનોમીક ટાઈમ્સ એપ્રીલ ૨૯,૧૯૮૬

61. Business India :- Women in Indian Business special Issue November-2004

62. Robert D. Hisrich, Ph.D., Michael P. Peters, Ph.D. - "ENTREPRENEURSHIP"

63. Tata McGraw-Hill Publishing Company Limited

64. Dr. Aruna Kaulgud - Entrepreneurship Management Vikas Publishing House

65. David H. Holt - Entrepreneurship

66. Prentice - Hall of India